જગતમાં કોઈ હોઈ શકે નહિ" અને બીજું એ જે "ખ્રિસ્તી ધર્મ જેવા પવિત્ર અને ઇશ્વરપ્રેરિત ધર્મ સંભવી જ ન શકે." આ બે સૂત્રો ચાલુ આપણા અંગ્રેજી જ્ઞાનના તરસ્યા વિદ્યાર્થીઓને કાને સંભળાતા રહેતાં કુમળી વયથી આ સાંભળતાં સાંભળતા જીવનભર એની અસરો ચાલુ રહેતી. પરિણામ એ આવ્યું જે પહેલા અંગ્રેજી ભણેલા હિન્દીવાનોના મગજમાં એવું બેસી ગયું હતું જે કોઇ પણ હિન્દીવાન એક અંગ્રેજની બરાબરી કરી શકે નહિ. અંગ્રેજ બધામાં ચઢતો હોવો જ જોઈએ. આથી કુદરતી રીતે તેમની નકલ કરવાની તીવ્ર ઇચ્છા આ શીખેલાઓના મનમાં થઇ અને પરિણામે આપણી રહેણીકરણી, રાચરચીલા, ખોરાક–પાણી, વગેરે ધીમે ધીમે "અંગ્રેજી" બનતા ગયાં.

આગળ કહ્યું તેમ પારસીઓનાં બંધનો થોડાં હતાં તેથી તેઓ ટૂંક સમયમાં જ તે તોડી શકયા અને અંગ્રેજી રીતરિવાજોને અપનાવી શકયા. ઘરમાં ગાદીતકીઆને સ્થાને ખુરસીટેબલો આવ્યા ખાતી વેળાએ હાથનાં આંગળાંને સ્થાને "કાંટા ચમચા તથા છરીઓ" અને પતરાવળ, કેળના પાતરાં યા થાળખૂમચાઓને સ્થાને રકાબીઓ આવી, પીવાને માટે કાંસીઆ તથા વાડકાને બદલે ગ્લાસો ને ટંબલરો આવ્યા. આજે તો આ બધી વસ્તુઓ દરેક "પ્રતિષ્ઠિત, આબરૂદાર" ઘરમાં દેખાય છે પણ પચાસ પોણોસો વરસ પર મોટે ભાગે પારસીઘરોમાં જ આ જોવાતુ.

આ બધાં પરિવર્તનની "મૂગી અસરો" આપણી કોમની મનોદશા પર પડ્યા વિના ન રહી. બહારથી અંગ્રેજી રીતરિવાજો ગ્રહણ કર્યા, અંગ્રેજી સફાઇથી બોલતા ને લખતાવાચતા શીખ્યા અને કેટલેક અંશે અંગ્રેજી પોશાક ધારણ કર્યો, એટલે પારસીઓ એમ જ સમજવા લાગ્યા કે તેઓ અંગ્રેજોથી માત્ર એક પગથિયું નીચે છે, અને તે કારણે પારસી કોમને પોતાના માટે વધુ ઊંચો વિચાર બેઠો. "અંગ્રેજોથી સેજ ઉતરતા પણ બીજા બધાથી ઊંચા" એવો અદ્દભુત ખ્યાલ આપણી કોમના માનસમાં પેવસ થઈ ગયો.

ઇ. સ. ની અઢારમી સદીની આખરે પારસી કેળવણી મોટે ભાગે ગુજરાતી અને ફારસીમાં સમાઇ જતી હતી. કોઇ ખાસ કુટુંબમાં સંસ્કૃત અરબી વગેરેનો અભ્યાસ પણ થતો અને જૂજ અપવાદરૂપે થોડાક

અગ્રેજી શીખતા. પણ તે તો "કુંપની" સરકાર સાથે કામ પડે તેટલા ખપજોગુ.

ત્યાર પછીનાં ૨૫થી ૩૦ વરસો દરમીઆન (ઇ સ ૧૮૦૦થી ૧૮૩૦) સુધીમાં અગ્રેજીનો પ્રચાર વધતો ગયો પણ મૂળ પાયો હજી ગુજરાતી અને ફારસીનો જ રહ્યો હતો આ બધુ દેશની બાઇબધ કોમોના જીવનના આદર્શો આપણે પૂરેપૂરી રીતે સમજી શકતા હતા અને તેઓ સાથે પૂરેપૂરી સહાનુભૂતિ ધરાવી શકતા હતા

પછીનાં ૨૫થી ૩૦ વરસો (ઇ સ ૧૮૩૦થી ૧૮૬૦ દરમીઆન) અગ્રેજીનો પ્રભાવ તથી પણ આગળ વધ્યો મારા મમાવા બપાવાનો" આ સમય હતો. એ લોકો વધારે સારુ અંગ્રેજી શીખ્યા અને અંગ્રેજી સાહિત્યનાં શોખીન બન્યા આ સમયના પારસીઓએ પીંઢારા તથા ઠગોનો ત્રાસ નજરે જોયેલો અને જાતે અનુભવેલો, એટલે એ લોકોને મનથી અગ્રેજી હકુમત અને બ્રિટિશ સલ્તનતની શાંતિ (Pax Britannica) દુનિયામા સૌથી મોટી બક્ષિસ હતી આ સમયના માનસનો ખ્યાલ કવિ દલપતરામની જાણીતી લીટીમા સ્પષ્ટ જણાય છે "એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન"

પણ એ જ સમય દરમીઆન આપણી કોમમાં કેટલા સાચા દૂરદર્શી નેતાઓ પાકયા. દાદાભાઈ નવરોજી, સોહરાબજી શાપુરજી બગાલી, ખરશેદજી માણેકજી શરાફ તથા કયખુસરો નવરોજી કાબરાજી—એ ચાર નામોથી ખાસ યાદ પડે છે અગ્રેજી કેળવણીમા એ લોકો બહુ ઊંડો રસ લેતા થયા. પશ્ચિમના આચારવિચારોથી એ લોકો જાણે મુગ્ધ બની ગયા છતાં એમનામાં પોતાના અસલ આદર્શોનું જોશ ચાલુ રહ્યું હતું અને એ લોકો પોતાના દેશને, પોતાના સમાજને સુધારવાને આતુર બની રહ્યા હતા. પારસી "સુધારકો"ના પ્રથમ નેતાઓ આ જ નરો હતા સ્ત્રીકેળવણીનો પાયો નાખનારા પણ એ લોકો જ હતા છતા એ લોકોએ અંગ્રેજી કેળવણીમાથી નીપજતી એક મોટી ખરાબી સ્પષ્ટ જોઇ તે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર. આ સમય પાદરી વિલ્સનનો હતો. એના જરથોસ્તી ધર્મ બાદના પુસ્તકે ઘણાની આસ્થા ડગમગાવી દીધી હતી રેવરડ ધનજીભાઇ તથા રેવરડ સોરાબજી જેવા આશાભર્યા જુવાનીઆઓ કોમમાથી નીકળી ગયા આ

કારણે જ સોહરાબજી શાપુરજી બંગાલીએ જ્યારે પોતાની કન્યાશાળા સ્થાપી ત્યારે એક ખાસ શરત કરી હતી કે અંગ્રેજી ન શીખવવું. એ દૂરઅંદેશ નર સ્ત્રીનો દરજ્જો સારી રીતે સમજતા અને ઉછરતી ઓલાદ પર માતાની કેવી અસર પડે તે ખી એ જાણતા. તેથી જ આ શરત એમણે નાખી હતી.

છતાંય અંગ્રેજીનો પ્રસાર રોકી શકાયો નહિ. દિવસે દિવસે પારસી કોમમાં અંગ્રેજીનો અભ્યાસ વધતો જ ગયો. અંગ્રેજી સાહિત્યના અમર લેખો પારસીઓ વાચતા અને વખાણતા થયા અને એવું પ્રેરણાત્મક વાંચન તે સમયના ગુજરાતીમાં તો કશું ન જડયું, એટલે ધીમે ધીમે ગુજરાતી તરફ આપણા પારસીઓ શિથિલ બનતા ગયા. ગુજરાતી સાત ચોપડીઓ તો બધાને શીખવી જ પડતી હતી, પણ ત્યાં ખી એક જ વાત પર ભાર દેવાતો તે એ જે હિન્દના લોકો પછાત હતા અને ઇંગ્લંડના તથા યૂરોપના આદર્શો અને ત્યાંની સંસ્કૃતિનું જરૂર જ અનુકરણ કરવું ઘટે.

આવા વાતાવરણમાં મારા માતપિતા ઉછર્યાં હતાં (બ. સ. ૧૮૬૦–૧૮૮૦). પારસી સ્ત્રીઓ મોટે ભાગે બંગાલીની કન્યાશાળામાં ગુજરાતી સાત ચોપડીઓ ભણતી પણ તેમના માબાપોને તેઓને અંગ્રેજી ભણાવવાની ખાસ ઉલ્કટા હતી એટલે ગુજરાતી સાત ચોપડીઓ શીખી રહ્યા પછી છોકરીઓને અંગ્રેજી સ્કૂલોમાં દાખલ કરાવતાં. તે વખતે તેમનાં મન ઉપર સહુથી વધારે અસર પડી શકતી. આ રીતે આપણી પારસી કન્યાઓ જીવનની કટોકટીની (critical) ઉંમરે, અંગ્રેજી સંસ્કારોની અસર નીચે આવતી થઇ. ઘણીક કન્યાઓ તે સમયનાં સંસારના બંધારણ અનુસાર પરણી જઇ સંસારમાં પડતી, અને તેઓ આ પાશ્ચાત્ય અસરોમાંથી બચી જતી. છતાં ય તેઓ ઘરમાં ખી પોતાના પતિઓ પાસેથી યા પોતાની મેળે અંગ્રેજી વાચતા શીખી જતી, અને આ પ્રકારે આડકતરી રીતે તેમના પર પણ અંગ્રેજીની અસરો પડતી.

આ બધાની સામટી અસરો એ જ થઇ કે પારસી કુટુંબો ધીમે ધીમે રહેણીકરણીમાં, ઘરના દરરોજના કારોબારમાં, પહેરવેશમાં–ટૂંકમાં જીવનના દરેક વિભાગમાં અંગ્રેજોની નકલ કરતા થયાં. પરિણામે ઘરખરચ વધતો ગયો, "ફેશનો" વધતી ગઈ અને સૌથી મોટી વાત તો એ બની કે આપણી કોમના આચારવિચારોમાં અને આદર્શોમાં પરિવર્તન થયું.

પારસીઓ હવે પોતાને જાણે યૂરોપના પ્રતિનિધિઓ માનવા લાગ્યા હિન્દને આમળ વધારવામાં જાણે ખોદા તરફથી નિમાયલા નેતાઓ હોય એવુ તેમના મનમા પેસી ગયુ શરૂઆતમાં તેમની કેળવણીને પ્રતાપે પારસી કોમ ખચીત જ બધાને મોખરે રહેતી, પણ જ્યારે બીજી કોમોમા બી કેળવણીનો પ્રચાર થતો ગયો ત્યારે બીજી કોમોની મોટી સખ્યાથી જ આપણી કોમ પોતાનો નેતાગીરીનો દાવો ટકાવી શકી નહિ

આવા લગભગ સંપૂર્ણ અગ્રેજી આદર્શોભર્યાં વાતાવરણમાં મારી પોતાની કેળવણીનો પાયો નખાયો (ઇ સ ૧૮૯૦થી ૧૯૨૦) મારી ઉંમરના પારસીઓ બચપણમા માત્ર યૂરોપની મોટાઇની વાતો શીખ્યા હતા અમારી બધી કેળવણી શુદ્ધ અગ્રેજી જ હતી જો કે હુ બી સાતે ગુજરાતી ચોપડીઓ ભણ્યો હતો અને ઉપલા વર્ગમા બી ગુજરાતીમાથી અગ્રેજી તરજુમો કરવાનુ ચાલુ હતુ, છતાય ગુજરાતીનુ સ્થાન "બીજુ" હતુ—પહેલુ નહિ. તે ઉપરાંત "બીજી ભાષા" (Second language) તરીકે પારસીઓમા લગભગ ૭૫ ટકા વિદ્યાર્થીઓ ફ્રેન્ચ ભાષા લેતા હતા ફારસી તો મુસ્લિમો માટે, સંસ્કૃત હિન્દુઓ માટે અને ફ્રેન્ચ પારસીઓ માટે એમ જાણે "બીજી ભાષાઓ"ની વહેંચણી થતી પરિણામ એ જ થયુ કે યૂરોપીઅન આદર્શો અને સરકારોની અસર પારસી કોમ પર બેવડી થઇ ફારસી ભાષા ધીમે ધીમે વીસરાતી ગઇ, સાથે સાથે શાહનામાનો શોખ પણ કમી થયો. કોઇ જ ભાગ્યવતા વિદ્યાર્થીઓ સંસ્કૃત "બીજી ભાષા" લેખે શીખતા એટલે મારી સાથના પારસી વિદ્યાર્થીઓ આપણા દેશના આદર્શો અને ઇતિહાસથી બીલકુલ બેખબર ઉછરતા અને સાથે આપણા પુરાતન ઇરાન માટેની માહિતી તો સાવ મીંડામા જ આવી અટકતી. હુ પોતે સ્કૂલથી સસ્કૃત શીખ્યો હતો, પણ તે તો માત્ર પરીક્ષાઓ પૂરતુ જ આપણા દેશના ઇતિહાસ બાબે તો હુ બીજા મારા પારસી દોસ્તો જેવો જ હતો ફરક માત્ર એટલો જ કે સસ્કૃત કલાસમાં હિન્દુઓ જોડે ચાલુ સમાગમમા આવવાથી મને "વાણીઆઓ" તરફ અણગમો જરાએ ન હતો.

ઘણા વરસ પર મે લડનમા જાણીતા બગાળી નેતા બિપિનચદ્ર પાલનું એક ભાષણ સાંભળ્યુ હતુ. તે વેળા બગાળમા નવી રાજદ્વારી જાગૃતિ લોર્ડ કર્ઝનના અમલને પરિણામે તુરતની આવેલી હતી શ્રીયુત પાલે

બંગાળમાં કેળવણીનો ઇતિહાસ ઉકેલ્યો હતો અને તેને અંગે બંગાળી માનસમાં કેવા ફેરફારો થયા હતા તે સમજાવ્યું હતું પહેલે તબકકે સઘા આંખ મીંચીને અંગ્રેજી શીખ્યા અને પોતાની માતૃભાષા (બંગાળી) તથા હિન્દની આર્ય સંસ્કૃતિ વીસારી મૂકી પણ અંગ્રેજી સાહિત્યમાં રચ્યાપચ્યા રહેવાથી બધા શીખેલા જુવાનોને અંગ્રેજી પ્રકારની આઝાદીનો મોહ લાગ્યો હતો. તેથી બ્રિટિશ સરકારનાં કેળવણી ખાતાએ એ અંગ્રેજીનો મોહ ઉતારવા પ્રયત્નો કર્યા, અને બંગાળમાં ત્યાર પછી હિન્દના પુરાતન ઇતિહાસ તથા પુરાતન આર્ય સંસ્કૃતિની મૂળ ભાષા સંસ્કૃત પર ભાર દેવા માંડયો તેમની મતલબ એ હતી કે આમ કરવાથી આ નવો "આઝાદી"નો પોકાર નરમ પડશે પણ પરિણામ તો બ્રિટિશરોની વકી કરતાં ઊલટુંજ આવ્યું બંગાળના જુવાનો પૂરઉલટથી સંસ્કૃત શીખ્યા અને તેમની આંખો ખુલી ગઇ જે "આર્ય સંસ્કૃતિ યૂરોપની આજની સંસ્કૃતિ કરતાં ઘણી વાતે ચઢીઆતી હતી, અને આર્ય આદર્શોને યૂરોપના આદર્શો પહોંચી પણ શકે નહિ." આથી દેશાભિમાન ઘણું વધ્યું અને "આઝાદી"નો પોકાર બેવડા જોશથી સંભળાતો થયો

આપણી પારસી કોમમાં અંગ્રેજીની મોહિની આજે પૂરજોશમાં દેખાય છે હજી દેશાભિમાનનો જોશ પૂરા પ્રમાણમાં આવ્યો નથી. આપણે આપણી રહેણીકરણી જ યુરોપીઅન બનાવીને અટકયા નથી, આપણા વિચારો અને ઘણી વાર ખુદ આપણી ભાષા પણ અંગ્રેજી બની છે આપણી કોમનો મોટો ભાગ આજે પણ "અંગ્રેજ" બની ગએલો છે. અંગ્રેજી ભાષાનો હું મોંગો વખાણનાર છું અંગ્રેજી ભાષા સારી રીતે લખી, વાંચી તથા બોલી જાણવા માટે હું મગરુર છું પણ તેથી હું હિન્દીવાન પારસી મટીને અંગ્રેજ બની ગયો નથી. મારામાં આ પરિવર્તન કેમ થયું તે વર્ણવવું અસ્થાને ન ગણાય.

હું B. A. પાસ કરી ઇંગ્લંડ વધુ અભ્યાસ માટે ગયો. અંગ્રેજી બહુ સહાયથી બોલી શકતો, અંગ્રેજો જેવા જ ઉચ્ચારે બોલતો પણ મારા પોતાના દેશ માટે મારું જ્ઞાન અધુરું હતું. મારી માતૃભાષા પર મારો કાબુ ઘરમાં વાતચીત કરવા પૂરતો અને પારસી વર્તમાનપત્રો વાચવા પુરતો હતો ઇરાન બાબે મારું જ્ઞાન મારાં પૂજ્ય માતાએ બચપણમાં જેટલું શીખવેલું તેટલું જ. દેશમાં આઝાદીની ચળવળ શરૂ થઇ ચૂકેલી



મર્હુમ બાઇ ખુરશેદબાનુ રતનશાહ વકીલ



મર્હુમ શેઠ રતનશાહ કોયાજી વકીલ

સ્વર્ગવાસી

બાઇ ખુરશેદબાનુ રતનશાહ વકીલ

અને

શેઠ રતનશાહ ફરામજી વકીલ

[બી. એ. એલએલ. બી.]

ની મીઠી યાદમાં

# ગુજરાત પારસી પરિષદ

(૦)

## તંત્રવાહકો

ડૉ. જાલ ફીરોઝ ખલસારા

પરિષદ પ્રમુખ

: કાર્યવાહક સમિતિ :

શ્રી. નસરવાનજી કાવસજી વકીલ

: પ્રમુખ :

*

રાજરત્ન બાઇમાય રુસ્તમજી દાબુ

એરવદ એરચ ડોસાભાઈ દાબુ

: ઉપપ્રમુખો :

શ્રી. અરદેશર હોરમસજી તલાટી

શ્રી. રતન રુસ્તમજી માર્શલ

શ્રી. ફીરોઝ શાપુરજી કસુવારવાળા

શ્રી. ફીરોઝ રતનશાહ કોયાજી

: મંત્રીઓ :

*

ડૉ. કેકી હોરમસજી ઉરધવાળા

: ખજાનચી :

સુરત : ૧૯૪૭

# ઉઘરાણું

વીરાતમાં અરદેશર કોટવાળની નગરીને આંગણે મહામૂલો અવસર આવ્યો છે. હિંદ હજી હમણાં જ સ્વતંત્ર થયું છે. આ પવિત્ર ભૂમિ હાલ નવા જ યુગમાં પગલાં માંડે છે. એ મંગલ અવસરે અમારી ઇતિહાસ પ્રસિદ્ધ સૂરત નગરીમાં પહેલી "ગુજરાત પારસી પરિષદ" મળે છે. ગુજરાતના પારસીઓએ પોતાની પ્રથમ પરિષદને વધાવી છે. પરિષદનો ખ્યાલ એમને ગમ્યો છે. પરિષદના વિચારને એમણે આવકાર્યો છે.

ગુજરાતના પારસીઓની આ પ્રથમ પરિષદ શું ઇચ્છે છે? એના ઉદ્દેશ શા છે? પરિષદ બંધારણમાં વર્ણવાયેલો હેતુ આ બાબત આમ સમજાવે છે:

> "પારસી સમાજને સુસંગઠિત કરી, તેને ઉન્નતિ અને પ્રગતિને પંથે દોરી જવામાં મદદરૂપ બને એવી બાબતો પરત્વે પ્રજામત કેળવવાને પ્રયત્નો કરવા."

સમાજને સુસંગઠિત કરવો, તેને ઉન્નતિને માર્ગે અને પ્રગતિને પંથે દોરી જવો—પરિષદનો આ પ્રધાન હેતુ છે. એ ઉમદા ઉદ્દેશને પાર ઉતારવાને પ્રયત્ન કરવા આ પરિષદ મળે છે.

એ હેતુને અનુસરતા ઠરાવો પરિષદ બેઠકમાં રજૂઆત પામશે અને ચર્ચાશે. જે ઠરાવો પસાર થાય એને કર્તવ્યમાં ઉતારવાને પરિષદ બેઠકમાં નિમાનારી સ્થાયી સમિતિ કોશિશ કરશે. પૂર્ણાહુતિ પછી સ્થાયી સમિતિ સમાજને પ્રગતિને પંથે દોરી જવા કટિબદ્ધ બનશે. એના એ મુશ્કેલ પણ મુબારક કાર્યમાં સહકાર આપવાની પરિષદ અંગેની "પ્રચાર અને સાહિત્ય સમિતિ"એ વિચારણા કરી જે નિર્ણય કર્યો એનું પરિણામ તે આ પરિષદ ગ્રંથ.

જુદા જુદા ક્ષેત્રમાં પારસી સમાજ સામે મહત્ત્વના પ્રશ્નો પડયા છે. એ પ્રશ્નો પર સ્થાયી સમિતિએ ધ્યાન આપવાનું રહેશે, એ સવાલોના અભ્યાસીઓના મત જાણવાના રહેશે. એવા મતનું એક ઉઘરાણું તે આ ગ્રંથ. સાહિત્ય, સામાજિક સુવ્યવસ્થા, સંશોધન, સંસ્કાર-સાધના, ધર્મ, કેળવણી, તંદુરસ્તી, આર્થિક ઉન્નતિ, રંગભૂમિ, રાજકારણ, ગ્રામજીવન, હુન્નરઉદ્યોગ, ખેતીવાડી, "પોલટ્રી" વગેરે વિવિધ વિષયો પર તે તે

બાબતના અભ્યાસીઓ અને અનુભવીઓએ આ ગ્રંથમાં માર્ગદર્શન કરાવ્યું છે સમાજસેવા, સખાવત, ઇતિહાસ વગેરે કેટલીક મહત્ત્વની બાબત રહી ગઇ છે એ અમે જાણીએ છીએ. આર્થિક રચના અને રાજકારણ જેવા વિષયો પર જુદી જુદી દૃષ્ટિથી થએલી વિચારણા આ ગ્રંથમાં સ્થાન પામી હોત તો એની મહત્તામાં વધારો થાત એ પણ અમે સ્વીકારીએ છીએ પણ એમાં કસૂર અમારો નથી એ વિષયોના અભ્યાસીઓને-અનુભવીઓને પોતાની કલમપ્રસાદી દ્વારા સમાજને દોરવણી આપવા અમે આમંત્રણ આપેલું, એ આમંત્રણની યાદ આપતી યાદીઓ પણ મોકલેલી, ઘણી થોડે તેમને રૂબરૂમાં પણ વિનંતિ કરેલી, પરંતુ અમારાં આમંત્રણ અસ્વીકાર્યાં રહ્યાં એમની પ્રસાદી અમારા ગ્રંથમાં સ્થાન ન પામી એનું અમને દુઃખ છે પણ કસૂર અમારો નથી, ઠપકાને પાત્ર અમે નથી, એ અમારી હૈયાધારણ છે જેમણે લેખ મોકલ્યા એમના અમે ઋણી છીએ અને અંતઃકરણપૂર્વક એમનો આભાર માનીએ છીએ

મુખપૃષ્ઠ સુરતના યુવાન ચિત્રકાર શ્રી માણેક કુંવરજી દોરડીએ અમારી વિનંતિ સ્વીકારીને તૈયાર કરી આપ્યું છે તે માટે અમે એમના આભારી છીએ. એ બાદ કરતા બીજો ઠઠેરો નહિ દેખાય. અંકને સુશોભિત કરવા પ્રયત્ન કરવાને બદલે, પરિષદનો ઉદ્દેશ સાર્થક કરતા સુયોગ્ય લેખોથી તેને સમૃદ્ધ કરવાનું વધુ વાજબી અમને લાગ્યું-સૌને લાગશે

મુદ્રણ ઘણું ખરચાળ છે એ સંજોગમાં આ ગ્રંથ પ્રસિદ્ધિ પામે છે આ પ્રકાશનનો વિચાર કર્યો ત્યારે ખર્ચના અંદાજે અમને પળવાર ફિકરમાં નાંખી દીધા પરંતુ દિલાવર દિલની પારસી કોમમાંથી કામની કદર કરી જાણનાર એકાદ જીવ તો અમને મળી જ આવશે એવી અમારે હૈયે આશા હતી, એટલે અમે એ કાર્ય ઉપાડી લીધું અમારી આશા ઝટ ફળી શ્રી સ્યાવક્ષ રતનશાહ વકીલે ખર્ચ પેટે અમને રૂપિયા એક હજારની મદદ આપવાની ઇચ્છા જણાવી એટલે જ પડતરથી ઓછી કિંમતે આ ગ્રંથ અમે લોકોના હાથમાં મૂકી શકીએ છીએ શ્રી સ્યાવક્ષ વકીલ અમારા સુરતના સપૂત છે વકીલ, એડવોકેટ અને સોલીસીટરની પરીક્ષામાં પહેલો નંબર સર કરી, નાની વયે પોતાના ક્ષેત્રમાં ઝળકી ઊઠનાર એ ભલા બંધુ સમાજ-ઉપયોગી પ્રવૃત્તિઓને વારંવાર આર્થિક સહાય કરતા રહ્યા છે અમને આ મદદ કરી એ માટે અમો એમના ભારે આભારી છીએ.

એમના માતપિતા મહૂમો બાઇ ખુરશેદબાનુ અને શેઠ રતનશાહ કોયાજી વકીલના નામ અમે આ ગ્રંથ સાથે સાંકળીએ છીએ. શેઠ રતનશાહ સમાજના પ્રશ્નોમાં હમેશ રસ લેતા, જુવાન વર્ગને આગળ લાવવા, તેમને જાહેર જીવનમાં આકર્ષવા તત્પર રહેતા. સમાજના એવા હિતૈષી અને તેમના પત્નીનાં નામ સમાજ ઉન્નતિની દિશા દાખવતા આ ગ્રંથ સાથે સંકળાયાં એ સાવ યોગ્ય થયું છે.

સૂરતના સુવિખ્યાત સાહિત્યકાર અને "પ્રભાકર"ના સંપાદક શ્રી. નટવર વીમાવાળાએ પારસી સમાજ પ્રત્યે પ્રશંસાની લાગણી અનેક વાર અખબારદ્વારા તેમ.તખ્તા પરથી સ્પષ્ટ શબ્દોમાં વ્યકત કરી છે અને તેની વિશેષ પુરવારી તે આ ગ્રંથ. કામદારોની તાણ અને મુશ્કેલી છતાં ય, પોતાનું ખીજું કામ બાજુએ રાખીને ય, અમારી વિનંતિ સ્વીકારી આ ગ્રંથ એમણે પ્રસિદ્ધ કર્યો એ માટે અમે એમના ઓશિંગણ છીએ. એમના મુદ્રણ અને સાહિત્ય મંદિરના વ્યવસ્થાપક શ્રી હરગોવિંદ મોદીએ પણ આ કાર્યમાં ઘણી સહાય આપી એ માટે એ ભલા ભાઈના ય અમે ઋણી છીએ.

પ્રથમ "ગુજરાત પારસી પરિષદ"ને પાર ઉતારવા તેના તંત્રવાહકો જહેમત ઉઠાવી રહ્યા છે. એ જહેમતને જશ મળતાં આ પરિષદ ગુજરાતના પારસીઓની ઉન્નતિના ઇતિહાસમાં પોતા માટે સ્થાન સર કરશે. આ ગ્રંથ ભવિષ્યમાં પરિષદની યાદ પણ આપતો રહેશે.


વિનમ્ર ભાવે આ જ્ઞાનઉઘરાણું પારસી સમાજ સમક્ષ મૂકીએ છીએ.

રતન રુ. માર્શલ (અધ્યક્ષ)
પીલુ મી. ખાનસાહેબ
રતી મી. તચકરા
ફીરોઝ ર. કોયાજી
સામ મી. નેકસાતખાન
જાલ ર. કાટપીટિયા
કેરસી ન. એંટી
ફરશેખ જ. આંટીઆ (મંત્રી)
—પ્રચાર અને સાહિત્ય સમિતિ—

: કાર્યાલય :
ડૉ. લાકડાના દવાખાના
બાજુમાં
ભાગાતળાવ
સૂરત
તા. ૨૫-૧૨-'૪૭

# અનુક્રમ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પ્રાર્થના ... ... ... | ...દસ્તૂર ડૉ. માણેકજી ધાલા | ૧ |
| ૨ પારસીઓની ગુજરાતી ભાષા | ...શ્રી. અરદેશર ખબરદાર | ૩ |
| ૩ આથ્રવનઃ તેનો દરજ્જો, લાયકાત ને કેળવણી ... | ...એરવદ ખુરશેદ દાબુ | ૧૯ |
| ૪ પારસીઓની આર્થિક ઉન્નતિ | ...શ્રી. કેખુશરુ શરાફ | ૩૦ |
| ૫ પારસી કેળવણી ... ... | ...ડૉ. એરચ તારાપોરવાળા | ૩૬ |
| ૬ પારસીઓ અને તંદુરસ્તી | ...ડૉ. જરબાનુ મીસ્ત્રી | ૫૫ |
| ૭ પારસીઓ અને રંગભૂમિ... | ...શ્રી. ફિરોજશાહ મહેતા | ૬૪ |
| ૮ જરથોસ્તી જીવનમાં થવુ જોઇતુ પરિવર્તન ... ... | ...પ્રો. ફીરોઝ દાવર | ૮૩ |
| ૯ ગુજરાતનાં ગામડાંઓમાં વસતા પારસીઓ ... ... ... | ...શ્રી. સાપુર દેસાઇ | ૯૩ |
| ૧૦ પારસીઓનું સંશોધનકાર્ય... | ...દસ્તૂર ડૉ. હોરમઝદયાર મીરઝાં | ૧૦૦ |
| ૧૧ પારસીઓ અને રાજકારણ | ...શ્રી. સ્યાવક્ષ ઝાબવાળા | ૧૧૪ |
| ૧૨ સમાજસુધારણા અને સુપ્રજનનશાસ્ત્ર ... ... | ...પ્રો. જેહાગીર આસાના | ૧૨૨ |
| ૧૩ ઉછરતી ઓલાદ અને હુન્નરઉદ્યોગ... | ...શ્રી. ફકીરજી ભરૂચા | ૧૪૦ |
| ૧૪ આપણે સંસ્કારી ક્યારે કહેવાઇએ? | ...પ્રો. દારાબ કાંગા | ૧૫૬ |
| ૧૫ પારસીઓ અને "પોલટ્રી"... | ...શ્રી. જમશેદ સાગર | ૧૬૦ |
| ૧૬ પારસીઓ અને ખેતીવાડી... | ...શ્રી. સોહરાબ ગાંધી | ૧૮૦ |



ડૉ૦ જાલ ફીરોઝ બલસારા

એમ. એ., એલ એલ. બી (બૉમ્બે).

પીએચ. ડી. (લંડન), જે. પી.

પરિષદ પ્રમુખ



અત્યા અષાઈ વીસ્પનામ વહિશ્તેમ
ખાથ્રેયાના આથ્રેમ દઈદીતા. [યસ્ન ૪૩. ૨
ઉથ્રેમ કવએમ ખરેનો મજદ-ધાતેમ યજમઈદે.
યત અસ્તિ અહુરહે મજદાઓ યથ દામાન
દથત અહુરો મજદાઓ પોઉરૂચ વોહુચ પોઉરૂચ
સ્રીરચ પોઉરૂચ અખ્દચ પોઉરૂચ ફ્રેપ્ચ
પોઉરૂચ બામ્યાચ. [યસ્ન ૧૯, ૯, ૧૦

અઈર્યન વએજના બેટાઓ અને બેટીઓએ જ્યારે દક્ષિણ તરફ દેશાટન કર્યું અને ઈરાનના ઊંચા પ્રદેશમાં પોતાનો વસવાટ કર્યો, ત્યારે અલબુર્ઝ પહાડની ઊંચી ટોચે બિરાજતી 'આર્યન કીર્તિ' દુનિયાની અજાયબી હતી. પછી જ્યારે તેમણે પોતાની પાદશાહત સ્થાપી, ત્યારે 'પાદશાહી કીર્તિ' તેમનાં પાદશાહોને આવી વળગી.

પેશદાદ અને કયાનીઅન, હખામનીઅન અને સાસાનીઅન શહેનશાહતો અનુક્રમે હસ્તીમાં આવી અને પડી. આ મહાન શહેનશાહતોના પાદશાહો, 'પાદશાહી કીર્તિ'નો તેજસ્વી સાયો પહેરતા. ઈરાની રાજ્યની મોટાઈ અને સત્તાનું તે ચકચકિત ચિહ્ન હતું. ઈરાનને તેણે મીનોઈ અને ફાની ખજાનાથી ભરપૂર કર્યું. રોશન તે પ્રકાશતી અને ઈરાનીઓની પ્રગતિના માર્ગને તે રોશન કરતી. પેઢી દર પેઢી તેમની નામના મોઢે મોઢે ગવાઈ. ઈરાની, પારસી તરીકે ઓળખાવું એ તે વખતે નામ-ધારીભર્યું હતું.

મોટામાં મોટા શૂરવીરો હારે છે અને મોટામાં મોટા પરાક્રમીઓ પડે છે. મહાન અને કીર્તિવંત જરથોસ્તી ઈરાની પાદશાહત પડી અને પાદશાહી કીર્તિ ગરૂડ પક્ષીની પાંખો ઉપર ઊડી ગઈ. પાદશાહત મરણ પામી છે અને 'પાદશાહી કીર્તિ'ની જાહેર નિશાનો અને ચિહ્નો ખંડિયેરો બન્યાં છે, આ ધૂળમાં દટાયાં છે. પણ, કીર્તિવંત કામો મરતાં નથી. કીર્તિ શાશ્વત છે. તે જીવે છે.

સઘળી આશાની આ નવી ભૂમિ ઉપર વસવાટ કરનારા પહેલા પારસીઓને આ 'કીર્તિ' આવી વળગી. આશરો શોધતા આવેલા આપણા વડવાઓને તેણે દોરવ્યાં અને સંભાળ્યા, જાળવ્યા અને સાચવ્યા. ધીરજ અને ખંત અને સહનશક્તિ અને ઉદ્યોગ અને સાહસથી, કંગાલિયત અને મુશ્કેલીઓ અને મુસીબતો અને વિપત્તિઓ અને વિઘ્નો, વચ્ચેથી તેઓ પસાર થયા અને આબાદીનો પોતાનો માર્ગ તેમણે ખુલ્લો કર્યો. નિડરપણે, તેઓ કીર્તિને મિનારે ચઢયા અને આપણી ઈરાની ન્યાગાનોની 'કીર્તિ' પોતે પહેરી, પારસી તવારીખના પાનાંઓ ઉપર તેમનાં પ્રતાપી નામ પ્રકાશિત હરફે નોંધાયાં છે. તે મહાન નરો જન્મ્યા અને ગયા છે પણ તેમનાં નામને હંમેશ માટે કીર્તિ વળગી છે.

અમારી નાની કોમની આવતા સઘળા જમાનાઓની જીંદગીમાં ઓ, તું દિવ્ય કીર્તિના ધરનાર સાહેબ, એવા ભલા અને મહાન નર અને નારીઓ જન્મે જેઓ કીર્તિના તેમનાં અમર કામો મારફતે જીવી શકે, કોમને કાજે તેઓ જીવે અને કોમને માટે તેઓ કામ કરે જેથી જ્યાં સુધી વખત નીસે ત્યાં સુધી સનાતન કીર્તિના ફૂલપાનના સરતાજ સાથે કોમ જીવવા પામે.

માણેકજી નસરવાનજી ધાલા

# પારસીઓની ગુજરાતી ભાષા

શ્રી. અરદેશર ફરામજી ખબરદાર

"ગુજરાત પારસી પરિષદ" ના સમયમાં પ્રગટ થનારા લેખસંગ્રહ માટે મારે પારસી સાહિત્યના કોઈક વિષય પર એક લેખ મોકલવો એવી એ પરિષદના મુખ્ય સંચાલક ભાઈશ્રી રતન રુસ્તમજી માર્શલની મને આજ્ઞા થઈ, તે માન્ય રાખીને હું આ લેખ લખવા પ્રેરાયો છું. કોઈ પણ ભાષાના સાહિત્ય માટે તે ભાષાના યથાર્થ જ્ઞાનની પ્રથમ જરૂર છે, કેમકે "સાહિત્ય" એટલે માણસના શિષ્ટ વિચારોનો હિતકારક સંગ્રહ છે. વિચારો દર્શાવવા વાણીની અગત્ય પડે છે, અને એ વાણીને મૂર્તસ્વરૂપ આપવા માટે ભાષાની મદદ લેવી પડે છે. એટલે સાહિત્ય-literature-ને સાર્થક કરવા પ્રથમ ભાષાજ્ઞાન જોઈએ.

ગુજરાત પ્રાંત અનેક નાનામોટા જિલ્લાઓનો બનેલો પ્રદેશ છે, અને ગુજરાતીઓ મુખ્યત્વે વેપારીઓ હોવાથી મુંબઈ શહેરમાં ખરૂ મોટા પ્રમાણમાં વસે છે. મુંબઈની વેપારી ભાષા પણ મુખ્યત્વે ગુજરાતી જ છે, એટલે મુંબઈ પણ જાણે ગુજરાતનો જ એક ભાગ છે. ગુજરાતના હિન્દુઓમાં બ્રાહ્મણો, વાણિયા, જૈન, પાટીદાર ઉપરાંત કાઠિયાવાડીઓ તથા કચ્છીઓ છે, તેમજ બિનહિન્દુ કોમોમાં મુસ્લિમો-ખોજા, વહોરા વગેરે, દેશી ખ્રિસ્તિઓ, યાહુદીઓ અને પારસીઓ જેવી અનેક કોમો પણ છે, અને બધા કંઈ ફેરસાથે ગુજરાતી ભાષા જ બોલે છે. ધર્મ, સંસ્કાર, સંસર્ગ, પ્રદેશ વગેરેના જુદાપણાને લીધે એ બધી કોમોની બોલવાની બોલીમાં કંઈ કંઈ વિશિષ્ટતા અને વિચિત્રતા રહે એ સ્વાભાવિક છે! ખુદ ગુજરાત જેટલા પ્રદેશવાળા ઈંગ્લાંડ દેશમાં અંગ્રેજી ભાષા લોકની તેમજ રાજાની એક જ છે, છતાં ઈંગ્લાંડનાં અનેક પરગણાની બોલીઓમાં પણ સારો જેવો ફેરફાર હોય છે. તેમ છતાં જુદા જુદા પરગણાના લોકો એકમેક સાથે મળે છે ત્યારે તો તેઓ મુખ્યત્વે શિષ્ટ અંગ્રેજી ભાષા જ બોલે છે, અથવા એકમેક વચ્ચેના પત્રવ્યવહારમાં પોતપોતાની "બોલી" નહીં, પણ દેશની શિષ્ટ ભાષા જ લખે છે. એમ કરવું

જ ઇષ્ટ છે. એમ નહીં થાય તો ઉચ્ચારમાં, લેખનમાં, રૂઢિમાં, વલણમાં પોતપોતાના પરગણાની વિચિત્રતાઓ રાખે તો વ્યવહારમા ઘણી મુશ્કેલી ઊભી થાય, અને કદાપિ અર્થનો અનર્થ પણ થાય।

દરેક દેશમાં અભણ, અધભણ્યા ને કામચલાઉ લખવા-વાંચવાનું શીખેલા માણસોની પણ ઠીક ઠીક સંખ્યા હોય છે, પણ કોઇ ડાહ્યો માણસ એમ નહીં કહી શકે કે એવા માણસને સમજ પડે તેવી અધૂરી, અશિષ્ટ, ગ્રામ્ય (Slang) કે અશુદ્ધ ભાષા સાહિત્યના લેખકે લખવી, જેથી બધાને તે સમજ પડે! અભણ ગામડિયાની સાથે તેને કોઈ વસ્તુ સમજાવવા ભલે તેની "બોલીમા" તેના જેવી અશુદ્ધ બોલી આપણે બોલીએ, પણ તે તો સામાન્ય વ્યવહાર નિભાવવા માટેની વાત છે. પણ "સાહિત્ય" તો માનવજાતના શિષ્ટ વિચારોનો શિષ્ટ ભાષામાં લખાયેલો સંગ્રહ છે, એટલે તે આજે લખીને કાલે ફેંકી દેવાનો નથી, અને તેમાં ગમે તેવી અશુદ્ધ ભાષા વાપરીને આપણી સસ્કૃતિને આજની જ નહીં પણ આવતી ઓલાદોને પણ અધમ બનાવીને સાહિત્યની શુદ્ધિને કલુષિત કરવાનું કાર્ય શરમજનક છે.

પારસીઓનો હિન્દુસ્તાન સાથેનો સંબંધ તો હજારો વર્ષનો છે, તે ઇરાનના અને હિન્દુસ્તાનના ઇતિહાસોમાથી સ્પષ્ટ દેખાય છે. એ જૂના સંબંધવાળા પારસીઓ હિન્દુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં અને જુદી જુદી જાતિઓમાં ધીરે ધીરે ધર્મપલટો કરીને સમાઈ ગયેલા છે, તેનો રસિક ઇતિહાસ મરાઠી પ્રો. કેતકરે પોતાના અભ્યાસશીલ ગ્રંથ "સાતવાહન"-માં આપેલો છે, તે હું નથી ધારતો કે આપણા પારસી અભ્યાસીઓએ વાંચ્યો હોય. પણ લગભગ અગ્યારસેં વર્ષ પર પારસીઓનું એક મોટું જૂથ વહાણોમાં બેસી ઇરાનથી ગુજરાતના દીવ અને સંજાણ બંદરોએ પોતાની ધર્મરક્ષા માટે આવીને ઊતર્યું, અને એ રીતે ગુજરાતને પોતાનું માદરવતન બનાવ્યું, તે જૂથમાંના પારસીઓ મોટે ભાગે પોતાનો જરથોસ્તી-ધર્મ વફાદારીથી આજ સુધી પાળતા રહ્યા છે, અને ગુજરાતની ભાષા, ગુજરાતનો પોશાક, ગુજરાતના સમાજના સુખદુઃખમાં ભાગ લેવાનો સમભાવ, ગુજરાતના તહેવારોનું પાલન,—એ બધુ અપનાવીને તે ગુજરાતના જ પુત્ર તરીકે શું હિન્દુસ્તાનમાં કે શુ ચીન, જાપાન, યુરોપ કે અમેરિકા વગેરે પ્રદેશોમાં પણ આજ સુધી મહાલે છે. હિન્દમાં અંગ્રેજી રાજ્ય થયા પછી પારસીઓએ પોતાની સ્વાભાવિક વૃત્તિ પ્રમાણે અંગ્રેજી ભાષા, અંગ્રેજી

પોશાક, અને અંગ્રેજી રહેણીકરણીની નકલ કરવા માંડી, અને પોતાની જાતમાં હિંદુઓના જેવી આભડછેટની ઝાઝી સુગ નહીં હોવાથી તેઓ હિન્દના સમાજોમા જલદીથી મોખરે આવ્યા, ધનદોલત કમાયા, મોટા ઓદ્ધાઓ ભોગવ્યા અને મુંબઇ જેવી મહાનગરીની સૌથી આગળ પડતી કોમ તરીકે દુનિયામા પણ પ્રસિદ્ધિ પામ્યા અંગ્રેજી રાજ્ય હોવાને લીધે અંગ્રેજી ભાષામાં ઊંચામા ઊંચી કેળવણી પણ તેઓએ લીધી, અને વેપારમા, નોકરીમા, દલાલી કાર્યમા—સઘે જ અંગ્રેજી ભાષાની જરૂર પડતી હોવાથી તેઓએ અંગ્રેજી ભાષા અપનાવવા માડી પણ આ સઘુ પારસીઓના ઉપલા ધનિક વર્ગમા મુખ્યત્વે બન્યું. પારસીઓના નીચલા તથા મધ્યમ વર્ગના ઘરોમાં તો અંગ્રેજીનુ સામાન્ય જ્ઞાન રાખવા સાથ મોટે ભાગેનો વ્યવહાર તો ગુજરાતી ભાષામા જ ચાલતો રહ્યો છે કેદના ૭૫–૧૦૦ વર્ષોમાં પારસીઓએ પોતાની હાઇસ્કૂલો ઉઘાડી, અને પારસી બાળકો તેમા જ પોતાનું શિક્ષણ લેવા લાગ્યાં. એ સ્કૂલો મોટા પ્રમાણમાં મેટ્રીકયુલેશનની પરીક્ષા જ પસાર કરાવવાના કારખાનાં જેવી હતી, અને હજી પણ છે, એટલે એમાં પારસી બાળકોને ગુજરાતી ચાર પાંચ ચોપડીઓનો જેવો તેવો અભ્યાસ કરાવી તેમને અંગ્રેજી ભાષાના અભ્યાસમા જ નાખવામા આવતા એમ કરતા પારસી બાળકોને ગુજરાતી ભાષાનો અભ્યાસ ઉપરચોટિયો જ કરાવવામા આવતો, અને તે માટે પણ શિક્ષકોને ઝાઝી કાળજી પણ નહોતી રહેતી. પરિણામે આજે પારસીઓનો નાનો ભાગ ઊંચી અંગ્રેજી કેળવણી પામીને ગુજરાતી થોડુ કે કાંઈ નહીં શીખ્યાથી તેને ધિક્કારતો રહે છે, અને ગુજરાતીમા પણ ઊંચા સાહિત્ય જેવુ છે તે વાતથી તે તદ્દન બેખબર રહે છે. પારસીઓનો વચલા વર્ગનો મોટો ભાગ એવી જ અધૂરી ગુજરાતી ભાષા શીખેલો છે, ને નોકરીધધાં પૂરતી સામાન્ય અંગ્રેજી ભાષા પણ તે જાણે છે કમનસીબે પારસીઓના નીચલા વર્ગનો મોટો ભાગ માત્ર ગુજરાતી લખી–વાંચી જાણે છે, પણ તે હ્રસ્વદીર્ઘ વગરની જોડણીનો કે વ્યાકરણના જ્ઞાન વગરની, ઘરમા જેવી ખરીખોટી રીતે બોલે તેવી જ રીતે લખે છે, અને તેવી જ ભાષા તે વર્તમાનપત્રોમા, સામયિકોમા કે પુસ્તકોમાં પણ તેને સમજાય તેવી હોવાની અપેક્ષા યાને ઇચ્છા રાખે છે।

ઘણા જ અફસોસની વાત તો એ છે કે ફારસીમાં, અંગ્રેજીમા, તેમજ દુનિયાની બીજી ભાષાઓમા પારગત બનેલા કેટલાક વિદ્વાન પારસી બહેનો ને ભાઇઓ પોતાની માદરજબાન ગુજરાતીને માટે કોઇ

જાતનો આહ કે ગર્વ રાખતા નથી ઘરમાં, મિત્રો સાથે, કલબોમાં વગેરે જ્યાં જ્યાં પારસીઓ મળે ત્યાં વાત તો કુદરતી રીતે મોટે ભાગે ગુજરાતીમાં જ કરશે, પણ એ ગુજરાતીમાં અડધોઅડધ શબ્દો અંગ્રેજી તો હોવાના જ, અને ગુજરાતી પણ અશુદ્ધ અને અર્થની યથાર્થતા વગરની જ બોલવાના. આ વિદ્વાન બહેનો તે ભાઈઓ અંગ્રેજી સાહિત્યમાંના ઉત્તમ ગ્રંથો લાવીને તે ધ્યાનપૂર્વક વાંચશે, પણ ગુજરાતી સાહિત્યના ઉત્તમ ગ્રંથો તેઓ વાચશે તો નહીં, પણ તેમના નામ પણ તેમને ખબર નહીં હોય. તેઓ જો ગુજરાતી ભાષામાં કંઈ વાંચવાનું મન કરશે તો પારસી લેખકોને હાથે અશુદ્ધ ભાષામાં લખાયેલાં વાર્તાના પુસ્તકો—તે પણ અંગ્રેજી સાહિત્યમાંથી ઢંગધડા વગરના અનુવાદ કીધેલા પુસ્તકો—તથા ઘણી જ અશુદ્ધ ભાષામાં છપાતાં રોજિંદા વર્તમાનપત્રો ને સામયિકો—periodicals—તેઓ વાંચશે. તેમને મન તો આ પારસીઓને હાથે લખાયેલાં વર્તમાનપત્રોમાંની તથા પુસ્તકોમાંની ગુજરાતી ભાષા તે જ ખરી ગુજરાતી ભાષા હોવી જોઈએ. રોજરોજ આવી અશુદ્ધ ભાષાનું ઝેર તેમની આંખો વાટે તેમના મનમાં પ્રવેશ પામતું રહે છે, અને પછી કોઈ પણ પોતાની કોમનો પારસી લેખક શુદ્ધ ગુજરાતીમાં એ વર્તમાનપત્રોમાં યા પુસ્તકમાં પોતાનો લેખ યા કવિતા લખે તો એ ભાઈઓ ને બહેનો હુમરાણ કરી મૂકે છે, અને તંત્રીને જણાવે છે કે તેમણે એવા લેખો છાપવા નહીં, કેમકે તેમાંની ભાષા તેમને સમજાતી નથી! નદીના કે દરિયાના કિનારા પરના કાદવમાં જ જન્મી એ કાદવમાં જ ખદબદતા લેવટા નદીના સ્વચ્છ પાણીમાં તરતી માછલીઓને કે મોટા દરિયામાં ફરી વળતા મોટા મચ્છોને પોતાના ગંદા કાદવમાં જ આવી વસવાને કહે, તેવી આ વાત છે! આ ભાઈઓનું ને બહેનોનું માનસ —mentality—બહુ વિચિત્ર લાગે છે! અંગ્રેજી, ફ્રેંચ, ફારસી વગેરે ભાષાઓ તો શીખવાની, બહુ જ કાળજીપૂર્વક સ્કૂલોમાં ને કોલેજોમાં ને પછી પણ શીખવાની અને તેનો અભ્યાસ ચાલુ રાખવાની તેઓ અગત્ય પિછાને છે, તો શું પોતાની માદરજબાન ગુજરાતીનો અભ્યાસ કરવાની અને એ ભાષા પર કાબુ મેળવવાની અગત્યને તેઓ હાસ્યાસ્પદ સમજે છે? ગુજરાતી ભાષા પણ ઘણી સમૃદ્ધ છે, તેમાં પણ ગદ્યપદ્યમાં ઊંચું સાહિત્ય રચાયેલું છે ને ચાલુ રચાતું જાય છે, ગુજરાતી ભાષામાં પણ બેઅઢી લાખ શબ્દોનો ભંડાર છે, સાહિત્યની અનેક શાખાઓમાંનું એનું સાહિત્ય પણ વાંચવા જેવું છે, એ બધી વાતથી મારા પારસી ભાઈઓને ને બહેનોને

તેમનાં જેટલું જ ગુજરાતી જાણનાર તેમનાં વર્તમાનપત્રોનાં ને સામયિકોનાં તંત્રીઓએ બેખબર રાખ્યા છે પણ આ સ્થિતિ હવે વધુ વાર ચલાવવી પારસી કોમને હાનિકારક છે, તેમના સ્વાર્થને પણ નુકસાનકારક છે. અંગ્રેજી રાજ્ય હિંદુસ્તાનમાંથી હવે જવા બેઠું છે, એ આજે, કાલે કે નજીકના ચંદરોજમાં જશે જ પછી આ અંગ્રેજી ભાષાની જ લઘુતા તેમને પગલે નડવા માંડશે ભારતદેશમાં હવે દેશી ભાષાઓનું જ પ્રબળ પાછું જામવા માંડશે પ્રાંતોમાં તે તે પ્રાંતની જ ભાષા ધીરે ધીરે સરકારદરબારમાં ને તમામ વ્યવહારમાં વપરાશે, ત્યારે આ થોડા ઘણા માત્ર વાતચિતમાં વપરાતા ચારસે–પાંચસે શબ્દોના ભંડોળથી પારસીઓ શું ગુજરાતમાં પોતાનો દંડો આજની માફક રાખી શકશે? માગ ભાઇઓ ને બહેનો! હજીયે સવેળા જાગો, ને શુદ્ધ ગુજરાતી ભાષાનો કાળજીથી અભ્યાસ કરો! હું તમોને ખાતરી આપું છું કે એ અભ્યાસ તમોને ઘણો ફાયદો કરશે, તમારી નજર આગળ જ્ઞાનના ને આનંદના અનેક નવા પ્રદેશો તે ખોલી દેશે, અને તમે જ પછી શોચશો કે આટલો વખત તમે કેવી અમોલ પ્રાપ્તિથી વંચિત રહ્યા હતાં, અને તમને સૌને આવી નીચી કક્ષાએ સદા પાડી રાખનારા તમારા પારસી સામયિકોના ચાલકોએ તમારી જિંદગીમાંથી કેવી સુંદર વસ્તુઓ બાકાત રાખી હતી!

શુદ્ધ ગુજરાતી અને "પારસી ગુજરાતી"નો પ્રશ્ન લગભગ પોણોસો વર્ષથી આપણે ત્યાં ચર્ચાય છે, તેમાં "પારસી ગુજરાતી"ના હિમાયતીઓની મુખ્ય દલીલ એ છે કે પારસી ગુજરાતી સરળ છે ને તે બધા સમજે છે, જ્યારે હિંદુ ગુજરાતીમાં સંસ્કૃત શબ્દો ઘણા આવે છે, અને તે બધાથી સમજાતા નથી. ભાષાની સરલતા તો તેનો મોટો ગુણ છે, પણ પારસી ગુજરાતીમાં શું "સરલતા"નો જ મુખ્ય સવાલ છે? પારસી ગુજરાતીમાં શબ્દોની ચાલુ ખોટી જોડણી મનસ્વીપણે લખાય છે, વ્યાકરણ પણ ખોટું હોય છે, શબ્દોની જાતિમાં પણ ગડબડ હોય છે, વાક્યોની રચના ગુજરાતી રૂઢિની નહીં પણ અંગ્રેજી પ્રમાણે થાય છે, શબ્દના અર્થની ચોકસાઈ રહેતી નથી, અને સરલતાને નામે ભાવ અને પ્રસંગ પ્રમાણે ભાષામાં જે પ્રૌઢિ અને શૈલીની વિવિધતા આવવી જોઇએ, તે લાવવામાં આવતી નથી. કોઇ પણ તટસ્થ વિવેચક પારસી ગુજરાતીને "સરલ ગુજરાતી" કહી કહેશે નહીં, પણ તે અશુદ્ધ અને ખીચડિયા ગુજરાતી છે એમ જ જણાવશે. કોઇ પણ દેશની

શિષ્ટ ભાષા—એટલે ખરી, શુદ્ધ તે ખાનદાની ભાષા—તે તે દેશની અભણ કે અધભણી પ્રજામાં ઘરમા બોલાતી ઘરગથ્થુ બોલી હોતી નથી. મારી જિંદગીભર પ્રસંગે પ્રસંગે હું આ વિષય પર મારા પારસી ભાઇઓને ને બહેનોને કહેતો આવ્યો છું, પણ શું આ સાદું સત્ય તેમના મનમાં કદી, નહીં જ ઊતરશે? તમારી જ "સરલ ભાષા"ની દલીલ જો અંગ્રેજી ભાષાને લગાડીએ તો શું અંગ્રેજી ભાષામાં મેરી જોડણી જેમ જેને ગમે તેમ લખાય છે? શું તેઓ વ્યાકરણ ખોટું વાપરે છે? શું તેઓ આપણી ગુજરાતી કહેવત "આ પાણીએ વાળ નહીં ચડે"—તેને This water won't boil beans જેવા શુદ્ધ તરજુમામાં અંગ્રેજીમાં મૂકશે? શું pride, vanity, arrogance જેવા જુદા જુદા ભાવ મતાવતા શબ્દોને બદલે-માત્ર pride એ એક જ શબ્દ વાપરશે? અંગ્રેજીમાં લખતી વખતે તમે અંગ્રેજી કોશની મદદ જોડણી યા ખરા અર્થ માટે લેતાં હશો, અથવા શબ્દોના બીજા સમશબ્દો જાણવા-મેળવવા માટે અંગ્રેજી પર્યાય કોશ—dictionary of synonyms—પણ ખોળતા હશો. પણ ગુજરાતીમાં લેખ લખતી વખતે તમે એવી કદી જરૂર જોતાં નથી લાગતાં. ગુજરાતી તો જાણે શુદ્ધઅશુદ્ધ ગમે તેમ બોલીએ તેમ લખી જવાની; એમાં વળી જોડણી, વ્યાકરણ, પર્યાય વગેરે માટે શાની માથાકૂટ કરવાની? થોડાક સાપ્તાહિક કે માસિક જરા વધુ સારી ગુજરાતી ભાષા પોતાના લેખોમાં પ્રગટ કરે તો પારસીઓ છેડાઇ પડે છે. એકાદ માસ ઉપર એક સામયિકમા તેમ જ એક વર્તમાનપત્રમા એક પારસી લેખકનો લેખ ગુજરાતીમાં છપાયો હતો, તેમાં શબ્દભંડોળ જરા સારું હતું અને જોડણી વગેરે જરા વધુ સારી હતી, તો તુરત જ તે પત્રોમાં પારસીઓના ચર્ચાપત્રો આવી પડ્યાં કે 'ભાઇઓ, આવી ગુજરાતી ભાષા અમારાથી સમજાતી નથી. એવી "વાણીયાશાઈ" ગુજરાતી કંઇ "આપણી" ગુજરાતી નથી, માટે આપણા બાપદાદાથી આજ સુધીમા જે ગુજરાતી લખાતી આવી છે, તે જ લખવી!" બિચારા તંત્રીજીએ આ ચર્ચાપત્રો છાપ્યાં પણ પોતે એક શબ્દ પણ પાછો લખવાની હિંમત કીધી નહીં કે પેલા લેખમાંનું ગુજરાતી મોટે ભાગે શુદ્ધ હતું, અને જરા પણ ગુજરાતી ભણેલા પારસીને તે સમજ પડે તેવું હતું. પારસીઓને બાપદાદા જેવું ગુજરાતી લખતા આવ્યા તેવુ જ ગુજરાતી હોવું જોઇએ ને લખવું જોઇએ, તો આજથી ૫૦-૭૫-૧૦૦ વર્ષો પરના ગુજરાતી વર્તમાનપત્રોની નકલો ઉથાડીને આજના પારસીઓ જોઇ લે કે "બાપદાદાનું

ગુજરાતી" કેવું હતું ! અને આજે પારસીઓ લખે છે તેમાં કેટલો ફેર પડયો છે તે પણ જુઓ !

મારે આનંદ સાથે લખવું જોઇએ કે છેલ્લાં ૨૫–૩૦ વર્ષોમા પારસીઓની ગુજરાતી ભાષા જરૂર ઘણી સુધરી છે, પણ હજી પણ તેઓ કેવળ શુદ્ધ ભાષા લખી શકતા નથી, તેમાં માત્ર તેમની આળસની અને ટેકની ખામી છે ભાષા શુદ્ધ લખવા માટે સારાં શિષ્ટ લેખકોના ગ્રંથો વાંચવા જોઇએ, અને તેમાં આવતી ભાષાના પારસી વાચકોને લાગતા અજાણ્યા શબ્દોના અર્થ ગુજરાતી શબ્દકોશમાંથી જાણી લેવા જોઇએ શબ્દોની સાચી જોડણી માટે પણ શબ્દકોશની મદદ લેવી જોઇએ. શ્રી કમળાશંકર ત્રિવેદીનું "ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ" પણ પારસીઓએ વાંચી જવું જોઇએ ભાષા શીખવાનાં આ સાધનોનો ઉપયોગ કીધા વગર ભાષાની સર્વાંગ શુદ્ધિ જાળવવી મુશ્કેલ છે પારસીઓના જેવું ચપળ મગજ માત્ર થોડા જ મહિના ગુજરાતી ભાષાનો ઉપર જણાવ્યા પ્રમાણે ઘરમાં જ અભ્યાસ કરે, તો શુદ્ધ ગુજરાતી ભાષા પર તેને કાબુ મેળવતા કશી મુશ્કેલી પડવાની નથી "ટાઇમ્સ ઑવ્ ઇન્ડીઆ" જેવું અંગ્રેજી દૈનિક જુઓ તેમાં તંત્રીના અગ્રલેખથી માંડીને બીજા બધા લેખો, અરે જાહેર ખબરો પણ, વાંચો તેમાં જોડણીની, ખોટા વ્યાકરણની, અરૂઢ –Unidiomatic–વાક્યરચનાની કે પેલી કહેવાતી સરળ અંગ્રેજી ભાષાની ખામીઓ તમને કદી મળશે ? અને એમાની અંગ્રેજી ભાષા શું ત્રીજા–ચોથા સ્ટૅન્ડર્ડનો વિદ્યાર્થી સમજી શકશે ! શિષ્ટ લેખકો કંઇ અભણ કે અધભણ્યા વાચકોને પણ પૂરેપૂરા સમજ પડે તેવી છીછરી ભાષામાં લખતા જ નથી ભાષાનું ઠીક ઠીક જ્ઞાન વાચકને હશે જ, અને હોવું જ જોઇએ, એમ માનીને જ શિષ્ટ સામયિકોના લેખકો પણ પોતાના લેખ લખે છે અંગ્રેજી ત્રીજા ચોથા વર્ગના પારસી છોકરાઓ "ટાઇમ્સ"ને કેમ ચર્ચાપત્ર લખીને દબાવતા નથી કે "તમારી અંગ્રેજી ભાષા બહુ કઠણ છે, ને તેમાનો લાંબા બોલો કે વાક્યો અમારાથી સમજાતા નથી, માટે અમારાં જેવી ખોટી જોડણીમાં અને ખોટા વ્યાકરણ ને રૂઢિમાં તમારા લેખ લખો, નહીં તો અમે તે વાંચશું નહીં" એવાં ચર્ચાપત્રોને કે એવી ફરિયાદ કરનારાને 'ટાઇમ્સ' શો જવાબ આપેશે તે ધારવું શું મુશ્કેલ છે ! તો અંગ્રેજી ભાષા માટે એક ન્યાય અને ગુજરાતી ભાષા માટે બીજો ન્યાય

કરવામાં શું પારસીઓની ખરી સમજદારી છે? શું જન્મભર ને જમાનાઓ સુધી પારસીઓ ત્રીજા ચોથા વર્ગના વિદ્યાર્થી જેવું જ અશુદ્ધ ને અર્દ્ધ ગુજરાતી લખ્યા જ કરશે, અને તેવી જ ગુજરાતી ભાષામા પોતાની કોમના લેખકોને તથા કવિઓને પણ લખવાની ફરજ પાડશે? વિક્રમની દસમી સદીથી હિન્દ આવેલા પારસીઓ એકવીસમી સદી સુધી પણ બાળકોનું જ ગુજરાતી બોલ્યા-લખ્યા કરશે? આપણા મુસ્લિમ ભાઇઓ પણ એક હજાર વર્ષથી અહીં છે, પણ તેઓની જાહેર લેખોમાં લખવાની ગુજરાતી ભાષા શિષ્ટ હિન્દુ ગુજરાતી લેખકોથી મોટે ભાગે જુદી નથી. ભલે તેમા ફારસી અરબ્બી મૂળના શબ્દો વધારે વપરાતા હશે, પણ તેમની વાણી તો શુદ્ધ ગુજરાતી જ છે પછી અપવાદ લેખે તેઓમાં પણ કોઈ કોઇ પારસીઓ જેવુ અશુદ્ધ લખતા હશે. મારા પારસી બહેનો ને ભાઈઓ! બી. એ, એમ, એ, બી. ટી વગેરે પદવી મેળવેલા પારસી લેખકો! મારી આ વિનતિ ઉપર જરા ગંભીરતાથી વિચાર કરો! સામાન્ય લેખકો તો શુ પણ આપણી પારસીઓથી ચાલતી કેળવણીની સંસ્થાઓના શિક્ષકો અને વડા શિક્ષકો સુદ્ધાં હજી પણ તેમનાં ધાર્મિક ને સામાજિક લેખોમા ને ભાષણોમા અશુદ્ધ ગુજરાતી ગબડાવ્યે જાય છે, તે જોઇને મને ઘણો અફસોસ છૂટે છે. એ જ સાહેબો અંગ્રેજીમા ભાષણો કરે છે ને લેખો લખે છે ત્યારે શુદ્ધ અંગ્રેજી ભાષા જ બોલવા-લખવાની કેટલી કાળજી રાખે છે! આ વિદ્વાન શિક્ષકો પણ શુ આ વાત નહીં સમજી શકતા હશે?

## પારસી લેખકોની ભાષામાંના મુખ્ય દોષો

હવે, આ તકે પારસીઓ શુદ્ધ ગુજરાતી ભાષા લખી શકે તે માટે તેમની ભાષામા આવતા કેટલાક દોષોને ચીંધી બતાવી તે સુધારવા માટેની સહેજ દોરવણી આપવાની હું રજા લઉં છું. આ મુખ્ય બાબત પર જરા ધ્યાન ને વિશેષ કાળજી રાખ્યાથી ઘણા પારસી લેખકો હમણાં કરતા જરૂર વધારે સારું ગુજરાતી લખી શકશે. આ સુધારાથી ખુદ પારસી લેખકોને જ મોટો ફાયદો થશે તેમનાં દૈનિકો, સામયિકો અને પુસ્તકો હિંદુ-મુસ્લિમ લોકોમા પણ વધારે વંચાતાં થશે, અને તેની ખપત સ્વાભાવિક રીતે વધશે, જેથી પારસી લેખકોની કીર્તિ ને કમાણી પણ વધશે.

પારસી વર્તમાનપત્રો, સામયિકો અને પુસ્તકો વાચતા મને મુખ્યત્વે

ખોટી જોડણી, ખોટું વ્યાકરણ, ખોટી જાતિ, ખોટી વાક્યરચના વગેરેના દાખલા મળી આવ્યા છે, તેની અહીં હું નોંધ લઉં છું, અને તે સુધારીને શુદ્ધ લખવાની હું પારસી લેખકોને સૂચના કરું છું.

## બોલ્યે છીએ, કર્યે છીએ, લખ્યે છીએ, જોડયે છીએ

પારસી લેખકોમાં વર્તમાનકાળ, પહેલો પુરુષ, બહુવચનનાં ઉપલાં રૂપો, સામાન્ય થઇ પડયાં છે, અને બીજી બધી રીતે સારું ગુજરાતી લખનારા પારસીઓ ઉપર પ્રમાણે ખોટો પ્રયોગ કરે છે. ખરી રીતે ઉપલા રૂપો "બોલીએ છીએ, કરીએ છીએ, લખીએ છીએ, જોડીએ છીએ" એમ લખાવા જોઇએ. "કરીએ છીએ" એ વર્તમાનકાળ, પહેલો પુરુષ, બહુવચનનું શુદ્ધ રૂપ છે, તે "કર્યે છીએ" કદી લખાય નહીં. "કર્યું છે", "લખ્યું છે" એમ ભૂતકાળનું રૂપ ખરું છે, પણ "કર્યે છીએ", માં "કર્યે" રૂપ તો કૃદંતનું જ થાય: "કર્યે" એટલે "કર્યાથી–કીધાથી" એમ કૃદંતનું પાંચમી વિભક્તિનું એ રૂપ છે. એ કંઇ ક્રિયાપદનું રૂપ નથી. માટે હવેથી આ દોષ જાણી–સમજીને શુદ્ધ રૂપો "બોલીએ છીએ, કરીએ છીએ, લખીએ છીએ, જોડીએ છીએ" એમ જ લખવાં. રોજને રોજ વાકયે વાકયે પારસી છાપામા ને પારસી લેખોમાં આ ઉપર જણાવેલાં અશુદ્ધ રૂપો કાનને તથા આંખને ઘણાં જ ખૂચે છે.

## હસ્તું, ખસ્તું, વસ્તું, ઘસ્તું

હસ, ખસ, વસ, ઘસ પ્રત્યાદિ ધાતુઓ પરથી વર્તમાનકૃદંતના રૂપ "હસતું, ખસતું, વસતું, ઘસતું" એમ પૂર્ણ સ્વરધારક "સ"ની સાથે જ થાય છે. એ શબ્દોમાં "સ" કંઇ વ્યંજન "સ્" નથી. ગુજરાતી ઉચ્ચારણમા આ "સ" પર ભાર નથી, પણ "હ" પર ભાર હેવાથી તેની પાછળનો "સ" અછડતો બોલાય છે. એટલે "સ"ની સાથે "ત" જોડાયેલો છે, એવો પારસીઓનો ઉચ્ચારભ્રમ થાય છે. "હસ્તી, મસ્તી, સસ્તી, રસ્તો" વગેરે શબ્દોમાં "સ્" મૂળમાં જ વ્યંજન છે, તેથી તે પાછળના "તી ને તો" સાથે જોડાયેલા છે. માટે લેખકોએ હવે આ દોષ કરવો નહીં, અને એવા કૃદંતો પૂર્ણ "સ" સાથે જ લખવા. હસતું, હસતો, ખસતું, વસતું વગેરે. કૃદંતનાં રૂપમા કોઈ દિવસ પણ "સ"ની સાથે "ત" જોડાતો નથી, પણ "સ" પૂર્ણ લખાય છે, તે હમેશાં ધ્યાનમા રાખવું. જોડણી ને વ્યાકરણની એમ બે ભૂલો આવાં રૂપોમાં થાય છે.

માન ને આદર દર્શાવવામાં આવે છે. એટલે એવા અર્થમાં "આપણા" કે "આપણી" નહીં પણ "આપના" કે "આપની" એમ "ન" સાથે જોડણી કરવી જોઈએ.

## ખોટા જોડાક્ષરો

કેટલાક જોડાક્ષરવાળા શબ્દોની જોડણીમા પણ આપણા લેખકો ઘણો ગોટાળો કરે છે. સામાન્ય રીતે મારા વાચવામાં એવા કેટલાક શબ્દો આવ્યા છે, તે પર હું સૌનુ ધ્યાન ખેચુ છુ "આકર્ષણ"–ખેંચાણ–એ શબ્દને કેટલાક પારસી વાર્તાલેખકો "આક્રશણ" લખે છે। ખેચાણ માટે મૂળ શબ્દ "કર્ષ" છે, "ક્રષ" નહીં, એટલે ખરો શબ્દ "આકર્ષણ" છે એ જ પ્રમાણે એક મોટી પારસી શિક્ષણ સંસ્થાના આચાર્ય–Principal–જેઓ ભલભલા વિદ્વાનોને તથા શાસ્ત્રીઓને અપશબ્દોથી નવાજે છે, તેઓ "ચર્મપત્ર"ને બદલે "ચમ્રપત્ર" એક જ લેખમા અનેક ઠેકાણે લખે છે। ગુજરાતીમાં "ચમ્ર" જેવો શબ્દ જ નથી "ચામડા"ને સસ્કૃતમા "ચર્મ" કહે છે, પણ "ચમ્ર" લખવાથી જાણે અતિસસ્કૃત બની શકતું હોય। એ જ પ્રમાણે ખરો શબ્દ "ચિહ્ન"–નિશાની–છે, તેને બદલે "ચિન્હ" એમ ખોટી જોડણી કરાય છે.

## અંધારાને, ચાઠાથી, નામાથી

ઉપલા શબ્દોમાં માથે અનુસ્વાર મુકાય છે, તે અશુદ્ધ છે નાન્યતર જાતિના શબ્દોમાં એકવચનમાં અન્ત્ય "ઉ" મેળાયલો હોય, અને તેને જ્યારે વિભક્તિનો પ્રત્યય લગાડવાનો હોય ત્યારે "ઉ"નો "આ" કરવામાં આવે છે અને પછી તે પર વિભક્તિનો પ્રત્યય લાગે છે "અંધારુ" શબ્દમા છેવટે અનુસ્વાર સાથેનો "રુ" છે, પણ એને વિભક્તિ લગાડવાની હોય છે તો એ "રુ"ના "રા" કરાય છે–'રાં' નહીં, અને પછી "અંધારા" પર "ને, માં, થી" એવા વિભક્તિના પ્રત્યય લગાડાય છે તેમજ "ચાઠું" શબ્દનો "ચાઠાથી" થાય, "ચાઠાંથી" નહીં, અને "નામુ"નો "નામાથી" થાય. જો મૂળ શબ્દ બહુવચનમા ચાઠા, નામાં, એવાં એમ હોય તો પછી તેમાનો અનુસ્વાર કાયમ રહે છે, અને તેના પર વિભક્તિનો પ્રત્યય લગાડાય : ચાઠાથી એટલે એક ચાઠાથી, અને ચાઠાંથી એટલે અનેક ચાઠાંથી. આ નિયમ આપણા શુદ્ધ ગુજરાતી લખવાનો ફાંકો રાખનાર કેટલાક પારસી લેખકો જાણતા જ નથી, અને બહુ વર્ષો પર એવા એક વિદ્વાન સાહેબે તો મારે માટે લખ્યુ

કહું કે હું "અનુસ્વારો ખાઉં" જાઉં છું. અને "અંધારાને" બદલે "અંધારાને" લખું છું!

### કરાય જાય, બોલાય જાય

શુદ્ધ વ્યાકરણ પ્રમાણે ખરાં રૂપ "કરાઈ જાય, બોલાઈ જાય" એમ 'ઈ' સાથે જ છે, 'ય' સાથે નહીં. પણ કેટલુંક થયું આપણાં કાઠિયાવાડી ભાઈઓના તંત્ર નીચે ચાલતાં ગુજરાતી વર્તમાનપત્રોમાં "કરાય જાય" જેવો ખોટો પ્રયોગ ચાલુ થયો છે, અને પારસી પેપરોમાં પણ એવા કાઠિયાવાડી હિન્દુ ભાઈઓ મદદનીશ તરીકે કામ કરતા હોવાથી તેઓ આવા ખોટા પ્રયોગો કર્યા કરે છે, અને તેથી ગુજરાતી ભાષાની શુદ્ધિને હાનિ પહોંચે છે. આપણાં તમામ પત્રોના ને સામયિકોના તંત્રીઓને હું વિનતિ કરું છું, કે તેમણે આ ખોટા પ્રયોગ પોતાના પત્રમાંથી દૂર કરાવવો, અને પ્રુફરીડરોને તેમજ ઉપતંત્રીઓને જણાવી દેવું કે આ "બોલાય જાય, કરાય જાય, મરાય જાય", જેવા ખોટા પ્રયોગ બંધ કરાવી તે સુધારીને "બોલાઈ જાય, કરાઈ જાય" એમ લખાવવા-છપાવવા. રોજ રોજ આવા ખોટા પ્રયોગો વપરાયાથી તે નવા લેખકોને ખરાં જ લાગે, ને તેઓ પણ ભ્રમમાં તે વાપરે ને ભાષાને અશુદ્ધ કરે.

### ખોટી જાતિઓ

ઘણા લેખકો શબ્દોની જાતિઓમાં પણ ગડબડ કરે છે. મુખ્યત્વે તો ચાલુ સાદા શબ્દોની જાતિ તેઓ જાણતા હોય, અને પછી જ્યારે તે સાદા શબ્દને બદલે સંસ્કૃત તત્સમ શબ્દ વાપરે, ત્યારે એ સંસ્કૃત શબ્દની શી જાતિ છે તે કોશમાં જોવા-જાણ્યા વગર તે પેલા ચાલુ તદ્ભવ યા દેશ્ય શબ્દની જાતિ જ લખી દે! "સવાર"–morning–શબ્દ નારીજાતિનો છે: કેવી સુંદર સવાર! હવે એ "સવાર"ને બદલે તેનો પર્યાય શબ્દ "પ્રભાત"તે જ્યારે વાપરવા જાય છે, ત્યારે એ "પ્રભાત"ને પણ "કેવી સુંદર પ્રભાત!" એમ નારીજાતિનો બનાવે છે. પણ "પ્રભાત"ની તો નાન્યતરજાતિ છે, એટલે તે "કેવું સુંદર પ્રભાત!" એમ લખાવું જોઇએ. એ જ પ્રમાણે "હોડી"નારી જાતિ છે તેને બદલે સંસ્કૃત "નાવ" શબ્દ વાપરી તેને પણ "કેવી નાવ!" કરી નારીજાતિનો બનાવે છે! પણ "નાવ" તો નાન્યતરજાતિ છે: "કેવું નાવ!" વળી "સિદ્ધાંત" શબ્દ નરજાતિનો છે. ઘણો સારો સિદ્ધાંત છે,

માન ને આદર દર્શાવવામા આવે છે. એટલે એવા અર્થમાં "આપણા" કે "આપણી" નહીં પણ "આપના" કે "આપની" એમ "ન" સાથે જોડણી કરવી જોઈએ.

## ખોટા જોડાક્ષરો

કેટલાક જોડાક્ષરવાળા શબ્દોની જોડણીમા પણ આપણા લેખકો ઘણો ગોટાળો કરે છે. સામાન્ય રીતે મારા વાચવામાં એવા કેટલાક શબ્દો આવ્યા છે, તે પર હું સૌનું ધ્યાન ખેંચુ છુ. "આકર્ષણ"–ખેંચાણ–એ શબ્દને કેટલાક પારસી વાર્તાલેખકો "આક્રશણ" લખે છે. ખેચાણ માટે મૂળ શબ્દ "કર્ષ" છે, "ક્રષ" નહીં, એટલે ખરો શબ્દ "આકર્ષણ" છે. એ જ પ્રમાણે એક મોટી પારસી શિક્ષણસસ્થાના આચાર્ય–Principal–જેઓ જનસના વિદ્વાનોને તથા શાસ્ત્રીઓને અપશબ્દોથી નવાજે છે, તેઓ "ચર્મપત્ર"ને બદલે "ચમ્રપત્ર" એક જ લેખમા અનેક ઠેકાણે લખે છે! ગુજરાતીમાં 'ચમ્ર" જેવો શબ્દ જ નથી "ચામડા"ને સસ્કૃતમા 'ચર્મ" કહે છે, પણ "ચમ્ર" લખવાથી જાણે અતિસસ્કૃત બની શકતું હોય! એ જ પ્રમાણે ખરો શબ્દ "ચિહ્ન"–નિશાની–છે, તેને બદલે 'ચિન્હ" એમ ખોટી જોડણી કરાય છે.

## અંધારાને, ચાઠાંથી, નામાંથી

ઉપલા શબ્દોમાં માથે અનુસ્વાર મુકાય છે, તે અશુદ્ધ છે નાન્યતર જાતિના શબ્દોમાં એકવચનમા અન્ત્ય "ઉ" જોડાયલો હોય, અને તેને જ્યારે વિભક્તિનો પ્રત્યય લગાડવાનો હોય ત્યારે "ઉ"નો "આ" કરવામા આવે છે અને પછી તે પર વિભક્તિનો પ્રત્યય લાગે છે. "અંધારુ" શબ્દમા છેવટે અનુસ્વાર સાથેનો "રુ" છે, પણ એને વિભક્તિ લગાડવાની હોય છે તો એ "રુ"ના "રા" કરાય છે–'રાં' નહીં, અને પછી "અંધારા" પર "ને, માં, થી" એવા વિભક્તિના પ્રત્યય લગાડાય છે. તેમજ "ચાઠું" શબ્દનો "ચાઠાથી" થાય, "ચાઠાંથી" નહીં, અને "નામું"નો "નામાથી" થાય. જો મૂળ શબ્દ બહુવચનમા ચાઠા, નામાં, ઝોલા એમ હોય તો પછી તેમાંનો અનુસ્વાર કાયમ રહે છે, અને તેના પર વિભક્તિનો પ્રત્યય લગાડાય: ચાઠાથી એટલે એક ચાઠાથી, અને ચાઠાંથી એટલે અનેક ચાઠાંથી આ નિયમ આપણા શુદ્ધ ગુજરાતી લખવાનો ફાકો રાખનાર કેટલાક પારસી લેખકો જાણતા જ નથી, અને બહુ વર્ષો પર એવા એક વિદ્વાન સાહેબે તો મારે માટે લખ્યુ

કેળવણીમાં, વિદ્યામાં વગેરે આગળ વધેલી છે, એવો ગર્વ આપણે રાખીએ છતાં આપણી માદરજબાનને જ તુચ્છકારીએ, અને સરળતાને નામે માત્ર રોજરોજ અશુદ્ધ જ લખ્યા કરીએ, તેમાં શું પારસીપણાની મોટાઈ છે? વળી મારા જેવાં જે થોડાંક ભાઈઓ ને બહેનો જેઓ શુદ્ધ ગુજરાતીમાં જ લખવાની કાળજી રાખે છે, તેમના લેખ સમજ પડતા નથી કરી તેને વાચવા કે સમજવા જ નહિ પણ ઉલટી તેની ઠેકડી કરીને ગુમાન મચાવવું, તેમાં શું ખાનદાની છે? શું અંગ્રેજી તે ભાષા છે ને ખુદ આપણી માદરજબાન તે ભાષા નથી? ભાષા એટલે શબ્દશુદ્ધિ, વ્યાકરણ, અન્વય, સંપૂર્ણ અર્થવિસ્તાર ને સમગ્ર સચોટતાનો શિષ્ટ ઉદ્‌ગાર. તમારી કહેવાતી "પારસી ગુજરાતી"ને એ કસોટીમાંથી તમે પસાર કરાવી શકશો? સરળતાના ખોટા નામે શું ગ્રામ્ય Slang–બોલી જ ગમે તેમ લખ્યા કરશો?

આટઆટલું લખ્યા છતા શું પારસીઓનાં વર્તમાનપત્રોના અને સામયિકોના માલેકો ને તંત્રીઓ શું પોતાના પ્રકાશનોની ભાષા અશુદ્ધ અને અધૂરી જ વાપર્યા કરશે અને હજીયે આપણી ઓલાદોને શું એવું જ ગંદુ ભોજન પીરસ્યા કરશે? શું પારસી કોમના મોટા નીચલા વર્ગને ગુજરાતી ભાષાનાં ઊંચા ને શિષ્ટ પુસ્તકોથી બેખબર જ રાખશે? હવે તો આપણે નવા રાજદ્વારી સંજોગમા રહેવું પડશે. અને મુખ્યત્વે દેશી ભાષામાં જ દિન પર દિન જતાં વધુ ને વધુ વ્યવહાર ચલાવવો પડશે, ત્યારે પણ હજી રોજ ને રોજ આપણી આવી અજ્ઞાનતાનું પ્રદર્શન અ પાણી ભાઈબંધ કોમોમાં કરવાનું ચાલુ જ રાખશું? શુદ્ધ ગુજરાતી ભાષાના પરપ્રાંતના અભ્યાસીઓ મરાઠીઓ, હિન્દીઓ, બંગાલીઓ વગેરે પારસી પત્રોમાંની ગુજરાતી ભાષા વાંચીને કેટલી ઠેકડી કરે છે ને અફસોસ બતાવે છે, તે એ સહેબોને ખબર છે? આપણી નાની કોમને આ દેશમા જ હવે વસવું ને ખીલવું છે, તેમાં આપણી ગુજરાતી ભાષાનું સાધન સૌથી મોટું છે આપણા ગુજરાતી હિન્દુમુસ્લિમ બંધુઓની દિલસોજી મેળવવા આ ભાષાનું સાધન જેવુંતેવું છે? મારાં હાનાં બહેનો ને ભાઈઓ! આ વાત બરાબર વિચારી જુઓ, આપણી ભાષાના વહાણની મરામત કરો, તેના ફાટાતૂટ્યા શઢો બદલીને નવા મૂકો; આજસુધી ગમે તેમ અથડાતું ઝિંકાતું, ચલી જતું કે ઊંધે માર્ગે જતું વહાણ પોતાને સત્ય પથે પડે અને એની મુસાફરી સરળ, સુંદર, બળવતી ને ફળવતી બને તે માટે

એ વહાણના ટંડેલ, માલમ, સુકાની ને ખલાસીઓને નવુ અદ્યતન શિક્ષણ મળે તેવો બંદોબસ્ત કરો। એ વહાણને ફાટીતૂટી હાલતમા તરતુડૂબતુ બંદરે પહોંચવા દેશો નહી ! મહાસાગરમાં વીરના જેવું ઊછળતુ જઇ મુસાફરી પૂરી કરી પ્રફુલ્લ શઢે વિજયના વાવટા ઉડાવતું એ બંદરમા દાખલ થાય, તેવુ કરો તેમાં જ તમારી શોભા ને કીર્તિ છે। તેમા જ તમારુ શ્રેય છે। દુનિયામા સત્ય જ્ઞાનના પ્રકાશ લાવનાર શ્રી જરથુસ્ત્ર જેવા પ્રથમ પેગમ્બરના અનુયાયીઓ। શુ લેશો–પ્રકાશ કે અંધાર ? આંખ ઉઘાડો તો પ્રકાશ જ છે। પચાસ વર્ષની શુદ્ધ ગુજરાતી ભાષાની સાહિત્યસેવા કીધા પછી, અને તેમાં સવા કરોડ ગુજરાતીઓનો સ્નેહ સંપાદન કીધા પછી, મારા કોમી બંધુઓને હું આ અરજ કરુ છું તે પર શુ તેઓ ધ્યાન નહી આપશે ? પ્રભુ તમારી આંખ ઉઘાડો, ને આપણી મંદરજ્યાનને નિર્મળ ને પ્રભાવિત રાખીને આ દુનિયા પ્રત્યેનો ને પ્રભુ પ્રત્યેનો આપણો સાચો ધર્મ બજાવીએ એવો આગ્રહ રાખી આપણું જીવન આપણે સૌ સફળ કરીએ। આમીન !

# આથ્રવનઃ તેનો દરજ્જો, લાયકાત ને ફરજ

એરવદ ખુરશેદ શાપુરજી દાબુ

(૧)

"આથ્રવન" શબ્દ જે પારસી કોમના ધર્મગુરુ વર્ગ માટે વપરાય છે (જેનું અપભ્રંશ અથોરનાન છે) તેની ઉત્પત્તિ બે શબ્દો પરથી છે અને તેના અનેક અર્થ થઇ શકે છેઃ આથ્ર=અગ્નિ, આતશ; પરંતુ એમાં આતશનાં બધાં સ્વરૂપો સમાય છે–જેમ કે લાગણી, પ્રાણતત્વ, સંકલ્પ-શક્તિ, આત્મબળ ઇ. એ રીતે તે જેમ બહારના સ્વરૂપે એક દેખીતું ચિહ્ન છે, તેમ અગુદીડ સ્વરૂપે તે પરમેશ્વરની ચીંગારી (Spark) જ્યાં જ્યાં હોય તેને માટે પણ એ શબ્દ વપરાય છે બહુ પ્રખ્યાત થયેલી "એટમિક-એનર્જી" પણ એક જાતનો મિનોઇ આતશ છે; અને આદમીના હૈયામાં જે ખુદાઈ ફરેસ્તાઇ વિભાગ બિરાજે છે તે પણ એક પ્રકારનો "આથ્ર" છે. વન શબ્દના અનેક અર્થ છે : જાળવવું, ચાહવું અને જીતવું. એ રીતે આથ્રવન શબ્દ નીચે પ્રમાણે જુદી જુદી સૂચના આપે છે: (૧) મંદિરના આતશને સતેજ રાખનાર, જેથી તેનું ખોરેહ (ઑજસ=Aura) ભક્તોને પવિત્ર કરી શકે, (૨) પોતાના આત્માને હંમેશ ઝળકતો રાખે તે, (૩) યજમાન (બેહદીન)ના આત્માને ચાહીને સંભાળે તે (Pastor) એક જાતનો "ભરવાડ", (૪) પાપી અને ગુમરાહ આદમીના આત્માને ફરી જીતી લઇ તેને ઉગારે તે, (૫) કુદરતના અગ્નિતત્વ (Fire of Creation) ઉપર જેણે અચૂક કાબુ મેળવ્યો હોય, જેથી તે તત્વ હંમેશ આથ્રવનને વશ રહે, અને જરૂર પડવે ગમે ત્યાં પ્રગટાવી શકાય તેવો, (૬) જેની ફરજ સર્વે મનુષ્યોમાં રહેલા આત્માને ચાહવાની છે તે...આ બધા જુદા જુદા અર્થો છતાં એમાંનો કોઇ પણ અર્થ સાચા ધર્મગુરુના કાર્ય સાથે અસંમત નથી; બલ્કે એ બધાં જ કાર્યો માટે એક આથ્રવન જાણીતો હોવો જોઈએ.

(૧૩) પાદેઆબ-સાજશને=જે વારંવાર પોતાના પમને પવિત્રતા તરફ દોરવે, યાને જેની પ્રવૃત્તિ (Progress) હમેશ સફાઇ સ્વચ્છતા તરફ દોરવાયેલી હોય તે.

(૧૪) ખૂગ-નીરંગ=ગુપ્ત મંત્રો વડે તથા પોતાની યોગબળની સિદ્ધિ વડે જેને એવી આવડત હોય કે તલેસમ-તાવીઝ જેવી શક્તિ ઉતારી શકે અને જોઈતાં સાધનોમા તે ભરી શકે. સાદા શબ્દોમા કહીએ તો જેની અંદર આત્મિક ચેતનશક્તિ એટલી બધી હોય જે વડે બીજાને ભરપૂર કરે, એક જાતની "બેટરી" ભરવાનુ "પાવર-હાઉસ" બની શકે.

(૧૫) નાવર-જીવાન=જેની સંસારની નાવ હમેશ સાચા નાખુદાને છાજે એવી રીતે ખુદા તરફ હંકારાઈ રહી હોય તે, યાને પરમેશ્વરના સ્વર્ગ-બંદરે પોતાની જિંદગીને દોરવી લઇ જવાની જેને આવડત હોય એવો કેપ્ટન.

## આથ્રવનની ફરજો

ઇરાન દેશની જરથોસ્તી શહેનશાહતની જાહોજલાલી વખતે ધર્મગુરુ વર્ગને જે અગત્યનું સ્થાન મળ્યું હતુ તે ઉપરથી તેના કાર્યો બાબે આપણને ઘણું જાણવા મળે છે (૧) સર્વોચ્ચ ન્યાયાધિશ=Supreme Court of Justice=યાને ધર્મગુરુની દરબારે ખુદ રાજાએ ચૂકવેલા મુકદમાની અપીલ થઈ શકતી હતી અને તેથી ઘણી વેળા રાજા પોતાના વજીર તરીકે એવા જ કાબેલ ધર્મગુરુને નીમી તેની પાસે ન્યાયનું કામ કરાવતા, તે વીરવાન બહુ 'આદેવ' હતા છતા 'બુઝરચમહેર' નામના એક બહુ મહા ધર્મગુરુ મારફતે સઘળુ લઇ કામ કરતા. આ ન્યાયનો દરબાર તે જ "દરે-મહેર", યાને મહેર દારની ન્યાયની દેવડી, જે હંમેશ એક આતશ-કદેહમા રહેતી, જ્યા સોગંદ લેવામાં આતશની હાજરી જરૂરી હતી બલકે "સોગંદ" શબ્દ પણ અવસ્તા શબ્દ 'સઓકવંત=ગંધકાતવાળા આતશ" ઉપરથી નીકળ્યો છે (૨) આરોગ્યખાતાના વડા "અશ-અએશજ", યાને પ્રજાને સુઘડતા સ્વચ્છતા બાબે શિક્ષણ આપનાર એ ખાતામા વડપણ ધર્મગુરુનું હતું જેથી લોકની તંદુરસ્તી જળવાય અને તે બાબે વારંવાર ધારાધોરણો (બલકે શિક્ષાઓ) ફરમાવી શકાય. (૩) વૈદક ખાતાના વડા-

એ જ ધર્મગુરુ વર્ગ દવાદારૂના બધા ઉપાયોથી જાણકાર હોઈ "છાનોપાલો-છરી–અને મંત્ર" ત્રણે જાતના ઈલાજો વાપરી શકતા હતા મંત્રના ઈલાજો માટે એવું લખાણું છે કે "તે ઠેઠ ભીતરથી દરદ સાજું કરે છે માટે ઉત્તમ વૈદકશાસ્ત્ર તે માર્ગમાં સમાયું છે" (૪) ખગોળવિદ્યાના નિષ્ણાત =સિતારાઓની ચાલ, તેની અસર તેની આગાહી–આ બધું કાર્ય તે વખતે ધર્મગુરુના અભ્યાસક્રમમાં જાણવું ફરજિયાત હતું ઈરાનના જ્યોતિષીઓ બહુ વખણાયા છે સિતારાની ચાલ ઉપરથી જિસસ ક્રાઈસ્ટના જન્મ વિષે આગાહી થવાથી ત્રણ દસ્તૂરો ઈરાનથી ખાસ આ 'ઈશ્વરી બાળક''નું સન્માન કરવા જેરુસલમ ગયેલા એ વાત બાઈબલમાં કહેલી છે ઈરાનનું જ્યોતિષશાસ્ત્ર પાછળથી ખાલ્ડીઆ (ગ્રીસ–પાદશાહત)માં વધુ મુસ્તકીમ થયું એ પણ જાણીતી વાત છે જરથોસ્તી દીનમાં અનેક તારાઓની અને ગ્રહની અસરો બાબે લાંબા વર્ણનો છે (૫) ધર્મશિક્ષણ અને સામાન્ય કેળવણીનું આખું ખાતું કુદરતી રીતે ધર્મગુરુઓને હસ્તક હતું, અને નૈતિક તાલીમ ઉપરાંત યોગવિદ્યાની તાલીમ પણ તેઓની મારફતે જ અપાતી હતી તે વખતના દસ્તૂરો તરફના અનેક "અંદર્ઝ" યાને સલાહના સખુનો છપાયેલા મળે છે, તે આજે પણ સોનેરી સૂત્રો તરીકે કાયમી કિંમત ધરાવે છે. (૬) છેવટે, એક માર્મિક વિભાગ રહે છે જેનો ઈશારો લાયકાતોમાં જ તે વખતના મોબેદો "magic ના નામથી ઓળખાતી ગુપ્ત વિદ્યા જાણતા તેના અનેક પુરાવા છે ખુદ ગ્રીક ઈતિહાસકારોએ, એ "માગી" મગવન લોકોને ફક્ત લાકડી હલાવી અગ્નિને રોશન કરતાં જોએલા હોવાની નોંધ છે એઓ પાણી, દૂધ, હોમરસ ઈત્યાદીમાં મંત્રોચ્ચાર વડે તથા ફિરસ્તાઈ અસર વડે પોતાનું મગ (નીરંક=નીરંગ) ઉતારી શકતા અને તેવી "મંત્રેલી" ચીજો વડે અદમીની આધ્યાત્મિક ખીલવણીમાં ફાળો આપતા ટૂંકમાં તેઓ "જાદુગર" ગણાયા છે, છતાં તેઓની રૂહાની ચશમ વડે સ્વર્ગના અહેવાલો મળેલા છે (=અર્દાવીરાફનામું), યોગબળથી દેખાતી મિનોઈ જગતના વર્ણનો દસ્તૂર આઝરફએવાને આપેલા છે, અને દસ્તૂરજી આદરબાદે જાહેરમાં પેલો ચમત્કાર કરી, પોતાની છાતી પર તાવેલું કાંસુ નાખી, શરીરને અલવત આવવા ન દીધી એ વાત પ્રખ્યાત છે એ ઉપરથી માલૂમ પડશે કે ધર્મગુરુ વર્ગ સમસ્ત સમાજના તાજ સમાન હતો, અને તેના વગર કોમના દેહનું કોઈ તંત્ર ચાલી શકતું નહિ.

## આથ્રવનની પડતી

એ વર્ગની આજની દશા બહુ કફોડી છે તેના અનેક કારણ છે (૧) તર્કવાદ–Rationalism–ની બલિહારીમા ફસનો જુવાન અણુદીક મિનોઇ બાબતોમા ધ્યાન ધરાવતો બધ થાય છે, તેથી જેમ બહેદીન તેમ મોબેદી વર્ગમા આવા ધાર્મિક કાર્યમા જોઇતુ યકીન શ્રદ્ધા, ભક્તિમય રહ્યા નથી (૨) દુન્યવી ધમાલની મોહિનીમા ફસેલ સામાન્ય અસમીને પ્રથમ સવાલ “પાઉં–માખન” કે ‘ઠાઠમાઠ અને દોરદમામવૈભવ’નો આવે છે ધર્મગુરુ હમેશ જ સાદાઇ ગરીબી–ફકીરી માટે રહેવા ‘વૈરાગી તરીકે સર્જ્યો છે. તેથી પૈસા–ખિતાબ–દરજ્જા વગેરેની મોહિનીમા ફસેવા માટે આ આકરી કસોટી ભારે થઈ પડી છે ખાસ કરીને તેમા ખાવાપીવા પહેરવાઓઢવામા આખો વખત પરહેજગારી યાને–abstemious–રંગી જીવન ગુજારવુ પડે એ તે હવે સામાન્ય આત્મા માટે ગણુ કઠણ થઇ પડે છે (૩) સમાજમા એ વર્ગનો દરજ્જો ઉતરતો ગણાવા લાગ્યો–કારણ અભણ, બોઠડ આસામીઓ પણ એમા ઘૂસી ગયા, ને ચાલાક હોશિયાર આસામીઓ આ વશપરપરા ચાલતા ધધામાથી નીકળી ગયા પરિણામે “કાંઇ નહિ આવડે તો વૈદ થા” એ કહેવત પારસીઓ માટે બદલાઇને “અથોરનાન થા” એવી બની, અને પછી તેમની રહેણીકરણી રીતભાત અને જાહેરખિયત જોઈને યજમાનોની વૃત્તિ ફેરવાઇ ગઇ (૪) પારસી કોમ હજી પણ નથી નક્કી કરી શકતી કે તેને કેવા ‘આથ્રવન જોઇએ છે કોઈ માત્ર પડિત–મઉળ માગે છે, કોઇને ફક્ત વાચક અને ધર્મજ્ઞાન આપનારા ઉપાધ્યાય જોઇએ છે, કોઇને કર્મકાડમા ખૂબ પ્રવીણ ક્રિયામાર્ગથી પુરા વાકેફ યોગી જોઇએ છે અને કેટલાકને ફક્ત સુદર પકવાન બનાવીને જમાડી શકે એવા રસોઇયા જોઇએ છે! આ બધા વળી પોતાના જુદા જુદા શોખને ખાતર પૂરતુ દામ આપવાને રાજી નથી સૌને તૈયાર પારકે પૈસે કેળવાનો ધર્મગુરુવર્ગ લગભગ મફત કામ કરે તેવો જોઇએ છે આ કારણે હવે એ વર્ગ બહુ જ ઓછી સખ્યા ધરાવતો થયો છે ને કટોકટીનો પ્રસગ બહુ નજદીક જણાય છે. (૫) જેઓ ખરા કામેસ શીખેલા, સમજુ હોય તેમની ગણના પણ અભણ જોડે એકસરખી કરવાની મનોવૃત્તિ બેહદીન વર્ગમાં પેઠી છે કેવું કામ થાય છે, યા કામનો પ્રમાણમા શુ દામ આપવું તેની કશી યોજના નથી. કોઇ વાર આઠ કલાક બહુ સકટ વેઠી, ઉજાગરા સહીને, કોઇ

ધીકટ ધર્મ–ક્રિયા થાય તેના મ જથુને રૂપિયા સાત અપાય છે ! ને કોઇ વાર ફક્ત પોણા કલાકની મામુલી સેવા બદલ ચાર રૂપિયા દરેક જણને અપાય છે ! એ કરણે ઉપલગ પરચુરણ ભણતર કરનારો વર્ગ વધી પડયો છે ને મુશ્કેલ ક્રિયામાર્ગની બારીકાઈથી માહિતગાર વર્ગ ઓછો થયો છે (૬) છેવટે, સાચું કારણ આ વર્ગ ઉપર જોઇતા અંકુશની ગેરહાજરી છે કોઈ રીતસરના બંધારણ વગર આ વર્ગના સભ્યો બીનજોખમદાર દ્દટાઉ વર્તણૂક બતાવે તોપણ તે ગોના મચકુદીથી છુટી શકે છે દડ કે સજા કરવા, યા પથમાંથી બહાર કાઢવાના નિયમો હનકા બનતા રહ્યા અને પછી છેક બંધ પડ્યા જણાય છે

## આથ્રવનની કેળવણી

આ વર્ગ ઉપર ૫રા રાખવો કે કેમ તે મૂળ સવાલ હુ હાલ ઉઠાવીશ નહિ, કારણ કોઇ ઉદાર સાહસ ઉત્ક્રાંતિ વખતે આ પ્રથા ઉપર હુમલો જરૂર આવશે, પણ એ કાર્ય જ એવું છે જેમા વગર સેવામાથી બેહદીનો પડવા ચાહે તેની હાન કોઇ નિશાની નથી, તેથી હાલ તુરત આપણે બાપદાદેથી ઉતરતા આવેલા એ વર્ગની કેળવણીનો વિચાર કરીએ તો તેમાં પણ અનેક મુશ્કેલી નડે છે (૧) "શુ શિખવવુ?" તેમા પારકે પૈસે પરમાનંદ માફક લોકો ગોથા આખુ "જુ નચક" એ વર્ગને માથે નાખવા માગે છે. છસાત ધરાની ભાષાઓ (વ્યાકરણ, શબ્દકોશ, લીપી ઇના તફાવતો સાથે) સાથે અંગ્રેજી ગુજરાતી જેવી બીજી ભાષાઓ, ભૂગોળ, વિજ્ઞાન...બધું જ! એ બધુ છાલકા ધોરણે ઉપનકિયું હોય છે અને પરિણામે મગરૂરી ને તુમાખી આવે છે (૨) ક્રિયામાર્ગની ગુપ્ત સમજ આપી શકે તેની જોગવાઇ નથી, તેથી તે કાર્ય યંત્રવત થાય છે, અને સવાલ પુછાય તો ધર્મગુરુ અને બેહદીનનુ જ્ઞાન એક જ સપાટીએ છે. (૩) બહુ કુશળતા મેળવે એ પછી તે ધર્મગુરુ પાસે શુ કામ લેવુ એ નક્કી હોતુ નથી. એથી તો એવા કેળવાયેલા વિદ્યાર્થીને પણ "માગી ખાવા" છૂટો મૂકાય છે ત્યારે તે કોઇ રીતે પોતાની તાલીમનો પ્રભાવ બતાવી શકતો નથી. (૪) સાચી રીતે લેતા કેળવણીનું મુખ્ય અંગ તો નૈતિક ચારિત્ર હોઇ શકે. તેથી માત્ર ભાષાજ્ઞાની મનવાથી કઇ આધ્યાત્મિક સવાલોની ગૂચ ઉકેલી શકાતી નથી. એ રીતે લેતાં સાચી કેળવણી એવા પાયા ઉપર જોઇએ કે પળેપળે વિદ્યાર્થીમા સદ્‌ગુણો ખીલી શકે (ધીરજ, શાંતિ,

સમાધાન, મધુરતા, ક્ષમા, ઈ.) અને તે ખીલવવા લાયક વાતાવરણ જોઇએ, જેમા આખા દિવસનો કાર્યક્રમ જ જિંદગી ગુજારવાની અમુક પદ્ધતિ ઉપર રચાયો હોય. બીજા શબ્દોમા કહીએ તો કેળવણીમાં પરહેજગારી, પવિત્રતા અને સકલ્પબળ ખીલવવાને અવકાશ જોઇએ (૫) ખુદ એવી તાલીમ આપનારા સાહેબો (ટ્રસ્ટી, કમિટી, શિક્ષકો વગેરે) ઘણી વાર એ ધંધાની મહત્તાનો કશો ખ્યાલ ધરાવતા નથી. તેઓ પોતે જ શકાના વમળમાંથી નીકળ્યા ન હોય તો બીજાની શંકા કયાંથી દૂર કરી શકે? તે કારણે આધળો આધળાને અલ્લાહીટપ્પે દોરવે છે.

## સાચા ધર્મજ્ઞાન-આશ્રમનું લક્ષણ

આપણે જેમ દર્દીને હૉસ્પિટલમાં જવા ફરમાવીએ, તરસ્યાને પાણીની પરબમાં જવા સલાહ આપીએ, તેમ-Spiritual Thirst-અધ્યાત્મજ્ઞાનની પિપાસા છિપાવવા માટે ખરેખરા ઉત્સુક મુમુક્ષુને કયાં મોકલવા? આજે ઉધરતા વર્ગને તરેહવાર સવાલો મૂઝવે છે. તેઓ સત્યની શોધમાં નીકળ્યા છે અને માત્ર ઠીંગડારૂપી ક્રતવાથી સંતોષ માનશે નહિ. તેમના જિગરમા ખાત્રી-Convictions-સ્થાપી શકે, યા પાપના નિવારણનો રસ્તો બતાવી આશ્વાસન આપી શકે તે માટે આપણને ધર્મજ્ઞાન-આશ્રમની જરૂર હોઈ શકે. આવી મકતબમા જેઓ 'દાકતર' બને તેઓ પોતે જાતિ અનુભવથી દર્દનું કારણ જાણતા હોવા જોઇએ; યા પોતે ન જાણે તો પેગમ્બર જરથુસ્ત્ર સાહેબે ફરમાવેલા નુસ્ખાઓથી વાકેફગાર જોઇએ આવા સ્થળે ખુદાની અખૂટ કરામતો (સાયન્સની પ્રયોગશાળા માફક) શિખવવાની જોગવાઈ જોઇએ, પછી ખુદાની યોજના (Divine Plan) જાણવાથી મનુષ્યને સાચો માર્ગ સૂઝ પડે, અને છેવટે ખુદાને **મળવાના માર્ગ** બાબે માહિતી હોવી જોઇએ દરેક જિજ્ઞાસુનો સ્વભાવ જાણી શકાય અને તેને અનુસરી તેની સારવાર થાય એ જરૂરી છે. તેથી વિજ્ઞાની-ભક્ત-કલાકાર કે કર્મકાંડી સેવક સૌને લાયકના જુદા જુદા માર્ગો સૂચવવા માટે દરેક સમજક જોઇએ...આથ્રવન-આશ્રમમાં નૈતિક ઉપચારો થાય અને જ્ઞાનની તરસ છિપાય અને સાથે આ કુદરતના કીરતારનો મહિમા સમજી આદમી તેને શરણે જાય, એવી સ્વાભાવિક આશા રાખી શકાય. પણ આ બધુ અત્યારે એક સ્વપ્ન-Vision-રહે છે, તેનું કારણ શું? એક કારણ એ કે સદીઓ સુધી આખો મામલો

ગુંચવાતો રહ્યો છે ને આપણે હવે જાગીને જોવા બેઠા તો બધું અરણ્ય દેખાય છે. બીજું કારણ એ કે ધર્મશાસ્ત્રનો રીતસર અભ્યાસ કોઈ કરવા માંગતું નથી. કહેવત છે કે "બેહદીનની ખાધ ઉપર બેસી આશ્રવન દોખમા સુધી સુધી જવાનો હક ધરાવે છે; પણ અશ્રવનની ખાધ ઉપર બેસી બેહદીનથી સ્વર્ગમાં જવાતું નથી." એમ બધું આઈતું-તૈયાર રાંધેલું-શોધીએ છીએ—અને તે ખોરાક ચાવીને પચાવવાની પણ તાકાત નથી. એથી ટુકડા ટુકડાથી બનેલા દરજીના ખતકા માફક આજે કોમ પાસે ચિત્રવિચિત્ર અધુરું જ્ઞાન પડ્યું છે અને તે બહુ જોખમભર્યું છે.

## ઉન્નતિનો માર્ગ

અનેક સૂચના થઈ ચૂકી છે મોટા ફંડ ઉઘરાવો—મોટું વિશ્વ-વિદ્યાલય કાઢો—વિદ્વાનોને ઉત્તેજન આપો—યુરોપની ઊંચી પદવી મેળવવા સંશોધન કરો...વગેરે. આ બધું કાંઈ અલાદીનનું ફાનસ ઘસવાથી જ પાર પડતું નથી. વળી ઉન્નતિનો અર્થ માત્ર સામાજિક ઉદ્ધાર સમજવો નહિ. ધર્મગુરુ સંત બનવા માગે તો તેનો પથ નિરાળો છે. તેની અભ્યાસવૃત્તિ પોષવા માટે શાંત વાતાવરણ સાથે સ્વસુધારાની બીજી અનેક સગવડો જોઈએ. આશ્રવન થનારનો પોતાનો જ "આથ" (આતશ) ખૂબ ઝગઝગતો બને તો જ તે બીજાની જ્યોત પ્રગટાવી શકે. એટલે આખો સવાલ ફરીથી પેલી જ જડીબુટ્ટીથી માગે છેઃ આ બધુ શીખવે એવા કોઈ સાચા સંતો છે ખરા? જો ગુરુ વિના જ્ઞાન નહિ; તો ગુરુ જ ન હોય તો વરરાજા વિના "જાનૈયા" ક્યાં જશે? એટલે આજે સાચી જરૂરત એ છે કે મશ્પાગાડવા ખરા આલેમ અભ્યાસીઓ એકત્ર થઈ તુરત જ કાંઈ નક્કર પગલાં લઈ શકે. પણ આ એકત્ર થવામાં પણ અનેક હરકતો નડે છે! મોભા-દરજ્જા-વિદ્વત્તાનું ગુમાન-આવક-નફો વગેરે! થતિ જવું છે પરવર નજદીક, પણ સોરો વસાવવો છે ફાની જગતનો! આ હાલતે ન તો કોમની ઉન્નતિ થાય, ન તો ધર્મની

## આશ્રવનો વિનાની કોમ

આજે ત્યારે આપણે માથા વિનાના ધડ જેવા છીએ! સાચા ધર્મગુરુ વિના કોમ પોતે જ પોતાની દીની-રાહત મેળવવા દાવો કરે છે—અને બાળકોને ધર્મજ્ઞાન વિના જ ઉછેરી તેમને નીતિવાન અને ભક્તિથી ભરપૂર

રાખવા આશા રાખે છે—ધર્મઅભ્યાસ વિના જ, તેઓ પોતાની દુન્યવી દોરવણી તર્કશાસ્ત્ર અને ગપાટાશાસ્ત્ર વડે કરે છે જે ધર્મપુસ્તકો મોજુદ છે તેને, વાચવાની પણ આવડત નહિ એવો વર્ગ આજે શાહદોશાહા–માનચાંદ પામી સલામી લઈ શકે છે—જે આંટીઘૂંટી ઉંમરમા ગૂંચવણરૂપે ઊભી થાય તેને લહેરી જીવનમા ડૂબાડીને સુવાડી દઈ શકાય છે—ખાવાપીવા, પહેરવાઓઢવાની સેકડો બારીકીઓમા સાવ શુદ્ધ રહેતો વર્ગ ધર્મની દિશામા સદતર કદરૂપા સ્વરૂપે રહી શકે છે, ધર્મનિંદામા મચ્યા રહી, અને ખુદા તરફની નફરત લાપરવાહી બતાવીને, જુવાનીની મસ્તીમાં, સર્વે આધ્યાત્મિક સવાલોની મશ્કરી કરી શકાય છે પણ એક વખત જરૂર આવે છે જ્યારે અ તરમા સૂતેલો આત્મા વધુ વાર ભૂખ્યો રહી શકતો નથી તે Inner Tyrant જ્યારે જાગે ત્યારે દીની પ્રકાશની માગણી કરે છે, તે આ જગતની મોહિનીમા પડી રહેવા માગતો નથી તેને જોઈએ છે મુક્તિ—આ જન્મમરણના ફેરામાથી છૂટકારો—"રવાન બુખ્તગી." આ જાગેલો આત્મ પછી પુકારે છે કે, 'ચાનતે દો ન બેહેલ, દોસ્ત માટે શુ લાવે છે?" (આતશ-નીયાયશમા આ સવાલ ખરેખર પુછાયો છે કે આત્માને સારુ શરીર શી શી બક્ષિસો લાવે છે?) "આથ્રવન" ન હોય તો ઉત્પન્ન કરવો પડે છે. મુક્તિના માર્ગના મહિતગાર ભોમિયા મારફતે નાહક વેઠવા પડતાં અનેક સકટો ઓછા કરી શકાય છે કોમને હવે લખપતિ, કરોડપતિ અને સોદાગર શેઠિયાની ઓછી જરૂર છે. તેનો આધ્યાત્મિક દમ રુંધાઈ જતો હોય ત્યારે ખુદાના સનાતન સત્યો વડે જ આરામ થઈ શકે પરવરદેગારનું એક નામ "આથ્રવસ્તેમ" છે યાને તેઓ સર્વથી વડા ધર્મગુરુ છે, પણ તેને અનેક એજન્ટો, સદેશવાહકો, સેવકો અને કીર્તનકારો જોઈએ છે પારસી કોમ તે નહિ પૂરા પાડે તો પરકોમ અને પરધર્મોમાથી તે મેળવી લેવાશે

## સમાજની શરમ

જે કોમ પોતાને બહુ આગળ વધેલી અને સરકારી ઓળખાવે, જે કેળવણી અને સમાજ સુધારામાં પોતાને મોખરે રહેલી માને, તેના ધર્મગુરુઓમા "ટકે શેર ભાજી ટકે શેર ખાજા"ના ધોરણે બહુ એતેફાક અને અકસ્માતિક સયોગને આધિન ગડુ ઘસાતુ હોય તેની આ દેખાતી શરમ છે, કોમ ધર્મદ્રોહને ધિક્કારે છે તો ધર્મ વિના ચલાવી લેવાનો.

કોમ શા માટે ચાલુ રાખે છે? જેના શરીરની જતન અને ટીપટાપ પાછળ હજારો રૂપિયા ખરચાય છે (મોંઘા સાબુ, પાઉડર, ક્રીમ, રંગરોગાન, કરમી પોશાક, જવાહીરો વડે હાકમાં સજાતી આ માટીની કાયા પાછળ જે રજ ખેંચાય છે) તેનો ફક્ત દસમો ભાગ—સમય, સાધન ને શક્તિ—પોતાના આત્માના ખોરાક અને તેની જતન પછવાડે ન ખર્ચે તેવી "અક્કલમંદ" કોમ ધરતી ઉપર આજે બીજે કયા હશે? અગાઉ એવી વર્તણૂક બતાવનારી રોમન ગ્રીક શહેનશાહતો અને પ્રજાઓ ફના થઈ. આ ફાની દુનિયાની તકતાદી ચીજો કરતા લાખ દરજ્જે વધુ ટકાઉ સુખ આપનાર દીનની દોલત આપી જનાર મહાન પેગમ્બરના વારસો તરીકે આપણે જો તે ખજાનાની કદર ન કરીએ તો નગુણા ઠરીશુ મુખ્ય સવાલ એ છે કે બહારનો આથ્રવન ન હોય તો પણ આપણે પોતે દરેક જણ પોતપોતાના આત્મના રક્ષક આથ્રવન શા માટે ન બનીએ? Seek ye the kingdom of Heaven and all other things will be added unto it—તત્વ મહત્વની વાત પકડી રાખી બીજુ બધું જતુ કરી આત્મા જાળવીએ તો આથ્રવનનુ કાર્ય જારી રહેશે પણ દરેક કોમની શોભા તેના યોગી સત—સલેમથી મપાય છે, તે ધોરણે પારસી કોમની કિંમત કેટલી? ખુદાના ચોપડામા અરકયામતની આકણી જુદા જ ધોરણે થાય છે દોલતનો ડુંગર મેળવી આત્મા વેચો તો દેવાળીઆ ગણાએ. What shall it avail a man if he gained everything and lost his soul?

# પારસીઓની આર્થિક ઉન્નતિ

શ્રી. કેખશરૂ આર. પી. શરાફ

**આજથી** લગભગ તેરસો વર્ષ પહેલા હિંદુસ્તાનમા હિંદુ રાજાઓના રાજ્યઅમલ દરમ્યાન, મુસ્લિમો હિંદમા આવી વસ્યા તે પહેલા, પારસી કોમે હિંદુસ્તાનમાં આવી કાયમનો વસવાટ કર્યો. પારસીઓ ત્યારે હિંદુસ્તાનમાં પરદેશી પ્રજા હોવા છતાં, તે વખતના રાજાઓએ તેમને આશરો આપ્યો એ બતાવે છે કે હિંદની મહેમાનગીરી અથવા પરોણાગત ઘણી ઉચ્ચ કક્ષાની હતી દુનિયામા અત્યારે જ્યારે સુધારો ઘણો આગળ વધ્યો છે ત્યારે દરેક માનવીને કોઈ પણ દેશમા જઈ વસવાટ કરવાની છૂટ હોવી જોઇએ, પણ સ્થિતિ એથી ઊલટી જ છે અને આપણે જોઇએ છીએ કે ઘણા ખરા દેશોના દરવાજા પરદેશી પ્રજાઓ માટે બંધ છે,

આફ્રિકામા પગદંડો જમાવી બેઠેલા ગોરાઓ કહે છે કે એશીઆવાસીઓને આફ્રિકામાં વસવાટ કરવાનો હક નથી અમેરિકા જેવો સુધરેલો દેશ પણ બીજા દેશની પ્રજાઓને અતિ અલ્પ સંખ્યામા પોતાને આંગણે વસવાની છૂટ આપે છે આવતી કાલે યૂરોપિયન દેશો પણ કહેશે કે અમારી પ્રજાને માટે પણ પૂરતી જમીન નથી તો બીજાઓને અમે શા માટે આવવા દઇએ ? સમય પોતાનુ કામ કર્યો કરે છે, પણ મનુષ્યની સ્વાર્થવૃત્તિ ઘટવાને બદલે વધતી જાય છે.

આપણે પારસીઓએ હિંદુસ્તાનમા આવ્યા પછી આપણા સદ્ગુણો, હોશિયારી, પ્રમાણિકતા તથા મિલનસાર સ્વભાવથી સઘળી કોમોનો ચાહ મેળવ્યો છે તથા આપણા માન અને ઇજ્જત વધાર્યાં છે. આપણી કોમે ટૂંકી દૃષ્ટિએ કોમી ધોરણે કામ ન કરતાં દેશના હિતમાં અને પ્રગતિમાં યોગ્ય હિસ્સો આપી, જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ, હિંદુસ્તાનની પ્રજાઓ સાથે આપણે ઓતપ્રોત થઇ ગયા છીએ. પારસીઓ પ્રમાણિકતા, સચ્ચાઇ, સાહસિકતા, ઉદ્યોગશીલતા, સખાવતીવૃત્તિ વગેરે ગુણોને

લીધે જ્યાં જ્યાં વસ્યા ત્યાં ત્યાં ફાવ્યા છે, કીર્તિ મેળવી છે અને દેશને મોખરે રહ્યા છે.

જ્યારે મુસલમાનો દેશમાં પથરાવા લાગ્યા ત્યારે પારસી કોમે ન તો હિંદુ રાજાઓનો પક્ષ લીધો કે મુસલમાનોને મદદ કરી. ત્યાર પછી પણ પેશ્વાઓના વખતમાં અને છેવટે બ્રિટિશ રાજ્યઅમલ દરમ્યાન પણ રાજ્યને વફાદાર રહેવાની તથા બીજી બાબતોમાં તટસ્થ રહેવાની એક જ રાજનીતિ જાળવી રાખી, પોતાના સદ્‌ગુણોને વળગી રહ્યા અને પોતાની રહેણી-કરણી, પોષાક, ખોરાક વગેરે બાબતોમાં યોગ્ય ફેરફાર કરતા રહી, બધાની સાથે હળીમળી ગયા. આજ દિવસ સુધી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે રહી આપણે આપણી નીતિ ટકાવી રાખી છે અને કોઈ જાતની દખલગીરી વગર આપણો ધર્મ પાળતા રહ્યા છીએ.

મોગલ રાજ્ય જ્યારે તેની કીર્તિની ટોચે હતું ત્યારે આપણી નાની કોમનો પ્રતિનિધિ અકબરના દરબારમાં પહોંચ્યો હતો અને પોતાની સાહસિક અને સમભાવ દૃષ્ટિથી પાદશાહના માનીતા થઈ કોમનું અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું. પરિણામે ધર્માન્ધ ઔરંગઝેબના સમયમાં પણ આપણી કોમ શાંતિથી જીવી શકી. ત્યાર પછી બ્રિટિશ રાજ્યઅમલ દરમ્યાન પણ આપણી સંખ્યા અલ્પ હોવા છતા, આપણે આપણી સામાજિક સ્વતંત્રતા તથા આપણો ધર્મ ટકાવી રાખી શક્યા.

આ બધું શાને લીધે ? આપણા પૂર્વજોની દરેક સાથે હળીમળી સલાહસંપથી રહેવાની નીતિને લીધે; સાહસ ખેડી પૈસા કમાવા સાથે, હિંદુસ્તાનને જ પોતાનું વતન ગણી, તેમાં સખાવતી હાથે ખર્ચવા તથા બીજાઓની બાબતમાં માથું નહિ મારવાના ડહાપણને લીધે. હિંદુસ્તાનને પોતાનું વહાલું વતન ગણી, અત્રે મેળવેલો પૈસો માદરવતન છોડી નહિ લઈ જતાં અહીં જ રાખવાની આપણા બાપદાદાઓની દીર્ઘદૃષ્ટિ પ્રશંસાપાત્ર હતી, કારણ તેમ આપણે ન વર્ત્યા હોત અને હિંદુસ્તાનને આપણું વતન ન બનાવ્યું હોત તો આપણ કાયમ પરદેશીઓ તરીકે જ ગણાયા હોત અને યુરોપીઅનોની માફક ક્યારેક હિંદુસ્તાન છોડવાની ફરજ પડત.

ઇ. સ. ૧૮૫૭ના બળવા પછી હિંદુસ્તાનની સિકલ બદલાઈ અને

દેશના અમુક તત્વોએ સ્વતંત્ર થવા માટે ઉતાવળાં પગલાં ભર્યાં, આખુ હિન્દ હિન્દુઓ અને મુસલમાનોમા વહેંચાઇ ગયુ અને અગ્રેજોની સત્તા નીચે દબાઇ ગયુ, જો કે ભલી રાણી વિક્ટોરીઆએ કોઇના ધર્મમાં દખલગીરી નહિ કરવાનો કોલ આપ્યો અને થોડેઘણે અંશે શાંતિ સ્થાપી, પરંતુ પાછળથી મનસ્વી વાઇસરોયોએ પ્રજાને વધુ કચડવા જતાં પ્રજાની આઝાદ થવાની લાગણી બળવાન બનવા લાગી, પોતાના હક મેળવવા માટે પ્રજાએ એક સગઠન ઊભુ કર્યું અને તેને કોંગ્રેસનુ નામ આપ્યુ હિન્દ આપણી માતૃભૂમિ છે એમ સમજી મહાન દાદાભાઇ નવરોજી જેમને "હિન્દના દાદા"નો માનવતો ઇલ્કાબ દેશે આપ્યો છે તેઓ કોંગ્રેસમાં દાખલ થયા. હિન્દ દેશનાં દુ ખો કહેવાને તેઓ પાર્લામેન્ટમાં પ્રવેશ્યા અને જ્યારે કલકત્તાની કોંગ્રેસના પ્રમુખ થયા ત્યારે 'સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ હક છે' એવો પોકાર કર્યો એમની પછી એમના પગલે ચાલી ફીરોજશા મહેતા અને દીનશા વાચ્છા પણ રાજકારણમા મોખરે રહ્યા હતા આ બતવે છે કે આપણી એ ભાવના હતી કે હિન્દ અમારી માતૃભૂમિ છે અને આજે પણ એ જ ભાવના છે હાલમા હિન્દ હિન્દુસ્તાન અને પાકિસ્તાનમા વહેંચાઇ ગયુ છે છતાં આપણને કોઇ સાથે દ્વેષ કે ઇર્ષા નથી એટલે આપણા હક તો બધે જ સરખા છે.

આપણી આટલી નાની કોમ દરેક ક્ષેત્રમા આગળ પડતો ભાગ ભજવી મોખરે કેમ આવી એમ કોઇ પૂછે તો તેનો જવાબ સહેલો છે આપણે વેપાર, ઉદ્યોગ તથા હિન્દના ભલા સિવાયની બીજી બાબતોમાં માથું માર્યું જ નથી જેથી આપણે કોઇને પણ અળખામણા થઇ પડીએ.

વેપારવણજની વાત લઇએ તો આપણા પૂર્વજોએ ઠેઠ ચીન સુધી અને બીજી બાજુ વહાણવટુ જ્યારે બહુ આગળ વધેલું ન હતુ ત્યારે પણ ઠેઠ આફ્રિકા સુધી સાહસ ખેડ્યાં છે મુબઈનુ બદર જેમ જેમ ખીલતુ ગયું અને વેપાર વધતો ગયો તેમ તેમ ગુજરાતના ગામડા છોડી આપણે મુબઈમાં આવી વસ્યા અને મુબઇ વસાવ્યું,

સર જમશેદજી જીજીભાઇએ મુબઇના અવ્વલ શહેરી તરીકે નામના મેળવી હતી તેમણે ઘણાં સખાવતી કામો કર્યાં છે અને મુબઇમા તેમજ ગુજરાતભરમા બધી કોમોને માટે કુવા, ધર્મશાળા, ઇસ્પિતાલો વગેરે બધાવ્યા છે સખાવતમાં સર જમશેદજી પછી શેઠ નવરોજી વાડીઆ,

સર દોરાબ અને રતન્ તાતાએ કોસ્મોપોલીટન્ ટ્રસ્ટ સ્થાપીને, પોતાની મખલખ દોલત જનસેવા માટે આપી દીધી છે. શેઠ નવરોજી વાડીઆનો ઈરાદો બધી દોલત માત્ર પારસીઓના લાભમાં જ આપવાનો હતો, પણ પારસી પ્રજાએ તેમને માનઆમરું આપવાને બદલે, પોતાની ટેવ પ્રમાણે, તેમનાં છિદ્રો જોવાથી પારસીઓએ એ મોટું ટ્રસ્ટ ગુમાવ્યું. પારસી પંચાયત ફંડ પારસીઓને કેળવણી આપવામાં ઘણી મદદ કરે છે. એ સિવાય સર ખુશરો અને સર નેસ વાડીઆએ સાધારણ આવકના પારસીઓ માટે પારસી કોલોની બાંધ્યાં અને ઘરોની તંગી ટાળી; જો આવા પારસી કોલોનીઓ નહિ હોત તો આજે ઘણા પારસી કુટુંબો રખડી જાત કારણ પારસીઓ પોતાની મિલકતો મોટા નફો આવવાથી વેચતા જાય છે.

યૂરોપે યંત્ર સામગ્રીથી દુનીઆને અજાયબીમાં નાંખવા માંડી ત્યારે પિટિટ કુટુંબે પહેલ કરી મુંબઈમાં કાપડની મિલ નાખી અને એક વખતે પિટિટ મિલનો શેર શેરબજારમાં રાજા તરીકે ગણાતો હતો. ત્યારથી આપણી કોમ મિલ લાઈનમાં આગળ વધવા માંડી એક સમય એવો હતો કે મુંબઈની મિલોમાં મેનેજરથી માંડી બધા મોટા ઓધ્ધેદારો પારસીઓ જ હતા.

આપણે એક જ ઉદ્યોગમાં રસ લેતાં નથી પરંતુ જુદા જુદા ઉદ્યોગમાં પણ આપણી બુદ્ધિ વાપરી શકીએ છીએ તેનું સારું ઉદાહરણ શેઠ જમશેદજી ટાટાએ પૂરું પાડયું છે. હિંદુસ્તાનના ઔદ્યોગિક વિકાસમાં તેમનો ફાળો સૌથી મોટો છે અને તેમનું નામ જગવિખ્યાત છે. પારસી કોમે હિંદના વેપારઉદ્યોગોનો વિકાસ કરી દેશનું જેટલું હિત કરેલ છે તેટલું બીજી કોઈ કોમે કર્યું નથી.

પોતાની બેંકો સ્થાપી અંગ્રેજોએ હિંદુસ્તાન પર તેમની આર્થિક લાગવગ વધારવા માંડી, તો આપણી કોમના સાહસિક નર સર સોરાબજી પોચખાનાવાળાએ તેની સામે ચાલી, એક જબરદસ્ત બેંક સ્થાપીને નવો ચીલો પાડ્યો. આમ જ્યારે જ્યારે કોઈ નવું સાહસ ખેડવાની જરૂર જણાઈ ત્યારે પારસીઓએ આગળ ઝૂકાવ્યું છે તેનું મુખ્ય કારણ આપણા પૂર્વજોમાં રહેલા સાહસ ખેડવાના ગુણોને આભારી છે. બાકી ચાળીસ કરોડની પ્રજામાં એક લાખ પારસીઓનો કયો હિસાબ?

પારસી કોમે અગાઉ જેમ પ્રગતિ કરી હતી તેમ અત્યારે પણ કરી શકે, પરંતુ હાલ એક ચીજ જોવામાં આવે છે તે જૂના જમાના કરતા જુદી જ છે. આજના ઉછરતા જુવાન વર્ગની સ્થિતિ આગળની સરખામણીમાં બહુ ચોંકાવનારી છે. ઉદ્યમ અને ખંતનો અભાવ, મોજીલી જિંદગી ભોગવવાની ટેવ, નાચરંગ, સિનેમા, ફેશન, હરવાફરવા વગેરેમાં થતી પૈસા તથા વખતની બરબાદી, એ બધું જોતાં પારસી કોમ ભવિષ્યમાં પોતાનું પારસીપણું પણ જાળવી રાખી શકશે કે કેમ તે વિચારવા જેવી બાબત છે. વળી આજની પારસી પ્રજાના શરીરનો બાંધો પણ આપણા વડવાઓના શરીર જેવો રહ્યો નથી. અનિયમિત જીવન, શરીર કસાય તેવા ઉદ્યમોને બદલે ઑફિસના ટેબલખુરસી પર કામ કરવાનો પુરુષોના મોટા ભાગને મોહ, ઓરતોની ઘરનું કામ પોતે કરવાને બદલે, નોકરચાકરના ખર્ચો રાખવાની સ્થિતિ નહિ હોવા છતાં, દેખાદેખીથી તેવો બોજો ઉપાડવાની કુટેવ, આ બધાં કારણો શરીરની તંદુરસ્તી વધારવાને બદલે ઘટાડવામાં પરિણમે છે. જેમની પૈસા ખર્ચવાની શક્તિ હોય તેઓ ભલે આવા ખર્ચ રાખે, પરંતુ શક્તિ વગરના તેમ કરવા જતાં, 'ઘરમાં ખીચડીના વાખા ને બહાર આઇસક્રીમ ખાવા જાય' એવી એમની સ્થિતિ થઈ પડે છે -અને તેથી મુસ્કેલીઓ વધી જતાં ચિંતાનો બોજો શરીર ઉપર માઠી અસર કરે છે. માટે ફેશન તથા દેખાદેખીથી ખોટા ખર્ચો કરવામાંથી બચવાનું બહુ જરૂરનું છે.

યુનિવર્સિટિની કેળવણી કરતાં હુન્નર ઉદ્યોગોની કેળવણીની હાલના વખતમાં વધારે જરૂર છે. અગાઉ જ્યારે બીજી કોમો ઊંચી કેળવણીની બાબતમાં પછાત હતી અને પારસી કોમ એ દિશામાં આગળ વધેલી હતી ત્યારે સરકારી નોકરીમાં મોટા ઓદ્દા પારસીની 'મોનોપોલી' હતી; પણ હવે બીજી કોમો પણ ઊંચી કેળવણીમાં ઘણી આગળ વધી ગઇ છે અને પારસીઓને ભાગે બહુ થોડી જગ્યા આવે છે, માટે બાહોશ જુવાનો સિવાય ઊંચી કેળવણીમાં પૈસા ખર્ચવા ફોકટ છે. જેઓ પાસે નાણું હોય તેઓ પોતાના દીકરાદીકરીઓને એવી ઊંચી કેળવણી ખુશીથી આપે. કારણ બુદ્ધિની ખીલવણી એ પણ એક જાતની મૂડી છે. પાછળ મૂકેલો પૈસો છોકરાંઓ ગુમાવી દે તે કરતાં તેમને ઊંચી કેળવણી આપી હોય તે સારું છે; પણ જેમનું વલણ ઉદ્યોગોની દિશામાં હોય તેમને ઊંચી કેળવણીને

બદલે હુન્નરઉદ્યોગોની કેળવણી આપી તેમાં ઘર પાડવા જોઈએ સૌથી સારી સખાવત એ છે કે ગરીબ કુટુંબના બાહોશ જુવાનોને હુન્નરઉદ્યોગોની કેળવણી અપાવવી જેથી તેઓ આગળ વધે અને સાથે સાથે કોમની દોલત પણ વધે.

ઉદ્યમનો અભાવ તથા વિલાસપ્રિયતા આપણી કોમને ક્યાં ઘસડી જશે તે સમજાતું નથી. ઉદ્યમની સાથે મોજશોખ નભી શકશે પણ વગર ઉદ્યમે મોજશોખ લાકડાની ઉધાઇ માફક કોમને ખાઇ જશે.

આપણે આજે શું કરવું જોઇએ? આખી કોમનું સંગઠન કરી, જે ફંડો ધાર્મિક કામને માટે પડ્યા હોય તેનો ઉપયોગ કોમના યુવાનોને વિજ્ઞાનની તથા હુન્નરઉદ્યોગોની ઊંચી કેળવણી આપવામા થાય તો તેમાંથી કેટલાય સાયન્ટીસ્ટો થાય, વિમાની થાય તથા કેટલાકો નવા હુન્નરઉદ્યોગો સ્થાપે. આમ થતાં કોમ આર્થિક રીતે આગળ વધે અને કીર્તિની ટોચે ટકી રહે. બીજી કોમો જેમને અત્યાર સુધી તક મળતી ન હતી તેઓ તક મળતાં આપણાથી આગળ થઇ જશે અને આપણે તેની પાછળ રહી જશું તો આપણો ભાવ કોણ પૂછશે? તો આજે આપણી નાની કોમમાથી એક નેતા શોધી કાઢી, તેની બાહેધરી નીચે, દરેક યુવાન ને યુવતીને રોટલી ખવડાવવા કરતા, રોટલી કમાવાનું ધ્યેય શીખવી આગળ વધારીશું તો જરૂર આપણી ચડતી થશે.

જેઓ કોમના ફંડોનું સંચાલન કરે છે તેમને હું બે શબ્દો કહેવા માગુ છું. જો ફંડોનો ઉપયોગ કોમના માણસોની આળસ પોષવાને બદલે તેમને કામ શીખવી રોટલી કમાતા કરવામા થશે તો કોમની ઉન્નતિ થશે અને ફંડોને પણ લાભ થશે. સંકૂચિત દૃષ્ટિ છોડી દઈ ફંડોનો ઉપયોગ કોમની ઉન્નતિ થાય તેવા કાર્યોમા થવો જોઇએ, નહિ તો કોમની પડતી થશે.

અંતમાં કહેવાનુ કે જેમ આપણા વડવાઓ દેશ પરદેશ સાથે વેપારી સાહસ ખેડતા, તેમ જ ધધા રોજગારમાં ખંતથી કામ કરતા, તે મુજબ જો આપણો જુવાન વર્ગ મોજશોખ તથા ખોટી એશઆરામી છોડી દઇ, પોતાના વડવાઓનુ અનુકરણ કરી, વેપાર ઉદ્યોગોમાં આગળ વધશે તો કોમની ઉન્નતિ થશે.

☆

# પારસી કેળવણી

ડૉ. એરચ જહાંગીર તારાપોરવાળા

**પ**શ્ચિમ હિન્દમાં કેળવણીના ક્ષેત્રમાં પારસી કોમ બહુ આગળ પડતી ગણાય છે અને લગભગ એક સદી સુધી પારસીઓ પશ્ચિમ હિન્દમાં બધી કોમો કરતાં વધારે કેળવાયલા ગણાતા આવ્યા છે. વેપારવણજ, સરકારી નોકરી, મોટી પરીક્ષાઓ, ધંધારોજગાર, રાજપ્રકરણ, દરેક દિશામાં પારસીઓ પોતાની વસતીના પ્રમાણમાં બહુ ઊંચુ સ્થાન ધરાવતા થયા. આજે ઘણાના મનમાં શંકા ઊભી થઇ છે જે "હવે પારસીઓ કેળવણીમાં પછાત પડતા જાય છે." આ શંકા જરા ઊંડાણમાં ઉતરીને પૂરી રીતે તપાસવી જોઇએ.

કોઇ પણ કોમના ભવિષ્ય માટે આપણે વિચાર કરવા બેસીએ તો પહેલાં તેના ભૂતકાળનો ઇતિહાસ બરાબર મનમાં રાખવો જોઇએ. કારણ ભૂતકાળમા જે જે મેળવ્યુ હોય તેના પર જ ભવિષ્યનો આધાર રહેશે. ભૂતકાળની બધી ખૂબીખામીઓ જરા પણ તાણુખી વિના તપાસવી જોઇએ.

અલબત, હું એવો દાવો તો ન જ કરી શકું કે "જેમી હું કહું છું તે બધુ જ ખરુ છે." છતાં મારી આખી જિંદગી કેળવણીના કર્યમાં જ વીતી છે તેથી આ વિષયમાં હું કાંઇક અભિપ્રાય દર્શાવવાનો અધિકાર ધરાવી શકું છું. મારા જેવા બીજા અનેક કેળવણીકારો આપણી કોમમા છે, અને મારા કરતા ચઢતા પણ ઘણા છે તેમના મત મારાથી જુદા પડી શકે. હું તો આ લેખમા મારો અંગત મત આપીને જ સંતોષ માનીશ.

આપણા વડવાઓ પશ્ચિમ હિન્દને કિનારે ઊતર્યાને આજે એક હજાર ઉપર વર્ષો વહી ગયા છે. પહેલાં તો આપણી કોમની કેળવણી અસલ સાસાની ઇરાની જ હશે એમ માનવું ખોટું ન ગણાય. પછી વખત જતાં, આપણે આ દેશને સંપૂર્ણ રીતે અપનાવ્યો; અને આપણે હિન્દવાસીઓ બની ગયા પછી બેશક આપણી કેળવણીની પદ્ધતિમા સમયને અનુસાર

ફેરફારો તો થયા જ હશે. આપણે ઇરાની ઓલાદના હોઇને જરૂર જ કેળવણીનો પ્રથમ પાયો ઇરાની જ હતો એમ કહેવામાં ખોટું નથી. આપણા ધર્મના અથુતરોને અંગે તો જરૂર જ આ ઇરાની તત્વ આપણી કેળવણીમાં આગળ પડતુ હશે જ. તે જમાનામાં આમવર્ગ ખેતીવાડી અને નાના પરચુરણ ધંધાઓમાં પડેલો હતો અને વિદ્યાભ્યાસ માત્ર ધર્મગુરુ વર્ગમાં જ જળવાઇ રહેલો જણાય છે એટલે માત્ર મોબેદો જ શીખેલામાં ખપવાનો દાવો કરી શકતા. કોઈ કદાચ જ કોઇ બહેદીન સરકારદરબારમાં મોટો અધિકાર ભોગવે તો તેને વિદ્યાભ્યાસ તરફ નજર કરવી પડતી,

ટૂંકમાં તે સમયની–યાને આપણા વડવાઓ હિન્દમાં આવ્યા પછીની આઠેક સદીઓ દરમીઆન–આપણી કોમની કેળવણી દેશની બીજી કોમો જેવી જ હતી. દરેક શખસ દેશના જીવનને અનુસરતી કેળવણી પામતો. આ અરસામાં બહેદીનો આગળ આવ્યા અને તેઓમાં પણ કેળવણીનો પ્રચાર વધતો ગયો આપણે ગુજરાતી ભાષાને અપનાવી અને એ ભાષાને આપણી માતૃભાષા ગણી. છતાં પણ આપણા ઇરાનની યાદને ખાતર ફારસીને આપણે વિસારી તો ન જ મૂકી. ગુજરાતી વડે આપણો સબંધ હિન્દુઓ જોડે બંધાયો અને ફારસી વડે આપણે મુસ્લિમો જોડે સમાગમમા આવી શક્યા. જેઓ વધારે વિદ્યાભિલાષી હતા તેઓ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત પણ શીખતા અને ફારસી ઉપરાત અરબી ભાષાનુ જ્ઞાન મેળવતા.

આટલું જાણવું જરૂરનુ છે જે આજે સૌથી પુરાણું ગદ્ય (prose) સાહિત્ય જે ગુજરાતી ભાષામા (અપભ્રંશમાં નહિ) લખાયેલું છે, તે આપણા પારસી દસ્તૂરોએ કરેલા અવસ્તા પહેલવી ગ્રંથોના તરજુમાઓ છે. વિદ્વાનો આ લખાણોને ઇ. સ.ની ૧૪મી સદીના ધારે છે, યાને આ લખાણો આપણા "આદિ કવિ" નરસિંહ મહેતાના સમકાલિન ગણાય. આ ગુજરાતી લેખોની આસરે એક યા દોઢ સદી આગળ દસ્તૂર નેરયોસંગ ધવલ અને તેમના શિષ્યોએ લગભગ તમામ અવસ્તા તથા અનેક પહેલવી ગ્રંથોના સંસ્કૃતમાં તરજુમાઓ કર્યા હતા આ સંસ્કૃત તરજુમાઓ તે જમાનામાં સત્તાધારી મણાતા અને કોઈબી આથરન પોતાના અસલ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા ઇચ્છતો તો તેને પહેલે આ તરજુમાઓ વાંચી શકે તેટલું સંસ્કૃતનું જ્ઞાન અવસ્ય જોઇતું. આગી આપણા ધર્મગુરુઓ પોતાના ધર્મનો

અભ્યાસ કરવા ચાહે તો પહેલા તેઓ સંસ્કૃત શીખતા ને પછી અવસ્તા–પહેલવી હાથ ધરતા.

આ રીતે સંસ્કૃતનો અભ્યાસ થવાથી આપણા શિક્ષિત વિદ્વાનો હિન્દુ સંસ્કૃતિ અને આદર્શો વધારે સારી રીતે સમજતા થયા, અને તેમના મારફત આમવર્ગમાં પણ હિન્દુ સંસ્કારો માટેનું જ્ઞાન વધવા પામ્યું.

અલબત ફારસીને તો વિસારી શકાયજ નહિ તેનું મુખ્ય કારણ એ જે શાહનામામાં આપણા ઇતિહાસનો અમૂલ્ય ખજાનો ભરેલો હતો શાહનામું ભુલાય તો પારસી કોમનું પારસીપણું ગુમ થાય. અને ફારસી શીખેલા વિદ્વાનો જ્યારે અરબી તરફ વળ્યા ત્યારે ઇસ્લામના આદર્શો અને સંસ્કારો વધુ સારી રીતે સમજતા થયા.

આ પ્રકારે હિન્દી માનવ–સાગરમાંની બને મોટી કોમો જોડે આપણે વધુ ને વધુ ગાઢ સબંધમાં આવતા ગયા અને તેઓ તરફ એખલાસ વધતો ગયો. આ હાલત બ્રિટિશ અમલની સ્થાપના સુધીની હતી.

અમારા પોતાના (તારાપોરવાળા) કુટુમમાં પણ અસનના અમારા વડવાઓ દોઢ સદીની વાત ઉપર આ જ પ્રકારની કેળવણી પામતા. મશહૂર ભાઇઓ વિકાજી તથા પેસ્તનજી મેહેરજી માટે કહેવાય છે કે એ બને ગુજરાતી તેમજ મરાઠી સારી રીતે બોલી તથા વાંચી લખી શકતા. એ ઉપરાંત ફારસી તેમજ સંસ્કૃતનું અચ્છું જ્ઞાન ધરાવતા. પેસ્તનજી માટે એમ પણ કહેવાય છે કે એ કાશી ગયા હતા ત્યારે ત્યાંના પંડિતો સાથે સંસ્કૃતમાં જ ચર્ચા કરતા.

એટલું તો નક્કી કહી શકાય કે બ્રિટિશ અમલની શરૂઆત સુધી પારસી કેળવણી આમ પ્રજાજીવનને અનુસરતી જ રહી હતી અને જે સાહસિક પારસી હોય તેને આગળ પડવામાં કશી મુશ્કેલી નડતી નહિ.

બ્રિટિશ અમલની સ્થાપના પછી આપણી કેળવણીની દિશા ફેરવાઇ. કેળવણીમાં આ નવો ફેરફાર સુરત શહેરથી શરૂ થયો. સુરતમાં અંગ્રેજી "ઇસ્ટ ઇન્ડીઆ કંપની"ની કોઠી હતી ત્યા અનેક અંગ્રેજ વેપારીઓ ચાલુ આવતા અને તેમને આપણા દેશના વેપારીઓ સાથે ધંધારોજગાર ચલાવવા દુભાષિયા (interprater)ની જરૂરત પડતી. એ કાર્ય પારસીઓએ

ઉપાડી લીધું અને આપણી કોમમાં આ રીતે અંગ્રેજી શિક્ષણનું મંડાણ થયુ. પારસીઓ તે સમયે આજની સરખામણીમા ઘણા રુઢીચુસ્ત અને સાંકડા મનના હતા, છતાં પ હિન્દુઓના જેટલાં સખ્ત ન્યાત-જાતનાં તથા ખાવા-પીવાનાં બંધનોથી તેઓ જકડાયલા ન હતા તે કારણે પારસીઓ ટૂંક સમયમા જ અંગ્રેજો સાથે પલોટાઇ ગયા અને તેમની ભાષા ઊલટથી શીખવા મંડ્યા. સુરતના પારસી રુસ્તમ માણેક શેઠ અશરે બસે વરસ ઉપર મરાઠા સરદાર રાઘોબાના "વકીલ" તીમાકને છેક લંડન સુધી જઇ આવ્યા અને ત્યાની પાર્લામેંટની સભા સમક્ષ રાઘોબાનો મુદ્દો રજૂ કર્યો. તેમને મશહૂર અંગ્રેજ લેખક તથા વક્તા એડમન્ડ બર્ક (Edmund Burke) પોતાને ત્યા ઉતારો આપ્યો હતો. એ રુસ્તમ માણેક ઇંગ્લંડ જનાર પહેલા જ પારસી હતા. એ ત્યા કેમ રહ્યા અને કેવી રીતે પોતાની "જરથોસ્તી તરીકતો" ત્યા જાળવી તેનુ રસીલુ બ્યાન તે સમયના અંગ્રેજી પુસ્તકોમા મળે છે.

આ "ઇન્ટરપ્રેટર"નો ધંધો નફાકારક માલમ પડયો અને પારસીઓ વધારે ને વધારે સંખ્યામાં અંગ્રેજી શીખવા લાગ્યા. એ પછીથી થોડા સારું ભણેલા અને અંગ્રેજી પર સારો કાબુ ધરાવનારા પારસીઓને "કંપનીએ" પોતાની નોકરીમા જાયુકના રાખી લીધા. અંગ્રેજી ભાષાનું જ્ઞાન અત્યંત લાભકારક છે તેનો ગોયા જીવતો પુરાવો હવે મળ્યો અને પારસીઓ-એક કોમ લેખે-આ દિશામા ખેંચાયા. પોતાની જાતી હોશિયારીને કારણે તથા પોતાની પ્રમાણિકતાને લીધે પારસીઓએ "કંપનીના" અંગ્રેજ ઉપરીઓનો વિશ્વાસ મેળવ્યો અને વફાદારીથી સેવા બજાવી અંગ્રેજોમાં પારસી નામ જાણીતુ કર્યું.

આ સમય ઇ. સ.ની ૧૯મી સદીના આરંભનો હતો. ત્યારથી અંગ્રેજી ભાષાનો પ્રચાર આપણી કોમમા "કૂદકે ને ભૂસકે" વધતો જ ગયો. અને અંગ્રેજી જ્ઞાનના પ્રતાપથી જ આપણી કોમ પશ્ચિમ હિન્દમા બધી કોમને મોખરે આવી. વેપારવણજમા, ધંધારોજગારમાં તેમજ રાજકારણમાં પારસીઓ પ્રથમ સ્થાને જઈ ઊભા. આપણી ભાઈબંધ (હિન્દુ તથા મુસ્લિમ) કોમો તે વખતે અંગ્રેજી કેળવણીમાં "પછાત" પડી હતી અને પરિણામે અંગ્રેજોના હાથમાંની લગભગ સઘળી નોકરીઓ પારસીઓને જ મળતી. મને યાદ છે જે ચાલીસ વરસ પરન્તુ "ગ્રેજ્યુએટ" થયો ત્યા

અંગ્રેજી શીખતા. પણ તે તો "કુંપની" સરકાર સાથે કામ પડે તેટલા ખપજોગું.

ત્યાર પછીનાં ૨૫થી ૩૦ વરસો દરમીઆન (ઇ. સ. ૧૮૦૦થી ૧૮૩૦) સુધીમાં અંગ્રેજીનો પ્રચાર વધતો ગયો પણ મૂળ પાયો હજી ગુજરાતી અને ફારસીનો જ રહ્યો હતો. આપણા દેશની ભાઇબંધ કોમોના જીવનના આદર્શો આપણે પૂરેપૂરી રીતે સમજી શકતા હતાં, અને તેઓ સાથે પૂરેપૂરી સહાનુભૂતિ ધરાવી શકતા હતા.

પછીનાં ૨૫થી ૩૦ વરસો (ઇ. સ. ૧૮૩૦થી ૧૮૬૦ દરમીઆન) અંગ્રેજીનો પ્રભાવ તેથી પણ આગળ વધ્યો. મારા મેમાવાં ખપાવાનો આ સમય હતો. એ લોકો વધારે સારું અંગ્રેજી શીખ્યા અને અંગ્રેજી સાહિત્યનાં શોખીન બન્યાં. આ સમયના પારસીઓએ પીંઢારા તથા ઠગોનો ત્રાસ નજરે જોયલો અને જાતે અનુભવેલો, એટલે એ લોકોને મનથી અંગ્રેજી હકુમત અને બ્રિટિશ સલતનતની શાંતિ (Pax Britannica) દુનિયામાં સૌથી મોટી બક્ષિસ હતી. આ સમયના માનસનો ખ્યાલ કવિ દલપતરામની જાણીતી લીટીમા સ્પષ્ટ જણાય છે: "એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન."

પણ એ જ સમય દરમીઆન આપણી કોમમાં કેટલા સાચા દૂરદર્શી નેતાઓ પાકયા. દાદાભાઇ નવરોજી, સોહરાબજી શાપુરજી બંગાલી, ખરશેદજી માણેકજી શરાફ તથા કયખુસરો નવરોજી કાબરાજી—એ ચાર નામોથી ખાસ યાદ પડે છે. અંગ્રેજી કેળવણીમાં એ લોકો બહુ ઊંડો રસ લેતા થયા. પશ્ચિમના આચારવિચારોથી એ લોકો જાણે મુગ્ધ બની ગયા. છતાં એમનામાં પોતાના અસલ આદર્શોનું તેજ ચાલુ રહ્યું હતું અને એ લોકો પોતાના દેશને, પોતાના સમાજને સુધારવાને આતુર બની રહ્યા હતા. પારસી "સુધારકો"ના પ્રથમ નેતાઓ આ જ નરો હતા. સ્ત્રીકેળવણીનો પાયો નાખનારા પણ એ લોકો જ હતા. છતાં એ લોકોએ અંગ્રેજી કેળવણીમાંથી નીપજતી એક મોટી ખરાબી સ્પષ્ટ જોઇ. તે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર. આ સમય પાદરી વિલ્સનનો હતો. એનાં જરથોસ્તી ધર્મ બારેના પુસ્તકે ઘણાની આસ્થા ડગમગાવી દીધી હતી. રેવરંડ ધનજીભાઇ તથા રેવરંડ સોરાબજી જેવા આશાભર્યા જુવાનીઆઓ કોમમાંથી નીકળી ગયા. આ

કારણે જ સોહરાબજી શાપુરજી બંગાલીએ જ્યારે પોતાની કન્યાશાળા સ્થાપી ત્યારે એક ખાસ શરત કરી હતી કે અંગ્રેજી ન શીખવવું. એ દુરઅંદેશ નર સ્ત્રીનો દરજ્જો સારી રીતે સમજતા અને ઉછરતી ઓલાદ પર માતાની કેવી અસર પડે, તે પણ એ જાણતા. તેથી જ આ શરત એમણે નાખી હતી.

છતાંયે અંગ્રેજીનો પ્રચાર રોકી શકાયો નહિ. દિવસે દિવસે પારસી કોમમાં અંગ્રેજીનો અભ્યાસ વધતો જ ગયો. અંગ્રેજી સાહિત્યના અમર ગ્રંથો પારસીઓ વાંચતા અને વખાણતા થયા અને એવું પ્રેરણાત્મક વાંચન તે સમયના ગુજરાતીમાં તો કશું ન જડયું, એટલે ધીમે ધીમે ગુજરાતી તરફ આપણા પારસીઓ શિથિલ બનતા ગયા. ગુજરાતી સાત ચોપડીઓ તો બધાને શીખવી જ પડતી હતી, પણ ત્યાં પણ એક જ વાત પર ભાર દેવાતો તે એ જે હિન્દના લોકો પછાત હતા અને ઇંગ્લંડના તથા યૂરોપના આદર્શો અને ત્યાંની સંસ્કૃતિનું જરૂર જ અનુકરણ કરવું ઘટે.

આવા વાતાવરણમાં મારાં માતપિતા ઉછર્યાં હતાં (ખ્રિ. સ. ૧૮૬૦–૧૮૮૦). પારસી સ્ત્રીઓ મોટે ભાગે બંગાલીની કન્યાશાળામાં ગુજરાતી સાત ચોપડીઓ ભણતી પણ તેમના માબાપોને તેઓને અંગ્રેજી ભણાવવાની ખાસ ઉત્કંઠા હતી એટલે ગુજરાતી સાત ચોપડીઓ શીખી રહ્યા પછી છોકરીઓને અંગ્રેજી સ્કૂલોમાં દાખલ કરાવતાં. તે વખતે તેમનાં મન ઉપર સહુથી વધારે અસર પડી શકતી. આ રીતે આપણી પારસી કન્યાઓ જીવનની કટોકટીની (critical) ઉંમરે, અંગ્રેજી સંસ્કારોની અસર નીચે આવતી થઇ. ઘણીક કન્યાઓ તે સમયનાં સંસારના બંધારણ અનુસાર પરણી જઇ સંસારમાં પડતી, અને તેઓ આ પાશ્ચાત્ય અસરોમાંથી બચી જતી. છતાં ય તેઓ ઘરમાં પણ પોતાના પતિઓ પાસથી યા પોતાની મેળે અંગ્રેજી વાંચતા શીખી જતી, અને આ પ્રકારે આડકતરી રીતે તેમનાં પર પણ અંગ્રેજીની અસરો પડતી.

આ બધાંની સામટી અસરો એ જ થઇ કે પારસી કુટુંબો ધીમે ધીમે રહેણીકરણીમાં, ઘરના દરરોજના કારોબારમાં, પહેરવેશમાં–ટૂંકમાં જીવનના દરેક વિભાગમાં અંગ્રેજોની નકલ કરતા થયાં. પરિણામે ઘરખરચ વધતો ગયો, "ફેશનો" વધતી ગઈ અને સૌથી મોટી વાત તો એ બની કે આપણી કોમના આચારવિચારોમાં અને આદર્શોમાં પરિવર્તન થયું.

પારસીઓ હવે પોતાને જાણે યૂરોપના પ્રતિનિધિઓ માનવા લાગ્યા. હિન્દને આગળ વધારવામાં જાણે ખોદા તરફથી નિમાયલા નેતાઓ હોય એવું તેમના મનમાં પેસી ગયુ શરૂઆતમાં તેમની કેળવણીને પ્રતાપે પારસી કોમ ખચીત જ બધાને મોખરે રહેતી, પણ જ્યારે બીજી કોમોમાં બી કેળવણીનો પ્રચાર થતો ગયો ત્યારે બીજી કોમોની મોટી સંખ્યાથી જ આપણી કોમ પોતાનો નેતાગીરીનો દાવો ટકાવી શકી નહિ.

આવા લગભગ સંપૂર્ણ અંગ્રેજી આદર્શોભર્યાં વાતાવરણમાં મારી પોતાની કેળવણીનો પાયો નંખાયો (ઇ. સ. ૧૮૯૦થી ૧૯૨૦). મારી ઉંમરના પારસીઓ બચપણમાં માત્ર યૂરોપની મોટાઇની વાતો શીખ્યા હતા. અમારી બધી કેળવણી શુદ્ધ અંગ્રેજી જ હતી. જો કે હું બી સાતે ગુજરાતી ચોપડીઓ ભણ્યો હતો અને ઉપલા વર્ગમા બી ગુજરાતીમાથી અંગ્રેજી તરજુમો કરવાનુ ચાલું હતું, છતાંય ગુજરાતીનુ સ્થાન "બીજુ" હતું—પહેલું નહિ. તે ઉપરાત "બીજી ભાષા" (Second language) તરીકે પારસીઓમાં લગભગ ૭૫ ટકા વિદ્યાર્થીઓ ફ્રેન્ચ ભાષા લેતા હતા. ફારસી તો મુસ્લિમો માટે, સંસ્કૃત હિન્દુઓ માટે અને ફ્રેન્ચ પારસીઓ માટે એમ જાણે "બીજી ભાષાઓ"ની વહેંચણી થતી. પરિણામ એ જ થયું કે યુરોપીઅન આદર્શો અને સરકારોની અસર પારસી કોમ પર એવડી થઇ ફારસી ભાષા ધીમે ધીમે વીસરાતી ગઇ, સાથે સાથે શાહનામાનો શોખ પણ કમી થયો. કોઇ જ ભાગ્યવંતા વિદ્યાર્થીઓ સંસ્કૃત "બીજી ભાષા" લેખે શીખતા. એટલે મારી સાથના પારસી વિદ્યાર્થીઓ આપણા દેશના આદર્શો અને ઇતિહાસથી બીલકુલ બેખબર ઉછરતા અને સાથે આપણા પુરાતન ઇરાન માટેની માહિતી તો સાવ મીંડામાં જ આવી અટકતી. હું પોતે સ્કૂલથી સંસ્કૃત શીખ્યો હતો, પણ તે તો માત્ર પરીક્ષાઓ પૂરતું જ. આપણા દેશના ઇતિહાસ બાબે તો હું બીજા મારા પારસી દોસ્તો જેવો જ હતો. ફરક માત્ર એટલો જ કે સંસ્કૃત ક્લાસમાં હિન્દુઓ જોડે ચાલુ સમાગમમાં આવવાથી મને "વાણીઆઓ" તરફ અણગમો જરાએ ન હતો.

ઘણાં વરસ પર મેં લંડનમા જાણીતા બંગાળી નેતા બિપિનચંદ્ર પાલનું એક ભાષણ સાંભળ્યુ હતુ. તે વેળા બંગાળમાં નવી રાજદ્વારી જાગૃતિ લોર્ડ કર્ઝનના અમલને પરિણામે તુરતની આવેલી હતી. શ્રીયુત પાલે

બંગાળમાં કેળવણીનો ઇતિહાસ ઉકેલ્યો હતો અને તેને અંગે બંગાળી માનસમાં કેવા ફેરફારો થયા હતા તે સમજાવ્યું હતું. પહેલે તબક્કે બધા આંખ મીંચીને અંગ્રેજી શીખ્યા અને પોતાની માતૃભાષા (બંગાળી) તથા હિન્દની આર્ય સંસ્કૃતિ વીસારી મૂકી. પણ અંગ્રેજી સાહિત્યમાં રચ્યાપચ્યા રહેવાથી બધા શીખેલા જુવાનોને અંગ્રેજી પ્રકારની આઝાદીનો મોહ લાગ્યો હતો. તેથી બ્રિટિશ સરકારનાં કેળવણી ખાતાએ એ અંગ્રેજીનો મોહ ઉતારવા પ્રયત્નો કર્યા, અને બંગાળમાં ત્યાર પછી હિન્દના પુરાતન ઇતિહાસ તથા પુરાતન આર્ય સંસ્કૃતિની મૂળ ભાષા સંસ્કૃત પર ભાર દેવા માંડયો. તેમની મતલબ એ હતી કે આમ કરવાથી આ નવો "આઝાદી"નો પોકાર નરમ પડશે પણ પરિણામ તો બ્રિટિશરોની વકી કરતાં ઊલટુંજ આવ્યું. બંગાળના જુવાનો પૂરજોરથી સંસ્કૃત શીખ્યા અને તેમની આંખો ખુલી ગઇ જે "આર્ય સંસ્કૃતિ યૂરોપની આજની સંસ્કૃતિ કરતાં ઘણી વાતે ચઢીઆતી હતી, અને આર્ય આદર્શોને યૂરોપના આદર્શો પહોંચી પણ શકે નહિ." આથી દેશાભિમાન ઘણું વધ્યું અને "આઝાદી"નો પોકાર બેવડા જોશથી સંભળાતો થયો.

આપણી પારસી કોમમાં અંગ્રેજીની મોહિની આજે પૂરજોશમાં દેખાય છે. હજી દેશાભિમાનનો જોશ પૂરા પ્રમાણમાં આવ્યો નથી. આપણે આપણી રહેણીકરણી જ યૂરોપીઅન બનાવીને અટક્યા નથી; આપણા વિચારો અને ઘણી વાર ખુદ આપણી ભાષા પણ અંગ્રેજી બની છે આપણી કોમનો મોટો ભાગ આજે પણ "અંગ્રેજ" બની ગએલો છે. અંગ્રેજી ભાષાનો હું મોંગે વખાણનાર છું અંગ્રેજી ભાષા સારી રીતે લખી, વાંચી તથા બોલી જાણવા માટે હું મગરુર છુ પણ તેથી હું હિન્દીવાન પારસી મટીને અંગ્રેજ બની ગયો નથી. મારામાં આ પરિવર્તન કેમ થયું તે વર્ણવવું અત્ર રે અસ્થાને ન ગણાય.

હું B. A. પાસ કરી ઇંગ્લંડ વધુ અભ્યાસ માટે ગયો. અંગ્રેજી બહુ સહાઇથી બોલી શકતો, અંગ્રેજો જેવા જ ઉચ્ચારે બોલતો પણ મારા પોતાના દેશ માટે મારું જ્ઞાન અધુરું હતું. મારી માતૃભાષા પર મારો કાબુ ઘરમાં વાતચીત કરવા પૂરતો અને પારસી વર્તમાનપત્રો વાંચવા પુરતો હતો. ઈરાન બાબે મારું જ્ઞાન મારાં પૂજ્ય માતાએ બચપણમાં જેટલું શીખવેલું તેટલું જ. દેશમાં આઝાદીની ચળવળ શરૂ થઇ ચૂકેલી

અને આપણા "હિન્દના દાદા"એ "સ્વરાજ"નો મહામંત્ર શીખવેલો એટલે એક "અપ-ટુ-ડેટ" જુવાનીઆ લેખે મને દેશાભિમાન હતું. એક વાર મારા એક ઘણા પ્રિય અંગ્રેજ મિત્ર જોડે વાત કરતા મે ભપકામાં કહી દીધુ કે "અંગ્રેજી ભાષા હું બહુ જ સહેલથી બોલી શકું છુ અને મારા અંતરના ઊંડા વિચારો પણ હું એજ ભાષા દ્વાન પ્રગટ કરી શકું છુ." મારી મતલબ બડાશ મારવાની હતી. મારા હાવકા અંગ્રેજ મિત્રે નરમાશથી સવાલ કર્યો કે "તમારી માતૃભાષા તમો કેવી જાણો છો?" મે વધારે ભપકો કરી ઉત્તર દીધો: "અલબત્ત મારી ગુજરાતી હુ જાણું છુ પણ અંગ્રેજી જેટલો મને તે પર કાબુ નથી" મારા અંગ્રેજ મિત્રે મને બહુ જ મીઠાશભર્યા શબ્દોમાં કહ્યું "આમ ન હોવું જોઇએ એક પારકી ભાષા તમો આવી સારી રીતે જાણો, પણ તમારી પોતાની માતૃભાષા તરફ તમો આટલા બેદરકાર કેમ રહી શકો? દેશપ્રેમ એવો ન હોય" તે પળથી મારામા એક પ્રકારનો હૃદયપલટો થયો. મને ખરેખર શરમ લાગી કે હુ મારી પોતાની ભાષાને હલકી ગણતો. તે દિવસથી મે ગુજરાતી પર વધારે ધ્યાન દેવા માંડયુ. સંસ્કૃતને પણ પરીક્ષાની દૃષ્ટિએ નહિ પણ સસ્કૃતિ અને આદર્શની દૃષ્ટિએ હુ જોવા લાગ્યો મારો અંગ્રેજી ભાષાનો પ્રેમ હજી જેવો ને તેવો જ છે પણ એ ભાષાનો મોહ હવે રહ્યો નથી આર્ય દેશની સસ્કૃત ભાષા પર દિન પર દિન મારો પ્રેમ વધતો ગયો. માતૃભાષા ગુજરાતીને હુ ચાહતા શીખ્યો અને તેનાં અમૂલ્ય રત્નોની કદર કરતા શીખ્યો.

હુ કદી પણ એમ ન કહુ જે પારસીઓએ અંગ્રેજી ભાષા શીખવી છોડી દેવી અંગ્રેજી ભાષા જરૂર જ શીખો અને ઘણી સારી રીતે શીખો એટલે સુધી જે કોઈ અંગ્રેજ પોતે એ ભાષા જેટલી સરળતાથી લખે યા બોલે તેટલી જ સરળતાથી તમો પણ એ ભાષા વાપરી શકો. પણ એ સાથે તમારી પોતાની સસ્કૃતિની ભાષાઓ અને ખાસ કરી આપણી માતૃભાષા પર વધારે ધ્યાન દેવા હુ મારા પારસી ભાઇબહેનોને અરજ કરુ છુ. આપણી પારસી કોમે ગુજરાતી સાહિત્યને કવિ અરદેશર ખબરદાર આપ્યા છે. એમની શૈલી 'જડબાતોડ' સસ્કૃતમય પાંડિત્યથી ભરેલી તો નથી જ. એ સરળ, શિષ્ટ, સસ્કારી ગુજરાતી લખે છે. મનને મુગ્ધ કરે તેવી ભાષા એ વાપરે છે. આપણા અંતરજીવનમાં શાંતિ ફેલાવે એવો એમનો સદેશ છે. છતાંય કેટલા પારસી ભાઇબહેનોએ એમની કૃતિઓ

વાંચી છે યા વાચવાની તકલીફ પણ લીધી છે ? થોડા જ વખત પર એક પારસી યુવતીએ મારી આગળ ખબરદારની ઘણી તારીફ કરી. એ બાઇ સારી "ડીગરી" ધરાવતી હતી અને અંગ્રેજી સાહિત્યમા સારું વાચેલું હતુ. મે તેને પૂછ્યું કે "તમે ખબરદારનું શું વાચ્યું છે ?" જવાબ મળ્યો. "હુ ગુજરાતી વાચી શકતી નથી." પછી મને સૂચવ્યુ કે મારે ખબરદારના કાવ્યોનો અંગ્રેજીમા અનુવાદ કરવો ! મને લગાર ચીડ ચઢી મેં કહ્યું: "તારે શરમાવુ જોઇએ. ખબરદારને પીછાનવા હોય તો તેટલુ ગુજરાતી શીખી લે."

આવી સ્થિતિ આપણા પારસીઓની આપણા સૌથી મોટા કવિ પ્રત્યેની છે, તો પછી હિન્દુ ગુજરાતી સાહિત્યનુ તો પૂછવુ જ શુ ? આજના પારસી યુવકો રાજપ્રકરણમાં મોટા દેશપ્રેમી ને દેશાભિમાની ગણાય છે, અને સાચે જ તેઓમા દેશની દાઝ તથા દેશનો પ્રેમ ઘણા મોટા પ્રમાણમા છે, પણ દેશના આદર્શો, દેશનો ઇતિહાસ યા દેશના સંસ્કારો બાબે વાતો કરીએ તો તેનું કશુએ જ્ઞાન નથી. એવા આપણા યુવકો સરકારી, શીખેલા, દેશપ્રેમથી છલોછલ ભરેલા એક હિન્દુ યા મુસ્લિમ સાથે વિચારોની આપ લે કેમ કરે ? તેના હૃદય સાથે પોતાનું હૃદય કેમ મેળવે ? આપણા મમાવા બપાવાના સમયના પારસીઓ હિન્દુઓ તેમજ મુસ્લિમોની પુરાણી સંસ્કારી કથાઓથી પૂરા વાકેફગાર હતા. મારા મમાઇના માતાજી ઊઠતાં ને બેસતા "કિસનાનપણ" (કૃષ્ણાર્પણ) બોલતાં અને તે સાચા જીગરના ઉદ્‌ગાર હતા. આજે "શીખેલાભણેલા" પારસી યુવકો ને યુવતીઓને શ્રીકૃષ્ણનુ નામ ખબર હશે પણ કૃષ્ણલીલાનું મહાત્મ્ય ભાગ્યે જ સમજતા હોય અગર તે બાબે વાચ્યુ હોય તોય તેમાં "હલકો શૃગાર" જ તેમની નજરે દેખાશે.

આવતી કાલના હિન્દ માટે આપણે તૈયાર થવાનું છે. આપણી કેળવણી તે દિશામાં દોરવી ઘટે છે. ભવિષ્યના આઝાદ હિન્દમાં આપણું સ્થાન શું રહેશે ? મારા કેટલાક "બ્રિટિશ મનોદશા" ધરાવનારા મિત્રો વિલાયત યા અમેરિકાની "હિજરત" કરવાની સલાહ આપી રહ્યા છે કેટલાક "ઇરાન-પરસ્તો" માદર-વતન ઇરાન પાછા ફરવાની સલાહ આપે છે. આ છેલ્લા પ્રકારના મારા મિત્રોને મારા એક ઇરાની મિત્રનું વાક્ય અર્પણ કરુ છુ. પારસીઓ હિન્દ છોડી ઇરાન જઇને વસે તો કેવુ ? એમ મેં

તેને સવાલ કર્યો. તરત જ તેણે જડબાંતોડ જવાબ આપ્યો: "જે પારસીઓ પોતાની માદર-ઝમીન હિન્દને ચાહી શકે નહિ, તેવા પારસીઓ માટે અમારા વતન-પરસ્ત ઇરાનમાં સ્થાન નથી."

વળી એક ત્રીજા પ્રકારના પારસી મિત્રો આજકાલ નીકળ્યા છે. તેઓના મત મુજબ પારસીઓએ "પાકિસ્તાન" જઈ વસવું, કારણ કમાઈ કરવાનાં સાધનો અને તકો વધારે પ્રમાણમાં ત્યાં જડશે.

આ ત્રણે માટે મારે સહાનુભૂતિ નથી. હિન્દમાં આપણી સંખ્યા એટલી નાની છે, કે આપણે આ તરફ યા પેલી તરફ કરી પણ અસરકારક ફેર સંખ્યાને કારણે પાડી શકીએ નહિ. છતાં આપણા આદર્શો જો સારા ને શુદ્ધ હશે, અગર આપણે આપણા પુરાણા સંસ્કારોને સાચા ને વફાદાર રહીશું, તો આપણું સ્થાન આ દેશમાં અનોખું છે.

મારો અંગત મત છે—અને હું સાચાં દિલથી એમ માનું છું—કે હિન્દનું ભાવિ બહુ ઝળકતું છે. આજે હિન્દના ભાગલા પડયા છે, પણ હિન્દની સરજત, હિન્દનું ભાવિ ગૌરવ, એકત્ર થવામાં જ છે. આ ભાગલા થોડા જ સમય માટે છે. આજે ઊંડા ઊતરી ગયલાં વેરઝેરને કારણે જ ભાગલા પાડવામાં જ સુલેહશાંતિ સ્થાપવાનો એક માત્ર રસ્તો દેખાય છે. હિન્દ જરૂર જ ફરી એક થશે અનેક કષ્ટો સહેવાં પડશે અને વિટંબણાઓ વીતશે, પણ ભારતભૂમિ ફરી એક વાર એક પ્રજા બનશે જ અને તે પચાસ સો વરસે નહિ, પણ આપણા કોઇના સ્વપ્નામાં પણ ન હોય એટલા ટૂંક સમયમાં. આ પવિત્ર ભૂમિમાં ભ્રાતૃભાવ સ્થપાશે. આ સરજમીનમાંથી જ શાંતિ અને સુલેહનો સંદેશ લડાઇથી કંટાળેલી દુનીઆને મળશે. હિન્દુઓએ હિન્દુસ્તાનમાં અને મુસ્લિમોએ પાકિસ્તાનમાં પોતાના ઉચ્ચ આદર્શોનું પાલન કરીને જગતને બતાવી આપવું જોઇએ કે એ લોકો સાચા હિન્દુઓ અને ખરા મુસ્લિમો છે.

અને આ બધામાં પારસીઓ ક્યાં ? આપણું સ્થાન અનોખું છે. આર્યપ્રજાના વારસો હોઇને આપણે હિન્દુ આર્યોના આદર્શો સમજી શકીએ છીએ, અને આપણે ઇરાની ઓલાદના હોવાને કારણે મુસ્લિમ આદર્શો પણ તેટલી જ સરળતાથી સમજી શકીએ છીએ. તેથી જ આપણે આ કટોકટીના સમયે, આ "છૂટાછેડા" કરાય છે તે પ્રસંગે, બંને કોમોને 'જોડનારી

કડી' (Connecting link) બનવાનું છે. આજ આપણી કોમનુ ભાવી હિન્દમાં કર્તવ્ય છે

આપણા અશો પયગામ્બર જરથોસ્તનો સંદેશ પણ માનવજાતમાં ભાતૃભાવ ફેલાવવાનો, ઐક્ય સાધવાનો, ટંટાફિસાદ દૂર કરવાનો અને સુલેહશાંતિ સ્થાપવાનો છે. આજે પારસીઓ પોતાના ધર્મ માટે ઘણા મગરુર છે. પણ સોગાથી એથી જણા માટે આ ધર્મના પાકો અને આદર્શો માત્ર "પોથીમાના રીંગણા" જેવા છે. હજી જરથોસ્તીઓના જીગરેમા આ ધર્મનો પ્રકાશ પૂરતો ઝળકતો બન્યો નથી. માત્ર ભણતરો ભણી ગયાથી, યા તરીકતો પાળવાથી, યા "બાલ કરતા બારીક ધર્મ" ની બડાશ હાકવાથી આપણો ઉદ્ધાર થનાર નથી. એનુ ઊંડુ રહસ્ય સમજવાની અને સરજાવવાની કોશિશો થવી જોઇએ. આજે બધાઓ જરથોસ્ત સાહેબની તસ્વીર સામે માથુ નમાવે છે. તેમના "ગાથા" પવિત્ર ગણીને પુરા યકીનથી યોગ્ય સમયે ભણે છે પણ જરથોસ્ત સાહેબનો પયગામ શો તે પૂછીએ તો "લાજવાબ". પૂજ્ય વિદુષી એની બેસંટે એક વાર અમને કહેલું કે "We remember the Messanger but forget the Message" (આપણે પયગામ્બરને યાદ કરીએ છીએ, પણ પયગામ ભૂલી જઇએ છીએ). આવો જ હાલ બીજી કોમોનો પણ છે. જરથોસ્ત જગદ્‌ગુરુનો પયગામ આપણા જીવનમાં ઉતારવો જોઈએ. આપણા દરરોજના જીવનની હરેક ઘડીએ એના શિક્ષણો પળાવા જોઇએ. આપણા રોજીદા કાર્યોમા, આપણા ધંધા રોજગારમા, આ પયગામનો પ્રકાશ આપણી નજર સામે સાફ દેખાવો જોઇએ. આ કાર્ય આપણી ઉછરતી ઓલાદના સાભાથે હાથ ધરાવુ જોઇએ.

આપણી કેળવણીનો મૂળ પાયો જ આ સાચું ધર્મજ્ઞાન છે એ માન તરીકત ધર્મ યા "રિવાજી ધર્મ" નથી જ, એ "જીવનધર્મ" છે. એમાંથી જ આપણે સાચું પારસીપણું મેળવી શકીશુ, એમાથી જ આપણે પોતાને પીછાનીશુ, એ વડે જ આપણને આપણું કર્તવ્ય સમજાશે.

આપણી કેળવણીમા બીજી ખાસ વસ્તુની ત્રુટી આજે દેખાય છે તે "દેશપ્રેમ". પારસી કોમ જ આજે એકલી એવી છે જેના સંતાનો "વતન-પરસ્તી"નો અર્થ સમજતા નથી આપણે આપણા દેશના ભાઇ બહેનોથી બહુ લાંબા સમય સુધી અલગ રહ્યા છીએ. તેમનાં દિલની મુરાદો

આપણે જાણતા નથી, સમજતાં નથી, સમજવાનો પ્રયત્ન કરતા નથી ઇરાની ઓલાદના આપણે ખરા, પણ ઇરાન દેશના વતનીઓ તો નહિ જ આપણે હિન્દમાં હજાર વરસથી વધુ સમય વસેલા અને તેથી આપણે બાપેદાદે 'સાત પાણીએ ધોએલા" શુદ્ધ હિન્દીવાન છીએ હિન્દીવાન ગણાવામાં આપણને ગર્વ થવો જોઇએ. એ લાગણી ખીલવવાની આજે ખાસ જરૂરત છે.

એની સાથે સાથે આ દેશની "પચરંગી" પ્રજા માટે ભાઇબંધી જોઈએ તેમના આદર્શો, તેમના આચારવિચારો તરફ માત્ર "નાખતી" ની જ નજર નહિ પણ સાચી દિલસોજી જોઈએ, સહાનુભૂતિ જોઇએ આજે હિન્દુ-મુસ્લિમ આદર્શો આપણે સમજીએ છીએ તે છતાં પણ આપણે તેમને આપણાથી ઉતરતા ગણીએ છીએ એ ભાવ આપણા મનમાંથી બીલકુલ જવો જોઇએ આપણે બધા એક દેવના સંતાનો છીએ એક માનવજાતના બેટા-બેટીઓ છીએ એ ભાવ મનમાં પ્રગટાવવો ઘટે છે. ત્યાં કોઈ ઊંચુ નથી, કોઇ નીચુ નથી બધા પોતાના અંતરમાં બેઠેલા ઇશ્વરને શોધે છે જરથોસ્તી એક માર્ગે ચાલે, અને હિન્દુઓ અને મુસ્લિમો બીજે માર્ગે ચાલે તેથી તેઓ માનવી મટી જતાં નથી આપણે જરથોસ્તી જન્મ્યા એટલે આપણને એ માર્ગે ચાલવુ વાજીબ છે, પરંતુ એમ તો ન જ કહેવાય કે બીજા માર્ગો અને બીજા આદર્શો ઉતરતા છે આપણી ભાઇબંધ કોમોના આદર્શોનુ શિક્ષણ એ આપણી કેળવણીનુ એક મુખ્ય અંગ ગણાવુ જોઇએ.

ભાષાનો સવાલ હવે ઊભો થાય છે. આજકાલ હિન્દમા ભાષા કઈ તે બાબે બહુ મતભેદ છે અને કડવી ચર્ચા ચાલે છે માતૃભાષા જોઇએ જ, ત્યાર બાદ હિન્દુસ્તાની (હિન્દી-ઉર્દૂ) અને પછી અંગ્રેજી-આ બધી ભાષાઓનો બોજો બાપડા બાળકને શીરે આવી પડે છે ફારસી, અવસ્તા-પેહેલવી, સંસ્કૃત, ફ્રેંચ, લાટીન, જરમન વગેરે તો છોડી જ દેવો

ભાષામા માતૃભાષાને પહેલુ સ્થાન મળવુ જ જોઇએ પારસીઓની માતૃભાષા ગુજરાતી જ. પારસી-ગુજરાતી નહિ, સાક્ષરી સંસ્કૃત શબ્દોથી લદાયેલી પાંડિત્યનો આડંબર દાખવતી ગુજરાતી નહિ, પણ સરળ શિષ્ટ ગુજરાતી તો આપણે ફરી અપનાવવી ઘટે, તે બરોબર શીખવી ઘટે એ

ગુજરાતી પ્રેમાનંદની ભાષા, દલપત–નર્મદની ભાષા, ખબરદારની ભાષા, ગાંધીજીની ભાષા. એ ભાષા કેવી હોય તેનું સુંદર વર્ણન સ્વર્ગસ્થ ભાઈ ભૂલાભાઈ દેસાઈએ સાહિત્ય પરિષદ્‌ને પ્રમુખસ્થાનેથી કરેલું મને યાદ આવે છે.

હિન્દુસ્તાની ભાષા પણ ઓછાવત્તા પ્રમાણમાં જાણવી જરૂરી છે. પણ એ ન તો કાશીની સંસ્કૃતમય હિન્દી હોય ન તો અરબીથી ભરપૂર લખનવી યા હૈદરાબાદી ઉર્દૂ હોય આ સવાલ મોટે ભાગે હિન્દુ–મુસ્લિમ સવાલ સાથે સંકળાયલો છે અને આ રાજકીય હિન્દુ–મુસ્લિમ સવાલનો ઉકેલ થશે ત્યારે જ આ ભાષાના ઝગડાનો અંત આવશે ત્યાં સુધી તો એવડો બોજો ઉપાડવો જ રહ્યો.

અંગ્રેજીને પારસી કોમે ગોયા પોતાની માતૃભાષા જ આજે બનાવી દીધી છે. આજે દેશભરમાં અંગ્રેજી સામે મોટો વિરોધ જાગેલો દેખાય છે. એ પણ રાજદ્વારી ચળવળનું એક પાસું છે. એ વિરોધ લાંબો સમય ટકી શકે નહિ. આપણા દેશને દુનીઆના બીજા દેશો સાથે ગાઢ સમાગમમાં આવવું છે. તે માટે અંગ્રેજી વિના એક ડગલું પણ ન ભરાય આજે અંગ્રેજી ભાષા સારી દુનીઆની ભાષા બની ગઈ છે દુનીઆના કોઈ પણ દેશમાં "રૂઠોપુરો" પણ કોઈ અંગ્રેજીનો જાણકાર મળી આવશે. એ ભાષાનો અભ્યાસ બધા દેશોમાં બહુ સંગીન પાયા પર ચાલી રહ્યો છે. અત્યારે આપણા દેશમાં તો આપણને બેડીમાં જકડનાર બ્રિટિશરોની ભાષા તરીકે એના તરફ એક પ્રકારનો દ્વેષ ઉભરાયો છે એટનું તો ખરું જે અત્યાર સુધી અંગ્રેજીને આપણી કેળવણીમાં જે પ્રથમ સ્થાન મળતું હતું તે સ્થાન હવે પછીથી માતૃભાષાનું ગણાવું જોઈશે, પણ તેથી એમ ન સમજવું જે અંગ્રેજીને સાવ વિસારી મેલવી, અને તેને અડવું પણ નહિ. એમ કરવું સરિયામ મૂર્ખાઈ છે એ ભાષાના મૂળ આપણા દેશમાં એટલા તો ઊંડાં ઉતરી ગયા છે કે તે ઉખેડી નાખી શકાય નહિ. આપણે પારસીઓએ એ ભાષા શીખવી જ જોઈશે અને સારી રીતે શીખવી જોઈશે પણ એ માતૃભાષા ગુજરાતીને સ્થાને વધુ વાર બીરાજી શકે નહિ. એનું સ્થાન ગુજરાતી પછી જ હોઈ શકે

કેળવણીના વિષયો બાબે હજી બહુ મોટા મતભેદ છે. આગળ (મારા સ્કૂલ તથા કોલેજના સમયમાં) મેટ્રીક અને બી. એ માં બધા જતા હતા. ત્યાર પછી સમય અને પૈસા હોય તો એમ. એ. યા એલએલ બી

થાય. આજે બધો ઝોક "સાયન્સ", "ટેકનીકલ", અને વ્યાપારી કેળવણી તરફ છે. અલબત્ત, આજના જમાનામાં સાયન્સ અને ટેકનીકલ અને વ્યાપારી કેળવણી દેશને માટે તેમજ કોમને માટે અતિ અગત્યની છે, પરંતુ બધા જ એ રીતની કેળવણીને લાયક હોતા નથી. કોઇનું મગજ ગણિતશાસ્ત્રમાં રમતું હોય તેને રસાયણનું ઊંડું જ્ઞાન ન જ ખપે. મારી જાણમા અનેક આશાભર્યા યુવાનોની આખી જિંદગી આવી ભૂલોને કારણે બરબાદ થઈ ગઈ છે. વિષય તો વિદ્યાર્થીને મનગમતો જ શીખવી શકાય. બધાને એક લાકડીએ હાંકી શકાય નહિ.

વળી કેળવણીનો મૂળ હેતુ અત્યારે જે રીતે વિસારી મૂકવામા આવ્યો છે તેમ ન થવું જોઇએ. કેળવણીનો મૂળ હેતુ યુવકોના મનની ખીલવણી છે. તેમની બધી શક્તિ ખીલીને બહાર આવે ત્યારે તે ખરી કેળવણી કહેવાય. એક વાર મન સારી રીતે ખીલી નીકળે તો તે જીવનના કોઇ પણ ક્ષેત્રમા કામ આપી શકે છે. આજે તો કેળવણીનો મૂળ હેતુ માત્ર તેને અંતે અમુક પગાર કમાવાનો થાય છે. કૉલેજમા શીખતા કોઇને પણ પૂછો કે "બાવા, આ પછી શું કરશો?" સેંકડે નેવું ટકા ઉત્તર દેશે કે, "નોકરી શોધી કાઢીશું." દેશજીવનમા શું નોકરીઆત વર્ગને જ સ્થાન છે? કા નહિ કોઈ પણ મનગમતો વિષય લઈ મનનો વિકાસ સાધે ને પછી સજોગોને અનુકૂળ કાંઈ દેશને ઉપયોગી યા કોમને હિતકારક કાર્ય ઉપાડી લે સારી રીતે કેળવાયેલો કોઈ પણ યુવક કાંઈ પણ કામ ઉપાડી શકે તેમ છે.

ગમે તે વિષયમા "કેળવણી" અપાય તોએ દરેક વિદ્યાર્થીને કોઈપણ એક પ્રકારનો "હાથઉદ્યોગ" (handicraft) શીખવો જોઇએ. આપણી કોમને માત્ર ખુરસીટેબલે બેસીને વાપીવણી શકે તેવા "ચોપડીના કીડાઓ" જોઇતા નથી, પણ પોતાના હાથો તથા શરીરને કસીને વાપરી શકે તેવા યુવકો જોઇએ છે.

ટૂંકમા આપણી પારસી કોમને માટે જે કેળવણી જોઇએ છે તેમા દરેક યુવક અને દરેક યુવતીની તમામ શક્તિઓનો વિકાસ સધાવો જોઇએ. અંગ્રેજીમાં ત્રણ 'હ-કાર' છે (Head, Heart, Hands). એ ત્રણેની સાથે સાથે ખીલવણી થાય તો જ સાચી કેળવણી ગણાય.

મારા મત મુજબ ભવિષ્યનાં આઝાદ હિંદમાં આપણું ખાસ કર્તવ્ય એક જ રહેવું છે તે હિંદુ-મુસ્લિમ એકતા સાધવા માટે એ બે વચ્ચે કડી રૂપ બનવું અને તેથી કેળવણીમા નીચલી બાબતો પર ખાસ ભાર અપાવો જોઇએ :

૧ ધર્મજ્ઞાન તથા ઇરાનની સંસ્કૃતિની માહિતી સાથે બીજા ધર્મોનાં મૂળ સિદ્ધાંતોનું જ્ઞાન.

૨ માતૃભાષા – ગુજરાતી.

૩ રાષ્ટ્રભાષા – હિન્દુસ્તાની.

૪ અંગ્રેજી ભાષા.

૫ ઓછામાં ઓછો એક "હાથઉદ્યોગ."

આ પાચ કેળવણીના પાયારૂપ ગણાય તેના પર કોઇ પણ પ્રકારની ઇમારત રચી શકાશે. આજના જેવા માત્ર "પોથી-પંડિતો" આપણને નથી જોઇતા. સત્ય આદર્શો ધરાવનારા અને તે આદર્શોને જીવનમાં ઉતારવાની હામ ધરાવનારા નીડર નેતાઓ આપણને જોઇએ છે તે ભલે સુથાર હોય યા પ્રોફેસર, મોબેદ હોય યા મોટો સરકારી અમલદાર; તો પણ તેનો આ સગીન પાયો હોય તો તે પોતાના સ્થાને માર્ગદર્શક બની શકશે. તો જ તે સાચો જરથોસ્તી, સાચો હિન્દીવાન, ખરો માનવજાતનો સેવક બનશે.

આપણી બેટીઓ માટે થોડા શબ્દો લખવાની જરૂરત છે. કેળવણીના પાયા રૂપ જે પાંચ વિષયો ઉપર જણાવ્યા તે આપણી બેટીઓ માટે પણ અવશ્યના ગણાવા જોઇએ આજે જે 'કેળવણી" અપાય છે તેમા છોકરાઓ અને છોકરીઓ એક જ લાકડીએ હંકાય છે. તે કારણે આપણી કોમની ભવિષ્યની માતાઓ જેવી જોઇએ તેવી બની શકતી નથી. સ્ત્રીની મગજશક્તિ પુરુષ કરતા લેશમાત્ર પણ ઉતરતી નથી. પણ આજકાલના પશ્ચિમના મોહમાં આપણે એટલા તો લપટાઈ ગયા છીએ કે મૂળ વસ્તુ આપણે ભૂલી ગયા છીએ; તે એ કે દરેક બેટી "ભવિષ્યની માતા" થવા સર્જાઇ છે. એમના પર જ કોમનો તથા દેશનો આધાર છે. આપણી બેટીઓને આપણા બેટાઓની માફક "કેળવીએ" તો ગોયા આપણો પાયો જ

ખણી નાખ્યો કહેવાય. આજે આપણા છોકરાઓની કેળવણી ખામી-ભરી ગણાય છે તો તેવી જ કેળવણી આપણી છોકરીઓને આપવી તે બેવડું ખરાબ ગણાવું જોઈએ. આજકાલ આપણે સ્ત્રીના રાજદ્વારી દરજ્જા માટે જીવતોડ પ્રયત્ન કરતા રહ્યા છીએ સ્ત્રી-પુરુષ સરખા છે એમ કહેતા આપણે થાકતા નથી, પરંતુ હકીકતમાં સ્ત્રીનો દરજ્જો આર્યપ્રજામા પુરુષ કરતા ઊંચો ગણાયો છે. આપણા જરથોસ્તી ધર્મમા અમશાસ્પંદ સ્પેન્તા-આર્મઇતિ (સ્પેનદારમદ)ને ખુદ દાદાર અહુરા-મઝદાની 'બેટી' ગણી છે અને દરેક સ્ત્રી માટે એ આદર્શ છે. હિન્દુ ભાઈઓનું એક અત્યંત સુંદર સુવાક્ય છે "જનની" (માતા) અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ઊંચા છે" અને આપણા મુસ્લિમ બીરાદરોને ખુદ એમના નબી હઝરત મુહમ્મદે શીખવ્યું છે કે "મનુષ્યનું બહેસ્ત તેની માતાના પગના તળીઆ નીચે છે" પશ્ચિમના લોકો સ્ત્રીને પુરુષની બરોબર ગણવા લાગ્યા છે આપણા પૂર્વના લોકોએ તો સ્ત્રીને માતા ગણીને ઈશ્વરની શક્તિ માની છે એ આપણો આદર્શ-માતાનું સર્વોત્તમ સ્થાન-કદી પણ ભૂલાવો ન જોઈએ.

# પારસીઓ અને તંદુરસ્તી

ડૉ. જરબાનુ• એદલજી મીસ્રી

એક દેશ કે કોમની મોટાઇ તેની વસતી, કેળવણી કે આબાદીથી જ નહિ, પણ તેમાં વસતા માણસોના બાંધા, દેશની સુખાકારી અને સામાન્ય સફાઇ–સુઘડાઇથી અંકાય છે. આગળ વધેલા દેશો માનતા થયા છે કે તંદુરસ્તી એક અમુલ્ય ચીજ છે અને જિંદગીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કારણ તે શરીર અને મનની વધુમાં વધુ ખીલવણી કરી, તન અને મનની શક્તિ એટલી તીક્ષ્ણ અને મજબૂત બનાવે છે કે તેની મદદથી માણસો પોતાની દુન્યવી ફરજો ઉત્તમમાં ઉત્તમ રીતે બજાવી શકે છે અને સારાં શહેરીઓ બને છે.

તંદુરસ્તી ચોક્કસ માણસોની જ મતા નથી, પણ પરમેશ્વરની સસ્તામાં સસ્તી અને અતિ કિંમતી બક્ષિસ છે. તે મેળવવાનો દરેકનો જન્મહક છે. દુનિયાના તમામ દેશો સાથે સરખાવતાં હિંદ દેશની પ્રજાની જિંદગી ઘણી ટૂંકી છે, અને તેમાં પારસીઓનો પણ સમાવેશ થાય છે.

દુનિયાના તમામ દેશો તંદુરસ્તીને કેટલી અગત્ય આપે છે તેના દાખલા જુદી જુદી પ્રજાની તેને લગતી કહેવતો પૂરી પાડે છે. ગુજરાતીમાં કહેવત છે કે "એક તંદુરસ્તી હજાર ન્યામત" અને અંગ્રેજીમાં –"તંદુરસ્તી તે જ દોલત છે."

સુધરેલી પ્રજાઓ માણસ માંદો પડે ને પછી તેને સારો કરવા કરતાં, "ઉપાય કરતા અટકાવ ભલો"ના નિયમ પર દુઃખ દરદ અટકાવવા (પ્રીવેન્ટીવ મેડસીન) પાછળ મંડી ગયા છે.

એક દુઃખી શ્રીમંત અને એક ગરીબ પણ તંદુરસ્ત માણસની સરખામણી કરવા મારા એક દરદીનો દાખલો આપું. મહેલ જેવા પોતીકા

મકાનમાં રહેતા લાખોની દોલત, ઝવેરાત, મોટરકાર અને નોકરોની ફોજ ધરાવનાર એ બાનુ 'જી ! ગભરાય છે' કરીને સવારના ત્રણ ચાર કલાક દીવાના માણસની માફક ફફળાટમાં કાઢતાં, જ્યારે તેમને ત્યાં બચ્ચાંને ધર્મજ્ઞાન આપવા આવતા એક ગરીબ બાઇ આખો દિવસ નિશાળમાં ને ખાનગી શિક્ષણ આપે, બે ત્રણ માઈલ ચાલીને આવે અને મનમાં આવે તો જે મળે તે જમીને રાત્રે ત્યાં જ સૂવે; વાત કરતાં કરતાં ઊંઘાઇ જાય તે છેક સવારે ઊઠે. એ જોઇ મારું દર્દી બિચારું અવારનવાર કહે કે "મારો થોડો પૈસો લઇ એ મન પોતાની ઊંઘ અને તંદુરસ્તી ન આપે ?"

એક બીજી કહેવત પણ ઘણાને રોશન હશે કે "શરીર તંદુરસ્ત હોય તો જ મન તંદુરસ્ત હોય છે." સૌ કબુલશે અને શિક્ષકો ટેકો આપશે કે એક મજબુત તંદુરસ્ત બાંધાનું બાળક એક દુબળાં માંદા બાળક કરતાં વધુ ચચળ હોય છે અને તેને કાંઈ સમજાવ્યું હોય તો તે તેના મગજમાં ઝટ ઠસી જાય છે, જ્યારે દુબળાં બાળકો સાધારણ રીતે વર્ગમા પછાત પડી રહે છે અને તેઓ પાછળ ખૂબ મહેનત લેવી પડે છે. ઘણા હોંશિયાર પણ દુઃખી માણસો દુનિયામાં કાંઇ સંગીન કામ કરી શકતાં નથી.

સૌ એ પણ કબુલ કરતાં હશે કે સારા સફાઈવાળા મકાનોમાં અને લત્તા પર રહેતા લોકો ગીચ વસ્તીવાળા મકાનો અને ગંધાતી ગલી-ઓમાં રહેતા માણસો કરતા વધુ તંદુરસ્ત હોય છે. તેના દાખલા ચીકતા રોગો જેવા કે કોલેરા, ઇન્ફલુએન્ઝા, પ્લેગ, મેલેરીઆ પૂરા પાડે છે. જ્યારે એવા રોગોમાં ગરીબો મોટી સંખ્યામાં સપડાય છે ત્યારે શ્રીમંતો બચી જાય છે, કારણ તેઓ પોતાના ઘર, આંગણાં અને આજુબાજુની સુઘડાઇ પર સારું ધ્યાન આપે છે.

આપણે જો એ સિદ્ધાંત કબૂલ રાખીએ કે તંદુરસ્તી માણસની જિંદગીમાં અગત્યનો ભાગ ભજવે છે તો જે બાબતો તંદુરસ્તી જાળવી રાખવામાં અથવા તેમાં વધારો કરવામાં મદદ કરતી હોય તે તરફ પહેલાં માબાપો, પછી શિક્ષકો અને છેલ્લે સરકારે ધ્યાન પુગાડવું જોઇએ. તેને બદલે આપણે જોઇએ છીએ કે ઘણાં જુજ માણસો પોતાની કે કુટુંબના સભાસદોની તંદુરસ્તીની કાળજી કરે છે.

કોઇ વ્યક્તિ એક કૂતરું, બિલાડું કે મોટરકાર ખરીદે છે તો ચોપડીઓ ખરીદી,વાંચી અથવા ઓળખાણપીછાણવાળા મારફત તેને કેમ ઉછેરવું કે મોટરની સંભાળ કેમ લેવી તેનું જ્ઞાન મેળવે છે; જ્યારે માણસ જાતનું શરીર કેમ કામ કરે છે, તેના જુદા જુદા અવયવો શું શું પાત્ર ભજવે છે તે જાણવાની કાળજી કેટલા જણ કરે છે? કોઇ પણ ધંધામાં એક માણસને રોકવા આગમચ તેનું જ્ઞાન અને તેનો અનુભવ ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે સ્ત્રીઓને બાળકો ઉછેરવાનું કામ સોંપતા આગમચ ઘણા માબાપો અને સરકાર એ દિશામાંનું જ્ઞાન આપવાની કાળજી નથી લેતા–જાણે તે જ્ઞાન પોતાની મેળે આવી જતું હોય અથવા તો માણસનું શરીર એક લોખંડી ઓજાર હોય અને વગર સંભાળે આખી જિંદગી ચાલી શકતું હોય!

## કઈ બાબતો પર ધ્યાન અપાવું જોઈએ?

**ખુલ્લી હવા અને કસરત:**–ખુલ્લી હવા જીવનમાં સૌથી અગત્યનો ભાગ ભજવે છે. માણસ ખોરાક વગર થોડા દિવસ જીવી શકે પરંતુ હવા વગર એક કલાક જીવી શકતો નથી. તેનો દાખલો એક બંધિયાર જગ્યામાં મોટી સંખ્યામા લોકો જમા થાય છે, ત્યારે કોઇક બેશુદ્ધ થઇ જાય છે તે પરથી મળી રહે છે. દરેક જણે રોજ ખુલ્લી હવામાં થોડો વખત ચાલવાનો નિયમ રાખવો જોઇએ, અથવા પોતાને અનુકૂળ બીજી કસરત કરવી જોઇએ. તેમ કર્યાથી શરીરમાં લોહી બરોબર ફરે છે, શરીરમાં ચાલતી ક્રિયાથી ઉત્પન્ન થતો કચરો બહાર નીકળે છે અને ખોરાક હજમ થાય છે. ઘરનું કામકાજ કરવાથી જેટલી કસરત મળે છે એટલી ફીઝીકલ કલચર કલાસમાં જવાથી નથી મળતી. સ્ત્રીઓ આ ધ્યાનમાં રાખે તો તેમને બેવડો ફાયદો થાય–તેમનું શરીર તદુરસ્ત રહેવા ઉપરાંત નોકરોનો દોર તૂટે અને નાણાં ય બચે

**ખોરાક:**–જલદી પચી જાય એવો પુષ્ટિકારક, સાદો જોઇએ તે સાધારણ પ્રમાણમાં નિયમિત વખતે અને ખૂબ ચાવી ચાવીને ખાવો જોઇએ. ખોરાક ચાવવા ઇશ્વરે દાંત આપ્યા છે. દાંત મોઢાંમાં છે, હોજરીમાં નથી. કેટલાકો તરેહ તરેહના મિષ્ટાન અને તે પણ વખત કવખત ખાય છે. હોજરી નાજુક કોથળી છે તે સમજ્યા વગર તે એક પખાલ હોય તેમ તેઓ કામ લે છે.

ખોરાકની બાબતમાં એક હાનીકારક રૂઢી કોમમાં પ્રવેશ થઇ છે તે તરફ ધ્યાન ખેંચવાની ફરજ સમજું છું. એ રૂઢી તે બહારનાં ભોણા જમવાની છે. ઘરમાં પકાવેલા સ્વચ્છ અને પુષ્ટિકારક ખોરાકની એક વાની જમવાથી જેટલો સંતોષ થાય છે અને તાકાત મળે છે, તેટલો સંતોષ અને તાકાત બહારના ખોરાક, જેમા સફાઇસુઘડાઇની ગેરહાજરી હોય છે અને જેમાં હલકા માલમસાલા વપરાય છે, તેવી અરધો ડઝન વાનીઓથી નથી મળતો.

**ઊંઘ:** પૂરતા પ્રમાણમાં શાંત રીતે ઊંઘવાની પણ જરૂર છે.

**ખુલ્લી હવાવાળાં સ્વચ્છ ઘરો:** સફાઇસુઘડાઇવાળાં, ખુલ્લી હવા ને તડકો ઘરનાં દરેક ભાગમાં આવે, વારાબારીઓ પણ સફાઇદાર હોય એવાં સુખાકારી ભરેલા મકાનોની જરૂર છે. તે મકાનો ચાલુ સાફસુફ રાખવાની અને આસપાસની સફાઇસુઘડાઇ પર પણ ધ્યાન આપવાની દરેક શહેરીની ફરજ છે. જ્યા ગમે ત્યાં થૂંકવું, ઘરનો કચરો બારીએથી બહાર નાખી નીચે રહેતા બાડૂતોનાં ઘર ખરાબ કરવાં અને રસ્તે ચાલતાં રાહદારીઓને ત્રાસ આપવો એ સ્યાણા અને સમજુ માણસનું કામ નથી.

કપડાં:–રાત્રે અને દિવસે પહેરવાનાં જુદાં રાખવાં જોઇએ. તે ઘણાં 'ટાઇટ' નહિ ને ઋતુને અનુસરતાં જોઇએ, અને વારંવાર ધોઇ નાંખવા જોઇએ જેથી ચામડીનાં દર્દો થતાં અટકે.

જાતી સફાઇસુઘડાઇ:-દરેક જણે દરરોજ નાહીને પછી સ્વચ્છ કપડાં પહેરવાં જોઇએ જેથી ચામડી સાફ રહી, પરસેવા મારફતે શરીરમાં થતી ક્રિયાઓથી ઉત્પન્ન થતો કચરો બહાર સહેલાઇથી નીકળી જાય. ગુપ્ત ભાગ દરરોજ સાબુપાણીથી ધોવા જોઇએ. ઝાડો પણ રોજ સાફ આવવો જોઇએ. દાંત અને મોઢાની સ્વચ્છતા પર ખૂબ ધ્યાન આપવું જોઇએ. દાંતની હાલત ઉપરથી માણસની તબીઅતનું તોલ થાય છે.

તંદુરસ્તીને મોટું નુકશાન કરનાર ગરમીના દરદો ગણાય છે. તે આપણી કોમમાં દિન પર દિન વધતા જાય છે. તેથી સ્ત્રીઓને કસુવાવડ થાય છે, બાળકોના મોટા પ્રમાણમાં મરણ નીપજે છે અને દાદ

ફેલ્યરના કેસીસ કોમમાં વધતા જાય છે. તેના કારણો મોટી વયના લગ્ન, કુંવારાપણું અને છકેલ જિંદગી છે એ વિષે કોમનું ધ્યાન ખેંચવું વાજબી ગણાશે આ બાબતો પર બચ્ચુ સમજણું થતાં તેને ધ્યાન આપતા શીખવવું જોઇએ જેથી તેની જિંદગીનો પાયો સારી રીતે નખાય અને સારી આદત પડેલેથી પછી તે આખી જિંદગી ચાલુ રહે.

## પારસી કોમની શારીરિક સ્થિતિ

આટલા સામાન્ય અવલોકન પછી પારસી કોમની તંદુરસ્તી પર નજર ફેરવીએ પારસી કોમ હિંદની બીજી કોમો કરતા વધુ આગળ વધેલી ગણાય છે, પણ તંદુરસ્તીની બાબતમા, બીજી કોમો કરતાં હાલની કોમ આગળના જમાના જેમ રૂષ્ટપુષ્ટ તો નહિ જ કહેવાય હાલના પારસીઓનાં બાંધો, ઉઘરભાવ, તેમની જિંદગીની દોરી વગેરે આગળના જમાના સાથે સરખાવતા ઘણા નબળા પડ્યાં છે એનો પુરાવો ઊડતા રોગચાળા પ્રસંગે મોટા પ્રમાણમા થતા મરણો, 'હાર્ટ ફેલ્યર' અને ખહીના રોગોનું દિવસે દિવસે વધતું જતું પ્રમાણ, વધતુ જતું બાળમરણ પ્રમાણ અને સુવાવડ દરમિયાન અને પછી નીપજતા ઓઓના મરણો, સુવાવડ પછી થતાં દુઃખ દર્દો, વગેરેથી મળી રહે છે. હાલના જમાનાના સ્ત્રી-પુરુષોના બાંધાની સરખામણી આપણા વડવાઓ સાથે કરતા આ બાબતની ખાતરી થાય છે

આપણા વડવાઓ કરતા આપણે વધુ કેળવણી લીધી છે એ વાત સાચી છે, પણ જો કેળવાયેલા માણસો પોતાની તંદુરસ્તી જાળવવામા નિષ્ફળ નીવડે તો પછી તેવી કેળવણી મગરૂરી લેવા જેવી બીના છે ખરી? ઉત્તમ કેળવણી તે જ કહેવાય જેમા તંદુરસ્તી જાળવી રાખવાનુ શિક્ષણ અપાય અને તંદુરસ્ત શહેરીઓ ઉત્પન્ન કરી, તેઓને આબરુ ઇજ્જતે પોતાનું ગુજરાન કરતા બનાવે. તંદુરસ્ત શહેરીઓ બનાવવા તંદુરસ્ત બાળકોનો જન્મ જરૂરી છે.

સુધારાના આગળ વધવા સાથે આપણને જેમ ફાયદો થયો છે તેમ ગેરફાયદો પણ થયો છે વહેમ અને અજ્ઞાનતા દૂર થવા સાથે દેખાદેખીથી જિંદગી ખરચાળ અને ગૂંચવણભરી બની છે. પરિણામે તંદુરસ્તી બગડી છે અને પૈસાનો ભોગ થતો રહ્યો છે.

આગલા જમાનાનાં અને હાલના જીવનનાં બે ચિત્ર લઇએ:-

(૧) આપણા વડવાઓનું જીવન સાદું અને મહેનતુ હતું–તેઓ બચ્ચાંઓને સંગીન કેળવણી–ઘર અને ધર્મની આપતાં હતાં. છોકરાંઓને થોડી કેળવણી આપી પોતાના ધંધામાં નાંખતા હતાં. કુટુંબના સર્વ સભાસદો સાથે રહેતાં હતાં. ઘર અને બાળકો ઉછેરવાનું તમામ કામ સ્ત્રીઓ ફ્તેહમંદીથી હાથેજાતે કરતી હતી અને બંનેના સહકારથી પૈસા ઠીક ઠીક બચતા હતા. છોકરીઓને ઘરસંસારી કેળવણી આપીને, પછી જ સાસરે મોકલતાં હતાં.

(૨) વખતના વહેવા સાથે અંગ્રેજ રાજ્યકર્તાના સંબંધમાં વધુ આવવાથી તેઓના ચાલુ પટપટારા "દૃશીઓએ પોતાના જીવનનો 'સ્ટેન્ડર્ડ' ઉંચો બનાવવો જોઇએ"–તેને વગર વિચારે આધિન થયા. તે વખતે એ ખ્યાલ નહિ કર્યો કે તે લોક જેવા આપણા મોટા પગાર નથી, આવકના વિશાળ સાધનો નથી, તો તેમની માફક આપણાથી કર્યાથી રહેવાય? વધુમાં પોતાનો વહીવટ સરળતાથી ચલાવવા, કારકૂનો મેળવવાની મતલબથી, જે જાતની કેળવણી તેમણે આપી તેનો આપણે ભોગ બન્યા, અને હાથેજાતે કામ કરી સારી દોલત મેળવવા કરતાં, ટેબલખુરસીએ બેસીને કારકૂની કરવાનુ પસંદ કર્યું. પરિણામે કોમની નાદારી ને નાતવાનીનો પાયો નંખાયો. વખતના વહેવા સાથે છોકરીઓને કેળવણી અપાઇ તે પણ છોકરાઓના જેવી જ. એટલે અંગ્રેજોની નકલ કરી, ઘર અને બચ્ચાં, નોકરો પર છોડી, સ્ત્રીઓએ સંસાર નબળો પાડયો ને ખર્ચો વધારી નાંખ્યા, અને તેમનો બાંધો ય પાંગળો બન્યો.

## મનોવૃત્તિ ફેરવવી જોઇએ

વડવાઓની કીર્તિ પર જ જીવવાનો વખત વહી ગયો છે. આપણા ફેરવાયેલા સંજોગો અને દેશની રાજદ્વારી ફેરબદલી જોતા આપણે આપણી મનોવૃત્તિ ફેરવવી જોઇએ અને વખતને અનુસરતા ફેરફાર઼ઝટ કરવા જોઇએ. મોજીલી શોખાલી જિંદગી વધુ વાર ગુજારવાથી હાનીકારક પરિણામ આવ્યા વિના રહેશે નહિ. હાલના જમાનાને જરૂરી કરકસર અને જાતમહેનતના ગુણો અપનાવી લેવામાં પારસી જેવી ચંચળ કોમને વખત લાગવો ન જોઇએ.

## દુઃખ–દદ અટકાવવાની જરૂર

પહેલા પગલાં તરીકે, દુઃખદર્દનાં ચિહ્ન જણાતાં જ તેને જડમૂળથી ઉખેડી નાંખવાનાં પગલાં ભરવા જોઇએ અને તંદુરસ્ત ઓલાદ ઊભી-

કરવી જોઈએ. સારો ખોરાક, કસરત, નિયમિત જિંદગી, બાળકો માટે સ્વચ્છ ભેળસેળ વગરનું દૂધ, વગેરે પર ધ્યાન અપાવું જોઈએ સૌથી સરસ ઇલાજ તરીકે વરસમાં બે વખત દરેક સ્ત્રી, પુરુષ અને બાળકની શારીરિક તપાસ કુદુમી તબીબ પાસે કરાવવી જોઈએ જેથી કોઈ પણ દર્દ શરૂઆતમાંજ પરખાઈ આવી તેના ચાપતા ઇલાજ થય. આથી મહેનત, પૈસો અને તંદુરસ્તીની બરબાદી થતી અટકશે. એને બદલે પારસી જેવી નાની શીખેલી કોમ, તેનો દરેક સભાસદ દુખી દર્દી હોય એમ, હોસ્પિટલો નિભાવવા પાછળ સકમાઇનો પૈસો બરબાદ કરે છે.

## મુંબઈની પારસી પંચાયતની પહેલ

વરસો થયા બાળકો ને ગર્ભવંતી સ્ત્રીઓની સભાળ અર્થે પારસી પંચાયત એક ડોક્ટર અને કેળવાયેલી નર્સો મારફતે 'ચાઇલ્ડ વેલફેર' નામની સસ્થા ચલાવે છે જેમા બાળકોને કેમ ઉછેરવા અને સુવાવડ પહેલા ને પછી માતાની તબીઅત કેમ સભાળવી તેનુ જ્ઞાન અપાય છે.

થોડા વખતથી જાણીતા તમીબાની કમિટી નીમી, પારસી સખાવતી શાળાઓના બાળકોની નિયમિત તબીબી તપાસ પગારદાર દાક્તરો પાસે લેવડાવી, દર્દીના તાત્કાલિક ઉપાયો સ્કૂલ અને માબાપના ભેગા સહકારથી લેવાય છે.

બાળકોને સારી સુખાકારી ભરેલી શાળામા મૂકવાથી અને ત્યા ચાલતી તબીબી તપાસથી થતા ફાયદાનો એક દાખલો લઇએ. એક પારસી છોકરાને ક્રિકેટનો બોલ આખમા લાગવાથી તેની આખનું રતન લગભગ જતું રહ્યું હતુ નાદાન બચ્ચુ એ સમજ્યુ નહિ બોર્ડિંગ સ્કૂલની તબીબી તપાસમા તે માલમ પડતા સત્તાવાળાઓએ માબાપ પર તરત લખી ચાપતા ઇલાજ કરવા તાકીદ કરી. મહામુસીબતે અને સેકડો રૂપિયા ખર્ચ્યા પછી આખનુ રતન પાછુ આવ્યુ. વેળાસર એમ નહિ થતે તો બાળક માટે કેવુ ભયાનક ભવિષ્ય રહેતે !

## સ્ત્રી–પુરુષ જુદાં કાર્ય માટે સર્જાયાં છે

પરવરદેગારે સ્ત્રી અને પુરુષને જુદાં જુદા કામો માટે સર્જ્યા છે– પુરૂષને કુટુબનુ પાલણ કરવા અને સ્ત્રીને ઘરસસાર ચલાવવા ને

માણસની આબાદ વધારવા આ બને માટે જુદા જુદા પ્રકારની કેળવણી અપાવી જોઇએ સ્ત્રી જાતે નબળી છે, છતા ઘરનાં માણસોની તદુરસ્તી સાચવવાની, રાંધવા, સીવવા, કપડાં વસાવવા, માંદાની માવજત કરવા, નોકરો પર દેખરેખ રાખવા અને બાળકોને જન્મ આપી તદુરસ્ત રીતે ઉછેરવાની મોટી જોખમદારી તેને સોંપાયેલી છે, છતા પુરુષો સાથે સરખાવતા સ્ત્રીની જિંદગીની કિંમત ઓછી ગણાય છે અને છોકરાઓ સાથે સરખાવતા છોકરીઓને ઉછેરવામા અને કેળવણી આપવામા સરખી કાળજી નથી રખાતી આવા જોખમભર્યાં કામ યોગ્ય કેળવણી વગર સંતોષકારક રીતે તે કેમ બજાવી શકે!

## ગર્ભવતી સ્ત્રી અને બાળકની સંભાળ

દુખ અટકાવવાના નિયમ પર, જેવુ બાળક પેટમાં રહે ત્યારથી તે સુવાવડ થાય ત્યા સુધી સ્ત્રીઓ સભાળ લે, દર માસે બાળ અને માતાહિતની કલીનીકમા અથવા દાક્તર પાસે જઈ બરોબર શારીરિક તપાસ કરાવે અને નિયમિત પીશાબ તપાસાવે તો બાળક આવવાના માર્ગની, ગુર્દાની અને બીજી કોઈ ફરીયાદ હોય તો તે પકડાઈ આવી, તેના યોગ્ય ઇલાજ લેવાવાથી સુવાવડ વખતે થતાં મરણ ઓછા થાય.

સુવાવડ અને પેટમા બચ્ચુ રહેવુ એ કુદરતી બનાવ છે અને તે વખતે સાધારણ હમેશ માફક જિંદગી ગુજારવી જોઇએ એ સ્થિતિમા કોઈ વખતે ગુર્દા અને હ્રદય પર બોજો પડવાથી મો અને પગ પર સોજા આવે છે, તેને 'ડેન્જર સીગ્નલ' ગણી તરત ઇલાજ કરવા જોઇએ

હમેલદાર સ્ત્રીએ પોતાની અને બાળકની સભાળ લેવાની કેળવણી વેળાસર લેવી જોઇએ, સુવાવડ ક્યા કરાવવી તેની ગોઠવણ અગાઉથી કરી રાખવી જોઇએ અને સુવાવડ તથા બાળક માટે જોઈતીકરતી વસ્તુઓની તૈયારી કરી રાખવી જોઇએ બાળક જન્મ્યા પછી તેની ઉછેરણીમા માતાનું દૂધ અવશ્ય છે, તે જલદી જરપન થાય અને સસ્તુ ને વગર તકલીફે અપાય એવું હોવાથી પોતાનુ જ દૂધ આપવાની પવિત્ર ફરજ માતાએ અદા કરવી જોઇએ બીજુ, નાનપણથી જ બાળકને નિયમિતપણુ—સૂવા અને દૂધ આપવામાં—પાળવતા શીખવવુ જોઇએ. આમ થતાં તેના ચારિત્ર્ય અને તદુરસ્તીનો સગીન પાયો નખાય છે

# જરથોસ્તી જીવનમાં થવું જોઇતું પરિવર્તન

આ. ફીરોઝ કાવસજી દાવર

**તમામ** વસ્તુઓ, સજીવ કે નિર્જીવ, ચઢાણ કરતા ઊતરણ વધુ પસંદ કરે છે. ચઢાણમાં કીર્તિ હશે પણ તેમાં શ્રમ છે ઊતરણમાં કદાચ આબરુ નહિ હોય પણ આનંદ તો છે જ સામાન્ય મનુષ્ય સ્વભાવ પણ બૌદ્ધિક કે નૈતિક કેળવણીને અભાવે ઊતરણ ઉપરથી વિના શ્રમે ગબડવું પસંદ કરશે પણ બાહુબળને જોરે મહેનત કરી કીર્તિના ઉન્નત શિખરે ચઢશે નહિ. ઘણા પારસીભાઈઓની ખાસીયત છે કે નાણાંનો વિચાર કરવો નહિ. 'કલ હય ઔર અલ્લાહ હય', આજે તો આનંદ કરી લો કાલનો વિચાર કાલે થઇ રહેશે આજની ભયંકર કટોકટીના વખતમાં, જ્યારે આપણા દેશમાં દાંત અને અન્ન વચ્ચે વેર વસ્યું છે ત્યારે, આ જાતની નફકરાઈ આપણને પાલવે એમ નથી. આપણું જીવન નિયમિત, વ્યવસ્થિત અને સંયમી થવું જોઇએ, ભોગવિલાસ છોડી, આપણું જીવનધોરણ ઉતારી, આપણે સાદાઇ તરફ વળવું જોઇએ જો આપણે આપણા જીવનમાં આ જોઇતું પરિવર્તન આણી ન શક્યા તો જમાનાની ચિંતાજનક ચક્કીમાં પિસાઈ જઇ આપણે નાશ પામીશું. આપણે સંસારસાગરમાં તરવું છે કે ડૂબવું છે તેનો નિર્ણય આપણે જીવનમાં સાદાઇ ઉતારવી છે કે નહિ તેની ઉપર આધાર રાખે છે ઘણાને લાગશે કે સાદાઇ કોઇ એવો મહાન સદ્ગુણ નથી કે જેને આવા ગ્રંથમાં આટલી અગત્ય આપવી પડે પ્લેટો, એરિસ્ટોટલ કે કોઇ પણ બીજા નીતિજ્ઞે સાદાઇને એક મહાન સદ્ગુણ તરીકે વર્ણવી નથી. હશે, સાદાઇ એક મહાન ગુણ છે કે નહિ તે અત્રે બહુ મહત્ત્વનું નથી. પણ આ ગુણને અભાવે પારસીઓ કેવા પછાત પડી રહ્યા છે, તેઓના બીજા ગુણો પણ કેમ પ્રકાશમાં આવી શકતા નથી, અને સમસ્ત જરથોસ્તી જીવન ફાલતુ ફેશનમાં કેમ વેડફાઇ રહ્યું છે તે બતાવી આપવાનો આ લેખનો હેતુ છે

પ્રથમ તો સાદાઇ કેળવવાથી થતા સામાન્ય લાભો ઉપર આપણે નજર કરીશું જ્યાં સાદાઇ છે ત્યાં સંતોષ છે જેને ઝાઝા પૈસાની જરૂર

રહે છે તે કોઇ કાળે સુખી થશે નહિ જેણે ધનના લોભને છત્યો તેણે જગત છત્યું. અખૂટ ધન ધરાવ્યા છતાં જે વધુ ને વધુ ઇચ્છા રાખે છે તેને ગરીબ જ જાણવો, પણ જે થોડા ઉપર સંતોષ ધરી બેઠો છે તે ખરો શ્રીમત છે. એમ કહેવાય છે કે અસંતોષ પણ જીવનમા જરૂરી છે કેમકે તે વિના પ્રગતિ કે સંસ્કૃતિ કે આબાદી નથી અલબત વાજબી આશા કે અભિલાષાની વિરુદ્ધ કોઈ હોય શકે નહિ; પણ પ્રસંગ આવે ત્યારે ક્ષુલ્લક શ્રીમંતાઇ ઉપર–The riches of the mind and the spirit–બુદ્ધિ અને આત્માની શ્રીમંતાઇને સરસાઇ આપવી જોઇએ, અને તે સંતોષ અને સાદાઇ વિના કેળવી શકાશે નહિ. બૌદ્ધિક જ્ઞાન અને મિનોઇ જ્ઞાન ત્યાગભાવના વિના ખીલવી શક્ય નહિ, અને ત્યાગભાવના માટે સંતોષ અને સાદાઇની આવશ્યકતા રહે છે જ્યાં સુધી માણસમા ત્યાગભાવના કે નિષ્કામ કર્મપરાયણતા નથી ત્યાં સુધી કોઈ પણ ઉત્તમ સિદ્ધિની પ્રાપ્તિ અશક્ય છે, અને સાદાઇ–સંતોષનો પાયો હશે ત્યા જ આ અમલો ઉભી શકાશે સાચું સુખ જો મનની શાંતિમા સમાયલું હશે તો તે સ ાદાઇની સહેજે મળશે, પરતુ પૈસાની રેલછેલી તાલાવેલીથી તેમા ખતરો પડશે ઘણો મ ણસો ફુરસદ પણ રહે છે અને જે સમય નાટકસિનેમા કે ક ળાતાની ચેતગ પછવાડે ખરચાતો તે હવે સાહિત્ય, કલા કે સમાજસેવા વગેરે લોકોપયોગી પ્રવૃત્તિમાં વપરાય છે સાદાઇથી જેમ સમયની તેમ પૈસાની પણ કરકસર થાય છે. સાદા માણસને ખરચ કમ હોવાથી કરજમા ફસવાનો પ્રસગ ભીમો થતો નથી, અને કરજદારીને અગે સાધારણ રીતે જે અનેક પ્રકારાં જુઠાં–સાચા અને પ્રપચો થાય છે તેમાંથી તે મુક્ત રહી શકે છે

જ્યાં સાદાઇ છે ત્યા સ્વતંત્રા છે, જ્યારે ધનપિ ાસુ માણસ મોટાની વખાણ અને ખોટાની ખુશામદ કરવા આતુર રહે છે. ઇશ ના ભક્તો સદા જ હોય છે. કદાચ એમ પણ બને કે એક પ્રભુભક્ત શ્રીમત હો મોટી મહેલમાં રહે અને ગાડીઘોડે ફરે, પણ મન અને હૃદયથી તો તે સાદો જ હશે, કેમકે આધ્યાત્મિકતાને અને શ્રીમંતાઇને સાપ નોળિયા જેવો સંબંધ છે. સાદાઇ અને કરકસર એ બે સગી બહેનો સમાન છે. એક સાધારણ ગુંજાયશનો પણ સાદો અને કરકસરીઓ માણસ પોતાના સઘળાં છોકરાંઓને યોગ્ય કેળવણી આપી શકશે અને તેઓને સંસારમાં કોઇની પાછી પેટ ભ ફરજ બજાવી શકશે. એવો માણસ ટૂંક પૂંજીથી ઘરખા ા ારી ઉકેલો

ધંધો માંડી શકશે અથવા સહકારી ધોરણે પોતા માટે એક ઘર પણ બાંધી શકશે. એક ઉડાઉ માણસમાં આવું શાણપણ, આવી દીર્ઘદૃષ્ટિ હોતાં નથી, અને હોય તો પણ ગફલતને છેડે તે ખાલીખમ થઈ બેસતો હોવાથી તે અમલમાં મૂકી શકાતા નથી સાદો માણસ નમ્ર અને વિવેકી હોય છે અને સાદાઈના સદ્‌ગુણથી તેને જગતમાં સમાનતા દેખાય છે પોતે મોટો હોવા છતાં તે સમદૃષ્ટિ કેળવી સૌને સરખી નજરે જુએ છે, અને ગમે તેવા ભિક્ષુક કે નાચીઝ નોકર સાથે પણ તે તુમાખીથી વર્તતો નથી આપણે ધરીએ કે નહિ તો પણ હાલનો જમાનો સમાજવાદ તરફ જઈ રહ્યો છે, અને હવે શ્રીમતાઈ અને નિર્ધનતના ભેદો ભુંસાતા જાય છે આવા જમાનામાં સમાજના એક પક્ષના ભોગે બીજાઓને ઉડાઉપણું કે ઠાઠમાઠી શોભતા નથી, પણ આવા વખતમાં સાદાઈની જ કદર થવા પામશે

સાદાઈનો એક મોટો લાભ એ છે કે તે માણસને લોભમાંથી બચાવે છે સદાઈ એ લોભનું ઓસડ છે અને લોભ તે પાપનું મૂળ છે આવકના સાધનોના પ્રમાણમાં જો ખરચ ન રહ્યો પણ બેકાબૂ વધી ગયો તો માણસને પાપમાં ફસાયા વિના છૂટકો નથી, કેમકે પૈસા વિના જીવન ગાળવું અશક્ય છે પૈસાની ચાનુ વગરનખરે નીચે માણસ લાચરસ્વત અને અપ્રમાણિકતામાં સપડાય છે કેઇ પુરુષના દારૂ, બીડી જુગાર વગેરેના વ્યસનથી કુટુંબની બરબાદી થાય છે, કોઇ નારીઓના હાલી શોભનશાભન અને અકરીકટના આંધળા ખર્ચથી કુટુંબની કિસ્તી ખરમે અથડાય છે અને બન્ને તેવાં હોય તો પતનની પાળે ચઢી વિનાશ વડેનો આવી પૂગે છે જ્યાં સાદાઈનો લોપ થયો અને ઠાઠમાઠી પેઠી ત્યાં આબરૂનાં પણ જોખમાય, અને ઓની સૌથી મૂલ્યવાન મીરાસ—નીતિ પાકદામન—ને પણ કલંક લગાડવાનો પ્રસંગ કદાચ ઊભો થાય જેમ લોભને અંગે અનેક પાપો દોડ્યાં આવે છે તેમ સાદાઈ અનેક સદ્‌ગુણોની માતા છે એ ભીનાશ્રુ તો બીજા ગુણો આપમેળે ખીલશે, પરંતુ એ ભૂમિકા જ જો ન હોય તો બીજા ગુણોને ઊભા રહેવાનું સ્થાન જ નહિ રહે

આપણા પોતાના સમાજ ઉપર આવતાં આપણે જોઈએ છીએ કે અઇ સદીના આપણા પૂર્વજો થોડાથી રાજી રહેતા, ખાધેપીધે, હેરનેઓઢવે સંયમી હતા, આખો દિવસ કામ કરતા તેઓ અપકાતા નહોતા,

ખડતલપણાથી અને સાદાઈથી તેઓ પુષ્કળ કમાયા, ધંધાવેપાર, હુન્નરઉદ્યોગ મચાવી ગયા અને છૂટે હાથે સખાવત કરી જરથોસ્તી નામ દીપાવી ગયા. જેઓ શ્રીમંત હતા તેઓ આળસુ જીવન ગુજારી બાદશાહી કરી ગયા નથી પણ દોલતમાં દોલત કેમ વધે અને તે કોમ પરકોમનાં ભલા માટે શી રીતે ખરચાય એનો તેઓને અંદેશો હતો. આજના આળસ અને અકરીકટના જમાનામાં મહેનત અને પુરુષાર્થથી, રસ્તે ચાલતા નીકળવાથી અથવા આપણી પોતાની કોથળી ઉપાડતા આપણને જાણે ન્હાનમ લાગે છે તેમ હોવાથી આપણામાં હવે શ્રીમંતાઈ તો સંભવે જ કેમ અને સખાવતનો તો સવાલ જ ક્યાં રહ્યો? માણસને અકળાવી નાખનારી કોઈ એવી સ્થિતિ હોય તો તે બેકારી છે. બેકાર માણસની રોજી બંધ થવાથી તે બેબાકળો બને તેમાં નવાઈ નથી, તેણે જો ડહાપણ વાપરી પગ જોઈ પાથરણું તાણ્યુ હશે, તો વર્ષ બે વર્ષ પણ નોકરીની શોધમાં તે ખેંચી શકશે. જો તેનું આવું સાદું જીવન ન હોય, તો બે મહિનામાં જ તળિયાઝાટક થઈ નહિ કરવાનું કરી બેસી તે કુટુંબને પાયમાલ કરી મૂકશે. એક વખતના સુખવાસી કુટુંબના સંતાનો સાદાઈના સદ્ગુણના અભાવે આજે પંચાયતના નાણાંની મદદ સ્વીકારવા હાથ લાંબો કરે છે. તવંગરી ઉપરથી મહોતાજીમાં ગબડવું તે કમનસીબી છે, પાપ નથી, પણ આંખો મીંચી કૂવામાં ઝંપલાવી પડવું તે નરી મૂર્ખતા છે, અક્કલનું દેવાળું છે. પરિણામની પરવા કર્યા વિના જે વિનાશ નોતરે છે અને પોતે પોતાનો જ શત્રુ બને છે તેને કોણ અને કેમ મદદ કરી શકે?

આપણી કોમમાં આજે મોડાં લગ્નો થાય છે એવો વાજબી પોકાર છે. ગઈ સદીમાં આપણી રહેણીકરણીમાં એવી સાદાઈ હતી. મોટાં કુટુંબો સુખસંપથી એવી રીતે રહેતાં હતાં કે તે વખતે આ અનિષ્ટ જણાતું પણ નહોતું. જ્યારથી આપણા જીવનમાંથી સાદાઈને તિલાંજલિ મળી ત્યારથી વખતસર લગ્ન કરવાથી જુવાનો બચી રહેવા લાગ્યા. પોતાનું જ જીવનધોરણ કૃત્રિમ રીતે ઊંચું રહ્યું હોય, પોતે જ પોતાનું જ પૂરું ન કરી શકતો હોય ત્યાં બૈરીના અને ભવિષ્યના કુટુંબના ખરચાથી તે ગભરાઈ લગનથી દૂર નાસે એમાં શી નવાઈ? મોડાં લગ્નો થવાથી માણસનું જીવન અકુદરતી થાય અને કદાચ અનીતિમાન પણ બને. મોડેથી લગ્ન કરવાથી સંતતિ પણ ઓછી થાય એ બનવાજોગ છે. જે શાણા માણસને કોમની દાઝ છે તે સાદાઈનો

સદ્ગુણ કેળવી યોગ્ય વખતે શાદી કરી આ અનિષ્ટ પરિણામોમાંથી મુક્ત રહે છે.

આપણી કોમમા જેટલી બેહતરીની યોજનાઓ છે તેટલી બીજી થોડી કોમોમા જોવામા આવશે, અને તે છતા એમાની થોડી જ અમલમા મૂકી શકાય છે, તેનુ મુખ્ય કારણ આપણા જીવનમા સાદાઇનો અભાવ છે. ખરેખર પ્રમાણિક અને એકનિષ્ઠ કોમ-સેવકોમા સાદાઈ તો હોવી જ જોઇએ જે પોતાની જ પછવાડે ખરચ કરવા આતુર હશે તે કોમ પછવાડે ખરચવાના સાધન અને શક્તિ કયાથી લાવશે ? વળી એકાદ લાભકારક યોજના કોમને લાગુ પાડતા તેને કોમ તરફથી સગીન ટેકો અને સહકાર મળવા જોઇએ જો કોમના સભ્યો પોતાની જરૂરિયાતો ઘટાડે નહિ અથવા જોક્તી શિસ્ત, સાદાઇ કે સયમ પાળે નહિ તો ગમે તેવી ઉત્તમ અને ઉપયોગી યોજના વ્યર્થ જ જવે અને આપણે જ્યા હતા ત્યાં જ રહી, જઇયુ. ઓગણીસમી સદીમા અને વીસમી સદીની શરૂઆતમા આપણા જરથોસ્તી ઇરાની ભાઇઓ ધધા-ઉદ્યોગમા મચી ગયા તે તમના ખડતલ પણા, ખત અને અત્યત સાદા જીવનને આભારી હતું આજે બીજી કોમો આપણાથી આગળ વધી ગઇ છે, સખ્યાબળને કારણે તેઓ હરીફાઈમા આગળ નીકળી જાય તે સ્વાભાવિક છે, પણ તેઓ જો ઓછો પગાર અને વધુ કામ કરવા રાજી હોય, જો તેઓનુ જીવન વધુ સાદુ અને સયમી હોય તો સખ્યાની કોતાહીથી નહિ પણ અમુક ગુણોની કોતાહીથી આપણે જીવનયુદ્ધ હારીએ છીએ એમ કબૂલવુ પડશે પારસીઓમા આજે એક "દયાળ બાગ" જેવી સસ્થા નથી એવી ચાલુ ફરિયાદ થાય છે. એના કારણો અનેક હશે, પરતુ જે કાર્યકર્તાઓ તેમા જોડાય તેઓમા ઓછામા ઓછો સાદાઇનો ગુણ તો રહેવો જ જોઇએ સાદાઇ સાથે જો આપણે સ્વભોગ, સેવાભાવ, ત્યાગભાવ અને સયમબળ કેળવી શકીશુ તો આપણી જરૂરિયાત પ્રમાણે કોમને ઉપકારક એવી આ મહાન સસ્થાને ન્હાના કે મોટા પાયા ઉપર આપણે જન્મ આપી શકીશુ.

કોઈ મહાન નેમને ખાતર જીવન સમર્પણ કરી તેની પછવાડે જ મચ્યા રહેનાર આપણી કોમમાથી ઘણા નહિ નીકળે તેનુ એક કારણ એ કે જેમ હિંદુઓમા સન્યાસી મડળ છે, અથવા રોમન કેથલિકોમાં જેસ્યુઇટ સઘ છે તેમ આપણા ધર્મ પ્રમાણે આપણે સન્યાસીઓ થઇ શકતા નથી;

તેમાં આપણો દોષ પણ નથી; પણ પ્રોટેસટન્ટ ડૉકટરો કે શિક્ષાગુરુઓ, સામાન્ય ગૃહસ્થજીવન ગાળી માનવકલ્યાણ ખાતર જીવન અર્પણ કરે છે તેવા દાખલા પણ આપણામાંથી જુજ જ નીકળશે શું બીજી કોમોને મુકાબલે આપણામાં સ્વભોગ, સેવાભાવ કે ત્યાગભાવના ઓછા હશે? શું આપણે સખાવત કરી છૂટી જઇએ છીએ અને સેવા કરવાનું બીજાને માથે નાખીએ છીએ? સાધારણ રીતે તો લોકસેવા કે પરોપકાર કરવામાં પારસી બચ્ચો બીજાથી પાછો હઠે એમ નથી પારસીઓમાં સ્વભોગ કે સેવાભાવ નથી એમ નથી, પણ એ સદ્‌ગુણોને જીવનમાં ટકાવી રાખનારું બળ તે સાદાઇ છે, જેની ઉણપ આપણી કોમમાં તરત દેખાઇ આવે છે થોડાથી આપણું પૂરું થતું નથી ત્યાં સ્વભોગ કેમ બતાવીએ અને સેવા કોની કરીએ? આ પરિસ્થિતિમાં જો પરકોમના બંધુઓ આપણે માથે જડવાદનું આળ ચઢાવે તો તેઓના મતનું ખંડન કરવું આપણે માટે સહેલું તો નથી જ. આપણા ધર્મમાં તો જડવાદને ઉત્તેજન મળતું નથી પણ આપણા હાલના સમાજ ઉપરથી આપણે જાણે જડવાદી હોઇએ એવી છાપ પારકાઓ ઉપર પડે છે.

આપણામાં પરોપકારી ડૉકટરો અનેક હશે તો પણ મીરજ, નડિયાદ કે આણંદ ખાતે જેવી મિશનરી સંસ્થાઓ છે, જેમના તબીબો ધનપ્રાપ્તિ ઉપર અંકુશ મુકી પરગજુ કામ કરી હજારો દર્દીઓના આશિષ લે છે, તેવી સંસ્થાઓ આપણામાં દેખાતી નથી. કેટલાકો કહેશે કે લાખોની રકમોવાળી આવી સંસ્થાઓ ઊભી કરી આપો અને પછી પરગજુ જુસ્સાવાળા સ્વભોગશીલ પારસી ડૉકટરો જરૂર એમાં જોડાશે એમ કહેવું તે ઘોડા પહેલાં ગાડી મૂકવા જેવું થાય છે આપણી કોમમાં પહેલાં સાદાઇ અને સંતોષ હશે તો તેના ટેકાથી સ્વભોગ અને સેવાભાવના આપણામાં ખીલી નીકળશે, અને તે વ્યકત કરવા આપોઆપ આવી સંસ્થાઓ ઊભી થશે જો માંગ (demand) હશે તો પૂરવઠો (supply) ગમે ત્યાંથી આવશે જ, આપણામાં જો અમુક સદ્‌ગુણો હશે તો તે પ્રદર્શિત કરવાનાં યોગ્ય સાધનો ઊભાં થશે અથવા ઊભાં કરવાં પડશે પણ જો તે સદ્‌ગુણો જ ન હોય, અગર હોવા છતાં સાદા અને સંતોષી જીવનને અભાવે તેને પુષ્ટિ મળતી ન હોય, તો મિશનરી જુસ્સાથી ચાલતી સંસ્થાઓ આપણા સમાજમાં ઊભી કરવી એ શકય નથી અમીરીમાં જન્મી તેનો લાભ ન

લેનાર પણ સમાજને અપાવનાર સાચા સમાજસેવક ભાઈ જે. શેઠ મહેતાએ સેવાભાવનો જ્વલંત દૃષ્ટાંત કોમપરકોમને પૂરો પાડ્યો છે; જ્યારે ખાદીનાં વસ્ત્રો સજી પોતાના જ પોટલા પોતે ઉપાડી ગાંધીનું ગોપીચંદન કરી ગામે ગામ ફરી ભાઈ બરજોરજી ભરૂચાએ પોતાની મતિ અનુસાર આપણી કોમની બહુ રૂડી સેવા બજાવી છે. જ્યાં સાદાઈની ભૂમિકા હશે ત્યાં જ સ્વત્યાગના અંકુરો ફૂટશે, એ ઉડાઉપણાની ઉજ્જડ ભૂમિમાં ફૂટી શકતા નથી; અને ત્યાગવૃત્તિના પ્રમાણમાં જ સેવાભાવના પણ રહેશે. આ બન્ને સજ્જનોનાં દૃષ્ટાંતો ઉપરથી જોઈ શકાશે કે આપણામાં પરોપકારી વ્યક્તિઓ તો છે; પણ પરોપકારી સંસ્થાઓ બરપા કરવા માટે તો સમસ્ત કોમમાં સાદાઈ અને સેવાભાવના ખીલવવાની આવશ્યકતા રહે છે.

ઇતિહાસ ઉપરથી જણાય છે કે એક સાદી અને લડાયક કોમ પહેલાં તો જીતો મેળવી રાજ્ય અને પછી સામ્રાજ્ય જમાવે છે. ત્યાર બાદ સત્તાના મદમાં પડી તે સાદું જીવન છોડી વિલાસમાં પડે છે, વિલાસનું પરિણામ પાપમાં આવે છે અને તે કોમના જાતી-સદ્ગુણોમાં શિથિલતા આવી જાય છે. કુદરતના કાનૂનો માફક નૈતિક નિયમો પણ અચલ હોય છે, અને તે અનુસાર આપનું પરિણામ વિનાશમાં આવે છે. એ રીતે જ પ્રાચીન એસીરિયા, ઇરાન, રોમ અને અનેક મહાન શહેનશાહતોનું પતન થયું જ્યારે સાસાની ઇરાન પડ્યું અને ત્યાંની દોલત મક્કામાં ઘસડાઈ આવી ત્યારે આરબો હર્ષઘેલા બન્યા; પણ હઝરત ઉમરે તે જોઈ આંસુ પાડ્યા; તેનું કારણ પૂછતાં તેમણે કહ્યું—"આ ધનદોલતમાં હું ઇસ્લામી રાજનું ભવિષ્યનું પતન જોઉં છું. આ બેહદ દોલતને કારણે તો ઇરાન પડ્યું અને આપણને પાડવા સારુ તે વળી અહીં ખેંચાઈ આવી છે." જેણે ઇતિહાસ વાંચ્યો છે પણ આ બોધ ગ્રહણ કર્યો નથી તેનું ઇતિહાસ-વાચન એળે ગયું છે એમ જાણવું.

જીવનમાં સાદાઈ આણવી એટલે કંજુસાઈ કરવી એમ નથી. જો પૂરતું હોય તો સ્વાર્થી કંજુસાઈ કરતાં પરમાર્થ અને સખાવત બહેતર છે. સાદાઈ રાખવી એટલે મેલાઘેલા ફરવું એમ પણ નથી. સાદાઈ અને સુઘડતાનો મેળ સહેલાઈથી બેસી શકે, એટલું જ નહિ પણ સાદાઈ કલામય પણ હોય શકે, અને ભભકાભરી કલા કરતાં સાદી કલાને જ ઘણા કલાકારો વધુ પસંદગી આપે છે. સાદા જીવનને નિરસ, શુષ્ક અને જડ

માની લેવું એ પણ ભૂલ છે. જિંદગીમાં પ્રમાણુસર આનંદની પણ જરૂર છેઃ પણ જીવ્યા તે ભોગવિલાસ માટે જ અને જન્મ્યા તે અનેક શોખોની તૃપ્તિ સારુ જ એવી વલણ વિનાશ તરફ જ દોરવશે. સાદું જીવન ગાળવું એટલે સાધુની પેઠે સમાજનો ત્યાગ કરવો અથવા સોક્રેટિસની* પેઠે ગંભીર મુખે ફરવું એમ પણ નથી. સન્યાસ તો આપણા ધર્મમાં છે જ નહિ, એટલે એ પ્રશ્ન ઊભો થતો જ નથી. ખરું જોતાં તો સાદો માણસ જ નચિંત અને આનંદી હોઈ શકે છે; તેથી ઊલટું ઉડાઉ માણસ ચિંતાગ્રસ્ત હોય છે કે કાલની મજાહ માટે પૈસા લાવવા ક્યાંથી અથવા આવતે મહીને લેણુદારને શું બહાનું કાઢી ઉડાવવો. સાદાઇમાં જે આબરૂ, શોભા અને મનની શાંતિ છે તે છકેલ જીવનમાં નથી.

એક સામાન્ય પારસીનુ ગૃહજીવન તપાસો. એનું રાચરચીલું, ખોરાકી, પોશાકીનું અવલોકન કરો; દારૂ બીડી ઉપર થતા પૈસાના ધૂમાડા ઉપર અફસોસ કરો; એ મુસાફરીએ જાય ત્યારે એના અકળાવી નાખનારા સરસામાન ઉપર નજર નાખો; નવજોત કે લગ્ન વખતના બેફામ ખર્ચાઓનું સરવાળું કાઢો, તે પ્રસંગોએ થતી (દારૂબંધી પહેલાંની) શરાબની રેલમછેલ જુઓ, અને (માપબંધી પહેલાંની) રાક્ષસને પણ અજીરણ કરે એવી એ વખતની અનેક લચલચતી વાનીઓ ઉપર નિગાહ કરોઃ જન્મથી મરણ સુધીના આપણા મુખ્ય ખર્ચાઓ બીજી કોમોના તેવા ખર્ચાઓ સાથે સરખાવી જુઓ, અને આપણને સંશય થશે કે આપણે પૈસો ફેંકી દેવા કમાઇએ છીએ કે તેનો સદુપયોગ કરવા. આપણે જો આપણાં જીવનમાં પરિવર્તન ન કરીએ અને સાદાઇ ન અપનાવીએ તો ભવિષ્યની આપણી ઔલાદની પછાત સ્થિતિ માટે આપણે પોતે જવાબદાર ગણાઈશું. આપણા કેટલાંક કુરિવાજો સાદાઇના અભાવે જ ઉત્પન્ન થયા છે. દાખલા તરીકે લગ્નપ્રસંગે કન્યા તરફથી જે "રીત" અપાય છે, બલકે વરપક્ષ તરફથી મોઢે ચઢી મગાય છે તે ખરું જોતાં એક પ્રકારનું કાળું બજાર છેઃ યા તો વરરાજાઓની તંગી અનુભવો અથવા તેમણે ઊંચી કરેલી કાળા બજારની કિંમત ભરી આપણી છોકરીને સંસારમાં ગોઠવો.

---

* સોક્રેટિસને આ માટે ગંભીર કહેતા હશે તે સમજાતું નથી. એ મહાપુરુષ કદરૂપો પણ આનંદી હતો અને ઠઠ્ઠા-મશ્કરીનો શોખીન હતો. પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ Socratic ironyથી માહિતગાર હશે જ.

સાધારણ પૂંજીના અડધો ડઝન પુત્રીઓના પિતાની જમરૂપી જમાઇઓને દંડ ભરતાં ભરતાં વૃદ્ધાવસ્થામાં શી સ્થિતિ થતી હશે, અને પોતાના કફન પુરતા પૈસા પણ પાસેથી નીકળતા હશે કે કેમ તે રહેજે કલ્પી શકાશે. હોય વર અને કન્યા બન્નો છે, બન્ને ઉડાઉ અને છેલછબીલા છે, પછી પરણનાર ઘણી રીત ન માગે તો સંસાર નિભાવે શી રીતે? માટે જો બન્નેનુ જીવન સાદું અને સંયમી હોય તો વરને રીત લેવાનું કારણ ન રહે, અને રીતનો કાયદો પણ ધારાસભામા પસાર કરવાની જરૂર ન પડે.

આપણું કલબજીવન તપાસો ત્યા પણ કેટલીક વાર નિર્દોષ રમતગમતો અને વિનોદમય વાતચીતને બદલે દારૂ, બીડી અને જુગારનાં વ્યસનો નજરે પડે છે જુગારનો પૈસો નથી મહેનતથી કે બુદ્ધિબળથી મેળવાતો, નથી બક્ષિસમા મળતો, નથી અદલામદલીથી લેવાતો કે નથી વંશપરપરાગત પ્રાપ્ત થતો. ખોનાર ધણીની સમતિથી આ પૈસા જીતનારને મળ્યા એટલું જ, બાકી જીતનારનો એની ઉપર નૈતિક હક લગારે નથી બે માણુસો શરત બકે કે જીતનારે હારનારનુ ગળું કાપવુ, તો હારનાર માણસે મરવની સમતિ આપી હતી તે કારણે ગળુ કાપનાર ઇન્સાફની અદાલતમાથી છૂટતો નથી સમતિ આપો કે ન આપો પણ ખોટુ તે ખોટુ જ, અને રમતોમા જુગારનુ તત્વ હોય, જ્યાં હોડ (stakes) મૂકાતી હોય જ્યા બુદ્ધિબળ કરતા અકસ્માત (chance)નુ પ્રમાણ ઘણું વધારે હોય તેમા ભલે પ્રતિષ્ઠિત અને દરજ્જાવાળા માણસો પડે તો પણ સાદા અને સમજદાર હમદીનો માટે એ ઇચ્છનીય નથી ઘોડદોડની શરતને ભલે બ્રિટિશ સરકારે કાયદાસરની ગણી હોય, ભલે મોભાદાર અમલદારોનો ત્યા મેળો ભરાતો હોય, તોપણ હજારના ખીસાં ખાલી કરી એકને મિનમહેનતે મળેલો આ પૈસો એ મલિન વસ્તુ છે, અને સચેત અતકરણવાળો કોઇ પણ જરથોસ્તી તે સ્વીકારતા અચકાશે. વળી જે સાદાઇને વર્યો છે, જે દુન્યવી લાલચો ઉપર અકુશ ધરાવે છે, તે આવાં પ્રલોભનોમા ફસતો નથી, અને હાથ મારવા જતાં મૂડી ખોતો પણ નથી

આજે પારસીઓમાં મુફલિસી બેહદ વધી ગઇ છે પચાયતના ટ્રસ્ટી સાહેબો યોજનાઓ ઘડતાં અને ગરીબોને ઉચકા આપતા અકળાયા છે ગરીબી એ માત્ર એક આર્થિક અનિષ્ટ નથી પણ તેને નીતિઅનીતિ

સાથે સીધો સંબંધ છે. જો આ ગરીબીનો પ્રામાણિક ઉપાય નહિ થશે તો આપણી કોમનું ચારિત્ર્ય કથળશે, કોમની નીતિને ધોકો લાગશે, આપણા પૂર્વજોએ મહામહેનતે જમાવેલી પ્રતિષ્ઠાને નુકસાન પૂગશે." ઇલાજ કોમના હાથમાં છે; તે અમલમાં મૂકવા માટે માત્ર નિશ્ચયબળની જરૂર છે. સાદાઇ આપણે જોયું તેમ "સબ દર્દોં કી દવાઇ" કહી શકાય. Plain living and high thinking બન્ને સાથેસાથ વસે છે. જ્યાં સાદું જીવન છે ત્યાં ઉન્નત વિચાર છે; ઉન્નત વિચાર (વોહુમનો) તે અશોઇનો પાયો છે. આપણી જિંદગીમાં જરૂરી પરિવર્તન કરવાથી સાદાઇની ભૂમિમાંથી આ મહાન સદ્‌ગુણો સ્ફુરશે અને જરથોસ્તી જીવનને ધન્ય કરશે.

# ગુજરાતનાં ગામડાંઓમાં વસતા પારસીઓ

શ્રી. સાપુર ફરેદુન દેસાઈ

**ગા**મડાંઓમાં અને ખાસ કરીને ગુજરાતના ગામડાંઓમાં વસતા પારસીઓની પરિસ્થિતિનુ અવલોકન ખુરસીએ બેસીને કરવું સહેલું નથી, પરન્તુ તેમ કરતાં પણ જે સ્થિતિ માલમ પડે છે તે ચોંકાવનારી છે અને આ સવાલનો ઉકેલ કરવાનુ કોમે ઉતાવળે બીડું ઝડપવુ જોઇએ એમ ઘણાંનું માનવુ છે જો એ કામ ઉપર કોમની નજર ગુજરાત પારસી પરિષદના આ ગ્રંથ મારફતે નાખી શકાતી હોય તો આ લેખની ઈચ્છા પાર પડેલી ગણાશે.

મુંબઈની પારસી પંચાયત ઉપર ૧૯૩૫-૩૭ના સાલોમા ગુજરાતના ગામડેથી અનેક અરજીઓ આવતી કે અમારુ દેવુ છે તે પતાવી આપો. દેવાની રકમ રૂા ૧,૦૦૦)થી માંડીને રૂા ૧૫,૦૦૦) સુધીની પંચાયત એકલીથી આવી મદદ તો આપી ન શકાય એટલે અરજીઓ નામંજૂર થતી પરન્તુ ખરી બીના તો રહેતી જ કે ગુજરાતનો ગામડીઓ વર્ગ મોહતાજ બનતો જતો હતો ૧૯૩૭મા આ લખનારે "કયસરે હિન્દ"ના તા. ૪-૪-૩૭ અને તા ૧૧-૪-૩૭ના અંકોમા મે લેખો લખીને કોમનુ ધ્યાન ખેચી કેટલીક સૂચના કરી હતી ત્યારથી અત્યાર સુધીમા મામલો સુધર્યો નથી, બલ્કે બગડયો છે અને હવે વહેવારુ હાથે કામ લેવાવુ જોઇએ એ વિચાર દૃઢ બનતો જાય છે.

૧૯૪૩મા ગુજરાતના ૪૧ ગામડાઓના યા તેની અન્જુમનોના મુખીઓ ઉપર આ લખનારે એક પ્રશ્નાવલી મોકલી તેના સત્ય જવાબો માંગ્યા હતા એ વેળા ફક્ત ૯ ગામથી જવાબો મળ્યા હતા. આ વિગત મારી કૃતિ "A Changing Social Structure"ના છઠ્ઠા પ્રકરણમા સમાવી છે ત્યાર બાદ પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ ઓધારેની ટ્રસ્ટ કૉન્ફરન્સની ખેતીવાડી કમિટી મારફતે બીજા ૧૦ ગામ-

ડાંઓ ઉપર મજકૂર પ્રશ્નાવલી સુધારાવધારા સાથે મોકલતાં ૪૯ જવાબો મળ્યા હતા આ બંને તપાસોને આધારે જે અભ્યાસ કરી શકાયો છે તેની વિગત હું નીચે ચર્ચીશ, પરંતુ એમાં મારે અગત્યનું એ કહેવાનું છે કે ગામડેથી લખી મોકલનાર ધણી સિવાય બીજા કોઇએ કે આ લખનારે ગામડે જઈ જાતી અભ્યાસ કર્યો નથી એટલે કહેનારના કહેણ ઉપર જ આધાર રાખવો પડયો છે. એમાંથી જે નકામું લાગે તે કાઢી નાંખી ઉપયોગી વસ્તુનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. છતા એ સર્વે વિગત સાચી છે એમ નહિ સમજતાં ખરી બીનાની લગોલગ હશે એમ માનવુ ખોટું નથી.

વગોથી મુંબઈ ા વસ્તી હિજરતીઓથી વધતી જાય છે. છેલ્લા ૨૦–૩૦ સાલોમાં એવા સેંકડો કુટુંબો મુંબઈ આવ્યાં છે. આજે મદદ લેનારાં કેટલાંક કુટુંબો આગળ ગામડામાં જમીન–ઘર ધરાવતાં હતા. આજે તેઓ પાયમાલ હાલતે મુંબઇમા કઢણ જીવન ગુજારે છે. પારસી કોમનો ભાગ્યે જ ૧૦ ટકા જેટલો વર્ગ હાલે ગામડાઓમાં જીવન ગુજારતો હશે તેમાના બધા જ ખેડૂતો હોતા નથી. કેટલાકો તાડીદારૂના ધધા કરે છે, કેટલાકો નાની નાની દુકાનો ચલાવે છે, તો કેટલાકો કાંઈ બીજા ધધા કરે છે. માત્ર જમીન ઉપર જ જીવતો વર્ગ કેટલો હશે તે કહેવું મુશ્કેલ છે.

## ૨ તાલુકા અને ૫૬ ગામડાંઓની વસ્તુસ્થિતિ દેખાડનારી વિગત

ઉપર જણાવેલી પ્રશ્નાવલીમાં નજીક ૨ તાલુકા અને ૫૬ ગામડાંઓના ૫૫૦ જેટલાં કુટુંબોની વિગત સમાઈ જાય છે તે તપાસતાં ૭૮૮ પુરુષો, ૭૫૨ સ્ત્રીઓ, ૨૯૦ છોકરા અને ૩૧૮ છોકરીઓ નજરે પડે છે. એમાંના ઘણાંખરાં તો પોતાનાં યા પોતાનાં સગાઓનાં ઘરોમાં વગેરે ભાડે રહેલાં છે, જ્યારે ભાડું આપી રહેનારાંઓની સખ્યા ઘણી જુજ છે.

એમાંનાં ૨૦૦ ખેતીવાડી કરે છે, જ્યારે ૯૬ની જગા સાંઠે અપાઇ છે અને ૯૫ બીજા ધંધા ઉપર જીવે છે. કેટલાકોની વિગત મળી શકી નથી.

૬૦ વીઘાથી વધુ જમીન ધરાવનારા ૭૪ કુટુંબો છે જ્યારે બાકીનાં કુટુંબોની જગા તેથી યા બહુ નાની છે.

છેલ્લી ૩ પેઢીથી ખેતીવાડી કરનારાં માત્ર ૨૫૦ કુટુંબો છે, જ્યારે બાકીનાં તેથી ઓછી પેઢીનાં છે.

છેલ્લાં ૩૦ સાલમાં નજીક ૧૨૯ કુટુંબો ગામ છોડી ગયાં છે, જ્યારે નિવૃત્ત થઈને ગામડે આવી વસનારા ફક્ત ૧૨–૧૩ કુટુંબો છે.

૩૭ કુટુંબો પૈસે ટકે સુખી છે.

૨૦૦ કુટુંબો સાધારણ ઠીક જિંદગી ગુજારે છે.

૧૧૬ કુટુંબો લાવીને ખાનારાં છે.

૪૫ કુટુંબોને પૂરતું ખાવાનું મળતું નથી.

૧૬ કુટુંબો અર્ધી ભૂખી જિંદગીએ રહે છે.

કરજમાં ડુબેલાંની વિગત સંતોષકારક લાગતી નથી કેમકે તે પૂરતી મળી હોય એમ જણાતું નથી. છતા ૩૧ કુટુંબો કરજમાં ડુબેલા દીસે છે. અલબત ઘણાં કુટુંબો કરજમાં તો હશે પણ એવી વિગત અંગત સ્પર્શ વગર મેળવવી મુસ્કેલ છે. કરજ થવાના મુખ્ય કારણોમા સામાજિક બનાવો જેવાં કે લગ્ન, મરણ, નવજાત, જન્મ વગેરે અને કુદરતી આફતો જેવી કે રેલ, વરોળિયા, હીમ, વગેરે છે. ઓછા અસરકારક કારણોમાં મોટું કુટુંબ, નાદુરસ્ત તબિયત, મોટું વ્યાજ, દારૂતાડીના ધંધામાં ખોટ, વગેરે હોય છે. ૬ કુટુંબોનું કરજ રૂ. ૧૦૦૦) સુધીનુ છે, ૧૬ કુટુંબોનું કરજ રૂ. ૩૦૦૦) સુધીનું છે, ૪ કુટુંબોનું રૂ. ૫૦૦૦) સુધીનું છે, ૨ કુટુંબોનું રૂ. ૧૦,૦૦૦) સુધીનું છે, જ્યારે ૩ કુટુંબોનું દેવું રૂ ૧૦,૦૦૦)ની ઉપરનું છે. લગભગ બધા કુટુંબોની જમીનો દેવામાં દબાયેલી છે. આ દેવામાંથી જમીન કદી છૂટી શકતી નથી. છેવટે જમીન જાય છે, ખેડૂતનું પેટ પૂરવાનું સાધન નાબૂદ થાય છે અને કુટુંબ હિજરત કરી મુંબઈ આવે છે.

૬ ઠેકાણાં સિવાય દરેક ઠેકાણેથી જણાવવામાં આવે છે કે ગામની વસતી પડતી જાય છે, જેનાં મુખ્ય કારણોમાં નોકરી, ધંધા તથા કેળવણીની ઓછાશ છે. ડોક્ટર, દવાદાર, વગેરેની ઓછાશ ખાસ મોટો ભાગ ભજવતી નથી જ્યારે કુટુંબી કે સામાજિક ઝઘડા ઘણો જ ટૂંક ભાગ ભજવે છે. નવો સાહસ ખેડવાની ધગસ ધરાવનારાં અને મોજ-

શોખને ખાતર ગામ છોડનારાં કુટુંબો બહુ થોડાં છે. સાહસિક કુટુંબો ગામ છોડી જવા સબબે કમઉત્સાહી કે ઓછો કુશળ વર્ગ જ રહી ગયો હોય એમ લાગતું નથી, જ્યારે મગજે નબળો યા ખોડખાંપણવાળો વર્ગ ખાસ નજરે પડતો નથી. આ છેલ્લી વિગત ઉપર આધાર રાખવો મુશ્કેલ છે.

ગુજરાતી સિવાય કેળવણીનાં બીજાં સાધનો કશાં નથી.

## દૃષ્ટિ-નિરીક્ષણ

હવે ઉપલી વિગતની આપણે હાલની દૃષ્ટિએ તપાસ લઇએ.

મહત્ત્વનો સવાલ જે ઊભો થાય છે તે એ કે આ કુટુંબોને પગભર બનાવી જમીન ઉપર જ જિંદગી ભોગવતાં રાખ્યાં હોય તો તે વ્યવહારુ છે કે? જો તેમ નહિ હોય તો તેમને કંઈ વ્યાપાર હુન્નરમાં નાખી શકાય કે?

આ સવાલના પહેલા ભાગનો જવાબ સામાન્ય નજરે હકારમાં, જ્યારે બીજા ભાગનો જવાબ નકારમાં આપી શકાય. જો આ કુટુંબોને આધુનિક પદ્ધતિએ ખેતીવાડી કરાવી, તે સાથે ફાજલ પડતા વખતે બીજા ધંધામાં બૈરાંબચ્ચાંઓની સહાય સાથે નાખ્યાં હોય તો તેઓ, જો કે ધનવાન નહિ બને તોય કુટુંબનો ગુજારો કરી શકે તે કેમ બની શકે તે આગળ જોઇશું. પણ જો તેઓને શહેરના વ્યાપારહુન્નરમાં નાખવાની કોશિષ કરવામાં આવે અને કુટુંબીજનોને ન તો વ્યાપારની કે હુન્નરની આવડત હોય તો તેમ કરવામાં ગફલતી જ નહિ પણ કુટુંબની પાયમાલી સમાઇ છે. એવી જ દૃષ્ટિથી ઘણાં કુટુંબો મુંબઇ આવ્યાં છે અને છેવટે ફંડોને માથે પડ્યાં છે કુનેહ વગર હુન્નરમાંથી પૂરતું પેદા કરી શકાતું નથી. વળી હુન્નરો ગામડે નહિ પણ શહેરમાં જ હોઇ શકે જ્યાં જીવન ધોરણ ઊંચું હોય છે. એટલે આયદે કુટુંબ જમીન છોડી શહેરમાં આવી હુન્નરમાં પડતાં વેદના ભોગવે છે.

## રચનાત્મક કાર્યક્રમ

ત્યારે હવે આ કુટુંબો માટે શું કરવું?

પહેલાં તો આ કુટુંબો જે નજીક નજીક હોય યા જેની જમીનો નજીક નજીક પડી હોય તેનું સંગઠન થવું જોઇએ. તેઓએ વ્યક્તિગત

ખેતી કરવા કરતા સામુદાયિક ખેતી (collective farming) કરવી જોઇએ.

બીજુ, જમીનને ટ્રેકટર વતી ખેડવી જોઇએ કે જેથી જલદીથી અને મૂળમાથી ખેડી શકાય. ટ્રેકટર સામે લોકોને કઇક સૂગ છે એમ અમારી તપાસમા દીસે છે પણ વાપરી જોતાં નજર ખૂલશે એમ અમને લાગે છે. અમેરિકામા ૫૦૦ અને રશિયામાં ૨૫૦૦ એકર જમીન એક ટ્રેકટર ખેડે છે એ જ એની ઉપયોગિતાની પૂરવારી છે.

ત્રીજુ, આધુનિક ઢબનાં નવાં યાંત્રિક કે મજૂરીનો બચાવ કરનારા ઓજારોનો છૂટથી ઉપયોગ થવો જોઇએ.

ચોથુ, સરકાર મારફતે મેળવેલાં સારામાં સારા બીયાંમાંથી પાક ઉગાડવો જોઇએ

પાચમું, દરેક જણ છૂટો માલ ખરીદે યા વેચે તેમ નહિ કરતાં ખાસ ઊભા કરેલા ખેડૂત–મંડળે જ તેમ કરવું જોઇએ.

છઠ્ઠું, ફક્ત વરસાદ અને સુક્કો પાક ઉગાડવા ઉપર આધાર નહિ રાખતા, પાણીના ઉપયોગથી ઊગતા પાકો ઉપર વધુ આધાર રાખતાં શીખવુ જોઇએ એ અંગે કૂવા, નદી, નાળા, બંધારા, તળાવ, વગેરેની જરૂર પડે તે ઉપર ધ્યાન અપાવુ જોઇએ,

સાતમુ, ખેતીવાડીને લગતી ઉપયોગી વિગત ખેડૂતને સહેલી ભાષામા સસ્તે દામે કે મફત મળતી રહે એવી ગોઠવણ થવી જોઇએ

આઠમું, બાળકો ફક્ત ૪ ધોરણો શીખીને અભણ જેવા રહી જાય તેમ નહિ થવા દેતાં નજીકનાં શહેરોમાં તેમને ભણાવવાની ગોઠવણ થવી જોઇએ.

નવમુ, નાના નાના ગ્રામ્ય હુન્નરોની કેળવણી દરેક કુટુબે સંપાદન કરવી જેથી ફુરસદના વખતે તેમાંથી વધારાની આવક ઊભી કરી શકાય.

દશમુ, ગામડાની આરોગ્યતા જાળવવા માટે બની શકતા પગલાં લેવાં જોઇએ

અગિયારમું, ગામડાં અને શહેરી જીવન વચ્ચેનો સંબંધ હાલે છે તે કરતા વધુ ગાઢ હોવો જોઈએ અને તે અંગે ભાષણો, સગીત, જલસા, નૃત્ય મડળો વગેરે મારફતે પ્રચાર થવો જોઇએ.

બારસું, ગામનાં બાળકોને રજા દરમિયાન શહેરમાં લાવીને અને શહેરનાં બાળકોને ગામમાં લઈ જઇને અરસપરસનાં જીવનનું શું રહસ્ય છે તેનો લ્હાવો ચખાડવા માટેની કાંઈ યોજના ઘડાવી જોઇએ.

## લેન્ડ મોરગેજ બેંક યા એગ્રીકલચરલ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી

ઉપર દર્શાવેલો કાર્યક્રમ ઉપાડવા માટે નાણાંની જરૂર છે. કોમમાં કેટલાક એવા શેઠીઆ પડ્યા છે જેમનુ ધન એકત્ર કર્યું હોય તો આખી કોમને હિંદુસ્તાનના સાધારણ ઠીક જીવન-ધોરણે ટકાવી રાખવા માટે તે પૂરતું છે. આ ધનનો થોડો ભાગ જ તેઓ ફાજલ પાડે તો તેમાંથી પહેલી ઉપયોગી સંસ્થા તે લેન્ડ મોરગેજ બેંક યા કોઓપરેટીવ ક્રેડીટ બેંક જેવી એક સંસ્થા સ્થાપી શકાય. તે સાથે ગ્રામ્ય ઉન્નતિ મંડળ ઊભું કરી શકાય, જે બેન્ક સાથે મળીને ઉપલો સર્વ કાર્યક્રમ હાથ ધરી શકે. લેન્ડ મોગરેજ બેન્ક યા એગ્રીકલચરલ કોઓપરેટીવ ક્રેડીટ બેંકનાં કાર્યની રૂપરેખા નીચે મુજબ દોરી શકાયઃ–

૧ સામુદાયિક ખેતી ચાલતી હોય ત્યાં તેનાં મંડળને નાની-મોટી મુદત માટે મોરગેજ લઇને યા અમુક હદ સુધી મોરગેજ વગર નાણાં ધીરવાં. જ્યાં સામુદાયિક ખેતી ન હોય ત્યાં નાના-મોટા ખેડૂતોને તેમની જરૂરિયાત તપાસીને ઉપલા જ ધોરણે રકમ ધીરવી

૨ બારીક તપાસ બાદ ખેડૂતોનાં કરજની પતાવટ કરવી.

૩ જ્યાં જ્યાં સરકારની પતાવટ કરનારી પંચ (Conciliation Board) હોય ત્યાં ત્યાં તેની મદદ લેવી.

૪ ખેડૂતની ખેતી અંગેની સર્વ નાણાંકિય જવાબદારી યા કરજદારી બેંકે ઉપાડી લેવી.

૫ ખેતીનાં પાકમાંથી બેંકે પોતે ધીરેલાં નાણાં ઉત્પન્ન કરવાં અને બાકી રહે તે ખેડૂતનાં મહેનતાણાં તરીકે આપી દેવાં.

૬ અદસ્ય માલિક (absentee landlord)ને કંઇપણ નાણાં ધીરવાં નહિ પરંતુ જો બને તો એવી જમીનો વેચાતી લઇને તે ઉપર જમીન વગરનાં કુટુંબોને વસાવી સામુદાયિક ખેતી કરાવવી.

૭ મોટી જમીન ધરાવનારા લોન લે તેઓ પાસે એવી શરત કરાવવી કે બેંક યા સોસાયટી જે જુવાનોને 'એપ્રેન્ટીસ' તરીકે મોકલાવે તેઓને રાખી, ખવાડી, પહેરાવી, ખેતીવાડીનું શીખવે.

૮ નાના નાના ખેડુતોનું સંગઠન કરી તેઓ પાસે સામુદાયિક ખેતી કરાવવી. બેંકે તેમને સર્વ આજીવિકા પૂરી પાડવી અને ખેડુતે અને તેના ૧૮ વરસની ઉપરના છોકરાઓએ જમીન ઉપર મહેનત કરવી. વરસની આખરીએ જે મળે તેમાંથી બેંકે પોતાનો ખર્ચ વ્યાજ સિકકે લઇ લેવો, નમળાં સાલો માટે અનામત રાખવો અને બચે તે રકમ ખેડુતોમા વહેચી આપવી. વહેચતી વેળા દરેક ખેડૂતની અસલ જમીન કેટલી હતી તે, તેઓએ કેટલી મહેનત કરી છે તે, વગેરે ધ્યાનમા લઇને વહેચણી કરવી.

છેવટ

ટૂંકમાં કહીએ તો ઉપર જણાવેલા રચનાત્મક કાર્યક્રમની પહેલી સાત બાબતો જે નાણાકિય વ્યવસ્થા વગેરે માટેની છે તે બેંક યા સોસાયટીએ ઉપાડી લેવી બાકીની ૮ થી ૧૨ બાબતો ગ્રામ્ય ઉન્નતિ મંડળે ઉપાડી લેવી. એમ એક નાણાકિય અને બીજી સામાજિક સંસ્થા બંનેએ સાથે મળીને ઉપલો કાર્યક્રમ ઉપાડવો જોઇએ.

જો ગુજરાત પરિષદ આ સવાલ ઉપાડી લઈ, ગુજરાતનાજ પારસીઓની મહેનત અને મદદથી આવી કાર્યક્ષેત્ર યોજનાને અમલમાં લાવવાની કોશિષ કરશે તો આજે ગામમાં સબડતાં અનેક કુટુંબો માટે તે આશીર્વાદ સમાન થઈ પડશે. બાકી કાંઈ દયાલ બાગ જેવી સંસ્થા કાઢવાની યા પારસીઓને શહેરમાંથી ઉખેડીને ગામમાં લાવી ખેતીવાડીમાં નાંખવાની ઇચ્છા કોઈકો સેવી રહ્યા હોય તો તે મિથ્યા જ છે. જે બની શકતુ નથી તે બનાવવા જવા કરતાં જે શક્ય છે તે તરફ જ હાથ અને દૃષ્ટિ લંબાવવામા આવે તો કોમને આયંદે ફાયદો જ છે.

# પારસીઓનું સંશોધનકાર્ય

દસ્તૂર ડૉ૦ હોરમઝદયાર, કૈયોજી મીરઝાં

હિંદુસ્તાનમાં પારસી કોમના સદીઓ સુધીના ઇતિહાસના અનેક સફા અંધકારમાં છે. આ સદીઓ દરમિયાન જરથોસ્તી ધર્મસાહિત્યને લગતાં અવસ્તા, પહેલવી, પાજંદ, ફારસી, સંસ્કૃત, અને ગુજરાતી લખાણોના હસ્તલેખોની સંખ્યાબંધ નકલો પારસી ધર્મગુરુ વર્ગે કરી છે આ હસ્તલેખો તેમજ તેને છેડે આપવામાં આવેલી ટૂંક પણ ઉપયોગી ઐતિહાસિક નોંધો (Colophons) તે જમાનાના પારસી ઇતિહાસ ઉપર ઝાંખો પણ અગત્યનો પ્રકાશ નાંખે છે આ હસ્તલેખો અને તેને લગતી ઐતિહાસિક નોંધો પરથી માલમ પડે છે કે સદીઓ સુધી પારસી ધર્મગુરુ વર્ગે, ધર્મક્રિયા કરવા ઉપરાંત જરથોસ્તી ધર્મસાહિત્યના વિકાસ અર્થે જૂનાં લખાણોની નકલો કરવામાં, તેના તરજુમા કરવામાં, તેમજ ધર્મ સંબંધી પુસ્તકો રચવામાં ધર્મગુરુ તરીકેની પોતાની ફરજ વિચારી છે, અને તે યથાશક્તિ સુંદર રીતે બજાવી છે. આ ઉપરાંત આ હસ્તલેખો દેખાડે છે કે તે જમાનાના જરથોસ્તી ધર્મગુરુ વર્ગનું મુખ્ય કામ ધર્મસાહિત્યને લગતું હતું, છતાં દુન્યવી વિજ્ઞાન અને તેના અનેક ક્ષેત્રોમાં તેઓ રસ લેતા અને તેનો અભ્યાસ કરતા.

### મધ્ય જમાનાના પારસીઓના વિદ્યાભ્યાસની મુખ્ય બાબતો

મધ્ય જમાનાના પારસી ધર્મગુરુ વર્ગમાં મુખ્યત્વે જરથોસ્તી ધર્મને લગતા અવસ્તા, પહેલવી, પાજંદ, ફારસી, સંસ્કૃત, અને ગુજરાતી લખાણોનો અભ્યાસ હસ્તી ધરાવતો હતો. આ જમાનામાં પારસી ધર્મગુરુ વર્ગના અનેક અભ્યાસીઓએ ઉપલી ભાષાઓમાં ધાર્મિક બાબતોને લગતા સંખ્યાબંધ હસ્તલેખો લખ્યા છે, તેમજ અનેક પુસ્તકો રચ્યા છે કે જે હાલે ગુજરાતના મુખ્ય શહેરો અને ગામોની ખાનગી માલિકીના

પુસ્તકાલયોમાં જળવાઈ રહ્યાં છે આ હસ્તલેખો અને પુસ્તકોની મુખ્ય વિગતો એરવદ જમશેદ કાવસજી કાત્રકે પોતાની Oriental Treasures (Bombay 1941) નામની કિતાબમા આપી છે. આ ઉપરાંત, આવા સખ્યાબધ હસ્તલેખો અને પુસ્તકો મુખ્યત્વે નવસારીની પહેલા દસ્તૂર મહેરજીરાણા લાયબ્રેરી, મુંબઈની યુનિવર્સિટી લાયબ્રેરી, ધી કે આર કામા ઓરીએન્ટલ ઇન્સ્ટિટયૂટ અને મુલ્લા-ફીરોઝ લાયબ્રેરીમા જળવાયાં છે.

ગઈ સદીમા ઈરાની સાહિત્યના યૂરોપી વિદ્વાનોએ હિંદુસ્તાનમા મુસાફરીઓ કરી હતી એ દરમિયાન આ વિદ્વાનોએ આવા અનેક હસ્તલેખો અને પુસ્તકો મેળવ્યા હતાં અને તેઓ તે પોતાની સાથે યૂરોપ લઈ ગયા હતા. આ પ્રમાણે અને બીજી રીતે, યૂરોપ ગયેલા પારસી હસ્તલેખો અને પુસ્તકો યૂરોપી દેશોના મુખ્ય શહેરોની લાયબ્રેરીઓમા મોજૂદ છે. આવી રીતે યૂરોપના મુખ્ય શહેરો-પેરીસ, મ્યૂનિક, લડન, ઓક્ષફર્ડ, કેમ્બ્રીજ, કોપનહેગન અને ફ્લોરેન્સ-ની લાયબ્રેરીઓમા હસ્તી ધરાવતા પારસી હસ્તલેખોમાં જળવાયેલી ઐતિહાસિક નોંધો (Colophons)ના ઉતારાઓ, તેના તરજુમા અને નોંધો સાથે, ડૉ૦ જમશેદજી માણેકજી ઉનવાળાએ પોતાની કિતાબ Collection of colophons of Manuscripts Bearing on Zoroastrianism in Some Libraries of Europe (Bombay 1940)મા આપ્યા છે

ઉપર મુજબ, પારસી કોમને લગતાં જે હસ્તલેખો અને પુસ્તકો હાલે જળવાઈ રહ્યા છે તેમા ધાર્મિક બાબતો ઉપરાંત, દુન્યવી જ્ઞાનને લગતી અનેક બાબતોનો સમાવેશ થાય છે, જેમકે ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ, ખગોળવિદ્યા, ગણિત, વૈદકવિદ્યા, રમળ, હુન્નર-ઉદ્યોગ, કિમયાગરી, ગુપ્તવિદ્યા, મુસાફરી, શબ્દકોષ ભાષાશાસ્ત્ર અને બીજી અનેક બાબતો આ દેખાડે છે કે મધ્ય જમાનાના પારસીઓ ધર્મ ઉપરાંત બીજી અનેક દુન્યવી ગણાતી બાબતોનો પણ અભ્યાસ કરતા હતા

### મધ્ય જમાનાના કેટલાક પારસી સંસ્કૃત લેખકો

હિંદુસ્તાનમા પારસી ધર્મગુરુ વર્ગે કરેલા સાહિત્ય વિકાસમાં પારસી લેખકો એ સંસ્કૃત ભાષામા લખેલા લખાણો અગત્યની જગ્યા રોકે છે

આવા પારસી સંસ્કૃત લેખકોમાં પ્રખ્યાત મોબેદ નેર્યોસંગ ધવલે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. મોબેદ નેર્યોસંગના જમાના વિષે મતફેર હસ્તી ધરાવે છે; પરંતુ સામાન્ય રીતે એમનો જમાનો ઇ. સ. ૧૨મી સદી કે તેની આસપાસ મૂકવામાં આવ્યો છે.

સાસાની જમાનામા થયેલા અવસ્તાના પહેલવી તરજુમાનો, તેમજ પહેલવી મીનોખેરદ અને શીકંદ ગુમાની વીજારનો સંસ્કૃત તરજુમો મોબેદ નેર્યોસંગે કર્યો હતો. આખી યજસ્નેનો સંસ્કૃત તરજુમો મળતો નથી; પરંતુ માત્ર ૧ થી ૫૭ પ્રકરણોનો તરજુમો મળે છે, કે જે ડૉ૦ સ્પીગલે અને એરવદ શહેરયારજી દાદાભાઇ ભરૂચાએ પ્રગટ કર્યો છે. એરવદ ભરૂચાના અભિપ્રાય પ્રમાણે યજ્સ્નેના સંસ્કૃત તરજુમાના ૫૭ પ્રકરણોમાં પણ માત્ર ૧ થી ૪૭ પ્રકરણોનો જ તરજુમો મોબેદ નેર્યોસંગે કરેલો હોવો જોઇએ; જ્યારે તે પછીના પ્રકરણોનો તરજુમો કોઈ બીજા લેખકે કર્યો હોય એમ એરવદ ભરૂચા જણાવે છે

ઉપલા સંસ્કૃત તરજુમા ઉપરાત, પહેલવી અર્દાવીરાફનામા તેમજ અઓહમઇએચાનો સંસ્કૃત તરજુમો, તેમજ બીજાં પરચુરણ સંસ્કૃત લખાણો હસ્તી ધરાવે છે.

મોબેદ નેર્યોસંગ ઉપરાત બીજા પારસી સંસ્કૃત લેખકો તરીકે દીનીદાર[1] બહમન, તેમજ મોબેદ ચાંદાના નામો મળે છે. દીનીદાર બહમને પાજંદ આશીર્વાદનો સંસ્કૃત તરજુમો કર્યો હતો. ઈ. સ. ૧૬મી સદીમા થઇ ગયેલા મોબેદ ચાંદાએ લખેલા ગણ્યાગાંઠ્યા સંસ્કૃત લખાણોનો સંગ્રહ "ચાંદા પ્રકાશ"નાં નામથી ઓળખાય છે આ સંગ્રહમા કબીસાને લગતી, પારસી, હિંદુ, મહોમેદન પચાંગોને લગતી, તેમજ ખગોળવિદ્યને લગતી બાબતો સમાયેલી છે તેમ એરવદ ભરૂચા

૧. એ૦ ભરૂચા, Collected Sanskrit Writings of the Parsis, I, p. 43, એ૦ નાતક, Oriental Treasures, P 243. શેઠ મ. પે પારેખાત "દીનીદાર"ને બદલે 'દીનીદાસ' વાચી, તેને વિશેષનામ નહિ પણ સામાન્ય નામ (='દીનનો સેવક') તરીકે ગણે છે જુઓ એ૦ ભરૂચાનું ઉપલું પુસ્તક, Part V, p. 73, note 2.

છે કે "ચાદા પ્રકાશ"મા મોબેદ ચાંદાના તમામ લખાણો જળવાયા નથી, તેમજ વળી એ સગ્રહના કેટલાક લખાણો મોબેદ ચાદાના નહિ પણ બીજા કોઇ લેખકના હોય એ પણ સભવિત છે ૨

ડૉ૦ સ્પીગને, અને એ૦ ભરૂચાએ પ્રગટ કરેલા ઉપલા સસ્કૃત લખાણો ઉપરાંત, બીજા પહેલવી લખાણોનો સસ્કૃત તરજુમો થયેલો હોવો જોઇએ એમ માનવાને કારણ મળે છે કેપનહેગન યુનિવર્સિટી લાઇબ્રેરી મધેના એક હસ્તલેખમા પહેલવી વદીદાદના અઠમા પ્રકરણના ફકરા ૭૫–૮૦ અને નવમા પ્રકરણના ફકરા ૧–૧૮નો સસ્કૃત તરજુમો થોડાં પાનાઓમા જળવાઇ રહ્યો છે કે જે સસ્કૃત તરજુમો તેનાં અંગ્રેજી તરજુમા અને નોધ સાથે ડૉ૦ જમશેદજી ઉનવાળાએ દસ્તૂર દારાબ સજાણા યાદગારી ગ્રથ–Indo–Iranian Studies (Lodnon–Leipzig 1925)મા પ્રગટ કર્યો છે ડૉ૦ ઉનવાળાએ પ્રગટ કરેલો આ સસ્કૃત તરજુમો કદાચ આખા પહેલવી વદીદાદના સસ્કૃત તરજુમાનો એક બચી રહેલો ભાગ હોય એ બનવાજોગ છે

ઈ. સ. ૧૪૩૦ના અરસામા ભરૂચના અરદેશર નામના મોબેદે વૈદક–શાસ્ત્રને લગતુ સસ્કૃત પુસ્તક "અષ્ટાંગ યોગ" પોતના બેટાના અભ્યાસ માટે લખાવ્યું હતું (એ૦ કાત્રક, Or. Treasures, p 220). આ દેખાડે છે કે મધ્ય જમાનાના પારસી ધર્મગુરુઓ ધાર્મિક સાહિત્ય ઉપરાન, તે જનાનાની સ્થિતિ અનુસાર વૈદકશાસ્ત્રને લગતો અભ્યાસ પણ કરતા હતા

ઉપલી બીનાઓ વધુમા દેખાડે છે કે હાને જળવાઇ રહેના પારસી સસ્કૃત લખાણો ઉપરાન બીજા ઘણા પારસી સસ્કૃત લખાણો હોવાં જોઇએ, કે જે હાલે નાશ પામ્યાં છે

૨ એ૦ ભરૂચા, Coll. Skt Writings of the Parsis VI, Preface pp viii–xiii ૧૬ સસ્કૃત શ્લોકોના લખનાર તરીકે અશો અધ્યારુનું નામ મળે છે. શેઠ ખરેઘાતના અભિપ્રાય પ્રમાણે આ લેખક અશો અધ્યારુ પારસી નહિ પણ હિંદુ હોવા જોઇએ જુઓ શા કા. હોડીવાળા Parsis of Ancient India, Preface by M. P. Khareghat, pp iv–viii, એ૦ ભરૂચા, ઉપલુ જ પુસ્તક p. viii.

## પશ્ચિમની પદ્ધતિ અનુસાર પારસીઓનું સશોધન

યૂરોપી પ્રજાઓના આગમન સાથે હિંદમાં પશ્ચિમની કેળવણીની શરૂઆત થઇ આ યૂરોપી પ્રજાઓમા અગ્રેજ પ્રજાએ હિંદ ઉપર પોતાની સત્તા જમાવી, અને તેથી અંગ્રેજી ભાષા અને કેળવણીનો પ્રચાર આખા હિંદમા થયો આ તકનો લાભ લઇ પારસી કોમે પશ્ચિમની કેળવણી સારા પ્રમાણમા સપાદન કરી પશ્ચિમની પદ્ધતિ અનુસાર વિજ્ઞાન, વૈદકશાસ્ત્ર ઇજનેરી કલા, હુન્નરઉદ્યોગ વગેરે ક્ષેત્રોમા પારસી જુવાનોએ અભ્યાસ કરી સશોધન કરવા માડયુ આ પ્રમાણે, પશ્ચિમની પદ્ધતિ અનુસાર પારસી અભ્યાસીઓએ કરેલા સશોધનના ક્ષેત્રો મુખ્ય ત્રણ વિભાગમા વહેંચી શકાય (૧) વિજ્ઞાન, (૨) હુન્નર-ઉદ્યોગ અને (૩) સાહિત્ય

### વિજ્ઞાનના ક્ષેત્રમા પારસીઓનું સશોધન

વિજ્ઞાનના ક્ષેત્રમા મુખ્ય વૈદકશાસ્ત્ર (*Medical Science*), પદાર્થશાસ્ત્ર (*Physics*), રસાયણશાસ્ત્ર (*Chemistry*) ભૂસ્તરશાસ્ત્ર (*Geology*) અને તેને લગતી બાબતોનો સમાવેશ થઈ શકે આ સઘળી બાબતોમા થયેલાં સશોધનમાં પારસી અભ્યાસીઓએ પોતાનો ફાળો આપ્યો છે

**વૈદકશાસ્ત્ર.** વૈદકશાસ્ત્રમા લાંબા વખતથી પારસીઓ રસ લેતા આવ્યા છે ઉપર જોયુ તેમ, ઇ સ ૧૪૩૦ના અરસામા ભરૂચના મોબેદ અરદેશરે પોતાના બેટાના અભ્યાસ માટે વૈદકશાસ્ત્રને લગતુ સસ્કૃત પુસ્તક "અષ્ટાગ યોગ" લખાવ્યું હતુ

ગઇ સદીમા તેમજ તેની આગમચ પારસીઓએ દેશી વૈદો અને હકીમો તરીકે વિખ્યાતી મેળવી હતી દેશી વૈદકશાસ્ત્ર, તેમજ યુનાની અને મોગલાઇ હકીમુ તેઓ શીખ્યા હતા, તે ઉપરાત તક મળતા તેઓએ અંગ્રેજી વૈદાંનો પણ અભ્યાસ કર્યો હતો

સૂરત તે વખતે પારસી વસ્તીનુ મુખ્ય સ્થળ હતુ, અને ગઇ સદીના પારસી વૈદો અને હકીમો મુખ્યત્વે સૂરતમા વસતા હતા. સૂરતના જાણીતા પારસી વૈદો અને હકીમોમાં, પેસ્તનજી રુસ્તમજી તમના (૧૭૫૭-૧૮૨૨), તેમના ભાઇ, કાવસજી રુસ્તમજી તમના (૧૭૬૧-૧૮૩૯),

ખરશેદજી ભીખાજી ડોક્ટર (૧૭૬૯–૧૮૨૮), હોરમસજી ફરામજી હકીમજી (૧૭૬૯–૧૮૫૪) ભીમજીભાઇ પેસ્તનજી ડોક્ટર (૧૮૦૨–૧૮૫૯) અને બીજા નીચે જણાવેલાઓના નામો નોંધાયેલા છે ૧૯ સદીમા વૈદ તરીકે એક પારસી બાઇનુ નામ પણ મળે છે બાઇ જીવનબાઈ જીવાજી આંધા નામના પારસી બાનુ દેશી વૈદ તરીકે મુંબઈમાં જાણીતા હતા.

આ ઉપરાંત, સોરાબજી જમશેદજી વૈદ (૧૭૮૭–૧૮૫૨)એ હકીમુ તેમજ અંગ્રેજી વૈદાનો અભ્યાસ કર્યો હતો તે જ પ્રમાણે, જીવાજી જમશેદજી ડોક્ટર (અકુગર) (૧૭૯૧–૧૮૫૨) પણ સુરતના જાણીતા વૈદ હતા શેઠ જીવાજી દેશી વૈદુ જાણતા હતા, ત્યાર બાદ ઇ સ. ૧૮૧૯ અને તે પછી સુરતની રેજીમેન્ટ હોસ્પિટલમા અંગ્રેજી દવાનુ કામ તેઓ શીખ્યા હતા અને ઈ. સ. ૧૮૨૩–૧૮૩૯ સુધી સુરતની સિવિલ હોસ્પિટલમા તેઓએ કામ કર્યું હતું (પારસી પ્રકાશ, દફતર ૧, પાનું ૬૦૩).

મોબેદ ફરદુનજી મરઝબાનજી વૈદકજ્ઞાન ધરાવતા ઈ. સ. ૧૮૪૧મા એઓએ "શરીરશાનતી અથવા તનદરોશતીની પોથી" નામનું પુસ્તક છપાવ્યું હતુ. આ પુસ્તક તેઓએ ડૉ૦ એલેકઝાન્ડર ગીબ્સનની મદદથી અંગ્રેજી તેમજ મોગલાઇ વૈદાની કિતાબોને આધારે લખ્યું હતુ (પારસી પ્રકાશ, દફ. ૧, પાનું ૩૭૭) ઇ સ ૧૮૪૭મા ડોસાભાઇ સોરાબજી મુનશીએ 'કેટેકીજમ ઑફ હેલ્થ, યાને શુખાકારી તથા તનદરોશતીની બાબતમાં જવાબ સવાલો' નામની ચોપડી અંગ્રેજી ઉપરથી તરજુમો કરી બહાર પાડી હતી (ઉપરનુ જ પુસ્તક, પાનુ ૪૮૯)

મુંબઇના માજી ગવર્નર મર્હુમ સર રૉબર્ટ ગ્રાન્ટની યાદગીરી માટે મુંબઇમાં વૈદકશાસ્ત્રને લગતું જ્ઞાન આપવા માટે તા. ૩–૧૧–૧૮૪૫ને દિને "ગ્રાન્ટ મેડીકલ કોલેજ"ની સ્થાપના કરવામા આવી હતી આ કૉલેજમાં દાખલ થઇ પશ્ચિમની પદ્ધતિ અનુસાર વૈદાનો અભ્યાસ કરનાર પહેલા પારસી તરીકે ફરદુનજી જમશેદજી હતા. (પા. પ્ર ૧, પા ૪૬૪) ત્યાર બાદ અનેક પારસીઓએ આ કૉલેજમા જોડાઇ વૈદાનો અભ્યાસ કર્યો છે આ કૉલેજમા અભ્યાસ કરી ઇ સ ૧૮૫૧માં આ કૉલેજની સનદ (ડીપ્લોમા) મેળવનારા પહેલા પારસીઓ મહેરવાનજી સોરાબજી ખરાસ અને બરજોરજી દોરાબજી કુપર હતા (પા પ્ર. ૧,

પા. ૫૬૪). ત્યાર બાદ અનેક પારસી અભ્યાસીઓએ આ કૉલેજની સનદો મેળવી વૈદકશાસ્ત્રમાં નામના મેળવી છે.

ઇ. સ. ૧૮૫૧માં ગ્રાન્ટ મેડીકલ કૉલેજના પ્રોફેસરો અને ગ્રેજ્યુએટોએ વૈદકશાસ્ત્ર બાબે વાદવિવાદ અને સંશોધન કરવા માટે "ગ્રાન્ટ મેડીકલ કૉલેજ સોસાયટી"ની સ્થાપના કરી હતી. આ સોસાયટી સમક્ષ વૈદકશાસ્ત્રમાં સંશોધન વિષે ઇ સ. ૧૮૫૩માં નિબંધ વાચનાર પહેલા પારસી ડૉ૦ અરદેશર જમશેદજી ભાજીવાળા હતા. આ પછી અનેક પારસી ડૉક્ટરોએ આ સોસાયટી સમક્ષ વૈદકશાસ્ત્રને લગતી વિવિધ બાબતો વિષે પોતાના સંશોધનના સખ્ખાબંધ નિબંધો વાચ્યા છે. (પારસી પ્રકાશ, દફ. ૧, પાનુ ૫૮૪, ફૂટ નોટ).

વૈદકશાસ્ત્રમાં સંશોધન કરી એમ. ડી.ની ડીગ્રી મેળવનાર પહેલા પારસી ડૉ૦ રુસ્તમજી બેરામજી પારખ હતા, જેઓએ ઇ સ ૧૮૫૭માં સ્કૉટલેન્ડની એબરડીન યુનિવર્સિટીની એમ. ડી.ની પદવી મેળવી હતી. (પા૦ પ્ર૦ દફ. ૧, પાનુ ૭૨૩, ફૂટ નોટ ૧).

આ પછી વૈદકશાસ્ત્રની જૂદી જૂદી શાખાઓમા સંશોધન કરી અનેક પારસી ડૉક્ટરોએ હિંદી તેમજ પરદેશી યુનિવર્સિટીઓની વૈદકશાસ્ત્ર તેમજ વાઢકાપને લગતી ઉચ્ચ ડીગ્રીઓ મેળવી છે.

**પદાર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર:** વિજ્ઞાનની આ શાખાઓમા અને તેને લગતા સંશોધનમાં પારસી અભ્યાસીઓએ પોતાનો ફાળો આપ્યો છે ઇ. સ ૧૮૫૬મા મહેરવાનજી હોરમસજી મહેતાએ 'કેમીસ્ટ્રી યાને રસાયણશાસ્ત્ર સબંધી વાતચીત" એ નામનું પુસ્તક અંગ્રેજી ઉપરથી તરજુમો કરી બહાર પાડયું હતું. પદાર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં પારસી શોધખોળનાં પરિણામે ગઇ સદીમાં તેમજ આ સદીમા પારસીઓએ સખ્ખાબંધ નવી શોધના યંત્રો બનાવ્યા હતાં, અથવા હસ્તી ધરાવતાં યંત્રોમા સુધારા-વધારા કર્યા હતા.

**ભૂસ્તરશાસ્ત્ર:** વિજ્ઞાનની આ શાખા બીજી શાખાઓ કરતા સરખામણીમા નવી છે. અંગ્રેજી કેળવણીના પ્રચાર સાથે આ શાખામાં પણ પારસી અભ્યાસીઓએ પોતાના સંશોધનથી ફાળો આપ્યો છે આ શાખામા સંશોધન કરનાર મુંબઇના પારસી વિદ્વાનોમાં પ્રો૦ એ. એસ કાલાપેસી,

પ્રો૦ એસ. કે. છાપગર, ડૉ૦ આર. એન. સુપેસવાળા, શેઠ જી. પી. કોનટ્રેક્ટર અને શેઠ એચ. આર. થાનાનાં નામો મુખ્ય છે, જેઓએ કરેલા સંશોધનનાં લેખો Journal of the Geological Society, Journal of the University of Bombay, Current Science, વગેરેમાં પ્રગટ થયા છે. આ ઉપરાંત, કરાંચી ખાતેના ભૂસ્તરશાસ્ત્રના જાણીતા સંશોધકોમાં પ્રો૦ એમ. બી. પીથાવાળા અને શેઠ એન. એમ. ગીલીમોરીઆનાં નામો મુખ્ય છે; તેઓએ કરેલ સંશોધનના લેખો Journal of the Sind Historical Societyમા પ્રગટ થયા છે.

## હુન્નર-ઉદ્યોગમાં પારસીઓનું સંશોધન

હુન્નર-ઉદ્યોગને લગતાં સંશોધનમાં પારસી કોમે જે ભાગ ભજવ્યો છે તે વિજ્ઞાનની બીજી કોઇ પણ શાખામાં તેઓએ ભજવેલા ભાગ કરતાં મોટો છે. હુન્નર-ઉદ્યોગમા થતું સંશોધન અનેક રીતે પદાર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર અને વિજ્ઞાનની બીજી શાખાઓમાં થતાં સંશોધનનું માત્ર વહેવારુ સ્વરૂપ છે. પુરાણા કાળથી પારસીઓએ હુન્નર, ઉદ્યોગ અને ઇજનેરી કલામાં અગ્રપદ લઈ, એ દિશામાં નવાં નવાં સંશોધન કરી, હુન્નર-ઉદ્યોગના પહેલા સ્થાપકો (pioneers) તરીકે, તેમજ તેમાં નવીનતા લાવનાર તરીકે હિંદમા વિજ્ઞાનની એ શાખાનો સુંદર વિકાસ કર્યો છે.

હિંદમાં પારસી ઇજનેરી કલાનો નોંધાયેલો ઇતિહાસ ઇ. સ. ૧૭૩૫થી શરૂ થાય છે. ઇ. સ. ૧૭૩૫મા યુનાઇટેડ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાના વેપાર માટે મુંબઇમાં "કવીન" નામનું વહાણ બાંધવાનો નિર્ણય કર્યો હતો. આ સમયે મુંબઇમા વહાણો બાંધવા કે સમારવા માટે ગોદીનું કશુ સાધન નહોતું. આ વખતે સુરતમાં ગોદી બાંધનારા તરીકે પારસીઓએ વિખ્યાતી મેળવી હતી. તે સમયે સુરતમાં શેઠ ધનજીશાહ નામે પારસી "માસ્ટર બિલ્ડર" હતા; તે આગમચ તેઓના વડવાઓ પણ એ જ ઓદ્દા ઉપર હતા. મુંબઇની યુનાઇટેડ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સત્તાધારીઓએ શેઠ ધનજીશાહ મારફતે મુંબઇમાં ગોદીઓ અને વહાણો બાંધવા માટે શેઠ લવજી નસરવાનજીની સેવા મેળવી. ઇ. સ. ૧૭૩૫માં શેઠ લવજી, તેમના બાદ શેઠ સોરાબજી તેમજ બીજા પારસીઓ મુંબઇ આવ્યા અને તેઓએ મુંબઇમાં ગોદી અને અને વહાણ બાંધવાનું કામ હાથ ધર્યું.

આ મુજબ હિંદમા ગોદી અને વહાણુ બાંધવાના ઘણા અગત્યના ઉદ્યોગની સ્થાપના કરવાનુ માન પારસી કોમને ફાળે જાય છે (પારસી પ્રકાશ, દફ ૧, પાનુ ૩૨) શેઠ લવજી નશરવાનજી તે સાહસિકપણા અને સખાવત માટે પ્રખ્યાત વહાડીઆ (=વહાણુ બાંધનાર) કુટુંબના વડીલ હતા. લાંબો વખત સુધી હિંદમા વહાણુ બાંધવાનો હુન્નર પારસીઓનાં હાથમા હતો.

ઇ. સ. ૧૮૩૧મા અંગ્રેજી ઈજનેરી કલાનો અભ્યાસ કરનાર પહેલા પારસી તરીકે શેઠ સોરાબજી ધનજીભાઇ પુનેગરનુ નામ મળે છે. શેઠ સોરાબજી આ હુન્નરમા ઘણા પ્રવીણુ અને સારી આશા આપનાર હતા, પરંતુ ઇ સ ૧૮૩૬મા તેઓ ૨૫ વર્ષની જુવાન વયે ગુજર પામ્યા હતા (પારસી પ્રકાશ, દફ ૧, પાનુ ૨૯૨). ઇ. સ. ૧૮૩૪માં હિંદમાં ગેસ લાઇટનો ફતેહમદ અખતરો શેઠ અરદેશર ખરશેદજી વાડિયાએ મુંબઇમા પોતાની મજગામની વાડીમા કર્યો હતો, અને પોતાના સશોધન અને ઉદ્યોગથી ગેસની લાઇટ હિંદમા પહેલી વાર ચાલુ કરી હતી તેઓએ વરાળયંત્ર મારફતે કુવામાથી પાણી ખેંચવાનો પ્રથમ ફતેહમદ અખતરો પણ કર્યો હતો (પા. પ્ર દફ. ૧, પાનુ ૨૬૫).

ઇ. સ ૧૮૪૪મા મુંબઇની એલફિન્સ્ટન કૉલેજમો સિવિલ એન્જીનિયરીંગની કેળવણી દાખલ કરવામાં આવી આ કૉલેજમા અભ્યાસ કરી ઇ સ. ૧૮૪૭મા 'સિવિલ એન્જીનિયર'ની પહેલવહેલી પદવી મેળવનારાઓમા ત્રણ પારસીઓ—શેઠો નશરવાનજી ચાદાભાઇ, કેખશરૂ ફરદુનજી અને નવરોજી ફરામજીનાં નામો મળે છે (પા પ્ર દફ ૧, પાનુ ૪૯૯)

હુન્નર–ઉદ્યોગને લગતા સશોધનને આધારે પારસીઓએ અનેક જાતના નવા યંત્રો બનાવ્યા છે, અથવા તો હસ્તી ધરાવતા યંત્રોમાં સુધારો કર્યો છે, અને તેને લગતા સંખ્યાબધ પેટન્ટો દેશપરદેશની સરકારો તરફથી મેળવ્યા છે.

ઇ. સ. ૧૮૫૯મા શેઠ નશરવાનજી અરદેશર ખરશેદજી વાડિયાએ સ્ટીમ બોઇલરની બનાવટમા સંશોધન કરી નવો સુધારો દાખલ કર્યો હતો અને ઇંગ્લાંડની સરકાર તરફથી તેને લગતું પેટન્ટ મેળવ્યુ હતુ આ પેટન્ટ ઇંગ્લંડના યંત્ર બનાવનારાઓએ રૂા ૧૫,૦૦૦ની કિંમતે વેચાતું માગ્યુ હતું. આ બાબતમા તા ૨૮મી ઑગસ્ટ ૧૮૫૯નુ "ભારત ગેઝેતાર" લખે

છે કે "હીંદુસ્થાનનો એક રહેવાશી હીકમના સાચાને લગતી એક નવી હીકમત શોધી કાહાડે, અને તે હીકમતનો ફાએદો લેવાને ઇગલંડ જેવા સુધરેલા દેશના લોકો આતુરતા બનાવે, એ વાત આ દેશના લોકોને ખરેખર માન આપે હેવી છે" (પારસી પ્રકાશ, દફ. ૧, પાનું ૭૯૭)

આ પ્રમાણે અત્યાર સુધીમાં પારસીઓએ હુન્નર–ઉદ્યોગના વિભાગમાં, અને તેને લગતા લગભગ દરેક પ્રકારના યંત્રમાં પોતાના સંશોધનથી સુધારો દાખલ કરી, તેમ જ નવાં યંત્રો બનાવી હિંદી તેમજ પરદેશી સરકારોના સંખ્યાબંધ પેટન્ટો મેળવ્યાં છે. આવા પેટન્ટો મુખ્યત્વે રૂના પ્રેસ, જીન, ખટારા, બાઇસિકલ, મોટરસાઇકલ, મોટરગાડી, ટેલીગ્રાફ, રેલવે, તેલની ઘટી, રૂની મિલ, વરાળ અને ગેસથી ચાલતાં યંત્રો, કાપડ વણવાના તેમજ રંગવાના યંત્રો, કાડા વોટરપ્રુફ બનાવવાનાં યંત્રો, પાણીના પમ્પો અને નળો, બલુન, એરોપ્લેન, છાપખાના, ઇલેક્ટ્રીસિટી, રબર ટાયર, દારૂખાનું, ટોપ, બંદુક, પંખા, સિમેન્ટ કોન્ક્રીટ, પોલાદની બનાવટ, લોખંડની કબાટ તિજોરી, તાળાં ખેતીવાડીના ઓજારો, અનાજની ઘંટી અનાજ ખાંડવાના યંત્રો, ફોટોગ્રાફી, ચશ્મા, સુગંધની બનાવટ, સિનેમા ફિલ્મ, દવા, સાબુ અને બીજા અનેક હુન્નર–ઉદ્યોગને લગતા હતા. પારસીઓએ મેળવેલા આ પેટન્ટો હિંદી સરકાર ઉપરાંત બ્રિટિશ, અમેરિકન, ફ્રેન્ચ, જરમન, ઓસ્ટ્રેલીઅન, પોર્ચુગીઝ અને જાપાનીઝ સરકારો તરફના હતા (પારસી પ્રકાશ દફતરો ૨–૬)

## સાહિત્ય-ક્ષેત્રમાં પારસીઓનું સંશોધન

સાહિત્યના ક્ષેત્રમાં પારસી સંશોધન મુખ્યત્વે જરથોસ્તી ધર્મને લગતા અનેક ભાષાઓમાં લખાયેલા લખાણો સંબંધી છે. મધ્ય જમાનાના પારસી અભ્યાસીઓએ જરથોસ્તી ધર્મને લગતાં અવસ્તા, પહેલવી, ફારસી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાઓમાં લખાયેલા સાહિત્યની કરેલી સેવાની ટૂંક નોંધ ઉપર રજૂ કરી છે.

. મધ્ય જમાનામાં અવસ્તા સાહિત્યનો અભ્યાસ પહેલવી તરજુમાને આધારે થતો હતો. આ ચાલતી આવેલી traditional રૂઢિ પ્રમાણે ચાલતા અભ્યાસમાં પારસી ધર્મગુરૂ અભ્યાસીઓએ સુંદર ભાગ ભજવ્યો છે.

ઇ સ ૧૭૭૧મા ફ્રેન્ચ વિદ્વાન પ્રો૰ આકેટીલ ડયુ પેરોએ "ઝંદઅવસ્તા"ના ત્રણ પુસ્તકો બહાર પાડી ઈરાની સાહિત્ય અભ્યાસ યુરોપમા દાખલ કર્યો. ત્યારબાદ દાહેકાઓ સુધી 'રૂઢિઓની લડાઈ' (the battle of methods) ચાલવા પછી યુરોપમા ભાષાશાસ્ત્રના નિયમો અનુસાર વ્યવસ્થિત રૂઢિએ ઈરાની સાહિત્ય અભ્યાસની શરૂઆત થઈ આ વ્યવસ્થિત રૂઢિમા ચાલતી આવેલી traditional રૂઢિને પણ તેને લાયકનુ અગત્યનુ સ્થાન મળ્યુ છે. આ રૂઢિ અનુસાર ઇરાની સાહિત્ય અભ્યાસ પારસી કોમમા દાખલ કરવાનુ અનુપમ માન મર્હૂમ વિદ્વાન શેઠ ખરશેદજી રુસ્તમજી કામાને ફાળે જાય છે. મર્હૂમ શેઠ કામાજીએ જે સાહિત્ય અભ્યાસની રોશની સળગાવી, તે તેમના નામાંકિત ચેલાઓ એરવદ સહેરયારજી દા ભરૂચા, એરવદ તહેમુરસ દી અંકલેસરીઆ, એરવદ કાવસજી એ. કાગા, એરવદ એદલજી કે. આંટીઆ અને બીજાઓએ ચાલુ ઝળકતી રાખી, તેમા સુદર વધારો કર્યો હતો. મર્હૂમ શેઠ કામાજીના ચેલાઓના ચેલાઓ, શેઠ બહેરામગોર ટે. અકલેસરીઆ, એરવદ બહમનજી ન. ધાભર, ડૉ૰ સર જીવનજી જ. મોદી, શેઠ સોરાબ જ. બલસારા અને બીજા અનેક વિદ્વાનોએ ઇરાની સાહિત્યમા સશોધન કરી વિખ્યાતી મેળવી છે. હાલે ઇરાની સાહિત્યના નામાંકિત વિદ્વાનો—એરવદ બ. ન. ધાભર, દસ્તૂર ડૉ૰ મા ન ધાલા ડૉ૰ જ મા. ઉનવાળા, ડૉ૰ ગા. બ. દાવર, ડૉ૰ એ. જ. સો. તારાપોરવાળા અને બીજાઓ—એ ઇરાની સાહિત્યમા સશોધન કરી દેશપરદેશની વિખ્યાતી મેળવી છે.

આ ઉપરાત ગુજરાતી સાહિત્યના વિકાસ અને સશોધનની દિશામાં પણ સુંદર ફાળો આપનાર પારસી વિદ્વાનોમા શેઠ અરદેશર ફરામજી ખબરદાર, ડૉ૰ એરચ જ સો તારાપોરવાળા અને શેઠ જહાંગીર માણેકજી દેસાઇના નામો અગ્રપદ ધરાવે છે.

## કેટલીક સામાન્ય વિગતો

પારસી સશોધનના સબંધમા નીચલી સામાન્ય વિગતોની અત્રે ટૂંક નોંધ કરવાની જરૂર છે.

સામાન્ય હિંદી પ્રજામાં ઊંચ કેળવણીનો પ્રચાર થય, તેમજ વિજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમા શોધખોળ કરવા તરફ હિંદી અભ્યાસીઓ દોરવાય એવા હેતુથી પારસીઓએ અનેક સંસ્થાઓ સ્થાપી છે, અથવા

તેવી સંસ્થાઓની સ્થાપના અને દોરવણીમા નાણાકીય મદદો આપી, તેમજ બીજી અનેક રીતે ઉત્સાહભર્યો ભાગ ભજવી, એવી સંસ્થાઓને સંગીન ટેકો આપ્યો છે.

ઇ સ. ૧૮૪૮મા નામદાર સર જમશેદજી જીજીભાઇએ ગ્રાન્ટ મેડીકલ કૉલેજને રોકડ રકમો એવી શરતે આપી હતી કે તે રકમોનાં વ્યાજમાથી, મેડીકલ કૉલેજમાથી પસાર થયેલા ડૉક્ટરોને વૈદકશાસ્ત્ર અને વહાડકાપમા સંશોધન કરવામા મદદ મળે એવા હેતુથી તેમને પુસ્તકો અને હથીઆરોની ભેટ આપવી (પા૦ પ્ર૦ દફ ૧, પાનુ ૫૦૫)

તેજ પ્રમાણે, "સ્ટુડન્ટસ લીટરરી એન્ડ સાએનટીફીક સોસાઇટી" (ઇ. સ. ૧૮૪૮), "સુરત લીટરરી સોસાઇટી" (ઇ સ ૧૮૫૦), "ગ્રાન્ટ મેડીકલ કૉલેજ સોસાયટી" (ઇ સ ૧૮૨૧), અને "જીઓગ્રોફીકલ ઇનસ્ટિટ્યુટ" (ઇ સ ૧૮૫૫)ની સ્થાપના વખતે પારસી અગ્રેસરીઓએ આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો, અને એ સોસાઇટીઓ સમક્ષ સામાન્ય જ્ઞાન અને વિજ્ઞાનને લગતી બાબતોની શોધખોળ વિષે સંખ્યાબંધ નિબંધો વાચ્યા હતા. (પારસી પ્રકાશ દફ ૧, પાના ૫૦૬, ૫૧૨, ૫૪૮, ૬૫૭–૬૬૮).

ઈ સ. ૧૮૮૮મા શેઠ ફરામજી દીનશાહ પીટીટે વૈદકશાસ્ત્રને લગતાં સંશોધન માટે 'ધી ફરામજી દીનશાહ પીટીટ લેબોરેટરી ફોર સાએન્ટીફીક મેડીકલ રીસર્ચ"ની સ્થાપના કરી હતી ઇ સ. ૧૮૯૬મા "સર દીનશાહ માણેકજી પીટીટ બેનેવોલંટ ફંડ ફોર ધી મેટલ વર્કીંગ એન્ડ ઇનેમલીંગ"ની સ્થાપના કરવામાં આવી હતી

હિંદમાં અનેક ઉદ્યોગોના સ્થાપક તાતા કુટુંબનું નામ પારસી તેમજ હિંદી સંશોધનના ઇતિહાસમા સદા અમર રહેશે તાતા કુટુબની બાદશાહી સખાવતથી સ્થપાયેલા ખાતાઓ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ, તેમજ તાતા મેમોરીઅલ હોસ્પિટલ, વિજ્ઞાન અને વૈદકશાસ્ત્રમા સંશોધન માટે હિંદની અનુપમ અને મગરૂરીભરી સંસ્થાઓ તરીકે હિંદની તવારીખમા સદા યાદગાર રહેશે.

## સંશોધન અને સમાજ

માણસ વિચાર કરતુ પ્રાણી છે વિચારશક્તિ, ખરૂ ખોટુ પારખ-

વાની શક્તિ અને સત્ય શોધી કાઢવાની શક્તિના પ્રતાપે તે અન્ય પ્રાણી કરતાં ઊંચ દરજ્જો ભોગવે છે. માણસ પોતાની આ શક્તિઓ ખીલવી, તેનો રૂડો ઉપયોગ કરે તો તે સમાજને ફાયદો કરી શકે, પરંતુ એ જ શક્તિઓ ખીલવી તેનો ભુંડો ઉપયોગ કરે તો તે સમાજને ગંભીર હાની કરે. વૈજ્ઞાનિક અને અન્ય સંશોધનથી માણસ ચાહે તો સમાજને, તમામ માણસ જાતને, સુખસગવડ આપી શકે, અને એ જ સંશોધનથી તે ચાહે તો, તેનો નાશ પણ કરી શકે. અણુશક્તિ માણસને અનુપમ સગવડ આપી શકે, અને તે જ અણુશક્તિ માણસનો નાશ પણ કરી શકે આવા સંજોગોમાં, વૈજ્ઞાનિક પ્રગતિ સાથે માણસ નૈતિક અને આત્મિક પ્રગતિ પણ કરતું રહે તો વૈજ્ઞાનિક સંશોધનનો ઉપયોગ માણસના ભલાને માટે જ થાય.

સંશોધન બુદ્ધિથી જ એક કોમ કે પ્રજા આગળ વધી શકે, પણ તે સાથે તે કોમ કે પ્રજાની આત્મિક ચક્ષુ એવી ખીલેલી હોવી જોઇએ કે જેથી તે સંશોધન બુદ્ધિના પરિણામોનો સમાજનાં ભલાને માટે જ ઉપયોગ કરે. આ બીના દેખાડે છે કે સમાજનાં ભલાને માટે જેમ વૈજ્ઞાનિક પ્રગતિની જરૂર છે તે જ પ્રમાણે આત્મિક પ્રગતિ પણ જરૂરી છે.

સાહિત્ય સંશોધન અમુક દરજ્જે આત્મિક પ્રગતિનું એક સાધન છે. લગભગ દરેક દેશ અને પ્રજામાં જેટલું ધ્યાન વૈજ્ઞાનિક પ્રગતિ અને સંશોધન તરફ અપાયું છે તેટલું ધ્યાન સાહિત્ય સંશોધન અને આત્મિક પ્રગતિ તરફ અપાયું નથી. આ કારણથી વૈજ્ઞાનિક પ્રગતિ અને સંશોધનનો ઉપયોગ ઘણી વખતે સમાજના ભલા માટે નહિ, પણ તેના નાશ માટે થતો રહ્યો છે.

સમાજ અને માણસજાતનું ભલું થાય એવા હેતુથી પારસી શ્રીમંત વર્ગે તેમજ પારસી સંશોધનકારોએ હિંદમાં સંશોધનનાં ક્ષેત્રમાં સુંદર કામગીરી બજાવી છે. વૈજ્ઞાનિક તેમજ હુન્નરઉદ્યોગના સંશોધન માટે પારસીઓએ સુંદર કામ બજાવ્યું છે; તેમજ તેની પ્રગતિ માટે અનેક સંસ્થાઓ સ્થાપી છે અને તેને સુંદર ટેકો આપ્યો છે. તેમ છતાં સંશોધનકાર તરીકે વધુ અને વધુ પારસીઓ એ દિશા તરફ દોરવાય એ ઇચ્છવાજોગ છે. તે સાથે તેઓ આધ્યાત્મિક પ્રગતિ તરફ પણ ખેંચાય એ જરૂરી છે.

જેમ દરેક દેશ કે પ્રજામાં બન્યું છે તેમ, સાહિત્ય-સંશોધનકાર તરફ પારસી કોમે જોઈએ તેવુ ધ્યાન આપ્યું નથી. આવા સંશોધનકારોને કોમ તરફથી જોઈએ તેવો ટેકો મળ્યો નથી. ઈરાની સાહિત્યના નામાંકિત અભ્યાસી, પ્રો૦ બારથેલોમેએ વાજબી જ કહ્યું છે કે "No research can flourish along with material cares." આ સત્યનું રહસ્ય પારસી કોમ સમજી શકી નથી એ દિલગીરીભરેલું છે. સાહિત્યની સેવા બજાવનારાં પારસી સંશોધનકારો માટે કશી તકો કે સગવડ હસ્તી ધરાવતી નથી, અથવા હોય તો તે નજીવા પ્રમાણમાં. એ દિશા તરફ પારસી કોમ વધારે નજર દોડાવે એ ખાસ જરૂરી છે.

## ઉપસંહાર

વિજ્ઞાન, હુન્નર-ઉદ્યોગ અને સાહિત્યના ક્ષેત્રોમાં પારસી સંશોધનનો ટૂંક અહેવાલ ઉપર રજૂ કર્યો છે. એ ઉપરથી માલમ પડે છે કે પારસીઓએ સંશોધનની અનેક દિશામાં સંશોધનકાર તરીકે કે તેના ઉત્તેજક તરીકે સુંદર ભાગ ભજવ્યો છે, પરંતુ એ દિશામાં-ખાસ કરીને સંશોધનકાર તરીકે-પારસીઓએ હજી ઘણું વધારે કરવાની જરૂર છે

વૈજ્ઞાનિક સંશોધન માટે ડૉ૦ પી. એસ. કુમાશા અને ડૉ૦ એચ. જે. ભાભા જેવા નામાંકિત સારનટીરો અને સંશોધનકારો ધરાવવા માટે પારસીઓ વાજબી મગરૂરી લઇ શકે

હુન્નર-ઉદ્યોગમાં પારસી સંશોધન ગઇ સદીના જેવું રહ્યું નથી. હિંદની બીજી કોઇ પણ કોમ કરતાં પારસી કોમમાં કેળવણીનું પ્રમાણ વધારે છે એ ખરી વાત; પરંતુ પારસી કેળવણીની દિશા બદલી, પારસીઓ હુન્નર, ઉદ્યોગ અને ઇજનેરી કલા તરફ વધારે અને વધારે પ્રમાણમાં દોરવાય, એ દિશામાં વધારે અને વધારે પ્રગતિ કરે એ જરૂરી છે.

વિજ્ઞાન અને હુન્નર-ઉદ્યોગની શાખાઓમાં જે ઉમદા તકો અને સગવડો હસ્તી ધરાવે છે તેનો પારસીઓએ પૂરતો લાભ લેવાની ખાસ જરૂર છે.

સાહિત્ય ક્ષેત્રમાં કશી તકો કે સગવડો હસ્તી ધરાવતી નથી. પારસી કોમની એ દિશામાંની બેદરકારી અફસોસકારક છે. પારસી કોમ એ બાબતમાં વધુ ધ્યાન આપે એ ઇચ્છવાજોગ અને અગત્યનું છે.

# પારસીઓ અને રાજકારણ

શ્રી. શ્યાવક્ષ હોરમસજી ઝાબવાળા

**સૂરત** મારું અસલ વતન. હર પળે તાપી નદીના મોજાંઓની છોળના અવાજ કાને અથડે. વલન્દા વાડીની મીઠી આમલીઓ આજે પણ દાંતમાં ઉમળકા સાથે યાદ આવે. હોળી વખતે અગ્નિમાંથી નાળિયેર કાઢી લઇ, ફોડી નાંખી ગરમ કોપરું ખાતાં મોજ કરીએ તેનું દૃશ્ય આંખ આગળ આજે પણ ફરી વળે છે. બળેવ અને ગોકળઅષ્ટમીના મેળાનો બજાર જે બાલ્યાવસ્થામાં સુરત ખાતે જોયલો તેવો કયાંએ નહિ. જ્યારે એ સુરત તરફથી આમંત્રણ આવે કે ઉપલા વિષય ઉપર "ગુજરાત પારસી પરિષદ"ના ગ્રંથ માટે કાંઇ લખી મોકલવું ત્યારે ના તે કેમ પડાય?

## બધી કોમો ભેગાં

આપણે પારસીઓ બધી કોમો ભેગા ઉછર્યા છીએ એટલે બધી કોમો ભેગા જ જીવવું મરવું રહ્યું. થોડોઘણો ફેર પડે–પણ એ તો દરેક જાતિના સ્વભાવો હોય. હિંદુભાઇ ભાજીતરકારી જ ખાઇને જીવે, ધોતિયાં બાંધે, બીડીની લહેર ઉડાવે. મુસલમાનભાઇ પ્રાણીઓનો વધ કરી પુલાવ–બીરિયાની હલાવે કે હુકકો તાણે. પારસીભાઈ બન્નેને મિશ્ર કરશે અને વળી માત્ર મરઘાં, બતકાં કે બકરાનું જ ગોસ્ત ભાજીમાં મેળવી ખાશે અને લહેર ઉડાવવામાં તાડીનું બાદિયું કે પાનની પટી. ત્રણે ભાઇઓએ એક જ સ્થળે ત્રણ જુદા જુદા મહોલ્લાઓ માંડી, પોતાનાં જીવનો ગાળ્યાં છે. સુખની વખતે સૌએ સુખમાં ભાગ લીધો છે અને દુઃખ વખતે બધા જ દુઃખી થયા છે. પણ મુસલમાન પાછળથી છૂટો પડયો અને તેણે પાકિસ્તાનમાં ઘરબારનું મૂળ બાંધ્યું. પારસીનું ઘર દરેકનાં જીગરની મહોબ્બતમાં બંધાયું છે. તેને કોઇ "સ્તાન"ની જરૂર શી હોય? બાપડો ભલો, નિર્દોષ, ઉમંગી, ભટ દઇને ભડભડ બોલી દેનારો પારસી "સારા હિંદોસ્તાન હમારા" અને હવે વધારામાં

"સારા પાકિસ્તાન હમારા"નું તત્ત્વ ધારણ કરી સઘળાં જ "સ્તાન" પોતાના માનશે. ૧૩૧૬ વર્ષ ઉપર આપણે અત્રેનાં જ "સ્તાન"માં ઘરબાર માંડ્યાં. હિંદુ રાજ્યો આવ્યાં ને ગયાં–પારસીઓ તેમની સાથે જ વિંટળાયેલા રહ્યા, દરેક મદદ આપી, સહકાર્ય કર્યું. રાજ્યો ફના થયાં પણ પારસી દેશને ભૂલ્યો નહિ. હિંદુઓ કદાપિ મુસલમાનોના સામેનાં મયદાનમાંથી ભાગ્યા પણ હોય પણ પારસી તેજ ભૂમિ ધરી આજની ઘડી સુધી બેઠો છે. સુરતના નાનપુરા, રુસ્તમપુરા, ગોપીપુરા જુઓ. ત્યાંનાં ઘરો સેંકડો વર્ષનાં પુરાણાં–એ પુરાણા પારસીઓથી માંડીને આજના પારસીઓ સુધી પારસી આત્માએ હિંદુસ્તાન ધરી રાખ્યું છે તેની નિશાની છે. એ જ પ્રમાણે કાંઇ મુસલમાન ડેરાઓ ઇધરઉધર બંધાયા–સર્વ નષ્ટ થયાં પણ જે પારસીઓ મુસલમાન હકૂમત હેઠળ રહ્યા તેઓએ તેમને દરેક મદદ આપી, સહકાર્ય કર્યું. તેઓ ગયા પણ પારસી રહ્યો. પારસી રહ્યો–તેના ધર્મની જ્યોત જીવતી રહી–તેનો સંસાર ખંડાયો નહિ–તેની આર્થિક સ્થિતિ સારી જ રહી. શા માટે નહિ? પારસીએ કેહવું પાપ કર્યું છે? પારસીએ કોઇનો કોઇ ગુનો કર્યો નથી. પારસી જમશેદજી જીજીભાઇઓએ જગતના કલ્યાણ જ કર્યાં છે.

## અંગ્રેજી રાજમાં

હિંદુ અને મુસલમાન બન્ને જુદા, કારણકે મિયાં ને મહાદેવ જન્મથી જ ઊલટા માર્ગીય. બન્નેને સાથે જમાવવામાં પારસીએ ૧૩૦૦ વર્ષ થયાં પોતાનું ગૌરવ વેર્યું છે. પારસીએ પોતાનો ભોગ વટીક આપ્યો છે. અને પોતાના ભોમનાં રૂધિરમાંથી આ બન્ને જથ્થાઓનો મેગો કિલ્લો બાંધ્યો છે. ઇતિહાસ બધું બતાવશે. વાચો ગુજરાત, કાઠિયાવાડનાં રાજ્યોનો ઇતિહાસ વાંચો હૈદ્રાબાદ નિઝામની તવારીખ. પેસ્તનશાહી- સિક્કાઓ વટીક પડતા. પાકિસ્તાની સિક્કાઓ તો હજી આવતી કાલે પડશે. પણ પારસીના સિક્કાઓ વટીક ચલિત હતા.

અંગ્રેજોએ આ નાનકડા ટોળાને સુરતની કોઠીથી જ પિછાણી લીધો હતો. મુંબાઇ આવેલા પારસીઓમાં આજે તમે દુબાશ, દલાલ વગેરે જેવાઓની અટક જે સાંભળો છો તે અંગ્રેજી કાળથી પડેલી. યુરોપિયનો અને અત્રેના દેશીઓ વચ્ચે મુલાકાત કરાવનાર, વેપારી તાજા

સાધનાર, બન્ને વચ્ચે સમાધાન કરાવનાર તે પારસી હતો. દુબાશ=દો ભાષા જાણતો દલાલ=કન્ટ્રાકટનુ કામ કરતો, અંગ્રેજ કમ્પનીથી માંડીને ૧૮૫૭ સુધી પારસી આ જ કરતો કારણ કે રાજકારણમા આર્થિક અધાધુંધી થઈ પડી હતી અને એ વટોળિયામાં, પારસીઓએ દરેકના રક્ષણકર્તા, દરેકના મદદકર્તા તરીકે આ દેશની ખીદમત કરી હતી. વહાણવટુ, ચીન અને અરબસ્તાન સાથેનો વેપાર વગેરેમાં, પારસીએ આ દેશની ગંજાવર દોલત ઉત્પન્ન કરવામા ફાળો આપ્યો.

## નવાં રાજ આવ્યાં

હવે તે રાજ્યો તૂટયા. દાદાભાઇ નવરોજીએ સ્થાપેલી કોન્ગ્રેસ, દાદાભાઇ નવરોજીએ ફરકાવેલી સ્વરાજ્યની ધજા અને દાદાભાઈ નવરોજીએ આણેલી નવી જાગૃતિથી ૧૯૦ વર્ષ સુધી સ્થાપિત થયેલ બ્રિટિશ રાજ્ય લય પામ્યુ છે નવા રાજ આવ્યા છે જેની સાથે દેશના વિભાગો પણ થઇ ચૂકયા છે

પારસી આ દેશમા ૯૦થી ૯૧ હજાર જેટલો અકાવ છે. એ ત્રણ વિભાગમાં આજે તો વહેચાઇ ગયેલો જણાશે કે જેમ દેશની આખી પ્રજા વહેચાયેલી છે: ૧ હિંદમા ૨ પાકિસ્તાનમાં ૩. દેશી રાજ્યોમાં. વિભાગો ખરા પણ પારસી કોમનો તો એકજ આમા મુખ્ય હિસ્સો હિંદમાં આવી ગયો છે. જો પારસી ધમાન સચોટ રહ્યું અને તેણે ધર્મ ડુબાડયો નહિ તો પારસીએ અત્યારે તો ધધાધાપા, ઉદ્યોગ-હુન્નરમાં આગળ વધી પોતાનુ આર્થિક ગૌરવ વધારી લેવું. તેની સાથો સાથે રાજ્યનૈતિક હકો વધતા જશે. તાતાવાળાઓનો દાખલો લ્યો. આ અઠંગ વેપારીઓ, નાણાશાસ્ત્રીઓ, એન્જીનીઅરો વગેરે આજે દેશમાં કયાએ મંગાતા રહ્યા છે. ૧૯૨૦થી કે જ્યારથી તાતાવાળાઓ બરોબર પગભર થયા ત્યારથી બ્રિટિશ રાજ્યનો રવૈયો પડી ગયો હતો કે તાતાવાળાઓની દેશસેવાની પ્રશંસાનુસાર તેમના એક એક પ્રતિનિધિને ઊંચામાં ઊચો ખિતાબ આપવો. લાનકની કદર તે એનું નામ ' જ્યારે મઈ લડાઇ વેળા વાઇસરૉયની એકઝીક્યુટિવ કાઉન્સિલ માટે કળાબાજ સભ્યો જોઈતા હતા ત્યારે તાતાવાળાઓએ બબ્બે પૂરા પાડયા હતા.

માટે પારસીઓએ આ ત્રણે સસ્થાનોમા વેપારવણજ પોતાની જાતિ

બુદ્ધિ અને બાહુબળથી ઘણાં વધારવા માટે પ્રત્યેક વિકાસ હાથ કરવો. તાતાવાળા જેવાં સંસ્થાનો પારસીઓમાં ઘણાંક થવા જોઈએ છે. વાડિયાવાળાઓ કાંઈક કરે છે. પીટીટવાળાઓ પડયા પણ તેમની જગ્યા બીજા કોઈ કેમ લેતા નથી? સાહસ અને પ્રમાણિકપણું પારસીમાં ઘણું છે. એટલે આ દિશાએ તે વધવાનો. જેણે વેપારવણજ સર કર્યો તેણે રાજ્ય બાંધ્યાં—એ પુરાણું પારસી શીખવી જાય છે. પારસી વળી દેશની દોલતનું ખેડાણ કરે છે તે દેશને ખવાડવા માટે. આપણે જે ઉત્પાદન કરીએ તેની વહેંચણી બધેબધ કરીએ છીએ. પારસી જાહેર બાંધકામો, પારસી સખાવતોનો આ દેશમાં થોડો અંદાજ નથી. હેનાર સઘળો પારસી વેપારી અને ઉદ્યોગહુન્નરમાં આગળ પડેલો પારસી છે. આપણી નીતિ મારવાડી, હિંદુ નથી. આપણું માનસિક બળ બીજાઓને ક્યાં એ ટક્કર મારે. નવાં રાજ્યમાં આ કળાકૌશલ્ય, આ વેપારી, આ ઉદ્યોગહુન્નરમાં આગળ વધેલાઓની ઘણી જરૂર પડશે. ગજાકર્તાઓ—પછી તે હિંદુ બહુમતિ હો યા મુસલમાન બહુમતિ હો તે સઘળાઓ આ ગણત્રીબાજ પારસીઓને ચાહીને માગીને બોલાવશે.

## બહુમતિ–લઘુમતિનો સવાલ

આ દેશમાં આપણી લઘુમતિ સૌથી નાની ખાસ હક માગો તો પ કેટલા હકો મેળવો? ધારાસભાઓ, પ્રધાનપદાઓ, ઊંચા રાજકીય ઓદ્ધાઓ—આ ત્રણ દિશાએ લઘુમતિ અમુક માંગણીઓ કરી શકે. બીજું રાજકારણમાંથી શું મળે? થોડાક હજારની લઘુમતિને કાઉન્સિલની ૧૦૦ બેઠકમાંથી બહુ તો એક–બે–યા ત્રણ મળે. તેમાં શો શુક્કાર વળ્યો? ૯૭ની ફોજ સામે શું કાયદો પસાર કરાવવાના છો? પ્રધાનપદાંમાં મૂળ પછી ૭ જગ્યા તો તેમાં ૧ પણ પારસી આવવો કેમ કહણ નહિ થઈ પડે? માટે રાજકારણમાં પારસીએ અમાનત હકો માંગ્યા તો તેમાં કાંઈ કોમી માન સચવાતું નથી, એટલું જ નહિ પણ વળી કશું કાર્ય-સાધક પરિણામ પણ મળતું નથી. આ એક બહુ નાની લઘુમતિની એક પરિસ્થિતિ જ કહેવાય.

ત્યારે આપણે સામાન્ય સમુદ્રમાં જ ઝંપલાવવાનું રહ્યું; પણ એમાં વળી વ્હેલ માછલી ઝીંગાને ગળી જાય એવો મામલો નજરે આવશે. પાકિસ્તાનવાળાઓ તો રોકડું પરખાવે છે કે અમારો દેશ "પાક" લોકો માટે

પહેલો, પણ લઘુમતિઓને સફાળી લપરશુ ઈન્ડિયા જણાવે છે કે અત્રે બધા સરખા અો સમાન છે ગન્ને સ્યત્રે બધા ભેગો પારસી પણ જ્યારે રાજ્યનૈતિક સમુદ્રમાં આથડિયા મારશે ત્યારે પણ અન્ય નોન-પારસીઓ વચ્ચે વીંગીમાં નગ પૂરવા જેટવા થોડાક પારસીઓ રાજતત્રમા ઘૂસે પણ ખરા

આ લઘુમતિ પારસીઓનો હાલ છે પારસી તરીકે એમાં કશી ચિંતા નથી ચિંતા તેટલી જ છે કે જેટલી દરેક લઘુમતિનેઃ આ પૃથ્વીની સપાટી ઉપર લાગી હોય. કોમ તરીકેની રાજ્યનૈતિક ચિંતા તો ત્યારે જ મટે કે જ્યારે" લઘુમતિ પગથી બહુમતિ પર આવીએ કારણ કે રાજ્યતુ તત્ર જ લોકવાદ-democracy-પર હોય ત્યા તો બહુમતિ પર જ સત્રળો આધાર રહેનો છે

## આ બહુમતિ થતાં પારસી ડાસો થશે-ત્યા સુધી શું?

પહેલા તે એક કોમ તરીકે આપણા મનનો ભય આપણામાથી કાઢી નાખવો જોઇએ આજે સુધરેના વૈજ્ઞાનિક કાળમા કોઈ પણ પ્રજા બીજી પ્રજાના ધર્મની આડે આવે એમ નથી કોને પડી છે કે પારસીઓના મદિરો આભડછેટ કરે? નોન-પારસીઓ જે પોતાના મદિરો કે મસ્જિદોની મરમ્મત કરાવતા નથી એટલા તો ધર્મિષ્ટ થઈ પડયા છે તો ચાલી ચાવીને પારસી ઇમાદતખાનાઓ ઉપર દરોડો પાડે એવું તે કોણ કરશે? સાસાંરિક બાબતોમા માથુ મારવાની કોઇને ફૂરસદ નથી, સિવાય કે પારસીઓ પોતે જ પોતાના ઘરોના દ્વાર ખુલ્લાં મૂકે અને પોતાના સમાજની દોરી ઢીલી રાખી છક્કાં નચાવે. આ ઝાઝું બનવાજોગ નથી, કારણ કે નવાં રાજ્ય દરમિયાન ઘણુ કરીને લોકો પોતાનો આર્થિક ઉદય કરવા પાછળ ઘણોખરો સમય વાપરશે. દેશપરદેશની હરીફાઈમાં આ દેશનાં રાજ્યનું તત્ર યશસ્વી રીતે સભાળવુ એ આર્થિક દૃષ્ટિએ એટલુ મુશ્કેલ બનશે કે તેમા જો પારસી પોતે સંઘપણુ છોડી દેશે તો સમાજના તત્રમા પણ ઘોકો પૂગાડશે

કોઈ પણ દેશ પોતાનુ આર્થિક છૂટાપણુ મેળવ્યા સિવાય રાજદ્વારી છૂટાપણુ ભોગવી શકતો નથી રાજદ્વારી ખટપટો સઘળી પેટને લગતી છે પેટને સંતોષ થયો તો કોઇ રાજદ્વારી લડત માગતુ નથી આપણા દેશમા

તરેહવાર આર્થિક યોજનાઓ- Economic planning-કરવામાં આવે છે. પણ તે અવળી નાકામયાબ થાય છે કારણ કે રાજનૈતિક પ્લાનીંગ થયુ નહી યા થતું નથી આપણી કોમ ઉપર આ સઘળી બીન યોજનાત્મક સ્થિતિ=un-planning અથવા ખોટી પ્લાનીંગની ભારે અસરો થાય છે "સહુનો રાહ તે વહુનો રાહ"-આ બાબતમાં આપણા જેવી નાનામાં નાની લઘુમતિ ઉપર લાગુ પડતુ નથી. આપણને તો mis-planning અથવા un-planningની બહુ ખરાબ અસરો થવા પામશે. તેમાથી મુક્ત થવા કાજે ખુદ આપણી કોમમાં જ લાયક આર્થિક પ્લાનીંગ થવાની જરૂર છે હવે સખાવતો, પારકી મદદો, દાનધર્મ જેવી વસ્તુઓ આજના જગતના પ્રવાહમાં સાધારણપણે ટકી શકતી નથી જેઓ અશક્ત હોય તેઓ માટે જ તે ટકી શકે, જ્યારે સામાન્ય કોમ માટે તો સઘળુ હાથેજાતે કરી લેવુ પડવાનુ. ઘરના કામકાજ ઉપરાંત સમાજનાં પણ કાર્યો આપણે હાથે જાતે જ સલામત ઉપાડવા પડવાના મુબાબમાં એની જરૂર દિન ઉગતે બહુ જણાતી જાય છે. હું જ્યારે સૂરત હતો ત્યારે ઘર ઘર વણાટકામ, ઘરઘર સેવ, પાપડ, અથાણાં, વગેરે બનતા અને દરેક ઘરમાં સાધારણ પેટ ભરવાના વાના તો હરહમેશ બારે માસ હાજર હોતા, આજે પારસી ઘરોમાં હાલ્લા ખખડે છે કેટલાક તો ઇન્ડસ્ટ્રીયલ હોમો ઉપર જ મુસ્તાક રહે છે. જ્યા હાથઉદ્યોગ ગયો ત્યા તે કોમની રાજ્યદ્વારી પક્તિ નીચી થાય છે, કારણ કે તેનુ પેટ જ ખાલી રહે છે મા. ગાંધીજી આજે સારા દેશને રાજદ્વારી મુક્તિને પથે મૂકયો છે તેનું કારણ એ જ કે એમણે ગામડે ગામડે અને શહેરે શહેર ઉદ્યોગની પ્રગતિ માટે મોટુ યંત્ર ચાલુ કરી દીધું છે. પારસીઓ જો પોતાની રાજ્યદ્વારી સ્વતત્રતા ચાહતા હોય તો દરેક ઘર કે દરેક મહોલ્લો સ્વાધારી થઇ જવો જોઇએ જગતે શીખવેલુ મોટામા મોટું લેસન આજે એ છે કે દરેક દેશ પરાધિનતા છોડી સ્વતત્ર થાય તે જ આપણા જેવી લઘુમતિનુ પણ સમજી લેવુ. આપણે જ્યારે આર્થિક બાબતમા દરેક નૉન-પારસી કોમ ઉપર આધાર રાખનારા હોઇએ-ખાવાપીવાની બાબત, પહેરવાઓઢવાની બાબત ઇત્યાદિ-તો આપણને રાજદ્વારી હકોનો ટેકો કોણ આપે? આજે તો દરેક પારસી ઘર Self-Contained થવાની જરૂર છે પહેલા આપણાં પોતાના ખેતરોના અનાજના કોઠારો ભરી રાખતા, પોતાના જ ઢોરોનાં દૂધ, માખણ, દહીં, છાશ અને છેવટે ઘી ભરી રાખતા ઘેરઘેર મરઘાબતકાં ઇંડા મૂકે તે

પેટ ભરીને તાજું તાજું જમતા. તેમ આજના આગળ વધેલા સંસારમાં તેવી જ જરૂરિયાતોને લગતાં સુધરેલાં વાનાં દરેક ઘરે ભરી રાખવાની જરૂર છે. સોઇંગ મશીનો ઉપર આપણાં લૂગડાં સીવી લેવાં જોઇએ: મુરબ્બા, અથાણાં રેફ્રીજરેટરોમા ભરી રાખવાં જોઇએ; જિંદગીનો વીમો ઉતારવો જોઇએ, થોડું ઘણું બચત હોવુ જોઇએ, નાની જેવી લાયબ્રેરી પણ હોવી જોઇએ, નાનો જેવો સ્વતંત્ર ધંધો રાખવો જોઇએ, વગેરે. ઘરો ઘરો વચ્ચે અને મહોલ્લા મહોલ્લા વચ્ચે સહકાર રહ્યો તો આખી કોમનું સહકારી ધોરણ પેદા થઈ શકે. નાણાંની ધીરધારમાં સહકાર, ખેડાણ યા બાધકામ માટેની જમીનોમા સહકાર, ઉદ્યોગમાં સહકાર–આવું જો કોમી ઐકય મજબૂત થયું તો તેની ઉપર રાજકીય હકો બીજાઓ આપણને ચાહીને આપવા આવશે. એકમારગી ન પણ આવે તો એ બગડયું શું? કોમનું એકસાથપણું એ જ હકોનો રાજદ્વારી તારણહાર છે

## ગુજરાતની વાત લ્યો

સઘળો પારસી અસલ ગુજરાતનો પોક ખાઈ, તાપી યા નર્મદાનાં પાણી પીને દુનિયામાં બહાર પડેલો. આજે પણ તેની જમીન ગુજરતમાં જોવામાં આવશે. આ ખેડૂત વર્ગને સર્વેથી વધારેમાં વધારે રાજનૈતિક હક જોઇશે. ત્યારે તો ગુજરાત પારસી ખેતીકારોની એક મજબૂત સહકારી કંપની જોઇએ તે દ્વારા નવી જમીનો હાથ કરવી. કારખાનાં ખોલવાં, સહકારી વેચાણોનાં ધોરણો બાધવાં, પોતાની જ એક રાખવી, પોતાના અન્ય ઉદ્યોગનું ચલણ કરવું–એમ કરતાં અન્ય કોમો સાથે યત્ન ચાહે તો તેમને પણ લેવી. તેમની યોગ્યતા પ્રમાણે મુખ્ય ચલણમાં લાયક ઓહદો પણ આપવી, પરંતુ અંકુશ અને સત્તા પારસીઓના જ રહેવાં જોઇએ. પારસી પોલીસી મજેબાજી અને રાજનીતિ દૂરઅંદેશ હોય છે એટલે ખૂદ ચાલતી સરકારને પણ આપણે રાહનુમાઇ કરી શકીએ.

આને માટે ઉત્કંઠા જોઇએ. આ ઉત્કંઠાનો આતશ મુંબઈ જેવા શહેરમાંથી મળી શકે. જો ગુજરાતમાં જાગૃતિ થાય તો મુંબાઇનો પારસી હાથસે હાથ મિલાવે; પણ મધ્યબિન્દુ તો ગુજરાતના પારસી ખેડૂતોને જ સ્વાધીન રહેવું જોઇએ. આ દેશનો રાજકીય ઉદ્ધારક આમડેનો ખેડૂત છે

એ જાણી લઈ પારસી ખેડૂતને પોતાની કોમી: જવાબદારી અદા કરવા, એટલું સંગઠન તો કરવું જોઈએ

## રાજકારણ એટલે બળ

આપણે સાધારણ રીતે રાજકારણ એટલે ધારાસભાઓમાં જઈ ભાષણો કરવાં એવું સમજીએ છીએ. પણ તે તો રાજકારણની સત્તાની બહારની મોજ છે. એમાં દેશનું યા કોમનું તારણ નથી. રાજકારણ એટલે પ્રજાવાદનું બળ. આપણે પારસીઓ જ્યાં સુધી બળ-પીઠબળ મેળવીશું નહિ ત્યાં સુધી કોઈ પ્રકારની સત્તા મળી શકશે નહિ, અને જો સત્તા નહિ મળે તો મોજ તો ક્યાંથી થવાય? ધારાસભાના પછાડા પારસીઓએ મારવામાં ઝાઝો સાર નથી. એકાદ કારોબારી હોદ્દો મેળવવો એ પણ ખોટી વેદના છે. ખરો માલ તો કોમી સંગઠન અને તે દ્વારા કોમનું સમૂળગું બળ જમાવવામાં રહેલો છે. આર્થિક, શારીરિક અને સામાજિક બળ હોય તો રાજ્યના રાજ્ય પગ તળે છે.

# સમાજસુધારણા અને સુપ્રજનનશાસ્ત્ર

પ્રા૦ જેહાંગીર જમાસજી આસાના

જીવવિદ્યા (Biology) અને સુપ્રજનનશાસ્ત્ર (Eugenics)ના સુવિખ્યાત અભ્યાસી પ્રા૦ જેહાંગીર આસાનાના કેટલાક અંગ્રેજી લેખોને આધારે, તેમની ઈચ્છા અનુસાર, આ ગુજરાતી લેખ તૈયાર કરનાર
**શ્રી. રતન રુસ્તમજી માર્શલ.**

**આ**વતાં વર્ષોમા આપણી કોમની સખ્યા કેટલી હશે, આપણા સમાજના સભ્યો કેવા હશે, તેમની રહેણીકરણી, નીતિરીતિ કેવી હશે, તેમની શારીરિક અને માનસિક સ્થિતિ કેવી હશે, એ વગેરે બાબતનું હાલ અવલોકન કરી, ભવિષ્ય ચોક્કસપણે જોઇ લેવાની આપણુ કોઇમાં પૂરી શક્તિ નથી એ વાત સાચી; પરંતુ આજના આગળ વધેલા વિજ્ઞાનની સહાયથી એ બાબતમા કેટલીક મદાર બાધી શકાય એમ આ દિશામાં અભ્યાસ કરનારા જ્ઞાનીઓનું માનવુ છે. આપણી ભાવિ પ્રજા, તેની હાલત, તેની શારીરિક, માનસિક અને નૈતિક સ્થિતિ વગેરે થોડે-ઘણે અંશે પણ આગળથી વિચારવા માટે આપણે હાલમાં જ પ્રયત્ન કરવો જોઇએ અને એવો પ્રયત્ન ખરા દિલથી કરવામા આવે તો તેમા કેટલેક અશે તો આપણે જરૂર જ સફળ થઇએ એવી અમારી માન્યતા છે.

પ્રાણી અને વનસ્પતિશાસ્ત્ર જેમાં મનુષ્યજાતિનું મૂળ, મનુષ્યજાતિના શારીરિક, માનસિક અને બીજા ગુણ ક્યાથી ઉદ્ભવ્યા, તે ધીમે ધીમે કેમ ખીલ્યા વગેરે બાબતનો સમાવેશ થાય છે તે જ્ઞાન સમાજ-ઉન્નતિની દિશામાં અજવાળું નાખે છે. વિજ્ઞાનના પ્રકાશમા સમજાય છે કે મનુષ્ય-જાતિમાંથી દુખદર્દો દૂર કરવાં હોય, મદતા ટાળવી હોય, સમસ્ત સમાજનો ઉદ્ધાર કરી તેને ઊંચી પક્તિએ લઇ જવો હોય તો સમાજના આગેવાનો અને સુશિક્ષિત સભ્યોએ કેળવણીની પદ્ધતિમાં ફેરફાર, આરોગ્યતા

નિયમનનુ પાલન, પુષ્ટિકારક ખોરાક, હવાઉજાસવાળાં મકાન, નોકરી-ચાકરીનાં સાધન માટેના પ્રયત્ન કરવા ઉપરાત લગ્નોની સખ્યા, જન્મ-મરણ-પ્રમાણ, ખોડખાંપણવાળા બાળકોની ઉત્પત્તિ, વારસામા ઊતરતા ગુણોના પ્રકાર વગેરે ઉપર પણ ગભીર લક્ષ આપવુ આવશ્યક છે

વિજ્ઞાન સમજાવે છે કે જેમ ઝાડ, છોડ, વનસ્પતિ અને સર્વે પ્રકારના પ્રાણીઓમાં છે તેમ કુદરતે મનુષ્યજાતિના જન્મથી જ શારીરિક, માનસિક અને નૈતિક ગુણોમા ભેદ રાખ્યો છે. સઘળાં સ્ત્રીપુરુષો એકસરખાં હોતા નથી; કોઇ વધારે બુદ્ધિમાન તો કોઇ ઓછા, કોઇના શરીરો મજબૂત તો કોઇના નમળાં, કોઈ મોટી માદગી સામે ટકકર ઝીલી શકે તો કોઇ માંદા પડતા ખખડી જાય. વારસામા મળતા આ કુદરતી તફાવત એકસરખી કેળવણી, ખોરાક, આરોગ્યના નિયમોથી સંપૂર્ણ રીતે દૂર ન કરી શકાય. સારા શરીરવાળા, સારી મગજશક્તિવાળા મનુષ્યો ઘડવાનું કામ કેળવણીકારો કે સમાજસુધારકો જેઓ સામાજિક પરિસ્થિતિ પર નજર રાખીને કાર્ય કરે છે તેઓ એકલાથી ન બની શકે એ માટે તો સમાજમા તંદુરસ્ત શરીર વિકસ પામેલ બુદ્ધિબળ, સારા ગુણો વગેરે ધરાવનાર સ્ત્રીપુરુષો કેટલા છે તેમનો કૌટુમ્બિક ઇતિહાસ એ માટે કેટલે અંશે કારણભૂત છે, તેમનામાં જન્મ અને મરણનુ પ્રમાણ કેટલુ છે, લગ્નનું પ્રમાણ વધારે છે કે ઓછુ, તે માટેના કારણો શુ, તેની સમાજ પર શી અસર થાય છે એ વગેરે જોવા તપાસવાની પણ ભારે આવશ્યકતા છે સુપ્રજનનશાસ્ત્ર (Eugenics) સમાજહિતની પ્રવૃત્તિમાં ભારે મહત્ત્વનો ભાગ ભજવે છે એ શાસ્ત્ર પરત્વે બેપરવા રહીને કોમની સપૂર્ણ ઉન્નતિ ન કરી શકાય એ શાસ્ત્રના આધારે સમાજઉન્નતિના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા રસિક અને મહત્ત્વની બને પણ તે એક લેખમાં ન કરી શકાય. અહીં તો એ શાસ્ત્રને આધારે વશપરપરા વારસામાં મળતા સારાનરસા ગુણ, આન્તર્જાતીય (Intercommunal) લગ્નો સંતતિનિયમન (Birth Control) વગેરેને લગતી થોડીક ચર્ચા કરીને સંતોષ લેવો રહ્યો.

[ ૨ ]

જુદા જુદા વાદનો આ જમાનો છે સમાજવાદ, સામ્યવાદ, આન્તર-રાષ્ટ્રીયવાદ વગેરે વાદોની વાતો ચાલુ સભળાય છે આજના શીખેલા

ઘણા, સંસ્કારી જુવાન વર્ગનો એક ભાગ જૂના વિચારો, રિવાજો અને માન્યતા સામે પ્રહાર કરે છે. જૂનવટની એ જુત્તાનો ઝાટકણી કાઢે છે અને સંભળાવે છે કે દરેક ધર્મ સમાન છે, કોઇ એક ધર્મ બીજાથી ચઢતો યા ઉતરતો નથી. એમ ચર્ચા કરતાં તેઓ પ્રશ્નોનો મારો ચલાવે છે. એમાં એક અગત્યનો પ્રશ્ન લગ્નને લગતો છે–પારસીઓએ પોતાની કોમમાં જ લગ્નો કરવાં કે બીનપારસીઓમાં પણ? આ સવાલ આપણા સમાજની ભાવિ આબાદી માટે ઘણો મહત્ત્વનો છે અને એ પરત્વે સમાજ જે વલણ અખત્યાર કરે તે પર આપણી નાની કોમનાં સુખનો, ખુદ તેની હસ્તીનો, આધાર છે.

આપણા યુવાનો અને યુવતિઓ કહે છે કે લગ્ન તો એક વ્યક્તિની અંગત બાબત છે. તેઓ દલીલ કરે છે કે તેમને એ સમજવું મુશ્કેલ છે, કે એક બિનપારસી એક પારસી કરતાં વધારે ભલો–સારો નહિ ને તેના જેવો હોય તો તેની સાથે પરણવું પાપ નહિ તો ય ખોટું શા આધારે ગણાય? આ પ્રશ્નનો જવાબ ધાર્મિક દૃષ્ટિએ વાળતાં આપણાં કોમી લક્ષણો અને કોમની અખંડતાને ખંડિત ન કરવાને થતી સૂચના તેમને ગળે ઝાઝી ઊતરતી નથી. 'ધર્મ–ધરસ્તીમા'નો પોકાર તેમને મુદ્દલ અસર કરતો નથી. ધાર્મિક ઉપરાંત બીજી વ્યવહારુ અને વૈજ્ઞાનિક બાબતોને આધારે આ પ્રશ્નની છણાવટ કરી, આપણે હિંદના માનવ–મહાસાગરમાં એક કોમ તરીકે શા માટે એક અને અખંડ રહેવું જોઇએ તે આ વર્ગને સમજાવાય એ જરૂરી છે. આ સંબંધમા નીચે દર્શાવ્યા પ્રમાણે દલીલો થઈ શકે.

હિંદના કરોડોના માનવમહાસાગરમાં પારસીઓની સંખ્યા અતિ નાની છે અને છતાં એ સ્વીકારાયેલી હકીકત છે કે આ દેશની જાહેર બાબતોમાં એણે અર્પેલો હિસ્સો અનુપમ' છે.' હિંદના ઇતિહાસમાં પોતાનું નામ પોતાના સત્કાર્યોથી નોંધાવી જનારામાં દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, દીનશાહ વાચ્છા, જમશેદજી છછભાઇ, કાવસજી જેહાંગીર, દીનશાહ મુલ્લા, બહેરામજી મલબારી, તાતા, પીટિટ, પડાંચખાનાગાતના નામો ધ્યાન ખેંચે છે. આજે હયાત નામાંકિત નરોમાં હોમી મોદી, અરદેશર દલાલ, અદી શ્રોફ, જમશેદ મહેતા વગેરે અમરયાને છે. આ બધા નામોથી કોમ પરિચિત છે પણ એ દુઃખની હકીકત છે કે આજના પ્રખ્યાત પારસીઓમાં જે બે

નામ પણ કોમના મુખે હોવાં જોઈએ એ નથી. એ નામો તે આપણા સપૂતો હોમી ભભા અને દારાશા વાડીઆના. એમાંના એક ભૌતિકશાસ્ત્રી (Physicist) છે અને બીજા ભૂસ્તરશાસ્ત્રી (Geologist) છે. આ બે સદ્‌ગૃહસ્થો અજબ બુદ્ધિશાળી છે, મહાવિદ્વાનો છે, પોતાના ક્ષેત્રોમાં આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. હિંદમા તેમનુ સ્થાન સી. વી. રમન, શાહા અને બીરબલ શહાનીની હરોળમાં છે તેમના બુદ્ધિબળ માટે તેમને આ અગાઉ અનુપમ માન તેમના કાર્યની કદર કરી જાણનાર તરફથી મળ્યા છે, પણ પારસી કોમનો મોટો ભાગ તેમના કામથી જેવો જોઇએ તેવો પરિચિત નથી, તેમના કામની મહત્તાની કદર આંકી શકતો નથી.

કરોડોના વિશાળ માનવમહાસાગરમા એક ટીપા જેટલા કદની કહી શકાય એવી નાનીશી કોમમાથી આટલા બધાં રત્નો પાકયા, જેમણે વિવિધ ક્ષેત્રોમા આગેવાનીભર્યો ભાગ ભજવી, પોતાના નામ અને કામથી ભારતનુ નામ ઉજાળ્યું. આમ કેમ થયુ ? આપણે, ગઈ કાલની એક મહાન પ્રજાનો બચી ગએલે એક નાનોશો ભાગ હિંદ જેવા વિશાળ દેશમા આટલી ખ્યાતિ કેમ પામી શકયા ? ધર્મ, કોમી રીતરિવાજો, સરકાર કે કેળવણી જેવી બાબતો જ આ પરિણામ માટે કારણભૂત છે ? બીજી પ્રજાઓના મહાન ધર્મો શુ આપણા ધર્મ કરતા બહુ જુદા છે ? શુ આપણા સાસ્કારિક રીતરિવાજો એ પ્રજાઓના રીતરિવાજો કરતાં બહુ ઊંચા પ્રકારના છે ? નામાંકિત રત્નોની આ લાબી નામાવલિ માટે શુ કેળવણી જ એકલી ગર્વની અધિકારી છે ? આ વસ્તુસ્થિતિ માટે આપણે કેળવણીનુ મહત્વ સૌ પ્રથમ પિછાન્યુ અને તે પ્રાપ્ત કરી એ કારણ જ પૂરતુ છે ? એમ જ હોત તોય આવી કેળવણીતું મહત્વ પિછાણી લેવાની સમજશક્તિ આપણા વડીલોને જ કેમ અને કયાથી સાપડી ?

આ બાબતો સંતોષકારક સ્પષ્ટીકરણ કરી શકે એમ નથી. સખાવત, સાહસ, કૌશલ્ય, બુદ્ધિ વગેરે જે ઉમદા લક્ષણો આપણે દાખવ્યા છે એનુ સાચુ કારણ એમાથી જડે એમ નથી અમારી સમજ મુજબ એ માટેનું કારણ જુદુ છે અને તે ઉપર આપના કેમના જુવાન વિચારશીલ વર્ગને એ પ્રત્યે લક્ષ આપવા વિનંતિ છે અમો માનીએ છીએ કે અમારા વિચારને વિજ્ઞાનની શોધખોળોના ટેકો છે, જીવવિદ્યાનુ (Biology) સમર્થન છે. આ સ્થાને વૈજ્ઞાનિક હકીકતોનો આધાર આપીને એની વિસ્તૃત

છણાવટ તો ન થઈ શકે પણ સાદી ભાષામાં એટલુ કહીએ કે આપણે દરેકે દરેક પારસી વ્યક્તિગત રીતે નહિ તો પણ એક કોમ તરીકે આપણા લોહીમા કેટલીક નબળી ખાસિયત હશે તે સાથે અમુક સારા લક્ષણોના પ્રતિનિધિરૂપ કણો (Particles) અને જીવાણુઓ (Germs) અમુક પ્રમાણમા ધરાવીએ છીએ. તે દરેકે દરેક પારસી સ્ત્રી યા પુરુષમા નહિ તો પણ સામાન્ય રીતે સમાજના સભ્યોના બધારણમા પડેલા હોય છે બાળકોના મોટા થવા સાથે આ કણો અને જીવાણુઓમાથી-ખોરાક, આબોહવા, કેળવણી વગેરે જરૂરી પ્રમાણમા મળી રહેતા-ઉમદા ખાસિયતો જેવી કે સાહસિકતા, નિર્ભયતા, ચચળતા વગેરે ખીલી નીકળતી જેવામાં આવે છે.

આ દિશામાં એક નોધવાયોગ્ય બાબત એ છે કે આ કણો યા જીવાણુઓ એવા પ્રકારના હોય છે કે તે આપણા શરીરમા જુદા વસે છે, જેમકે 'અ' ખાસિયત માટે 'અ', 'બ' પ્રકારની ખાસિયત માટે 'બ' વગેરે વૈજ્ઞાનિક જગતને આજે વિદિત છે કે એ જીવાણુઓ વારસામા એ જ રીને ઇનાયદા સ્વરૂપમા ઊતરે છે. તે આપનારના વારસદારોમાં આ કણો અને જીવાણુઓ ભેળાઇ જતા નથી, પરતુ સેકડો વર્ષ સુધી પોતાના મૂળ સ્વરૂપમાં તેઓ એક પછી બીજામાં ઊતર્યા જાય છે અને તેમને મળતા યા તેમનાથી જુદા પડતાં બીજા કણો ભેગા રહીને પણ પોતાની અનોખી હસ્તી માનવશરીરમા જાળવે છે

આપણા સમાજના કેટલાક સભ્યો એવી ભૂલભરી માન્યતા ધરાવે છે કે આ દેશમાં આપણા થએલા આગમન પછી આપણામા આન્તર્જાતીય લગ્ન (Intercommunal Marriages) થયાં હતા, એને લઇને આપણુ લોહી મિશ્રણવાળુ બન્યુ છે અને એને પરિણામે આપણા પૂર્વજો તરફનુ સારું યા નરસુ તત્ત્વ આપણા લોહીમા હવે રહ્યુ નથી આ માન્યતા સાચી નથી. પૂર્વજો તરફના જીવાણુઓ નીચ દિશાએથી આમેજ થએલાં કણો અને જીવાણુઓ ભેગા આપણા શરીર બધારણમા રહી શકે અને તે એકબીજાને મદદરૂપ યા નુકસાનકારક થાય પરતુ જેમ ચાહ અને દૂધ મળી જાય છે, પાણીના બે પ્રવાહ એકમેકમાં ભળી જાય છે અને પોતાનુ વ્યક્તિગત તત્ત્વ ગુમાવે છે એ રીતે આ કણો અને જીવાણુઓ મળતા નથી. આવતા વર્ષોમા એ કણો છૂટા થાય છે, ફરી મળે છે, ફરી છૂટા

થાય છે અને તે પણ વંશપરંપરાગતના (Heredity–આનુવંશિક) વૈજ્ઞાનિક કાયદા અન્વયે વિજ્ઞાનનુ જ આ શિક્ષણ છે

વળી આન્તર્જાતીય લગ્નો પારસીઓમાં કોઈ પણ સમયે બહુ સામાન્ય બની ગયેલા ન જ હોઇ, એમ કહેવુ અયોગ્ય ન ગણાય કે આપણી નાની કોમના મોટા ભાગના સભ્યોના લોહીમા, માત્ર તેમના બાપદાદાના જ નહિ પરંતુ ઇરાનમા વસી ગએલા તેમના પ્રતાપી પૂર્વજોના ઉમદા તત્વો કાયમ છે વિજ્ઞાને સમજાવ્યુ છે કે વારસામાં મળતાં આ તત્વો પર સમયની ઝાઝી અને ઝટ અસર થતી નથી માનવાને કારણો છે કે દુન્યવી બીજી વસ્તુઓ પર જેમ અસર થાય છે તેમ એમને સૈકાઓ સુધી ખાસ અસર થતી નથી "ઇરાની લોહી"ના વૈજ્ઞાનિક નહિ પરંતુ પ્રજામુખે સામાન્ય રીતે વપરાતા શબ્દોનો ઉપયોગ કરીએ તો માનવાને અડચણ નથી કે આપણા ઇરાની પૂર્વજોથી વિખૂટા થવાને લાંબી મુદ્દત થવા છતા હાલના પારસીઓ–કેટલાક સારા પ્રમાણમાં, કેટલાક થોડા પ્રમાણમાં અને કેટલાક મુદ્દલ જ નહિ એમ–એ "ઇરાની લોહી"ના તત્વો ધરાવતા હોય. એ મારેતુ મુખ્ય કારણ કોમ પરકોમ વચ્ચેના લગ્નો તરફ આપણે હરહમેશ દેખાડેલી નાપસંદગી અને પરિણામે આપણા સમાજમા એવાં લગ્નોની એકંદરે ગેરહાજરી છે

બીજા હાથ પર, આપણામા વર્ષોથી થતા પારસી પારસી વચ્ચેના લગ્નો અને તેમા ય એક જ કુટુંબમાં થતાં જોડાણોએ નીચેના પરિણામ નીપજાવ્યા હોય એ શક્ય છે. વૈજ્ઞાનિક વિધમા જેને "ઇન–બ્રીડીંગ" (In–breeding) કહેવામા આવે છે એની આપણે હિમાયત કરતા આવ્યા છીએ અને તે અન્વયે અમલ કરતા રહ્યા છીએ. વિજ્ઞાન સમજાવે છે કે આવા "ઇન–બ્રીડીંગ"ને પરિણામે વારસામા મળતા લક્ષણો–સારા યા નરસા–વખતના વહેવા સાથે નવી ઓલાદમા વધારે અને વધારે નજીક આવે છે એને લઇને વંશપરંપરા મળતા સદ્ગુણ જેમ જોવા મળે તેમ કેટલીક ખામી, નબળાઇ પણ જોવાની રહે આમ હોવાથી એ શક્ય છે કે આપણી નાની કોમમાં અંદર–અંદર જ અને ઘણી વેળા કુટુંબમાં થતા લગ્નોને લઈને થોડે થોડે સમયે એવા રત્નો પાકે છે જેઓ મોટાં થતાં પોતાના કર્તવ્યોથી આગળ તરી આવે છે અને સમાજના શણગાર બને છે

સ્વાભાવિક રીતે ઉપર જણાવ્યા મુજબ આવાં લગ્નોને કારણે અનિચ્છનિય તત્ત્વો પણ નજીક આવતાં કેટલાક દાખલામાં એના પરિણામ રૂપે શારીરિક અને માનસિક ખામીઓ પ્રગટે. આપણી કોમમાં ખામીવાળા અને બિનતંદુરસ્ત આસામીઓનું જે પ્રમાણ જોવામાં આવે છે તે કદાચ આ કારણને આધીન હોય. આપણે આથી નિરાશાવાદી ન બનવું જોઇએ, કારણ વંશપરંપરા ઊતરતાં લક્ષણોનું જ્ઞાન (Science of Heredity) જે 'જેનેટીક્સ' (Genetics)ને નામે ઓળખાય છે એનો વિકાસ થઇ રહ્યો છે તે આ સારાં અને નબળાં લક્ષણો સંબંધમાં હવે પછી વધારે પ્રકાશ નાખે અને તે પર કાંઇક કાબુ જમાવે. આગળ વધતું વિજ્ઞાન નબળાં તત્ત્વોને દૂર કરી, ઉત્તમને આગળ વધવાનો માર્ગ કરી આપી, કોમના સભ્યોમાંથી ખામી અને નબળાઇ દૂર કરી, તેને ઉન્નતિ અને આબાદીને પંથે કદમ ભરવામાં સહાયક બને. આપણે દમ વિનાની નાની બાબતો પર ચર્ચા કરવાનું છોડી દઇ, સમાજહિતની આવી મહત્ત્વની બાબતો પર તાકીદે લક્ષ આપતા થઇ જઇએ એ ઘણું ઇચ્છવાજોગ છે. માંહોમાંહેની મતફેરીઓ આપણને શોભે નહિ તેમ પાલવે પણ નહિ. આપણે એક કોમના જ સભ્યો નથી પણ આપણી સંખ્યા એટલી અલ્પ છે કે એમ કહી શકાય કે આપણે એક મોટા કુટુંબના સભ્યો છીએ. એક કુટુંબના હેતાળુ સ્નેહીઓ તરીકે આપણે જીવી જાણવું જોઇએ.

આપણા ભાવિ ઉત્કર્ષ માટે અને આપણા સમાજ અને દેશના હિત અર્થે આપણને નવરચના કરવાની આવશ્યકતા છે. જીવવિદ્યાને લગતું આપણામાં સંશોધન કરવાની અને એ માટે એક સંસ્થા સ્થાપવાની જરૂર છે. આપણે એ યાદ રાખવું જોઇએ કે સમાજમાં સારા સભ્યો જેમ કેળવણીથી તૈયાર થાય છે તેમ જન્મેય છે. કુદરત તેમને તૈયાર કરે છે. માતાના ઉદરમાં બાળક હોય ત્યારથી જ જાણે કુદરત તેને અગત્યના કાર્ય માટે પસંદ કરે છે. અમારી એ અંતરની માન્યતા છે કે કુદરતનો આવો કોઇ ક્રમ આપણા સમાજમાં કામ કરી રહ્યો છે—દખલ કરે છે.

દરમિયાન આપણું એક અગત્યનું કાર્ય આન્તર્જાતીય લગ્નોના જીવવિદ્યાના જ્ઞાનને આધારે જણાતા ફાયદા અને ગેરફાયદાનો મુકાબલો કરવાનું છે. અમારા મતે હાલના સંજોગોમાં આન્તર્જાતીય લગ્નો (Intercommunal Marriages) ઇચ્છવાજોગ નથી. અમે માનીએ

છીએ કે હાલના અવ્યવસ્થિત વાતાવરણમાં આવાં લગ્નોનો વિરોધ પોકારવામાં આપણને ગુમાવવા કરતા મેળવવાનું વિશેષ છે. આ લગ્નોને પરિણામે આવતી પ્રજાને હાલના આપણા સામાજિક રીતરિવાજો અન્વયે, આપણી કોમમાં દાખલ ન કરતાં, આપણા લોહી મારફતે મળેલા કેટલાક સારા ગુણો અને તત્ત્વનો વારસો બહાર જાય છે અને હિંદના વિશાળ માનવ-મહાસાગરમાં તે ગુમ થઈ જાય છે વગર વિચારના આવા લગ્નોથી કોઈને લાભ નથી સબબ, વર્ષોથી એક કોમ તરીકે અખંડ અવસ્થામાં વસી, આન્તર્જાતીય લગ્નોથી દૂર રહી, કેટલાક સારા ઇચ્છવાજોગ ગુણો-લક્ષણોને વીણવા અને સાથે ભેગા કરવાના કુદરતના ક્રમમાં આપણે મદદગાર બન્યા હોઈશું. આપણી અખંડતા આમ જાળવીને આ દિશામાના વૈજ્ઞાનિક સંશોધન કાર્યમાં પણ આપણે મહત્ત્વનો હિસ્સો આપીશું. આપણે "ઇન બ્રીડીંગ" યાને "એન્ડોગમી"(Endogamy–સપિંડવિવાહ)નો એક કુદરતી પ્રયોગ કર્યો છે Genetics અને સુપ્રજનનશાસ્ત્ર (Eugenics)નું સારું જ્ઞાન ધરાવનાર કોઈ વિદ્વાનની સેવા મેળવીને આ કુદરતી પ્રયોગના પરિણામ બાબતમાં ઊંડા ઊતરવામાં આવે તો તેથી ઘણું નવું જાણવાશીખવાનું મળે એથી જગતના એ દિશામાના જ્ઞાનભંડોળમાં વધારો થવા સાથે આપણી પ્રજોત્પત્તિની દિશામાં ભવિષ્યની નીતિ શું રહેવી જોઈએ એ પણ આપણને સમજાશે. વૈજ્ઞાનિક પ્રજોત્પત્તિની નીતિ એવું મહત્ત્વનું કાર્ય છે જેને આપણે વેળાસર અમલી સ્વરૂપ આપીએ તો આપણી ભાવિ ઉન્નતિના પ્રયત્નોમાં તે ખૂબ જ મદદરૂપ થઈ પડશે એવી શ્રદ્ધા રહે છે

આ મહત્ત્વના મુદ્દા લક્ષમાં રાખીને, કોમના સંસ્કાર અને ધર્મના હિતની દલીલો દ્વારા કોમી અખંડતા જાળવવા આપણે આગ્રહ કરીએ એ યોગ્ય છે એવી માન્યતા સેવવાને વૈજ્ઞાનિક આધાર છે કે આપણા બંધારણમાં ઉત્તમ અને ઇચ્છવાયોગ્ય લક્ષણો આજે ય છે જેને લઈને આપણા પ્રતાપી પૂર્વજોએ માનવ-ઇતિહાસમાં અગત્યના કાર્યો દ્વારા મહત્ત્વનું સ્થાન જમાવ્યું છે. આ વિચારમાં સ્વાર્થી અન્યાયી યા દેશદ્રોહી કહી શકાય એવા પ્રકારના કોમવાદનો અંશ નથી. આ કથન જેટલું પારસીઓ માટે વાજબી છે એટલું જ હિંદની બીજી નાની નાની 'ઇન-બ્રીડીંગ' કરતી કોમોને માટે પણ છે. વિશાળ દૃષ્ટિથી

નીરખતા આ જાતનો કોમવાદ આન્તરરાષ્ટ્રીય એખલાસના માર્ગમાં વિરોધ કરતો નથી, કારણ એનું ધ્યેય એક અંગ બીજા અંગ સાથે ભેળાઇ જઈ રચાયી સંતોષકારક સ્વરૂપ ધારણ કરે તે પહેલાં તેમાં સુધારા કરવાનું, તેને સંપૂર્ણ કરવાનુ છે.

આપણા સમાજમાં થતાં આન્તર્જાતીય લગ્નો અટકાવાને શું ઉપાયો યોજવા તે અત્રે ચર્ચવાનો ઇરાદો નથી. અલબત્ત એ કાર્ય મુશ્કેલીભર્યું છે–ખાસ કરીને સમાજની હાલની સ્થિતિમાં. છતા અમારી એ મક્કમ માન્યતા છે કે આ કાર્ય અશક્ય તો નથી જ સામુ. આપણે માહોમાંહેની નજીવી મતફેરીઓ ભૂલી જઇએ, ઝાઝી મહત્ત્વની નહિ એવી બાબતો પણ ચર્ચા–ચૂંથણા કરવાના છોડી દઇએ અને મક્કમતાથી વિચારીએ તો આપણા સમાજની અર્થ અને જીવશાસ્ત્રની દષ્ટિએ નવરચના કરી શકીએ અમને ભય છે કે વગર વિચારના આન્તર્જાતીય લગ્નો ભવિષ્યમા આપણી કોમ માટે ભારે ચિંતાનો વિષય બનશે અને એક અખંડ, આબાદ, આબરૂદાર સમાજ માટેના આપણા મનોરથોને અસર કરશે. અમારો આ વિચાર કદાચ ભૂલભર્યો હશે, અમારી આ ધાસ્તી કદાચ વધારે પડતી હશે, પણ અમે મક્કમતાથી માનીએ છીએ કે આ મહાન દેશમા આપણી કોમે હજી મહત્ત્વનું કાર્ય કરવાનું છે અને એ ખુદઈ કાર્ય આવતા કેટલાક જમાના સુધી આપણી કોમી અખંડતા જાળવીને આપણે વધારે સારી રીતે કરી શકીશુ અને એથી અત્રેથી ચેતવણીનો સૂર સંભળાવવાની જરૂર જોઇએ છે. કોમનો આજનો શીખેલોભણેલો, શાણો, સમજુ જુવાન વર્ગ જેના હાથમા કોમના ભવિષ્યનુ સુકાન રહેલુ છે તેને અમારી આ અરજ છે. એ અરજ, થોડે યા ઘણે અંશે, સમજપૂર્વકના આધારો ધરાવે છે. હાલના સંજોગોમાં આન્તર્જાતીય લગ્નોથી અળગા રહેવાને તેમને અમારો અંતરનો આગ્રહ છે

લગ્નને લગતા સવાલો સમાજસુધારણાની દિશામાં ભારે અગત્ય ધરાવે છે અને સમાજના નેતાઓએ એ પ્રત્યે ગંભીર લક્ષ આપવુ રહે છે સમાજને એવી કેળવણી આપવી ઘટે જેથી સમાજના સભ્યોને સમજાય કે લગ્ન તે અંગત અને સાથે જ કોમી બાબત પણ છે. વગર વિચારનાં ઉતાવળાં લગ્નોને પરિણામે બાળકો ઉત્પન્ન થાય તો–વ્યક્તિને અંગત રીતે નુકશાન કરે, તેના કરતા સમાજને કદાચ ઘણું વધારે ગેરફાયદો

કરે, ગુંચાવડા ઊભા કરે.) બીજા હાથ પર આ દિશામાં પુખ્ત વિચાર કરીને, સમજીને અમલ કરનારા પોતા ભેગા પોતાના સમાજને પણ ઘણો ફાયદો કરે. એ સ્પષ્ટ છે કે દરેક શખસ સમાજનો એક ભાગ છે અને જે સમજમાં એ જન્મ્યો હોય, ઉછર્યો હોય એ સમાજને થોડે યા ઘણે અંશે જવાબદાર છે. પારસી કોમમાં જન્મેલાં અને ઉછરેલાં બહેનો અને ભાઈઓએ પોતાના સમાજ તરફની ફરજનું કરજ ભરપાઈ કરવાનું છે. કોમમાં જ રહી, કોમને શોભા આપતું જીવન જીવી બતાવી, કોમમાં જ લગ્ન કરી, આ કરજ કેટલેક અંશે ફેડી શકાય. લગ્નની બાબતમાં પુખ્ત વિચાર કરનારા અને સમાજને મદદરૂપ બને એ રીતે વર્તનારા સમાજ પ્રત્યેની એક અગત્યની ફરજ બજાવે છે. સમાજની પણ એ મહત્ત્વની ફરજ છે કે તે તેઓનું આ દિશામાં માર્ગદર્શન કરે, તેમને મદદ કરે અને લગ્ન દ્વારા પોતા ભેગા પોતાના સમસ્ત સમાજને તેઓ કેમ સહાયક થઈ પડે એ તેમને સ્પષ્ટ સમજાવે. એથી જ કોમના શ્રીમંતો, શેઠિયાઓ અને શુભેચ્છકોને અમારી એ નમ્ર સૂચના છે કે લગ્ન અને તેની સાથે સબંધ ધરાવતી બાબતો પરત્વે સમાજનું ઘટતું લક્ષ દોરવા, એ દિશામાં સંશોધન કરવા તેઓ યોજના ઘડે, તે માટે નાણાં મેળવે અને એક એવી સંસ્થાની સ્થાપના કરે જે ,એ દિશામાંની આપણી પાસેની હાલની માહિતીને આધારે તથા એ બાબતમાં હવે પછી જે નવું જાણવા-શીખવાનુ મળે તેના પ્રાકાશમા સમાજને દોરવે, મદદ કરે, અમલ કરાવે અને એ બધાને પરિણામે સમાજનું કેટલેક અંશે કલ્યાણ કરે.

## [ ૩ ]

દરેક સુધારાનું ધ્યેય મનુષ્યજાતિની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું હોય છે. મનુષ્યજાતિની ઉત્પત્તિ થઈ અને માનવી વિચારતો થયો ત્યારથી એ હેતુ પાર ઉતારવાને પ્રયત્નો થતા આવ્યા છે. જીવન માટેની જરૂરિયાતો જેવી કે ખોરાક, પોષાક, આશ્રયસ્થાન વગેરે માટે તથા દુઃખદર્દથી માનવજીવનને દૂર રાખવાને દરેક જમાનામાં થઈ ગયેલા સેવાભાવિ અને દયાભાવિ જીવોએ પ્રયત્નો કર્યા છે. એ માટે સુખી સરળ જીવનના માર્ગમાં અંતરાય નાંખતી બાબનોનો તેમણે અભ્યાસ કર્યો ખરો પરંતુ જૂના જમાનામાં એ દિશામાં તેમણે જે પ્રયત્ન કર્યા તે સ્વાભાવિક રીતે અસ્તવ્યસ્ત હતા; હાલહાલમાં એ પ્રયત્નોએ અમુક ચોક્કસ

સ્વરૂપ પકડ્યું છે અને તે હવે વિજ્ઞાનની પંક્તિએ પહોચ્યા છે. આ પ્રયત્નોમા માનવીએ સરસ સફળતા મેળવી છે ગરમી, ઠંડી, આમોદ્દતા, વિજળી, પ્રાણીઓ, ચુંબકત્વ વગેરેને લગતી સમજણ મેળવવામા, તે ઉપર કાબુ જમાવવામા અને મનુષ્યજાતિના હિતમાં તેનો ઉપયોગ કરવામા તેણે મેળવેલો વિજય સાચે જ અદ્ભુત છે ।

છતાં આ આશ્ચર્યજનક ઘટના છે કે માનવીએ પોતાની અંતરાફમા રહેલી સાધનશક્તિ પર ખૂબ ચિંતન કર્યું છે અને તે પર કાબુ જમાવ્યો છે ત્યારે ખૂદ તેની પોતાની અંદર રહેલી શક્તિનુ તેનુ જ્ઞાન પ્રમાણમા સંકુચિત છે અને તે પણ હાલહાલમા જ ખીલવેલું છે ઝાડપાન અને જાનવર-જેમાં મનુષ્યનો સમાવેશ થાય છે-તેની ઉત્પત્તિ, તેનુ બંધારણું અને કાર્ય અને તેમા જાતિવિજ્ઞાન, આનુવંશિકતા (Heredity), વગેરેના જ્ઞાનનો વિસ્તાર ઠીક વધ્યો છે પણ પણ તે હાલહાલમાજ જીવવિદ્યાના જ્ઞાનનો આ ફેલાવો ખાસ્રિજરૂપમા પશ્ચિમ પ્રગતિના મુકાબલામા અલ્પ છે, છતા પણ હાલ સુધીમા એ દિશામા જે શોધખોળ થઇ છે તે બહુ આશાસ્પદ છે અને માનવજીવનની મુસ્કેલીઓ ટાળવામા તે ખૂબ ઉપયોગી થઇ પડે એમ છે, એનુ ચોક્કસ લાગતું રહ્યું છે. નર યા નારી જાતી કેમ જન્મે છે તે આટેનું કારણ જગને જાણ્યુ છે, જાતીય લાગણીને કાબુમા રાખવાના ઇલાજ સમજાયા છે અને અનુવંશિકતાને (Heredity) લગતા આપણા ભંડોળમાં સારો વધારો થયો છે વારસામા મળતા-સારા અને નરસા । ઇચ્છનિય અને અનિચ્છનિય-લક્ષણોને લગતુ જ્ઞાન ચાલુ સૈકામા વિસ્તર્યું છે અને એને આધારે, મનુષ્ય મન પર લેશે તો, પોતાનું ભાગ્ય પોતે ઘડતો થઇ જશે.

પારસી કોમના આગેવાનોએ જીવવિદ્યાના ક્ષેત્રમા પશ્ચિમની શોધખોળ પ્રત્યે ગંભીરતાથી લક્ષ આપી, આપણા સમાજની સામાજિક ઉન્નતિ અને શારીરિક સુધારણા કાજે એ કી રીતે સહાય કરી શકે એ જોવાનો સમય પાકી ગયો છે. આજના આપણા મહત્ત્વના કોયડા જેવા કે ગરીબાઇ, દુખદર્દો, યુવાનોની કેળવણી તેમનામા પ્રસરેલી બેકારી વગેરેને જીવવિદ્યાના ક્ષેત્રમા પશ્ચિમ સંશોધનના પ્રકાશમા જોતા, આ-મુઝવણભરી બાબતોના-વધારે વ્યવહારૂ ઉકેલો જડે. પશ્ચિમના દેશોમાં માનવઉન્નતિ માટે આ

નવા જ્ઞાનનો ઉપયોગ એ રીતે થઇ રહ્યો છે આપણે પણ તેમ ન કરીએ?

આ દિશામા વિચારતા સંતતિનિયમનની (Birth Control) બાબત નજર સમક્ષ આવે છે અને તેનું જ્ઞાન માનવતાને હણી લેનારુ નહિ પણ તેનો સમાલીને ઉપયોગ થાય તો, માનવતાને તેના પૂર બહારમાં પ્રકાશવામા મદદ આપનારુ એક સબળ હથિયાર હોવાનું સમજાય છે. એ બાબત અહીં વિચારીએ.

આ તો હવે સૌને સમજાતી વાત છે કે ગમે એવી તંદુરસ્ત અને સુખવાસી કુટુંબની સ્ત્રી જેને સાધનસંપત્તિની કશી ખોટ નથી એ પણ વખતના ઝાઝા ગાળા વિના નવા નવા બાળકના માતૃત્વનો ભાર ઉપાડયા કરે તો તેથી એની તંદુરસ્તીને અસર થાય જ અને એનુ સુખ હણાઇ જાય એને લઇને એનું અકાળે મૃત્યુ પણ થાય અને એથી બાળકોના જન્મ વચ્ચે પુખ્ત વખતનો ગાળો રહે એ જરૂરી કે એ દિશામાં થએલ જુરતેજુથી પૂરવાર થયુ છે કે ઓછામાંઓછા બે વર્ષના ગાળે અવતરેલા બાળકોની સામાન્ય તંદુરસ્તી સારી હોવા ઉપરાન, બાળકોને નમતા ચેપી દુખદર્દોનો સામનો કરવાની તેમનામા સારી શક્તિ હોય છે આમ માતા અને બાળકોના હિતમા સંતતિનિયમનની વિદ્યાનો ઉપયોગ કરવાની માતાઓને સલાહ આપી શકાય.

બીજા દાખલામા સ્ત્રી તંદુરસ્ત હોય પરંતુ તેના કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોય, વધારે પડતા બાળકોનો ભાર ઉપાડવાની કુટુંબની જોગવાઇ ન હોય, તેવાને પણ ઉપરના ફકરામા તેમની બહેનપણીને આપેલી સલાહ આપી શકાય, પરંતુ આ દાખલામા તો એવો સવાલ ઉપસ્થિત થાય છે કે કુટુંબની નબળી નાણાકીય સ્થિતિ જોતાં ફક્ત અમુક સમયનો ગાળો જવા ન દેતા, બાળકની વૃદ્ધિ જ ન થાય એ માટે પણ તેને ધ્યાન રાખવાની સલાહ આપવી યોગ્ય નથી? એનો જવાબ ઝાઝો મુશ્કેલ નથી પરંતુ અમુક નાની સખ્યામાં જ બાળકો આવવા દેવાં યા તેમને મુદ્દલ જ આવવા ન દેવાથી સમાજને કશી ખોટ જાય છે ખરી? આ સવાલ મહત્વનો છે અને તે છણાવટ માંગે છે.

સામાન્ય સારી તંદુરસ્તી અને સુખી આર્થિક સ્થિતિમા મુકાયેલી સ્ત્રીની તંદુરસ્તી સાચવવાના હિતાર્થે તેણીને સતતિનિયમનના શાસ્ત્રનો સહકાર સાધવાની સલાહ આપી શકાય, તો પછી જેમની તંદુરસ્તી નબળી હોય, જેઓ કાઇ દુખદર્દથી હેરાન થતા હોય, તેમને આ સલાહ અપાય તેમા વિરોધને શું સ્થાન હોઈ શકે? અધૂરે જવાની ફરીઆદ, હૃદયની નબળાઇ, શરીરના ભાગોને લાગુ પડેલી ખદીની અસર, ગુર્દાના દર્દો, લોહીનુ પાણી, નબળો બાધો વગેરે બાબતોને કારણે સતતિનિયમનના શાસ્ત્રનો આશરો લેવાને સ્ત્રીઓને લગતા દર્દોના પશ્ચિમના પ્રખ્યાત તબીબોએ યોગ્ય સલાહ આપી છે અને એ સલાહ તેમના દર્દીઓના હિતની જ પૂરવાર થઇ હોવાનુ નોધાયુ છે

આપણી કોમના આગેવાનો જાણવાની પરવા કરે તો તેમને સમાજમાં એવી વ્યક્તિઓની મોટી સખ્યા જડશે જેઓ પોતે વશપરપરા વારસામાં કેટલીક ફરીઆદો, જે કેટનાક દાખલામા ગભીર અને યોગ્ય ઉપચારથી દૂર ન થઇ શકે એવી ધરાવતા હશે યા તેમના લોહીમા એવી ફરીઆદના રજકણુ હશે. આમાની ઘણીક ફરીઆદો સબધી હાલહાલમા એ બાબતના નિષ્ણાતો તરફથી ઊંડી તલાશ-તપાસ થઇ છે અને તેને આધારે જણાયુ છે કે કાન અને આંખની ખામીઓ, શરીરના અવયવોની ખોડખાપણ ઘણાને વારસામા મળી હોય છે

આમ વારસામા મળતી ખામીઓ માત્ર શારીરિક જ નહિ પરતુ માનસિક પણ હોય છે જુદા જુદા તબકકેની મગજને લગતી ફરીઆદોની ઊંડી તપાસ પછી હવે એ સ્પષ્ટ થયુ છે કે મગજને લગતી ઘણી ફરીઆદો-ખામીઓ વારસામા મળેલી હોય છે અને ઘણાક દાખલામા ગાંડપણ અયોગ્ય આનુવશિકતાને (*Heredity*) આભારી હોય છે સામાન્ય માણસો જેમણે આમ વારસામાં મળતી ખામીઓ બાબતમા કશો અભ્યાસ કર્યો નથી તેમને એ સમજાતુ નથી કે બહારથી કાઇ પણ ખોડખાપણ ન ધરાવતા અને સારી તંદુરસ્તીવાળા જણાતા બે જીવો પરણે અને માતપિતા બને ત્યારે તેઓ પોતાના ફરઝંદોને વારસામા કશીક માનસિક ખામીઓ આપે છે આ બાબતની સમજણ એ છે કે માનસિક ખામીના જીવાણુઓની અમુક જાત અને સખ્યા સ્ત્રીના જાતીર ભાગમાં હોય છે બહારથી તો આ સ્ત્રી સામાન્ય દેખાય છે તેણીનુ શરીર કોઇ પણ પ્રકારની

ખામીથી નિરાળુ જણાય છે એ જ સ્થિતિ તેણીના જીવનસાથી પુરુષની હોય છે આ બન્નેના જાતીય ભાગમાં માનસિક ખામીના જીવાણુઓનો કેટલોક ભાગ–કહોને કે અડધો અડધો–હસ્તી ધરાવે છે અને તે ભાગ આમ અપૂર્ણ હોવાને કારણે તેની અસર દેખાતી નથી અને સ્ત્રી ને પુરુષ એવી કાંઇ ખામીથી બહારથી નિરાળા જણાય છે જ્યારે આ બે જીવ સસારસુખ ભોગવે છે અને ભાવિમા બાળકરૂપે ઊગનારા બીજનો અડધો અડધો ભાગ પણ બાજુ કરે છે ત્યારે તેઓ પોતામાં ગુપ્ત રીતે રહેલી માનસિક ખામીનો અડધો અડધો ભાગ પણ બાજુ કરે છે અને તે બેના મિલનથી બીજમાં એક સપૂર્ણ ભાગ થાય છે. એ બીજમાથી જે બાળક અવતરે છે તેમાં આ ખામી સ્પષ્ટરૂપે દેખાય છે માનસિક ખામી માટેના આ કારણ ઉપરાત બીજા કારણો ય છે પણ તેની ચર્ચા અત્રે અસ્થાને છે આવા ખામીભર્યા જીવાણુ ધરાવતા સ્ત્રીપુરુષને સતતિનિયમન કરવાની સલાહ આપવી શુ યોગ્ય નથી,? સમાજ હિતાર્થે નથી ?

બહારથી સામાન્ય જણાતા અને છતા તેમના જાતીય ભાગમા ખામીભર્યા જીવાણુ ધરાવતાં કોમના આસામીઓ સબધમા તપાસ કરવા એક સસ્થાની સ્થાપના કરવાની આવશ્યક્તા ઉપરની હકીક્તમાં સમજાય છે થોડાક વેરવિખેર પડેલા કાર્યકરો, એ દિશામાં તાલીમ પામેલા હોય છતાં, ઝાઝુ કાર્ય ન કરી શકે એ માટેનો પ્રયાસ મોટા પાયા પર, સમગ્ર સમાજે એમા ઊડો રસ દાખવીને કરવો રહ્યો પારસી જેવી અતિ નાની અને અમુક અમુક વિસ્તારોમાં જ મુખ્યત્વે કરીને ભેગી રહેતી કોમના સભાસદોની તપાસણી અને તેમની વિગતોની નોંધણીનું કાર્ય, સહૃદયથી ઉપાડી લેવામા આવે તો, અશક્ય નથી જ કોમના કેટલાક સભ્યો વેરવિખેર પડયા હોય,ત્યાંથી તેમને લગતી વિગત પ્રશ્નો દ્વારા મેળવીને પણ આપણી કોમનુ દફતર આપણે જરૂર રચી શકીએ અને તેમ કરીને આવતી કાલની આપણી ઓલાદની આબાદીને સરળ અને શક્ય બનાવીએ

સતતિનિયમનના શાસ્ત્રની ચર્ચા કરતા એટલુ કહી દઇએ કે એની વિરુદ્ધ કેટલીક જરીપુરાણી દલીલો લાવવામા આવે છે તે આધાર વિનાની છે. સતતિનિયમન તબિયતને અવળી અસર કરે છે, તબીબી વિદ્યાની નજરે એ હિતકર નથી, જે ઉદ્દેશથી એ અજમાવામાં આવે છે તે માટે એ હમેશ જ

આધારપાત્ર નથી, એવા કૃત્રિમ ઉપાયો કરતાં શારીરિક સંબંધ બાંધવાથી અળગા રહેવું એ જ ઉત્તમ છે, એને લઇને પ્રજાનું નીતિનું ધોરણ હલકું બની જશે, પરીણિત જીવનમાં સ્ત્રી પુરુષ કરતાં વધારે પ્રમાણમાં જાતીય સુખ ભોગવવાને લલચાશે, વગેરે દલીલોમાં માલ નથી કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના આ પ્રશ્ન વિચારનાર અને તેમાં ઊંડા ઊતરનારને સમજાશે કે આ કહેવાતી દલીલો કેટલાક માની લીધેલા ખોટા ખ્યાલ અને લાગણી વેડાનું પરિણામ છે એ દિશામાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ થએલી તપાસ તથા તે અંગેના આધાર-આંકડાથી જેઓ બેખબર છે અને સમાજ અને નીતિ વિષેની જેમની માન્યતા ભૂલભરી છે તેઓ જ આવી વાતો વહેતી કરે છે.

સંતતિનિયમનના હિમાયતીઓ પણ એ સાધનનો ડહાપણથી ઉપયોગ કરવાની વાત કરે છે એ પરથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કેવા પુરુષો અને સ્ત્રીઓને આ શસ્ત્રને આશ્રયે ન જવાની, પોતે બાળક વિનાના કે એક બે જેવી નાની સંખ્યામાં બાળકો ધરાવવાની સ્થિતિથી દૂર રહેવાની સલાહ આપવી ઘટે એનો જવાબ સ્પષ્ટ છે, કે સારા, સરકારી સ્ત્રીઓ અને પુરુષોને વધારે પ્રમાણમાં બાળકો ઉત્પન્ન કરવાની અને કુટુંબી વિસ્તાર વધારવાની સલાહ આપવી જોઇએ એ પરથી એક વધુ પ્રશ્ન એ ઉદ્ભવે છે, કે આપણી નાની કોમમાં કોઈ એવા અનોખા વર્ગ તરફ અંગુલિનિર્દેશ કરી એમ કહી શકાય કે એ વર્ગ બીજાના પ્રમાણમાં ઊતરતો છે? અને ધારી લો કે એ સવાલનો જવાબ હકારમાં મળે તો જરૂરી તપાસને પરિણામે કહી શકાય કે સરકારી ગણાતા અમુક વર્ગના સરકાર, બુદ્ધિ, ખૂબસુરતી, શારીરિક સુસ્થિતિ વગેરે તેમના વડીલોનો એ સારી ખાસિયતોનો તેમને મળેલો કુટુંબી વારસો છે?

તંદુરસ્તી, ખૂબસુરતી, બુદ્ધિ વગેરે ગુણોનું સમાજમાં વજન પડે છે એમાં વિવાદને સ્થાન નથી વંશપરંપરારૂપે વારસામાં પણ એ ગુણો કેટલેક અંશે મળે છે જ અને સમાજ તે સાચવી રાખવા માગતો હોય તો એવા ગુણો ધરાવનાર વ્યક્તિઓ સંસારક્ષેત્રમાં પ્રવેશે, એ ક્ષેત્ર ખેડે સંતતિ નિયમનના જરૂર પડતા ઉપયોગ સિવાય તેનાથી દૂર રહે અને કુટુંબી વિસ્તારને વિસ્તરતો અટકાવી ન દે એ ઘણું જરૂરી છે. પરંતુ આજે એ સ્થિતિ સરકારી સમાજોમાં જોવા મળે છે ખરી?

ગ્રેટ બ્રિટનના મહાવિદ્વાન પ્રો૰ આર. એ. ફીશરે આ દિશામાં ઊંડી તપાસ કરતાં તેઓ એવા અનુમાન પર આવ્યા છે કે ખાસ કરીને ગ્રેટ બ્રિટનમાં તો સંસ્કારી ગણાય, ઊંચી કોટિના ગણાય એવા સ્ત્રીઓ અને પુરુષો સમાજહિતની નજરે જરૂરી એટલી સંખ્યામાં બાળકોના માતપિતા બનતાં નથી. ના, એટલું જ નહિ પણ એ કોટિના વર્ગમાં આજે જે સંખ્યા છે એ, ઘટી ન જાય, એ વર્ગમાં આજે જે સભ્યો છે એના સ્થાન ખાલી ન રહે એ સ્થિતિ પણ રહી નથી. આ સ્થિતિ કેટલાક સમયથી દેખાતી રહી છે અને એ દિશામાં થયેલી બીજી તપાસોની સાથોસાથ એ વસ્તુસ્થિતિ તપાસતા એમ પણ જણાયુ છે કે નીચા ગણાતા વર્ગોના સભ્યોની સર્જનશક્તિ પ્રમાણમાં વધારે છે અને તેઓ પોતાની વસતિમા વધારો કરી રહ્યા છે ઊંચો વર્ગ જેમા ધંધાદારીઓ છે, વેપારીઓ છે તેમના કુટુંબ દિવસે દિવસે નાના બનતા જાય છે. તેમના કુટુંબમાં બાળકોની સંખ્યા ઘટતી જાય છે એ માટેનું એક કારણ તેમણે અપનાવેલુ સંતતિનિયમનનું શાસ્ત્ર અવશ્ય છે, પરંતુ એ પણ સ્પષ્ટ થયુ છે કે તેમની સર્જનશક્તિ પણ સાથોસાથ ઓછી થઇ છે આમ બાળકો ઓછાં થવાની તેમનામા કુદરતી કારણે આવેલી સ્થિતિમાં સંતતિનિયમનનું શાસ્ત્ર વધારો કરે છે. હોશિયારી અને બુદ્ધિએ આમ સર્જનશક્તિના ઘટાડાની સાથે મૈત્રિ બાંધી છે અને પરિણામે જેઓએ સંતતિનિયમનનો ઉપયોગ ન કરવાનો હોય યા નામનો કરવાનો હોય તેઓ આજે તેનો સૌથી વધુ ઉપયોગ કરી રહ્યા છે

આ દિશામા આપણી કોમમાં શાસ્ત્રીય પદ્ધતિએ એવી કાંઇ તપાસ થઇ નથી જેને આધારે ચોક્કસ મત આપી શકાય છતા એ દિશામાં જે વસ્તુસ્થિતિ નજર આવે છે તે પરથી એમ માનવાને કારણ મળે છે કે પારસી સમાજમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે અને એ હકીકત જો સત્ય હોય, તો આપણી, કોમની કેટલીક ખૂબીભરી ખાસિયતોનો વારસો, આપણે ગુમાવી બેસીએ તે પહેલાં, વેળાસર જાગૃત થઈ, એ બાબતમાં બને એટલા દરેક શક્ય ઇલાજ અજમાવી, એ સ્થિતિ ટાળીએ. સાહસિકપણું, હોશિયારી, ધૈર્ય, સમયસંજોગને સમાવી લેવાની કુનેહ વગેરે અનેક ગુણો જે આપણા લોહીમા હતા અને આજે પ છે તેની જાળવણી પુખ્ત વિચાર વિનાની જુદી જુદી દિશામાની

સખાવતોથી થઈ શકનારું નથી. વસવાટ માટેના સરસ મકાનો માત્રથી એ સદ્ગુણોની સાચવણી થવાની નથી. ઉપરટપકેના ઇલાજો એ માટે કારગત નીવડવાના નથી. એ માટે તો સંસારી બાબતોની ઊંડી છણાવટ કરવી પડશે. લગ્ન માટે યોગ્ય સાથીદારો શોધવા, સુખી સંસારી જીવન વીતાવવું અને સમાજને શોભાસ્પદ સંતાનોની ભેટ કરવી; એ વગેરેની ઊંડી છણાવટ આવશ્યક છે. આપણો કીમતી વારસો જાળવવા એ દિશામાં ઊંડું ધ્યાન આપ્યે જ છૂટકો છે. આપણી પાસે સામાજિક અને આર્થિક સ્થિતિની તલાશ કરનારી મંડળીઓ હોય, એ મંડળીઓ એ દિશામાં જુસ્તેજુ કરે અને તેને પરિણામે એમ પૂરવાર થાય કે આપણા સમાજને શોભા આપનારો જે સંસ્કારી વર્ગ આપણે ધરાવીએ છીએ એમાં બાળકોની વૃદ્ધિ ઓછી થતી જાય છે યા છેક જ ઘટી ગઈ છે તો પછી એ સ્થિતિ કેમ આવી, અને એ સ્થિતિ ચાલુ રહે તો સમાજ પર તેની શી અવળી અસર થાય, એ સઘળી બાબતો વિચારી તેના યોગ્ય ઉપચાર વેળાસર લેવા રહ્યા.

પારસી કોમ તો બહુ નાની છે પણ એથી જ ઉપરની સ્થિતિ જો સત્ય હકીકત હોય તો કોમ માટે એ મોટો ચિંતાનો વિષય છે કોમની અતિ નાની સંખ્યાને કારણે તથા એ કોમના સભ્યો અમુક વિસ્તારોમાં જ મુખ્ય કરીને વસતા હોઇ તેને લગતી તલાશ કરવાનું–માહિતી મેળવવાનું કાર્ય સહૃદયથી ઉપાડી લેવાય તો–મુશ્કેલ હશે પણ અશક્ય નથી. એક હજાર વર્ષથી એક લાખની નાની સંખ્યામાં અંદરઅંદર જ પરણતી વસતિને લગતી વિગતો જીવવિદ્યાને આધારે ભેગી કરતાં જે માહિતી મળશે તે ખૂબ રસિક હોવા સાથે કોમી ઉન્નતિની દિશામાં યોગ્ય પગલાં ભરવામાં ઘણી ઉપયોગી થઈ પડશે. કોમની પ્રગતિ માટેના પ્રયાસોમાં, એ રીતે મેળવેલું જ્ઞાન, માર્ગદર્શન આપનારું બનશે.

આવી આધારપાત્ર તપાસથી એમ સ્પષ્ટ થાય કે સમાજના ઊંચી કોટિના સંસ્કારી મનાતા વર્ગમાં સર્જનશક્તિ એક યા બીજા કારણે કમી છે તો પછી સમાજના હિતમાં આ વર્ગને સંતતિનિયમનનો આશ્રય ન લેવાની સલાહ આપવી રહે છે. તેમની સ્થિતિ સુખી મનાતી હોવા છતા તેઓ જન્મનિયમન કેમ કરે છે, તેમની આર્થિક અને બીજી મુશ્કેલીઓ શી છે, તેમને એક યા બે બાળકથી વધુ બાળકના માતપિતા

થવાની ઇચ્છા કેમ નથી થતી, એવી ઇચ્છાની આડે શું આવે છે, એ વગેરેની માહિતી મેળવવાની, તેનાં કારણો જાણવાની અને એ કારણો દૂર કરવાની ખૂબ જરૂર રહે છે. જગતના આગળ વધેલા દેશો આ દિશામાં ઊંડું લક્ષ આપે છે, એ માટે તેઓ પુષ્કળ-નાણું ખર્ચે છે, જીવવિદ્યાના વિષયમાં પ્રજાને રસ લેતી કરવાને અને, તેમ કરીને તેમને પોતાને અને સમગ્ર દેશને ફાયદો કરવાને તત્પર રહે છે. આપણે પણ એ દિશામાં અમલ કરીએ, ફાયદો હાંસલ કરીએ, આપણા લોહીમાંના ખૂબીભર્યાં તત્ત્વોને વેડફાઇ જતાં બચાવી લઇએ. સમાજહિતની નજરે આ બાબત ભારે મહત્ત્વની છે. એ કેવળ લાગણીનો ઊભરો નથી. આપણા કોમી આગેવાનો એ સમજે, પરદેશના કોઇ વિદ્વાનનો સહકાર મેળવીને સમાજને સહાય થાય અને તેની ઉન્નતિની દિશામાં એક મહત્ત્વનું અમલનું પગલું વેળાસર ભરવાનો સંતોષ અને જશ લે.

---

સમાજસુધારણાના ક્ષેત્રમાં સુપ્રજનનશાસ્ત્ર મહત્ત્વનો ભાગ ભજવી શકે એ પ્રત્યે સમાજનું લક્ષ દોરવા પૂરતો ઉપરના લેખનો આશય છે એ દિશામાં ઘણું કરવાનું રહે છે અને જેમને એ બાબતમાં વધારે જાણવાની ઇચ્છા થાય તેમને મુંબઈની પારસી પંચાયતના જોડિયા મંત્રી શ્રી. શાપુર ફરેદુન દેસાઈની નીચેની કૃતિઓ વાંચવા લાયક છે:

1. Parsis and Eugenics
2. A Changing Social Structure
3. The Community at the Cross Road

# ઉછરતી ઓલાદ અને હુન્નરઉદ્યોગ

**શ્રી. ફકીરજી એદલજી ભરૂચા**

'War after war—not so much upon our enemies or our rivals as upon ourselves, our own old ways, our old prejudices and preconceptions, social, industrial and educational, but above all **educational**, is the only road to future peace, future prosperity and future power"

ઇંગ્લાંડનો એક જાણીતો લેખક ઉપલા શબ્દોમા પોતાના જાત ભાઇઓને કહે છે કે ભવિષ્યની સુલેહશાંતિ, આબાદી અને બળ માટે જે લડાઇ આપણે લડવાની છે તે આપણા દુશ્મનો કે હરીફો સામે નહીં, પરંતુ આપણી પોતાની સાંસારિક, ઔદ્યોગિક અને કેળવણીને લગતી —ખાસ કરીને કેળવણીને લગતી—ખોટી અને જૂની માન્યતા સામે લડવાની છે.

ઇંગ્લાંડ જેવા કેળવણી અને કળાકૌશલ્યમા આગળ વધેલા દેશમા જો કેળવણીની સ્થિતિ આવી હોય તો આપણા પછાત રહેલા દેશમાં તે સ્થિતિ કેવી હશે ? છતા હિન્દની બીજી પ્રજાઓ કરતાં પારસીઓએ-ખાસ કરીને હુન્નરઉદ્યોગની કેળવણીમા છેલ્લી-અર્ધી સદીમા સારી પ્રગતિ કરી છે, બલ્કે હુન્નરઉદ્યોગ, સાયન્સ અને ટેકનોલોજીની કેળવણી આપનારાં લગભગ બધા જ ખાતા પારસીઓએ સ્થાપ્યા છે.

## એન્જીનીઅરીંગ-ધંધા તરીકે

હુન્નરઉદ્યોગ સાથે મિકેનીકલ એન્જીનીઅરીંગનો ગાઢો સબંધ છે. એન્જીનીઅરીંગ વિદ્યામાં મિકેનીકલ એન્જીનીઅરીંગ આજકાલ શ્રેષ્ટ કહેવાય છે, કારણ બીજી બધી એન્જીનીઅરીંગ લાઇનોમા થોડું કે ઘણું મિકેનીકલ એન્જીનીઅરીંગ સમાયેલુ હોય જ છે. એ વિના કોઇ પણ પ્રકારનું બીજુ એન્જીનીઅરીંગ ટકી શકે નહિ, જેનકે સિવિલ, ઇલેક્ટ્રીકલ, મરીન, રેલવે, મ્યુનિસિપલ, હવાઇ, ઓટોમોબાઇલ, મિલિટરી, ખેતીવાડી, રસાયણી એન્જીનીઅરીંગ વગેરે.

મિકેનીકલ એન્જીનીઅરીંગ શીખતાં હાથ અને લુગડાં કાળા થાય છે ખરાં, પરન્તુ હવે સૌ સમજવા લાગ્યા છે કે હાથકામ કરવામા કશી શરમ કે સુગ રાખવી ન જોઈએ ઉચ્ચ વર્ણના હિંદુઓમા એ પ્રકારની સુગ વધારે હતી તેનો લાભ લઇને પારસીઓ એન્જીનીઅરીંગ લાઇનોમા ઘણા આગળ વધી ગયા હવે બધી ન્યાતજાતના હિન્દીઓ એમાં પારસીઓ સાથે સ્વચ્છ હરીફાઈ કરે છે. એ કારણે પારસી જુવાનોને એન્જીનીઅરીંગ કૉલેજો કે ટેકનીકલ ઇન્સ્ટિટયૂટોમા દાખલ થવા માટે જોગવાઇ અને સગવડ નહીં મળવાથી, આ લખનારની સૂચના અને યોજના પ્રમાણે સુરતની પારસી પંચાયતે એક મોટી પારસી પૉલિટેકનીક ઇન્સ્ટિટયૂટ સુરતમા સ્થાપી છે, જેણે છેલ્લા દશ વર્ષમા સારી પ્રગતિ કરી છે. એમા લગભગ ૧૭૫ પારસી જુવાનો જુદી જુદી એન્જીનીઅરીંગ અને ટેકનોલોજીની લાઇનમા અભ્યાસ કરી રહ્યા છે તથા ઘણા એ અરસામા સારે પગારે નોકરીએ પણ લાગી ગયા છે. માત્ર ઇંગ્રેજી ભાષા કે ઇંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવાને સ્થાને કાઇ ધંધા કે હુન્નરની સાયન્ટીફીક કેળવણી આપી અપાવીને આપણા દીકરાઓનુ ભવિષ્ય કેમ ઉજળુ કરી શકાય તે આ સંસ્થાએ પારસી કોમને દેખાડી આપ્યુ છે

## આપણા 'બોથડ' કહેવાતા દીકરાઓ

આશરે અર્ધી સદી ઉપર આપણામા એવો રિવાજ હતો કે એક બાપના ચાર-પાચ દીકરા હોય તો તેમાના સ્કૂલમા શીખવામાં પછાત કે બોથડ હોય તેઓને રેલવે યા મિલોના કારખાનામા હાથકામ કે મજૂરી કરવા મોકલવામા આવતા હતા અને બીજાઓને ડૉકટર, બૅરીસ્ટર, સોલીસીટર કે એન્જીનીઅરનો અભ્યાસ કરાવવામા આવતો હતો. આપણા બોથડ કહેવાતા જુવાનો કાઇ છેક નાખી દેવાના નથી અંગ્રેજી ભાષા કે ઇતિહાસ-ભૂગોળ તેઓથી શીખી નહીં શકાય તો તેમને લાયકની ટેકનીકલ કેળવણી, રીત અને પદ્ધતિસર તેમને આપવામાં આવે તો તેઓ પણ ખીલી નીકળે અને પોતાનો ગુજારો પોતે કરી શકે.

આજે માસ્ટર ઑફ આર્ટસ કરતાં મિસ્ત્રી ઑફ આર્ટસ વધુ કમાય છે. જેઓએ એન્જીનીઅરીંગની કેળવણી લીધી નથી તેઓ પોતપોતાના દીકરાઓ ફ્રેટ સૉ (fret saw)ની કરવતીના કારીગરો અને મેકેનો (meccano) નામનાં યાન્ત્રિક રમકડાંની મદદથી એન્જીનીઅર થઇ શકે

એમ ખોટી રીતે સમજે છે, એ માત્ર નાની વયનાં છોકરાઓમાં એન્જી-નીઅરીંગનો શોખ ઉત્પન્ન કરવા માટે ઠીક છે. સુરતની સોરાબજી પારખ પારસી પૉલિટેકનીકમાં ડીપ્લોમાના અભ્યાસક્રમ ઉપરાંત એવા બીજા ધંધા અને હુન્નરો શીખવવામાં આવે છે જેથી કોઇ પણ એક ધંધામા પ્રવિણતા મેળવી પારસી જુવાન પોતાનું ગુજરાન પોતે કરી શકે છેઃ જેવા કે સુથાર, ફીટર, મશીનીસ્ટ, વેલ્ડર, ઇલેક્ટ્રોપ્લેટર, સ્પ્રે પેન્ટર, મોટર મિકેનીક, વાયરીંગ, મિકેનીકલ ડ્રોઇંગ, ફાઉન્ડરીંગ, વગેરે. ઘણાક નોનમેટ્રીક જુવાનો મોટાં વર્કશોપોમાં સારે પગારે ફોરમેન પણ થયેલા છે.

## અંગ્રેજી સંસ્કારનો ખોટો ખ્યાલ

જૂના જમાનાના શિક્ષકો અને જૂના જમાનાની અંગ્રેજી કેળવણી પામેલાઓમા હજી 'ઇંગ્રેજી કલચર'નો ધખારો જોવામા આવે છે. તેઓના અભિપ્રાય મુજબ "કલચર" અથવા સંસ્કાર એટલે અંગ્રેજી ભાષા ઉપર સરસ કાબુ, અંગ્રેજ કવિઓ અને નાટક લખનારાઓનાં લખાણોનો અભ્યાસ. પણ એથી કોઇ જુવાનની કમાણી કરવાની શક્તિ વધતી નથી. અંગ્રેજી "કલચર"નો હું દુશ્મન નથી. અંગ્રેજી ભાષામાં વિજ્ઞાન, એન્જી-નીઅરીંગ તથા ટેકનોલોજીનું સાહિત્ય ઘણું પ્રબળ છે અને તે વિના આજના જમાનામા ચાલે એમ નથી. પણ આ ઔદ્યોગિક વ્યવહારુ જમાનામાં 'કલચર'નો અર્થ એવો થવો જોઇએ કે હાથેજાતે કામ કરવાની શક્તિ, એન્જીનીઅરીંગના મૂળ તત્ત્વોનું જ્ઞાન, દરરોજના વહેવારના ઉપયોગમાં લઇ શકાય તેવાં સાયન્સ અથવા વિજ્ઞાનનો અભ્યાસ, જાત જાતના હથિયારોનો ઉપયોગ કરી જાણવાની તાલીમ, અને એ બધાંનો સામટો ઉપયોગ કરી રળી ખાવાની શક્તિ. ફિલસુફી, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર વગેરેના અભ્યાસને 'કલચર' કહેવાનું બાજુ મૂકી દઇ, હાથ-મેલા-કામ કરનાર ભણેલા, પ્રમાણિક કારીગરને 'કલચર' ધરાવનાર કહેવામા જૂના જમાનાના ભણેલાઓને સુગ અને શરમ લાગે છે! વિક્ટો-રીઆ મહારાણીના જમાનામા કોઇ મેળાવડામા શેક્સપીઅર કે મિલ્ટનની કવિતા કે નવલકથા વગેરે લખનારાના લખાણો ઉપર જે કોઈ વિવેચન કરે તે મોટો વિદ્વાન કલચરીસ્ટ કહેવાતો હવે એવા મેળાવડાઓમા, કોઇ એટમ, રેડીઅમ, વિટામીન, ઇલેક્ટ્રોન વગેરે ઉપર વાદવિવાદ કરે તેને "કલચર્ડ"-ભણેલો વિદ્વાન-કહેવામાં આવે છે.

## પારસી પૉલિટેકનીક

નવા હિંદુસ્તાનમાં પારસીઓની મહત્તા અને આગેવાની જાળવી રાખવા, કોમના દીકરાઓ માટે નવી સાયન્ટીફીક એન્જીનીઅરીંગ અને ટેકનોલોજીનો પાયો સુરતમાં નાંખી, સમાજે પોતાના મધ્યમ અને નીચલા વર્ગના જુવાનોને સમાલી લીધા છે. શ્રીમંત પારસી કુટુંબો મોટો ખર્ચ કરીને પોતાના દીકરાઓને પૂના કે કરાંચીની એન્જીનીઅરીંગ કોલેજોમાં મોકલે છે અથવા ઇંગ્લાંડ કે અમેરીકાની મોટી ખર્ચાળ કોલેજોમાં પણ મોકલી શકે છે, પણ આપણી કોમમાં હજારો યુવાનો એવા છે જેઓ મેટ્રીક્યુલેશનમાં પસાર કે નાપાસ થયેલા હોય, અને જેમની શક્તિ કોલેજોમાં જવાની નહીં હોય તેઓનું, અથવા જેઓ અંગ્રેજી ચાર પાંચ ધોરણ સુધી શીખીને ઊઠી ગયા હોય તેઓનું શું કરવું એ બાબત ઉપર વર્ષો સુધી વિચાર કરી, સુરતનો પારસી પૉલિટેકનીક સ્થાપવામાં આવી છે, જેમાં અંગ્રેજી ઓછું અથવા નહીં જેવું શીખેલા જુવાનો માટે પણ એક વર્ગ જુદો કાઢી તેમા માત્ર હાથકામ શીખવવામાં આવે છે, તેમજ એવા માટે થોડુંક પ્રાથમિક અંગ્રેજી પણ ચાલુ રાખ્યું છે। જેથી તેઓનું ભવિષ્ય સુધરવા પામે એ વર્ગને 'વર્કશૉપ એપ્રેન્ટીસ કલાસ' કહેવામાં આવે છે. એવા વર્ગમા હાથકામ અને ટેકનોલોજી શીખેલા જુવાનો પણ પ્રથમ કારીગર તરીકે નોકરીએ રહી, અનુભવ મેળવી, પોતાની જાતી-હોશિયારીથી આગળ વધી મિસ્ત્રીઓ, કૉન્ટ્રેક્ટરો, મુકાદમો, જોબરો, કે ફોરમેનો તરીકે મોટાં વર્કશૉપોમાં આગળ ચાલતાં સારો પગાર કે રોજિંદારી મેળવી શકે છે. ઓછું અંગ્રેજી શીખેલા જુવાનોને તેમના મન કે શોખને અનુસરતી ટેકનીકલ કેળવણી આપવામાં આવે તો તેઓ પણ પોતાની જાતી ચંચળાઇ અને હોશિયારીથી ખીલી શકે અને પોતાના ધંધામાં આગળ વધી સારી કમાણી કરી શકે.

## વિજ્ઞાનશાસ્ત્ર અને કેળવણીનો સંબંધ

જે કેળવણી આપવાની પદ્ધતિમાં મગજ અને હાથના સ્નાયુઓ વચ્ચેનો ગાઢો સંબંધ સ્વીકારવામાં નહીં આવે તે કેળવણી આજના આગળ વધેલા જમાનાને ખરની નથી કહેવાતી એવું આપણા દેશના ઘણાક કેળવણીકારો કે શિક્ષકો જાણતા નહીં પણ હોય. કેળવણીની આજની નવી રૂઢિમાં માંસના સ્નાયુઓ અને ભેજાં વચ્ચેનો નિકટનો સંબંધ

સમજાવનારી પ્રાણીગુણવિદ્યા (physiology)ના સિદ્ધાંતોનો સ્વીકાર થવો જોઇએ. એ પૂરવાર થયું છે કે આપણા શરીરના, આપણી ઇચ્છાનુસાર ઉપયોગમાં આવતા, માંસના સ્નાયુઓ (Voluntary muscles)ને ભેજાંના સ્નાયુઓ સાથે ધાડો સંબંધ હોવાથી, જ્યારે હાથને લગતી કસરતો, કામો કે કારીગરી કરવાથી સ્નાયુઓ ખીલે ત્યારે તેઓને લગતા ભેજાંના સ્નાયુઓને પુષ્ટિ મળવાથી તેઓ પણ ખીલી બળવાન થાય છે ભારે વજન ઉંચકવાથી કે એવી બીજી શારીરિક કસરતો કરવાથી ભેજાંને પુષ્ટિ મળતી નથી, પરંતુ આંખો, બુદ્ધિ અને હાથ વડે કામ કરવાથી ભેજાંને શક્તિ મળે છે અને ભેજાંનાં જ્ઞાનેંદ્રિય, અક્કલ અને બુદ્ધિવર્ધક ભાગની ખીલવણી થઇ શકે છે. એ "ફિઝીઓલોજી"ની વિદ્યાનો સિદ્ધાંત છે. આ કારણે એક બાળક માત્ર ચોપડીઓમાના પાઠ–કવિતા મોઢે કરે તેથી તેની સ્મરણશક્તિ કદાચ ખીલે પરંતુ તેની વિચારશકિત ન ખીલવાથી, તેની શારીરિક શકિત પણ ખીલતી નથી. નાનપણમાં જ શીખતી વેળા જો તે હાથનાં આંગળાં, આંખો અને વિચારશકિત વાપરી કામ કરે તો તેની શારીરિક શકિત અને બુદ્ધિ બન્ને સાથે જ ખીલે છે અને તેને નાની વયમાં જ ખરું ખોટું પારખવાની ટેવ પડે છે, કારણ તે જે કામ પોતે કરે તે તેની સામે જ હોય છે, અને તેને આપેલા નમૂના (model) સાથે સરખાવીને તે થયેલી ભૂલ જુએ છે અને સ્વીકારે છે. અહીં તેને પોતાની ભૂલ ઢાંકવાની કે પોતાને છેતરવાની તક મળતી જ નથી, કારણ તેની ભૂલ નજર સામે ખડી રહે છે, જે સ્વીકાર્યા વિના તેનો છૂટકો નથી એની અસર એના મગજ ઉપર એટલી પ્રબળ થાય છે કે તેની જિંદગીમાં કદી ભૂલાતી–ભૂસાતી નથી. "સાચું બોલવું સારું છે, જૂઠું બોલવું માઠું છે" એવી ઢબના પાઠો અને કવિતા સેંકડો વાર ભણાવી મોઢે કરાવી, નીતિશાસ્ત્ર શીખવવાની કોશિશ કરવાને સ્થાને એક બાળક પાસે તેના હાથે કામ કરાવી, તેનાથી થયેલી ભૂલ તેને દેખાડી, તે તેની પાસે સ્વીકારાવવી કે કબૂલ કરાવવી એ કેળવણી આપવાની ખરી પદ્ધતિ છે અને તે દરેક નિશાળમાં ફરજિયાત દાખલ કરવી ઘટે છે. કેળવણી વિષયક હાથકામ કંઇ બજારુ સુથાર કે કારીગરથી શીખવી શકાય નહીં.

## પારસીઓની દાનવૃત્તિ કઈ દિશામાં વહેવી જોઇએ ?

ધંધાદારી અને હુન્નર-ઉદ્યોગની કેળવણીનો પાયો હાઇસ્કૂલના ત્રીજા

ધોરણથી નંખાવોં જોઇએ. એક જુવાન ભવિષ્યમાં કયાં કામને લાયકનો છે તે દર્શાવનારાં અનુભવી સોમિયાઓની ખોટ છે, કારણ શાળાના વર્ગ-શિક્ષકો એ બાબતનો અભ્યાસ કરતા નથી, એમાં રસ લેતા નથી. આ લખનાર કોમના સઘળાં જ જુવાનોને એન્જીનીઅરીંગ કે ટેકનીકલ કેળવણી અપાવવા ઇચ્છતો નથી, પણ હાલ પૂરા થયેલા વિશ્વયુદ્ધને કારણે સરકાર તેમજ હિન્દી પ્રજાની આંખો ઉઘડી છે, અને હવે બીજા દેશો ઉપર આધાર નહિ રાખતાં, પરદેશથી અત્રે આયાત થતી વસ્તુએ આપણા દેશમાં જ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે અને એવાં કારખાનાંને જોઇતી સામગ્રી કયાં કયાંથી મળી શકે તેની શોધ થાય છે. મોટરકાર, એરોપ્લેન, રસાયણો, સ્ટીમર, વિજળીને લગતો તમામ સામાન વગેરે આપણા દેશમાં જ ઉત્પન્ન કરવાનાં કારખાનાં ખૂલતાં જાય છે. એ માટે કુશળ કારીગરોની માંગણી મોટા પ્રમાણમાં હમણાંથી થવા લાગી છે. એને પુગી વળવા માટે પારસી પોલિટેકનીકને આગળ વધારવાની ઘણી જરૂર છે. હિન્દી રાજામહારાજાઓ તથા મુસ્લિમ નવાબોએ એ માટે કરોડો રૂપીઆ જુદા કાઢયા છે, તો દર વર્ષે પચાસ લાખ રૂપીઆની સખાવત કરનારા પારસીએ પોતાની દાનવૃત્તિ હવે એ દિશામાં નહિ વાળે ?

## સાયન્સના ગ્રેજ્યુએટો

યુનિવર્સિટિની બી. એસસી. કે એમ. એસસી.ની ડીગ્રી મેળવ્યા પછી જો કોઈ જુવાન મોટા પગારે નોકરી મેળવવાની આશા રાખે તો તે ખોટી છે. સાયન્સની કેળવણી લીધા પછી જ ટેકનોલોજીની કેળવણી શરૂ થાય છે. હુન્નરઉદ્યોગ કે ધંધાને લગતું ખરું ઉપયોગી શિક્ષણ કૉલેજોમાં અને યુનિવર્સિટિની મોટી ડીગ્રીએ ધરાવવાથી મળતું નથી. એવી જાતનું ખરું શિક્ષણ તો કામ ઉપર અને કારખાનાઓમાં જ મળે છે; પરંતુ કોઇ પણ ધંધામાં સમાયેલાં સાયન્સની થીઅરી શીખ્યા વિના તે ધંધાની માત્ર પ્રેકટીસના અનુભવથી જ આજના પશ્ચિમના સુધરેલા દેશોની હરીફાઇ સામે ટકી શકાતું નથી એ યાદ રાખવાની જરૂર છે. આપણા દેશમાં હુન્નરઉદ્યોગને લગતી કેળવણી કયાં કયાં મેળવી શકાય છે તેને લગતી વિગત નીચે આપી છે.

## સુગર ટેકનોલોજી

ખાંડ ઇક્ષતાંડથી ઝાઝી આવતી નથી, છતાં 'ખાંડના' ઉદ્યોગને હમણાં

સરકાર તરફથી રક્ષણ મળ્યું છે, તેને અંગે હિંદુસ્તાનમાં છેલ્લાં ૧૫ વર્ષોમા ખાંડ બનાવવાના ૧૦૦-૧૨૫ નવા કારખાનાં ઊભા થયા છે. પરદેશથી આવતી ખાંડ ઉપર આયાતજગાત નાખવામા આવવાથી આ દેશમાં ખાંડ બનાવવાનો ઉદ્યોગ આગળ વધ્યો છે. આ ઉદ્યોગ ભણેલા પારસી ગ્રેજ્યુએટોએ શીખવાની જરૂર છે. એ માટે કાનપોરની હારકોર્ટ-બટલર ટેકનોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટમા સુગર ટેકનોલોજીનો ડીપ્લોમા ક્લાસ કાઢવામાં આવ્યો છે. એમા માત્ર બી. એસસી અથવા બી. એજી. થયેલા દશ ગ્રેજ્યુએટોને દાખલ કરવામા આવે છે, અને બે વર્ષનો અભ્યાસક્રમ ગોઠવવામા આવ્યો છે. એવો જ એક વર્ગ બેંગલોરની (તાતા) ઇંડીઅન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમા પણ ઉઘાડવામાં આવ્યો છે, જેમા સુગર ટેકનોલોજી ઉપરાંત કેમીકલ એન્જીનીઅરીંગ પણ શીખવવામા આવે છે. એમાં માત્ર સાયન્સના ગ્રેજ્યુએટોને દાખલ કરવામાં આવે છે.

કાનપોરની ઇન્સ્ટિટ્યૂટમા ઇમ્પીરીઅલ કૌન્સિલ ઑફ એગ્રીકલચરલ રિચર્સ તરફથી દર વરસે કાંઈ પણ ફી લીધા વિના બીજા દશ બી એસસી. ગ્રેજ્યુએટોને સુગર ટેકનોલોજી માટે દાખલ કરવામા આવે છે. તે ઉપરાંત જેઓ ઇન્ટર સાયન્સ સુધી શીખેલા હોય તેમને "સુગર એનેલીસ્ટ"નો બે વર્ષનો કોર્સ આપી ડીપ્લોમાં આપે છે, તેમજ મેટ્રીક્યુલેશન સુધી શીખેલા માટે એ ઇન્સ્ટિટ્યૂટમાં 'સુગર બોઈલર'નું કામ અને ટેકનીકલ કૉલેજોમાં શીખેલા માટે ખાંડના કારખાનાના "ફોરમેન"નુ કામ શીખવવામાં આવે છે. મુંબાઇની ટેકનીકલ કૉલેજોમાં મિકેનીકલ એન્જીનીઅરીંગનો ડીપ્લોમાં લેવા પછી આ સુગર મિલના ફોરમેનનો ડીપ્લોમા લેવાથી તે લેનારાનુ ભવિષ્ય સુધરવાની આશા રહે છે.

## લેધર ટેકનોલોજી

આપણા દેશમાં સુતર કાપડના ઉદ્યોગ પછી બીજે નંબરે ચામડાનો ઉદ્યોગ આવે છે. ભણેલા પારસી જુવાનો-ખાસ કરીને કેમીસ્ટ્રીના ગ્રેજ્યુએટો-એ ધંધામા પડે તો દેશને તેમજ પોતાને ઘણો ફાયદો કરી શકે એ ધંધામાં હાલતુરત કશી નોકરી મળી શકે તેમ નથી, પણ યુરોપ કે અમેરિકાના મોટા કારખાનાંમા ચામડાં કેળવવાનું, રંગવાનું, પાલીસ કરવાનું અને ઇનેમલ કરવાનું, તેમજ બૂટ-શુ અને ચામડાની વસ્તુઓ

બનાવવાનું શીખી આવી, અહીં ધંધો શરૂ કરે તો તેઓ જરૂર ફાવે તેમ છે. હિન્દ વિશાળ મુલક છે, તેમજ ગાય, ઢોર, બકરાં, ઘેટાં વગેરેથી ભરપૂર છે. કહેવાય છે કે આખી દુનિયામાં જેટલી ગાય, ભેંસ, બળદ અને બકરાં-ઘેટાંની સંખ્યા છે તેનો લગભગ અડધો ભાગ હિન્દમાં છે. ચામડાં કેળવવા માટે જોઈતા વનસ્પતિ પદાર્થો પણ હિન્દમાં મળી આવે છે. એટલા માટે અહીંનો ચામડાનો ઉદ્યોગ સુધરેલી રીતે ચાલે તો હમણાં આ દેશમાંથી જે કાચા કે પકવેલા ચામડાંની મોટી નિકાશ પરદેશ થાય છે, તેને બદલે ચામડાંની બનાવટની નિકાશ હિન્દમાંથી દુનિયાના બીજા મુલકોમાં થઈ શકે.

એ ઉદ્યોગને લગતું શિક્ષણ કલકત્તામાં આવેલી બેંગોલ લેધર ટ્રેનીંગ ઇન્સ્ટિટ્યૂટમાં તેમજ કાનપોરમાં આવેલી ગવર્મેન્ટ લેધર વર્કીંગ સ્કૂલમાં અને હારકોર્ટ-બટલર ઇન્સ્ટિટ્યૂટમાં, અને મદ્રાસની લેધર ટ્રેડ્સ ઇન્સ્ટિટ્યૂટમાં મળી શકે છે. હાથે બૂટ અને શુ બનાવવાની સરકારી સ્કૂલ પણ કાનપોરમાં ઉઘાડવામાં આવી છે. જેમાં કારીગર થવા ચાહનાર કોઇ પણ દાખલ થઇ શકે છે. હમણાં મુંબાઇના પરાંમા પણ છોકરાઓને શિક્ષણ આપવા માટે લેધર ટ્રેનીંગનું કારખાનું કાઢવામાં આવ્યું છે.

## કેમીકલ ટેકનોલોજી

ખાર અને એસીડ બનાવવાનાં, રંગ, વાર્નીશ, તેલ, બૂટપોલીશ, સાબુ વગેરે બનાવવાનાં, તેમજ સૂતર, કાપડ ને કાંજી, રંગ વગેરે ચઢાવવાનાં કામોમાં રસાયણશાસ્ત્રના અભ્યાસ અને વહેવારની ઘણી જરૂર છે અને એ દિશામાં ઘણું બહોળું ક્ષેત્ર આ દેશમાં પડેલું છે. મુંબઇની વિક્ટોરિયા જ્યુબિલી ટેકનીકલ કોલેજમાં એ બાબત શીખવવાનો વર્ગ છે, પરંતુ ત્યાં એ બાબત શીખવવાની અપ-ટુ-ડેટ મશીનરી નથી. માત્ર રસાયણી લેબોરેટરીમાં નાના પ્રકારના અખતરાઓ કરી શીખવાના આધારે કોઇ એવી વસ્તુઓ બનાવવાનાં કારખાનાં કાઢી શકાય નહિ. વનસ્પતિ તેલને સખ્ત કરી તેનું નકલી ઘી બનાવવાનો ઉદ્યોગ પણ વધતો જાય છે. ચામડાં કેળવવાના ધંધામાં પણ રસાયણ શાસ્ત્રની ઘણી જરૂર પડે છે. કાનપોરની હારકોર્ટ-બટલર ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટમાં એવા વર્ગો ખોલવામાં આવ્યા છે. મદ્રાસ ઇલાકામાં આવેલા કેરાલા ગામમાં ત્યાંની સરકારે સાબુ

બનાવવાની ફેક્ટરી તથા તે બનાવવાનું કામ શીખવવાની ઇન્સ્ટિટ્યૂટ ખોલી છે. કલકત્તાની સ્કૂલ ઑફ કેમીકલ ટેકનોલોજીમાં ખેતીવાડી માટેનાં રસાયણી ખાતર, સાબુ, અને દવાઓ બનાવવાના કામના ખાસ વર્ગો છે અને સાથે એક ફેક્ટરી પણ છે.

કોલેજોમાં સાયન્સની એમ. એસસી. કે ડી. એસસી.ની ડીગ્રી લીધેલા જુવાનો કાંઇ કેમીકલ એન્જીનીઅર કહેવાય નહિ. કેમીકલ એન્જીનીઅરીંગ માટે આપણા દેશમાં બહોળું ક્ષેત્ર પડેલું છે, પણ તે શીખવાની જોગવાઇ આ દેશમાં ઝાઝી નથી, કારણ કોલેજોમાં શીખ્યા પછી મોટાં કેમીકલ ઇન્ડસ્ટ્રીઝના કારખાનામાં વહેવારુ અનુભવ મેળવવાની અહીં તક મળતી નથી. બેંગ્લોરની (તાતા) ઇન્ડીઅન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં તથા મુબાઇમાં કેમીકલ એન્જીનીઅરીંગ અને કેમીકલ ટેકનોલોજી શીખવવાના વર્ગો કાઢવામા આવ્યા છે.

## ટેક્સ્ટાઇલ ટેકનોલોજી

મુબઇની ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટમાં તેમજ અમદાવાદની રણછોડલાલ છોટાલાલ ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટમાં કોટન સ્પીનીંગ અને વીવીંગ શીખવવાનાં વર્ગો છે, જેમાં એ બાબતનું સારું શિક્ષણ આપવામાં આવે છે, અને હવે મુંબઈ તથા અમદાવાદની ઘણીક મિલોમા એ બે ઇન્સ્ટિટ્યૂટમાં ભણેલા જુવાનો સારા ઓદ્દા ઉપર માસ્તરો અને મિલમેનેજરો તરીકે કામ કરે છે. મિલોનો ઉદ્યોગ હવે મુંબાઇ અને અમદાવાદને બદલે હિંદના બીજાં શેહરોમા વધ્યો જવો જોઇએ. હાલમા તો આશરે ૩૫૦ મિલો હોવાથી એ લાઇનમાં ઘણી નોકરીઓ નથી, છતાં ભણેલા ટેક્સ્ટાઇલ એન્જીનીઅરો માટે આ દેશમાં મિલોનો ઉદ્યોગ વધતાં હવે પછી સારી માંગણી થવાનો સંભવ છે. મેનચેસ્ટરની કોલેજ ઑફ ટેકનોલોજીમાં ટેક્સ્ટાઇલ તથા બ્લીચ-બ્લીચીંગ ટેકનોલોજીની ડીગ્રી તથા ડીપ્લોમા આપવામાં આવે છે અને બ્રિટિશ રાજ્યહકુમતમા એ કોલેજ ઘણી મોટી કહેવાય છે.

## ડાઇંગ, બ્લીચીંગ, ટેકનોલોજી

સુતર કાપડને રંગવા, ધોવા, છીંટ છાપવા માટેનું બીજા પ્રકારનું શિક્ષણ આપવાને મુંબઇની વિકટોરીઆ જ્યુબિલી ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટમા

એક જુદું ખાતું કાઢવામાં આવ્યું છે. એનું શિક્ષણ કાનપોરની સ્કૂલ ઓફ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગમાં પણ સારી રીતે આપવામાં આવે છે. વડોદરાના કળાભવનમાં પણ એવું ખાતું હસ્તી ધરાવે છે. હિંદની બધી જ મિલોમાં ડાઈંગ, બ્લીચીંગ કે કેલીકો પ્રિન્ટીંગના ખાતાં નથી, માટે એ ધંધામાં નોકરીઓ થોડી છે. તે છતાં કેમીસ્ટ્રીના સાયન્સમાં ગ્રેજ્યુએટ થઈને એ ધંધાનું શિક્ષણ લીધેલા જુવાનોને મિલોમાં પસંદગી આપવામાં આવે છે. વળી એ ધંધો શીખેલા મોટા શહેરોમાં પહેરવાનાં કપડાં (ગાર્મેન્ટ)ના ડાઈંગ અને ક્લીનીંગનાં ખાતાંઓ પણ પોતે કાઢી સ્વતંત્ર ધંધો ચલાવી શકે અને સારું કમાઈ શકે.

## મેટેલ્યુઅરજીકલ ટેકનોલોજી

જમશેદપુર ખાતે આવેલાં તાતા આયર્ન અને સ્ટીલનાં કારખાનાના સંબંધમાં એક ટેકનીકલ ઇન્સ્ટિટયૂટ કાઢવામાં આવી છે, જેમાં ધાતુઓને લગતું યાને મેટેલ્યુઅરજીકલ સાયન્સ શીખવવામાં આવે છે. એમાં માત્ર સાયન્સ અથવા મિકેનીકલ એન્જીનીઅરીંગની બી. ઈ.ની ડીગ્રી ધરાવનારાઓને જ દાખલ કરવામાં આવે છે, અને ત્યાં મેટેલ્યુઅરજીની કેળવણી આપી તેમનાં જ કારખાનામાં નોકરીએ રાખવામાં આવે છે. પહેલા વર્ષની પરીક્ષામાં પસાર થવા પછી વિદ્યાર્થીઓને તેઓએ મેળવેલા માર્કના પ્રમાણમાં માસિક રૂા. ૫૦થી ૭૫ સુધીની સ્કોલરશીપ એક વર્ષ આપવામાં આવે છે. જો કોઈ યુરોપ કે અમેરીકા જઈને મેટેલ્યુઅરજીકલ ટેકનોલોજી શીખી આવીને એ ઇન્સ્ટિટયૂટમાં દાખલ થાય તો તેને માસિક રૂા. ૨૦૦ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

## રેડિયો–વાયરલેસ ટેકનોલોજી

રેડિયો અથવા વાયરલેસનાં યંત્રનું કામ શીખવાની એક કોલેજ ઇન્ડીઅન રેડિયો કોરપોરેશન તરફથી કલકત્તાની કોલેજ સ્ટ્રીટમાં ઉઘાડવામાં આવી છે, જેમાં ઇન્ટર સાયન્સ સુધી શીખેલા અને ૨૨ વર્ષના અથવા ઓછી ઉંમરના જુવાનોને દાખલ કરવામાં આવે છે. રેડિયો ટેકનોલોજી શીખેલા ઝાઝા મળતા નથી અને એનું સાયન્સ અને ઉપયોગ હવે તો ઘેર ઘેર વધતો જતો હોવાથી આ ઉપયોગી ધંધો અન્ડરગ્રેજ્યુએટો માટે સારો છે.

## સીવીલ એન્જીનીઅરીંગ

પૂના અને કરાંચી ખાતે એન્જીનીઅરીંગ કોલેજો છે, જેમાં સીવીલ એન્જીનીઅરીંગ શીખવામાં આવે છે, અને બી. ઇ. (સીવીલ)ની ડીગ્રી યુનિવર્સિટિ તરફથી મળે છે. એ ધંધામાં હજી ક્ષેત્ર પડેલું છે, પણ મુંબઈ સિવાય ઇલાકાનાં બીજાં મોટાં શહેરોમાં એ માટે ખાનગી ધંધો કરવાના સંજોગો ઝાઝા નથી, કારણ ત્યાંનો મ્યુનિસિપાલિટિઓમાં માત્ર બી. ઇ. પાસ થયેલા ગ્રેજ્યુએટોના જ ઇમારતના પ્લાનો પાસ કરવાના કાયદા નથી. સરકારી જાહેર બાંધકામ ખાતાંમાં એ ધંધામાં ઘણી હરીફાઇ વધી ગઇ છે, તે છતાં રી-ઇન્ફોર્સ્ડ કોન્ક્રીટ એન્જીનીઅરીંગનો ખાસ અભ્યાસ અને અનુભવ જો ઇંગ્લાંડ કે અમેરિકામાં કોઈ લઈ આવે તેને માટે સારું ક્ષેત્ર મુંબઈમાં તેમજ બીજાં મોટાં શહેરોમાં પડેલું છે, કારણ સિમેન્ટનો ઉદ્યોગ અને ખપ વધતો જાય છે.

## આર્કીટેકચર

મુંબઈની સર જમશેદજી જીજીભાઇ આર્ટસ સ્કૂલમાં ઇમારતોની સુંદર ડીઝાઇનો યાને ચિત્રકળાનું કામ, શિલ્પશાસ્ત્ર અથવા આર્કીટેકચર શીખવવાનો વર્ગ છે. એક એન્જીનીઅરે કોઇ ઇમારતનો પ્લાન તૈયાર કર્યા પછી તે ઇમારતનો બહારનો તેમજ અંદરનો સુંદર દેખાવ, સુખ, સમવડ વગેરેની યોજના ઘડવાનું કામ એક શિલ્પશાસ્ત્રી અથવા આર્કીટેકટનું હોય છે, અને હવે જાહેર બાંધકામ ખાતાંમાં તેમજ ખાનગી ધંધો કરતા એન્જીનીઅરોની ઓફિસોમાં આર્કીટેકટ વગર ચાલે તેમ નથી. મુંબઈની આર્ટસ સ્કૂલમાં ઇંગ્લાંડના આર. આઈ. બી. એ. (રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બ્રિટીશ આર્કીટેકટસ)ના ડીપ્લોમા માટેનું શિક્ષણ આપવામાં આવે છે તથા પરીક્ષા લેવામાં આવે છે. એ અભ્યાસક્રમ પાંચ વર્ષનો છે અને એમાં મેટ્રીકયુલેશન અથવા સ્કૂલ ફાઇનલનું સર્ટિફીકેટ ધરાવતા ઉપરાંત સરકારી ઇન્ટરમીડીએટ ડ્રોઇંગની પરીક્ષા પાસ કીધી હોય તેઓને દાખલ કરવામાં આવે છે.

## મિકેનીકલ એન્જીનીઅરીંગ

આ ધંધામાં હરીફાઇને લીધે હમણાં સંકડામણ થઇ છે, પરંતુ મિકેનીકલ લાઇન સાથે જો કોઇ બીજી લાઇન, જેવી કે ટેક્ષ્ટાઇલ કે

ઇલેક્ટ્રીકલ કે રેફ્રીજરેશન (આઇસ) લાઇન સાથે લીધી હોય તો તે માટે આ દેશમાં હજી સારું ક્ષેત્ર છે. ભણેલા બી. ઇ. મિકેનિકલ એન્જીનીઅરો ઝાઝા બેકાર દેખાતા નથી, પણ હિન્દના ઘણાંક નાનાં શહેરોમાં હવે ઇલેક્ટ્રીક લાઇટ અને પાવર ચાલુ થવાથી ત્યાંના પાવર-હાઉસોમા મિકેનિકલ અને ઇલેક્ટ્રીકલ બન્ને કામ જાણનારા અનુભવીને પહેલી પસંદગી આપવામાં આવે છે-ખાસ કરીને ડીઝલ ઓઇલ એન્જીનોનું કામ જાણનારાઓની હમણાં ઝાઝી માંગણી છે. હવે ઘણાક ગામોમાં મોસમે ચાલતાં કારખાના જેવાં કે કોટન જીનીંગ ફેક્ટરીઓ, રાઇસ મિલો, ફ્લોર મિલો, આઇસ ફેક્ટરીઓ વગેરે ઓઇલ એન્જીનોથી ચાલે છે, માટે ઓઇલ અને ગેસ એન્જીનના અભ્યાસ અને અનુભવની એક મિકેનીકલ એન્જીનીઅરને ઘણી જરૂર પડે છે. બનારસની હિન્દુ યુનિવર્સિટિ હસ્તકની એન્જીનીઅરીંગ કોલેજમા મિકેનીકલ અને ઇલેક્ટ્રીકલ બન્ને ધધાનું સામટું શિક્ષણ આપી બી. એસસી. (એન્જીનીઅરીંગ)ની ડીગ્રી આપવામાં આવે છે, જે મુબઇ યુનિવર્સિટિની બી. ઇ. (મિકેનીકલ)ની ડીગ્રી કરતાં વધારે ઊંચી અને ઉપયોગી છે. બનારસની એ કોલેજમા ચાર વર્ષનો અભ્યાસ અને કારખાનામા એક વર્ષ પ્રેક્ટીકલ કામ કરાવી એ ડીગ્રી આપવામાં આવે છે. મુબઇની યુનિવર્સિટિએ મિકેનીકલ-ઇલેક્ટ્રીકલ ડીગ્રી કોર્સ, પૂનાની એન્જીનીઅરીંગ કોલેજના જ કોર્ષના ધોરણે, વી. જે. ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટમા શરૂ કર્યો છે.

## ઇલેક્ટ્રીકલ એન્જીનીઅરીંગ

સ્વતંત્ર ઇલેક્ટ્રીકલ એન્જીનીઅરીંગ જાણનારા માટે હમણા આ દેશમાં સારું ક્ષેત્ર નથી, કારણ મોટા ઇલેક્ટ્રીકલ વર્કસો, રેલવેઓ વગેરે માટે હજી વિલાયતથી ઇલેક્ટ્રીકલ એન્જીનીઅરો બોલાવવામાં આવે છે. પણ ઉપર કહ્યું તેમ ઇલેક્ટ્રીકલ સાથે મિકેનીકલ એન્જીનીઅરીંગ, ખાસ કરીને સ્ટીમ ટરબાઇન અને ડીઝલ એન્જીનીઅરીંગ જાણવાની ઘણી જરૂર છે. સંપૂર્ણ પાવર-હાઉસ એન્જીનીઅરીંગમા મિકેનીકલ અને ઇલેક્ટ્રીકલ બન્ને લાઇનો સાથે લેવી જોઇએ. તાતાની ઇન્ડીઅન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગલોરમા ચલાવાતો એકાદ ઇલેક્ટ્રીકલ ટેકનોલોજી શિખવવાનો વર્ગ છે, જેમા સાયન્સના બી. એસસી. અથવા મિકેનીકલ બી. ઇ. ને દાખલ કરવામા આવે છે. પૂનાની એન્જીનીઅરીંગ કોલેજમાં

પણ હવે બી ઇ (ઇલેક્ટ્રીકલ)ની ડીગ્રીનો વર્ગ ચાલુ કરવામાં આવ્યો છે, અને તેની સાથે બી. ઇ. (મિકેનીકલ) જે લેવામા આવે તો તે વધારે ઉપયોગ અને જરૂરી થઇ પડે સૂરતની પારસી પૉલિટેકનીકમા આ ઇલેક્ટ્રીકલ એન્જીનીઅરીંગ શીખવવામા આવે છે.

## ડીઝલ એન્જીનીઅરીંગ

ઑઇલ અને ગેસ એન્જીનીઅરીંગને ઇન્ટરનલ કમબસ્ટશન એન્જીનીઅરીંગ કહે છે સ્ટીમ એન્જીનીઅરીંગનો એ મોટો હરીફ છે યૂરોપ તથા હિંદના મોટા શહેરોમા હવે જાહેર ઇલેક્ટ્રીક સપ્લાઇ પાવર હાઉસોમા એ મોટા પ્રમાણમા વપરાય છે, તેથી ડીઝલ એન્જીનીઅરોની આપણા દેશમાં ઘણી માંગણી છે. ઉદવાડા, પારડી, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા વગેરે બધે ડીઝલ એન્જીનીઅરોની મદદથી ઇલેક્ટ્રીકલ પાવર ઉત્પન કરવામા આવે છે આખા હિંદમાં સૂરતની પારખ પારસી પૉલિટેકનીક સિવાય બીજે કોઇ ઠેકાણે એ શીખવવાનો ત્રણ વર્ષનો કોર્સ નથી.

## ઑટોમોબાઇલ એન્જીનીઅરીંગ

મોટર મીકેનીકનુ કામ અને મોટરકાર એન્જીનીઅરીંગનાં સાયન્સનુ કામ તદ્દન જુદું છે, ઇન્ટરનલ કમબસ્ટશન એન્જીનીઅરીંગમાં એ સમાઇ જાય છે, પણ એવુ એન્જીનીઅરીંગ શીખવાનો ત્રણ વર્ષનો કોર્સ સુરતની પારખ પારસી પૉલિટેકનીક સિવાય બીજે કંઠે નથી મોટા શહેરોમાં તેમજ નાના ગામોમાં મોટરકાર ઇન્સ્પેક્ટરો રાખવામા આવે છે તેઓમાં સુરતની આ પારસી પૉલિટેકનીકમા શીખેલા ઉપર વધારે પસંદગી ઊતરતી જણાઇ છે.

## મરીન એન્જીનીઅરીંગ

અગાઉ ઘણાક પારસીઓ જગબાર અને મોગલ વગેરે લાઇનોમાં મરીન એન્જીનીઅરો તરીકે કામ કરતા હતા, પણ હવે એ લાઇનમાં પારસીઓ ઝાઝા નજરે પડતા નથી એ માટે ભણેલા જુવાનો મુંબઇની રોયલ ઇંડીઅન મરીન ડૉકમાં એપ્રેન્ટીસ તરીકે જોડાઇને આગળ વધે તો નજીકના ભવિષ્યમાં હિન્દના કિનારાનુ વહાણવટુ હિન્દીઓના હાથે ખીલવાથી તેઓને સારી નોકરીઓ હાથ લાગે. હિંદી ચીપીંગ કંપનીઓની

મોટી સ્ટીમરોમાં યૂરોપીઅન મરીન એન્જીનીઅરો રાખવામા આવે છે, કારણ હિંદી અનુભવી મરીન એન્જીનીઅરો ઝાઝા જડતા નથી. ખાસ કરીને પારસીઓને એ લાઇનમા ફાવવાની તક વધારે સારી છે. જુવાન હિંદીઓને મરીન એન્જીનીઅરીંગ શીખવવા માટે સિંધીઆ સ્ટીમ નેવીગેશન અને બીજી હિંદી નેવીગેશન કંપનીઓ ઘણુ કરી શકે તેમ છે.

## એરોનોટીકલ એન્જીનીઅરીંગ

હિન્દ દેશ વિશાળ વિસ્તારનો હોવાથી એ દેશમા એરોપ્લેનથી મુસાફરી કરવાના ઘણા સારા સંજોગો અને સાધનો મોજુદ છે. આથી આ દેશમા એરોપ્લેનનો વહેવાર થોડા વખતમા ઘણો વધી જાય તો અજબ થવા જેવુ નથી. ઘણાક હિન્દી રાજાઓ પોતાના મુલકમાં એરોપ્લેન સર્વીસ ચાલુ કરવાની કોશિશ કરી રહ્યા છે થોડા વખતમાં ગ્રાઉન્ડ એન્જીનીઅરો અને પાઈલટો માટે આ દેશમા સારી માગણી થવાનો સંભવ છે.

## રેલવે એન્જીનીઅરીંગ

આપણા દેશમા રેલવેનો ઘણોજ ફેલાવો થવા છતા રેલવે એન્જીનીઅરીંગ એક જુદી બાબત તરીકે કોઇ પણ એન્જીનીઅરીંગ કૉલેજમાં શીખવવામા આવતી નથી અને તેથી રેલવે એન્જીનીઅરો વિલાયતથી આવ્યા જાય છે. જુજ દેશીઓ વિલાયતમા રેલવે એન્જીનીઅરીંગ ખાસ શીખી ત્યાંથીજ હેટ નીકળી હિંદી રેલવેઓમાં નિમાઇ આવેલા છે, પણ હિંદી કૉલેજોમાં ભણેલા સીવીલ એન્જીનીઅરોને રેલવેમા ઝાઝી નોકરીઓ મળી શકતી નથી. રેલવે બોર્ડ ઉપર હિંદીઓનો કાબુ જામતા એ મામલામા હવે ઘણો સુધારો થવાનો સંભવ છે.

## માઈનીંગ એન્જીનીઅરીંગ

મુંબઇ ઈલાકામા કોલસા કે બીજા ખનીજ પદાર્થોની ખાણો નથી, પણ બંગાળ, બિહાર, મધ્યપ્રાંત, રજપૂતાના વગેરે તરફ કોલસાની ખાણો આવેલી છે, જ્યા માઇનીંગ એન્જીનીઅરોની માગણી સારી છે. પારસીઓ એ લાઇનમા ઘણા પડેલા નથી એ માટે બિહાર-ઓરીસા પ્રાંતમાં આવેલા ધનબાદ શહેરમા ત્યાની સરકારે ઇન્ડીઅન સ્કૂલ ઑફ માઇન્સ સ્થાપી છે, તેમા માઇનીંગ એન્જીનીઅરીંગનું શિક્ષણ આપવામાં આવે

છે, અને પરીક્ષા લઇને ફર્સ્ટ ક્લાસ માઇન મેનેજર તેમજ સેકન્ડ ક્લાસ માઇન મેનેજરના સર્ટીફીકેટો આપવામાં આવે છે. ખડતલ બાંધાના પારસી જુવાનો માટે આ લાઇન સારી છે, પણ એ ધંધાની નોકરીઓ મુંબઇ ઇલાકામાં મળી શકે તેમ નથી.

## પરચુરણ નાના ધંધા

પરચુરણ નાના ધંધા તેમજ કારીગરનું કામ ક્યાં ક્યાં શીખવવામાં આવે છે તે નીચે આપ્યું છેઃ—

**ડેરીનું કામ**—પૂના એગ્રીકલચરલ કોલેજ, અલાહાબાદ એગ્રીકલ-ચરલ ઇન્સ્ટિટયૂટ, બેંગલોર ગવર્મેન્ટ ડેરી.

**રેશમ ઉછેરવાનું કામ**—સિટિ કલચર સ્કૂલ, બહેરામપુર (મુર્શીદા-બાદ, ડીસ્ટ્રીકટ), પીઓસબારી (માલ્ડા ડીસ્ટ્રીકટ); માઇસોર, રાજશાહી; કાશ્મીર; બેંગ્લોર. કાશ્મિરનું ફીલેચર (filature) ઘણું વખણાય છે.

**ઝવેરી, સોનારનું કામ**—સ્કૂલ ઑફ આર્ટ, મુંબઇ, લખનૌ, મદ્રાસ

**ઘર રંગવાનું તથા શણગારવાનું કામ**—સ્કૂલ ઑફ આર્ટ, મુંબઇ, લખનૌ, લાહોર.

**બુકબાઇન્ડીંગ, લીથોગ્રાફી, ફોટોલીથો**—લખનૌ ગવર્મેન્ટ સ્કૂલ ઑફ આર્ટ; લાહોર સ્કૂલ ઑફ આર્ટ.

**કેબીનેટ, ફરનીચર**—પારસી ફનરશાળા, મુંબઇ; સ્કૂલ ઑફ ઇન્ડસ્ટ્રીઝ, રત્નાગીરી; ગવર્મેન્ટ ઉડ વર્કીંગ ઇન્સ્ટિટયૂટ, બરેલી.

**ફોટોગ્રાફી, ફોટોઝીન્કો, હાફટોન, લાઇન બ્લોક, એન્ગ્રેવીંગ**—લખનૌ સ્કૂલ ઑફ આર્ટ; મદ્રાસ સ્કૂલ ઑફ આર્ટ; ટેકનીકલ ઇન્સ્ટિટયૂટ, માઇસોર.

**જડીબુટીમાંથી દવા બનાવવાનું કામ**—સ્કૂલ ઑફ કેમીકલ ટેકનોલૉજી, કાલીઘાટ, કલકત્તા; ઝંડુ ફાર્મસી.

**મોટરકાર એન્જીનીયરીંગ**—ગવર્મેન્ટ એન્જીનીઅરીંગ સ્કૂલ, નાગપુર; સુરત પારસી પોલિટેકનીક.

**ફોરેસ્ટ રેન્જર**—ફોરેસ્ટ કોલેજ, દેહેરાદુન અને કોઇમ્બતોર (મદ્રાસ).

સાબુ, ઇલેક્ટ્રોપ્લેટીંગ, રંગ, વારનીશ, રસાયણી ઉદ્યોગો-સેન્ટ્રલ પૉલિટેકનીક ઇન્સ્ટિટ્યૂટ, ગ્વાલીઅર, સ્કૂલ ઑફ કેમીકલ ટેકનોલોજી, કાલીઘાટ, કલકત્તા

ઇલેક્ટ્રીકલ વાયરીંગ, બોઇલર એટેન્ડન્ટ-ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ, પારેખ ઇન્સ્ટિટ્યૂટ, સુરત, કળાભવન, વડોદરા

ઈમારતી લાકડાંને સીઝન કરવાનું કામ—ગવર્મેન્ટ સેન્ટ્રલ વુડ વર્કીંગ ઇન્સ્ટિટ્યૂટ, બરેલી (યુનાઇટેડ પ્રોવીન્સીસ)

બૂટ અને શુ—આગ્રા, અલાહાબાદ અને કાનપોરની ગવર્મેન્ટ લેધર વર્કીંગ સ્કૂલો.

ચીની કામ—(પોરસીલેન, પોટરી) પ્રેમ મહાવિદ્યાલય, બ્રીન્દ્રાબન.

ઈમારત કામ—કળાભવન, વડોદરા, એન્જીનીઅરીંગ કૉલેજ, પૂના (ડીપ્લોમા કલાસ), ટેકનીકલ સ્કૂલ, ધૂળીઆ.

# આપણે સંસ્કારી ક્યારે કહેવાઇએ?

પ્રા. દારાબ દીનશાહ કાંગા

સંસ્કાર યાને સાધના (Culture)નો સ્પર્શતી ચર્ચા અભ્યાસની દૃષ્ટિએ તેમ બીજી રીતે રસિક બને છે, એમ માનવાને કેટલીક વેળા કારણ મળે છે કે પ્રજાના મોટા ભાગના સસ્કાર વિષેના વિચાર સ્પષ્ટ નથી. પારસી કોમ સમક્ષ, યા કોઈ પણ કોમ સમક્ષ મને ધ્યેય-આદર્શ રજૂ કરવા જણાવાય તો હુ સત્વર સભળાવી દઉં કે એ કોમ સસ્કારી સમાજ બને-રહે. આમ હોઈ સસ્કાર એટલે શુ, સસ્કાર શેમા સમાય છે એનો સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે

સસ્કૃતિ (Civilization) અને સસ્કાર-સાધના (Culture) શુ એક જ છે? આજના સુધરેલા શખ્સને સસ્કારી કહી શકાય? દોલતમાં આળોટતા આસામીને સસ્કારી ગણવો? જેના મકાનમા સુન્દર રાચરચીલું હોય, કીમતી ચિત્રો હોય એને સસ્કારી કહેવો? ભવ્ય ભોજનસમારભો અને સગીત-નૃત્યના જલસા યોજનારને સસ્કારી તરીકે પિછાણવો? છેલ્લામા છેલ્લી ઢબના પોષાક અને ઘરેણા અગીકાર કરનારને, જીવન-વ્યવહારમા, વાતચીતમા સરસ દેખાવ કરનારને સસ્કારી કહેવો?

આ બધા યા એમાંના કોઈ સસ્કારી હોયે ખરા, પરતુ એમની પાસે જે ઉપર વર્ણવી વસ્તુ-ગુણ છે એને લઈને તો નહિ જ. એવી બાબતોથી જ સસ્કારી નથી બની જવાતું સાધના-સસ્કાર એ બધાથી જુદી જ અનોખી બાબત છે. એક માણસ લીખેલો-ભણેલો હોય, તવગર હોય, સારી રીતભાતવાળો હોય, સરસ પોષાકમા સજ્જ થતો હોય અને છતા એ સસ્કારી ન પણ હોય. એથી જ કહેવામાં આવ્યુ છે કે Scratch a civilised man and you find him a savage."

એક જમાના કરતા ઓછા સમયમાં જગતે બે મહાયુદ્ધ અનુભવ્યા એ સાફ સાફ સમજાવે છે કે હાલની સંસ્કૃતિમા કોઈ ગભીર ખામી છે, એટનું અવશ્ય પુરવાર થયું છે કે એ સસ્કૃતિ સસ્કારી શખ્સો સર્જે

વામાં સફળ થઇ નથી. આનો કોઇ એમ અર્થ ન કરે કે દુનિયામાં સંસ્કારી માણસો જ નથી સંસ્કારી વ્યક્તિઓ અવશ્ય છે પણ તે હાલની સંસ્કૃતિની અસરને લઇને સંસ્કારી નથી બની. સત્ય હકીકત કદાચ ઊલટી છે.

કોઇ આસામી રીતભાત, પોષાક, બોલવુંચાલવું વગેરેથી સંસ્કારી-જનનો ખ્યાલ આપે અને છતાં એ આસામી ધૂર્ત હોય, સ્વાર્થી હોય, અહંકારી હોય, લોભીઓ હોય, ક્રૂર હોય એ શક્ય છે. અંદરખાનેથી એ અયોગ્ય વિચાર ધરાવનાર હોય, હૃદયનો મેલો અને મગજનો ગરમ હોય, ભોળાં હૃદયોને છેતરી જવામાં પારંગત હોય એ પણ શક્ય છે. એ નફાખોર હોય, સંગ્રહ કરનારો ય હોય, કાળા બજારિયો ય હોય. આપણી નજર સમક્ષ આ દેશમાં અને પરદેશમાં આજે જે બની રહ્યું છે એ જોતાં-વિચારતાં એમ ન કહી શકીએ કે સંસ્કૃતિ એ જ સંસ્કાર છે, સાધના છે.

પણ એનો અર્થ વળી એમ ન કરવામાં આવે કે આજની સંસ્કૃતિની ઉજળી બાજુ જ નથી. એ વિષે હવે પછી ઉલ્લેખ કરીશું, પરંતુ ઉપર જે કહ્યું એ સત્ય હોય તો પછી આપણી કોમના જુવાનો આજની પશ્ચિમની જડવાદી, યંત્રવાદી, મગજ પર ભાર મૂકતી સંસ્કૃતિ પ્રત્યે આંખો મીંચી પ્રયાણ કરે એ ઇચ્છવાજોગ નથી. તેઓ પોતાની શક્તિઓનો સાચો ઉપયોગ કરી, પાશ્ચાત્ય સંસ્કૃતિનાં જે સારાં અને નરસાં તત્ત્વો છે એ ખોળી કાઢે અને એના ઉત્તમ લક્ષણો જેવાં કે વ્યવસ્થાશક્તિ, સહનશક્તિ, ધૈર્ય, મક્કમતા દરેક બાબતની શાસ્ત્રીય છણાવટ કરવાની ટેવ, સમસ્ત સમાજ સામે મહાભારત પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે માહોમાંહેના મતફેર ભૂલી જઈ ઝટ એકત્ર બની જવાનો સદ્‌ગુણ વગેરેને અપનાવી લે એ જરૂર ઇચ્છનિય છે, પરંતુ એટલું પૂરતું તો નથી જ.

એટલુ જ પૂરતું હોત તો સમાજમા વારંવાર કટોકટી (Crisis)ના પ્રસંગો ઉપસ્થિત થતા રહી તે યુદ્ધમાં ન પરિણમત.

આ સંસ્કૃતિમાં ખોટું શું છે? એમાં બગાડ ક્યાં છે? એ જડવાદી છે. એની રચના રાજદ્વારીઓએ, નાણાશાસ્ત્રીઓએ, ઉદ્યોગપતિઓએ, અમુક અંગત હિત ધરાવતા પક્ષોએ કરી છે. આ સંસ્કૃતિ પુષ્પ

વિચારને પરિણામે ઘડાયેલી યોજના અનુસાર નહિ પરંતુ આકસ્મિક રચાઇ છે. એ એવી માન્યતાથી રચાઇ છે કે મનુષ્ય પ્રથમ શરીર છે અને એમા કદાચ આત્મા વસે છે માણસના બંધારણ અને પ્રકૃતિ (nature) માટેનો એનો ખ્યાલ અપૂર્ણ છે આ કારણે એ સંસ્કૃતિ આડે માર્ગે ફંટાઈ ગઈ છે અને આજની મડાગાંઠોનો ઉકેલ કરી શકતી નથી

માનવબંધારણનો જે વિસ્તૃત ખ્યાલ પૂર્વે આપ્યો છે તે વિચાર આજની સંસ્કૃતિના માનવબંધારણના ઉપરના ખ્યાનમાં ઉમેરાય એ જરૂરી છે પૂરાણા પૂર્વે હરહમેશ માનવની આધ્યાત્મિક બાજુ પર ભાર મૂકયો છે અને જણાવ્યુ છે કે મનુષ્ય સૌ પ્રથમ આત્મા છે ને તે મન અને શરીરને પોતાના સાધન તરીકે વાપરે છે

સાચો સંસ્કારી શખસ પૂર્વ અને પશ્ચિમના વિચારોમા જે ઉત્તમ છે એને અપનાવી લે છે કેવળ એકને અપનાવનાર સંપૂર્ણ વિકાસ સાધી ન શકે એવો આસામી અમુક અંશે જ વિકાસ પામે અને પરિણામે તે દરેક બાબતનું સમતોલ નિરીક્ષણ ન કરી શકે, દરેક સવાલને જે યોગ્યતાથી તપાસવો જોઇએ એમ કરી ન જાણે

સંસ્કારી શખસ પૂર્ણ (Whole) હોય છે. એનાં હૃદય, બુદ્ધિ અને શરીર (Heart, Head and Hand)નો અર્થાત્ તેનો ભૌતિક તેમજ આધ્યાત્મિક (Material as well as Spiritual) વિકાસ સર્વાંગી હોય છે આમ સંસ્કાર–સાધના પૂર્ણતા છે, પવિત્રતા છે, ભલાઈ છે, નાગરતા (Refinement) છે એવી સંસ્કાર પામેલ વ્યક્તિ નિર્મળ જીવન જીવી જાણે છે એનું હૃદય નિખાલસ હોય છે, એનુ મગજ પવિત્ર અને સમતોલ હોય છે કડવાશ અને પક્ષપાતને અહીં સ્થાન હોતુ જ નથી

સંસ્કારી શખસ સાચો કલાકાર છે, કારણ જીવન જીવી જાણવાની કલા એણે હસ્તગત કરી હોય છે એ કલાને લઇને આડોશીપાડોશી સાથે, બીજાઓ સાથે, પોતાના ભાઇ માફક સુખસંપથી એ વસી શકે છે.

સંસ્કારી શખસ પોતાની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ અબલને, નિરાધારને, નાજુકને, નબળાને સહાયરૂપ થવામાં કરે છે, જેઓ પોતાથી નીચે પડેલાં હોય તેઓને પોતાની બાજુએ લાવવામાં, પોતાની હરોળમા મૂકવામાં કરે છે

સરકારી શખસ રંગ, ધર્મ કે જાતિના સાંકડા વિચારોથી પર હોય છે. એનું માનસ કોમી હોતું નથી એ પોતાના આસપાસના વાતાવરણ માત્રનો જ વિચાર કરીને બેસનારો હોતો નથી એની દૃષ્ટિ તો આંતરરાષ્ટ્રીય હોય છે

અને સૌથી અગત્યનું, એક સરકારી શખસ પુલ બાંધવામા કુશળ હોય છે. એ પુલ બાંધે છે–જુદા જુદા ધર્મો વચ્ચે, વિજ્ઞાન, ધર્મ અને ફિલસૂફી વચ્ચે, પુરુષ પુરુષ વચ્ચે, પુરુષ અને સ્ત્રી વચ્ચે, રાજા અને રૈયત વચ્ચે, ઇન્સાન અને ઇશ્વર વચ્ચે એ આમ કરી શકે છે, આવા પુલ એ બાંધી જાણે છે કારણ એણે પોતાના કામમનસ અને બુદ્ધિમનસ ને આત્મા (Lower self and higher self) વચ્ચેનો પુલ બાંધવાનું કાર્ય પાર ઉતાર્યું હોય છે

સરકારી શખસના મહત્ત્વના લક્ષણોમાંના થોડાક આ છે એ આપણે બરોબર સમજીએ, સમજીને આપણા જીવનમા ઉતારીએ, આપણી પ્રવૃત્તિઓમા એને વણી લઇએ તેમ કરીને આપણા સમાજમા, દેશમા, દુનિયામા સુખ, શાંતિ, સંપ અને શ્રદ્ધાનું વાતાવરણ જમાવીએ! આપણે એમ કરીએ, એમ કરી આપણે પોતાને અને જે સમાજ અને દેશના આપણે સભ્યો છીએ એ સમાજ અને ભૂમિને શોભા આપીએ અને આપણને પોતાને સરકારી પુરવાર કરીએ!

# પારસીઓ અને 'પોલટ્રી'

શ્રી. જમશેદ જહાંગીરજી સાગર

'પોલટ્રી'નો વિષય બહુ રસમય છે એ વિષે કોઈ ને કોઈ જાણવાની ઘણાને આકાંક્ષા હોય છે પારસીઓમાં મરઘા ઉછેરનો શોખ હમણાં હમણાં સજીવન થતો જણાય છે. આને એક ધંધા તરીકે ઓળખાવીએ તો કાંઈ ખોટું નથી એમાં કામની સાથેસાથે ગમ્મત ખૂબ પડે છે મૂડી જૂજ જોઈએ, જગા પણ બહુ ન જોઈએ. પુરુષો કે સ્ત્રીઓ, જુવાનો કે ઘરડા ગમે તે આ કામ ઉપાડી શકે છે, પરંતુ કેટલાક ધારે છે એમ એ સાવ સહેલું તો નથી જ. પશ્ચિમમાં હજારો માણસો ગમ્મત તરીકે, પેટાઆવક તરીકે અને પેટ ભરવા ખાતર પણ આ ધંધો કરતા થઈ ગયા છે અને હજી વધુ પ્રમાણમાં એ તરફ આકર્ષાતા જાય છે. આપણે ત્યાં પણ હાલહાલમાં એમાં સારી પ્રગતિ થઈ રહેલ છે, એના શોખીનો એમાં રસ લેતા લાગ્યા છે, પરંતુ એમાં એક ઉણપ જણાઈ આવે છે અને તે મરઘાઉછેર વિષેના સાહિત્યની એ વિષેનું સાહિત્ય બહુ જૂજ છે અને તે વળી વિદેશી–એટલે કે યુરોપ અમેરિકાથી આવતા પુસ્તકો, અને તે પણ ત્યાંની આબોહવાને અનુસરીને લખાયેલા હોઈ આપણને અહીં અનુકૂળ આવતાં નથી એમાં ઝંપલાવનારને એનાં સાહિત્યની ખોટ તુરત જણાઈ આવે છે, માટે જ આ લેખ પારસીઓ, જેઓ મરઘાંઉછેર કરવા ઇચ્છતા હોય એમને, માર્ગદર્શક થઈ પડે એ હેતુથી લખાયો છે.

શરૂમાં જ સ્પષ્ટ કરવું જોઈએ કે મરઘાંઉછેર એટલે દેશી મરઘાનો નહિ પરંતુ વિલાયતી મરઘાનો. વિલાયતી મરઘા રાખી તેને શાસ્ત્રીય પદ્ધતિથી ઉછેરવાં એ જ ઉત્તમ છે. ઘણાં લોકો, ખાસ કરીને ગામડામાં રહેનારા, હજી જૂની પદ્ધતિ જ પાળે છે, પરંતુ સારી દેખરેખ રાખી શકાય એ માટે શાસ્ત્રીય પદ્ધતિથી કામ લેવાની જરૂર છે. આ કાર્યમાં·

સંફળતા મેળવવા માટે નીચેની બાબતો પર લક્ષ આપી તેને અમલમાં મૂકવી જોઇએ:

(૧) જમીનઃ—જમીન ઘણે ભાગે ઘરની નજીક પસંદ કરવી, જેથી જાતી દેખરેખ રાખી શકાય. એને માટે સુકી હવા અને જમીન પણ સુકી જોઇએ. પસંદ કરેલી જમીનને લગભગ આઠથી દશ ઇંચ જેટલી ખોદાવી, તેમાં રેતી નાંખી ટીપાવી લેવી. આ પ્રમાણે રેતાળ જમીન કરવાથી મરઘાંને વધારે ફાયદાકારક નીવડે છે.

(૨) જાતી શોખ—જેઓને મરઘાં ઉછેરવાનો શોખ હોય તેઓની જ ઊલટ આ ધંધામા ટકી શકે છે. શોખ વગર એ કાર્ય ઉપાડી એમાંથી નફો મેળવવો મુશ્કેલ છે.

(૩) જ્ઞાન તથા અનુભવઃ—મરઘાંઉછેરમાં જ્ઞાન અને અનુભવ બનેની જરૂર રહે છે. પુસ્તકો વાંચી માહિતી મેળવવી જોઇએ, અને એને લગતું ચોક્કસ વ્યવહારુ જ્ઞાન સારા મરઘાંઉછેર ફાર્મ ઉપર નિદાન ૭ માસ સુધી લેવું જોઇએ.

(૪) મરઘાંની ખરીદી—ફાર્મ શરૂ કરવા માટે મરઘાં ખરીદવાની જરૂર પડે છે; આ વખતે કોઇ સારાં-જાણીતાં-ખાત્રીવાળાં ફાર્મમાંથી મરઘાં ખરીદવાં, કારણ એમાંથી જ વધારો કરવાનો રહે છે, એટલે મૂળ પાયો (Stock) સારો જ હોવો જોઇએ.

(૫) સ્વચ્છતાઃ—મરઘાંના કાર્યમા સ્વચ્છતા એ પહેલું સુખ છે. દરેક બાબતમાં સ્વચ્છતા અવશ્ય રાખવી. શાસ્ત્રીય પદ્ધતિથી મરઘાં ઉછેરવાં એટલે સ્વચ્છતા જાળવવી, એ એક મુદ્રાલેખ છે.

હવે મરઘાંની જાતો વિષે વિચાર કરીએ. મરઘાંની ઘણી જાતો આવે છે, પરંતુ તેમાંની થોડી જ આપણા દેશમાં પ્રચલિત થએલી છે. કેટલાકો એવો સવાલ કરે છે કે સારામાં સારી જાત કઇ? ખરું જોતાં બધી જાત સારી કહેવાય. દરેક જાતમાં અવગુણો રહેલા હોય છે, પરંતુ એ અવગુણો દૂર કરવાનું કામ ઉછેરનારના હાથમાં છે. સફેદ લેગહોર્ન અને રહોડ આયલેંડ રેડ આ બે જાતો ગુજરાતમાં ઉછેરવાને ખાસ લાયક ગણાય છે. એ બન્નેના ગુણદોષ નીચે મુજબ છેઃ—

સફેદ લેગહોર્ન.—(White Leghorn) ઇટલીનાં લેગહોર્ન શહેરના

વતની હોવાથી આ જાતનું નામ લેગહોર્ન પડયું છે. આ જાત બહુ ચંચળ, મજબૂત અને દેખાવમાં પણ સારી હોય છે. આ લેગહોર્ન જાતમાં વિવિધ રંગના મરઘાં આવે છે, પરંતુ સફેદ જાત જ પ્રખ્યાત થએલી છે. આ જાતના મરઘા (નર) ની માજર (કલગી), એકાકી, ટટાર અને કરવતના દાંતા જેવી રહે છે, જ્યારે મરઘીની માજર આંખની એક બાજુ નમેલી રહે છે. ગળાં નીચેની લટકતી ચામડી તથા માજરનો રંગ લાલ હોય છે અને એના કાનની બૂટનો રંગ સફેદ હોય છે. એનું શરીર મધ્યમસરનું ભરાઉદાર દેખાય છે જ્યારે એના પગ અને ચાંચ પીળા રંગનાં હોય છે. ઈંડાં મૂકવામાં આ જાતનો નબર પહેલો છે. તદન સફેદ રંગના અને વજનમાં પા તોલા અગર તેથી પણ વધુ વજનના મોટાં ઈંડાં આપી શકે છે. આ જાત આખું વરસ ઈંડાં આપતી હોવાથી એનામાં ખડક બેસવાનો ગુણ હોતો નથી. વર્ષમાં ૨૫૦ થી ૩૦૦ સુધી મોટાં ઈંડાં આપી શકે છે, એટલે એને 'ઈંડાંની રાણી' કહીએ તો અયોગ્ય નહિ ગણાય.



લેગહોર્ન મરઘો

રૂહોડ આયલેંડ રેડ (Rhode Island Red):—અમેરિકા દેશના રૂહોડ નામના ટાપુના વતની હોવાથી એનું નામ રૂહોડ આયલેંડ પડ્યું છે. ઈંડાં મૂકવામાં એની પ્રગતિ પણ સારી છે. શરીરે ભરાઉદાર અને સુશોભીત હોવાથી ઘણું આકર્ષક લાગે છે, અને મરઘાંઓમાં ઊંચું સ્થાન ધરાવે છે. આ જાત સફેદ લેગહોર્નની બરાબરીમાં તેનાથી બીજે નંબરે આવે છે



રૂહોડ આયલેંડ રેડ મરઘીઓ

અને એનો પ્રચાર આપણા દેશમા પણ સારો થએલો છે. એ ભરાઉદાર અને મજબૂત હોવાથી આપણા દેશની આબોહવામાં સારી રીતે ઉછેરી શકાય છે. આ જાતની મરઘીઓ મોટાં વજનનાં પાંચ તોલા જેટલાં ભૂરા રંગના ઈંડાં આપે છે, પરંતુ ખાસ શિયાળાની ઋતુમાં વધારે આપે છે. આ જાતમાં પણ લાલ, કાળાં અને સફેદ રંગના વિવિધ મરઘાં આવે છે, પરંતુ ફક્ત લાલ જાત જ આપણા દેશમાં પ્રચલિત થએલી છે. આ જાત મરઘાંઉછેર ફાર્મની સુંદરતામાં વધારો કરતી હોઈ દરેક ફાર્મમાં અવશ્ય સ્થાન મેળવે છે.

મરઘાંનો વાડો ને તેમાં રાખવાની સામગ્રી વિષે હવે વિચારીએ. મરઘાં માટે તારની જાળીનો વાડો (Wire netting compound) ખાસ રાખવો જોઈએ. ઘણાંઓ મરઘાંની સંખ્યા કરતાં મોટો વાડો બાંધે છે, પરિણામે વાડાની સ્વચ્છતા જળવાતી નથી. માપસરનો નાનો વાડો બાંધી, તેને સ્વચ્છ રાખવાનો પ્રયત્ન જારી રાખવો. સામાન્ય રીતે વાડાની ઉંચાઈ ૬થી ૭ ફીટ રાખવી. એક મરઘી દીઠ ૧૨ ચો. વા. જગા રાખવી જોઈએ અને એ હિસાબે સંખ્યા પ્રમાણે વાડો બાંધી લેવો. વાડા માટે ૮ ફૂટ લાંબા અને ૩"×૨½" કદના થાભલાઓને ડામર અથવા કોઈ પણ રંગ લગાડી એકએકથી ૧૦ ફૂટના અંતરે જમીનમાં ૨ ફૂટ ઊંડા દાટી દેવા. ત્યાર બાદ થાંભલાઓની સીધી હારે જમીનમાં ½ ફૂટ ઊંડો ચીલો પાડી તેની અંદર ૩ ફૂટ પહોળી અને એક ઈંચના કાણાંવાળી તારની જાળી એક

(૫) ખોરાકના વાસણો-મરઘાંની સંખ્યાના પ્રમાણમાં ખોરાકના વાસણો બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દરેક વાડામાં રાખવા. આ વાસણ પતરાંના બનાવેલાં હોય તો વધુ સારું. મરઘાં ખોરાક ખાઈ રહે કે તે તુરત



ખોરાક ખવડાવવાનું વાસણ

સાફ કરી નાખવા. ચોમાસામાં વરસાદનું પાણી ભરાઇ ન રહે તે માટે વાડાની દિવાલો ઊંચા કરી રાખવા, કારણ વરસાદનું પાણી મરઘા પીએ એ તંદુરસ્તીની દૃષ્ટિએ સારુ નથી

(૬) છાંયો:-દરેક વાડામાં મરઘાને વિસામો લેવા માટે કોઇ પ્રકારનો છાયો હોવો જ જોઇએ. મરઘાંને જેમ ચોકખી હવા અને સૂર્યના કિરણની જરૂર હોય છે તેમ વિસામો લેવા માટે છાયાની જરૂર રહે છે. આ માટે વાડામાં એક નાનું ઝાડ રોપવું અને તે પણ ફળઝાડ હોય તો સારું જેથી ઝાડ મોટુ થતાં ફળની આવક મળતી રહે અને મરઘાંને છાયો મળી શકે.

આપણે ઉપર વાડો ને તેની સામગ્રીઓ જોઇ ગયા; હવે એમાં મરઘા કેમ રાખવાં, તેની વંશવૃદ્ધિ કેમ કરવી એ જાણવુ ખાસ અગત્યનું છે. મરઘાંઉછેરની સફળતા ખાસ કરીને યોગ્ય સંયોગ (Proper Mating)માં સમાયેલી છે. સંયોગમાં મરઘા (નર)નો આધાર મુખ્ય રહેલો છે. જો મરઘા (નર)માં ખરાબ ગુણ હોય તો તે બધા તેની ઓલાદમા ઊતરે છે માટે સારામાં સારા મરઘા (નર)ની પસંદગી કરવી જરૂરી છે. એ જ પ્રમાણે મરઘીની પસંદગી પણ કરવી ઘટે છે. આ માટે મરઘાં ઉછેરનારે નવા ગરઘાં ખરીદતી વખતે પસંદગીની બાબત ઉપર વધારે લક્ષ અવશ્ય આપવું. 'બી તેવું ફળ' એટલે સંયોગી મરઘાઓમાં પોતાના તેમજ વંશપરંપરાના ગુણો જાણવા પડે છે. કોઇ મરઘીમાં અમુક ગુણો ખરાબ હોય તો તેની સાથના મરઘા (નર)માં તે જ અમુક ગુણો વધારે સારા હોવા જોઇએ; કોઈ પણ સંજોગમાં એક જ અંગમાં એકસરખા ખરાબ ગુણવાળા નર-માદાનો સંયોગ કરાવી પેદાશ કદી લેવી નહિ, કારણ એની પછીના વંશમાં ખરાબ ગુણો એક પછી એક પેઢીમા ઊતરી આવે છે. આ ધ્યાનમાં રાખી યોગ્ય સંયોગ તરફ વધુ લક્ષ આપવું જરૂરી છે.

સંયોગનો યોગ્ય વખતઃ—વર્ધન માટે મરઘા મરઘીઓનો સંયોગ યોગ્ય વખતે કરાવવો વધુ ફાયદાકારક છે. આપણો દેશ ગરમ હોવાથી ગરમીની ઋતુમાં-માર્ચ માસથી જૂન માસ સુધી-ઈંડા સેવડાવવામાં આવતાં નથી. ઈંડા સેવડાવવાનો યોગ્ય સમય અકટોબર માસથી ફેબ્રુઆરી માસ સુધીનો જ છે, માટે મરઘાંના સંયોગનો યોગ્ય વખત પણ અકટોબરથી ફેબ્રુઆરી માસ સુધી જ ઉત્તમ હોય છે; ત્યાર પછી બાકીના વખતમાં મરઘા (નર)ને મરઘીઓથી દૂર રાખવો.

સારા સંયોગી મરઘાના ગુણદોષો—મરઘો (નર) પસંદ કરતી વખતે તેનામાં સંયોગી લક્ષણો છે કે કેમ તે ખાસ જોવાની જરૂર છે. એ માટે મરઘા (નર)માં નીચેનાં લક્ષણો અવશ્ય હોવા જોઇએ.

(૧) મરઘો ઊંચો, મોટા કદનો, મજબૂત હાડકાનો, માંસથી ભરાઉદાર દેખાવનો તેમજ પહોળી છાતીવાળો, ટટાર ઊભો રહી બીજા સાથે 'ચેલેંજ' કરતો હોય એવો તાકાતવાળો જોઇએ.

(૨) જે જાતનું વર્ધન કરાવવું હોય તેજ જાતના ખાસ આકાર તથા રંગવાળો મરઘો જોઇએ.

(૩) ચપળ ને પુખ્ત વયનો જોઇએ. એક વર્ષની અંદરનો હોવો ન જ જોઇએ.

(૪) સારા કુળનો (pedigree) એટલે કે એની માએ વધારે ઈંડાં આપેલા હોય તેવો જોઇએ.

(૫) એના મોં આગળનો દેખાવ મોટી અને તારા જેવી ચળકતી આંખો અને માથા ઉપરની લાલચોળ બાજર સાથનો ભરાઉદાર જોઇએ.

(૬) પગના આંગળા સીધા અને નખ ટૂંકા હોવા જોઇએ.

(૭) મરઘો હમેશાં મરઘીઓથી જુદા કુટુંબનો હોવો જોઇએ.

સારી સંયોગી મરઘીના ગુણદોષોઃ—(૧) જે જાતનો મરઘો પસંદ કર્યો હોય તે જ જાતની શુદ્ધ મરઘીઓ તેવા જ રંગની હોવી જોઇએ.

(૨) ઘણી જાડી નહિ, પણ સાધારણ કદની હોવી જોઇએ. એનુ પેટ સુંવાળું પરંતુ કઠણ ન હોવું જોઇએ.

પરાળમા નાખીને ખવડાવવુ અને સાજે એ જ પ્રમાણુસર ચોકખી જમીન ઉપર નાખીને ખવડાવવુ

બધા મરઘા ખોરાક ખાય છે કે કેમ તે જોવુ જોઇએ જે ન ખાતા હોય તેને બહાર કાઢી ખવડાવવુ જોઇએ આ ઉપરાત દરરોજ મરઘાને લીલોતરીનો ખોરાક પણ આપવો જોઇએ, નાના બચ્ચાને પણ લીલોતરી ખવડાવવી જોઇએ પણ એના ખૂબ બારીક ટૂકડા કરેલા હોવા જોઇએ લીલોતરી તરીકે કાદા, નાના મૂળા, કોબી, રજકો, પાલક, ગાજરના પાન, મેથી, નોલખોલ, ફુલેવર વગેરે શાકભાજી ખવડાવી શકાય છે. આ લીલોતરી નાના બચ્ચાને એક અધોળ જેટલી આપવી, જ્યારે મોટા મરઘાને વધારેમા વધારે ૨ અધોળ જેટલી આપી શકાય છે

આ ઉપરાંત મરઘાના વાડામા મરડયા ((Grit) નો ભૂકો, કોલસાનો ભૂકો તથા ઓઇસ્ટર શેલ (oyster shell) નો ભૂકો, એ દરેક જુદા જુદા દાબડામા ભરીને મૂકી રાખવો એના વિના મરઘાનો ખોરાક અપૂર્ણ જ કહેવાય. મરઘાને પીવાનું પાણી ચાલુ ભરેલુ રાખવુ, અવરનવર છાશ પણ આપતાં રહેવુ.

મરઘાના દુખદર્દો વિષે જાણવાનુ બાકી રહ્યુ છે તે જોઇ લઇએ મરઘા મજબૂત અને ખડતલ હોય છે એટલે તેમને કોઇ રોગ એકદમ લાગુ પડતો નથી, પરતુ રોગ થઇ આવવાનુ મૂળ કારણ મરઘાની ખરાબ માવજત અને બેદરકારી હોય છે, માટે તેમની સગવડ સારુ સપૂર્ણ કાળજી રાખવી જોઇએ. દરેક બાબતમા સ્વચ્છતા રાખવી એ મરઘાઉછેરનો મુદ્રાલેખ છે. સારી માવજત તેટલો વધુ ફાયદો એ અનુભવસિદ્ધ વાત છે.

મરઘાને ઘણાખરા રોગો એક બીજાનો ચેપ લાગવાથી થઇ આવે છે. એકાદ મરઘાને ચેપી રોગ થયો હોય તો તેવા મરઘાના સસર્ગથી બીજા બધામાં રોગ ફેલાય છે. માટે રોગનો પ્રસાર ન થાય તે માટે શરૂઆતથી ઉપાયો લેવા જોઇએ, માદી પડેલી મરઘીને સાજા મરઘાંથી વહેલી તકે દૂર કરવી, અગર તો માદી મરઘીનો નાશ કરવો જેથી રોગનો ફેલાવો મૂળથી અટકી પડે માદા મરઘાને અડકયા બાદ સાજા મરઘાને અડકવુ જોખમભરેલુ કહેવાય કારણ આપણા હાથ વડે સારા મરઘાને ચેપ લાગે છે, માટે માદાં મરઘાંની સારવાર

કર્યા બાદ આપણા હાથો સાબુ વડે તરત ધોઈ નાંખવા બહારથી નવા મરઘા ખરીદ્યા હોય તો તે બધાને ઘરનાં મરઘાથી પાંચ ૭ દિવસ અલગ રાખવા, ત્યાર બાદ તેમને કોઈ પણ રોગ નથી એવી ખાત્રી થયા પછી તેમને ઘરના મરઘા સાથે રાખવા આ પ્રમાણે પ્રયત્નથી જ અગમચેતી વાપરીએ તો રોગનો ફેલાવો આપણે અટકાવી શકીએ છીએ.

મરઘા સુખી કે અસુખી છે તે પારખવાની માહિતી મરઘા ઉછેરનારને હોવી જોઈએ સામાન્ય રીતે માંદુ પડેલુ મરઘુ બધી રીતે સુસ્ત દેખાય છે. અને આમતેમ ન ફરતા એક ખૂણામા ઊભુ રહે છે, એની પાંખો લબડેલી હોય છે, આંખો પણ બંધ હોય છે અને માથા ઉપરની માંજર કાળી પડેલી દેખાય છે. આવી રીતના બાહ્ય ચિહ્નો નજરે પડે તો મરઘાંના શરીરમા કાંઈ ફેરફાર થવા પામેલ છે એમ સમજવુ એવા મરઘાનુ ઝીણવટથી અવલોકન કરી લેવુ અને રોગનુ ચિહ્ન ન જણાય તો યોગ્ય દવા માવજત કરવી, અથવા તો એવા અસ્વસ્થ મરઘાંને નજીકના પશુરોગ ચિકિત્સક પાસે લઈ જઈ, યોગ્ય સલાહ લઈ વર્તવુ.

મરઘાને ઘણી જાતના દરદો થાય છે, એ બધાની સંપૂર્ણ વિગતો અત્રે આપતા ઘણું લાંબુ થઈ જાય એટલે શીતળા અને ભીગડાવાળો પગ એ બે વિષે જાણી લઈએ

શીતળા (Fowl Pox)–કેટલાક શીતળાને માતા, બળિયા તરીકે પણ ઓળખે છે મરઘામા શીતળાનો રોગ ખાસ કરીને સખત ગરમીમાં થઈ આવે છે આ ચેપી રોગ ઘણુ નુકસાન કરે છે ખાસ કરીને નાના બચ્ચાં વધુ પ્રમાણમા એનો ભોગ થઈ પડે છે એનાં જંતુઓ પાણી તથા ખોરાક વાટે શરીરમા દાખલ થઈ રોગનો ફેલાવો કરે છે આ રોગવાળા મરઘાને તાવ આવે છે, મરઘી ઈંડાં આપતી બંધ પડે છે, પીંછાં સંકોચાઈ જાય છે, માંજર અને ગળા નીચેની લટકતી ચામડીનો રંગ ફીક્કો પડે છે, તેમજ નાક અને મોઢાથી ચીકણો પદાર્થ ઝરવા માંડે છે, ત્યાર બાદ શીતળા દેખાવા માંડે કે શીતળા શરીર ઉપર જ્યાં પીછા હોતા નથી ત્યાં, ખાસ કરીને માંજર, ગળા નીચેની લટકતી ચામડી અને મો ઉપર દેખાય છે. આ રોગની સારવાર માટે પ્રથમ રોગ અટકાયતના ઉપાયો લેવા માંદા મરઘાને નીચે આપેલો દેશી મલમ લગાડવાથી ફાયદો થાય છે

કડવા લીમડાના કુમળા પાતરાં ત્રણેક તોલા જેટલાં લઇ તેની અંદર આશરે એક તોલો જેટલી હળદર લઇ બંન્નેને વાટીને બારીક કરવાં. ત્યાર બાદ આ ભૂકાને એક ચમચી દીવેલ લઈ બરાબર મિશ્રણ કરવું અને આ મલમ દિવસમાં બે વાર દરેક ચાઠાં ઉપર લગાડવો. આમ કરવાથી થોડા જ દિવસમાં ચાઠાં સૂકાઇ જઈ નરમ પડવા લાગે છે.

ભીંગડાવાળો પગ (Scaly Leg)—કેટલીક વાર મરઘાંના પગ ભીંગડાથી ભરઇ ગએલા દેખાય છે. આ રોગ ખાસ કરીને પગની ભીંગડાવાળી જીવાતોથી થાય છે આ જીવાતો પગ ઉપર કરડવાથી ભીંગડા બાઝે છે. પરિણામે આખો પગ ખરમચડો લાગે છે. આ રોગવાળા મરઘાં શરૂઆતમાં લંગડાવા માંડે છે, અને પગ ઉપર બળતરા થતી હોવાથી વારંવાર ભીંગડાને ચાંચ મારી ટૂંપ્યા કરે છે —આ રોગવાળા મરઘાંના પગ કેવા થાય છે તે બાજુના ચિત્રમાં જણાય છે.



ભીંગડાવાળો પગ

આ રોગવાળા મરઘાના પગ પ્રથમ સહેજ સાબુવાળા ગરમ પાણીથી ધોઇ નાંખવા. આથી ભીંગડા સહેજ પોચાં થાય છે. ત્યારબાદ ભીંગડાવાળા આખા પગો ગ્યાસતેલની અંદર બે ત્રણ મિનિટ બોળી રાખવાં. આ પ્રમાણે બે ત્રણ દિવસ કર્યાથી ભીંગડા પોતાની મેળે ખરી પડે છે. પગ બોળતી વખતે ગ્યાસતેલ શરીરના બીજા કોઇ ભાગને ન લાગે તેની ખાસ સભાળ રાખવી. પગ સુધરી ગયા બાદ એક બે વાર વેસીલીન લગાડવું સારું છે. એ ઉપરાંત એક અધોળ ગ્યાસતેલ અને એક અધોળ ગંધક ચૂર્ણ બંનેનું મિશ્રણ બનાવી અવારનવાર ભીંગડાવાળા પગો ઉપર લગાડવાથી પણ ફાયદો થાય છે.

મરઘાઉછેર સંબંધી એક લેખમા થઇ શકે એટલી ચર્ચા ઉપર કરી છે એ સબધી હજી કહેવાનુ ઘણું રહે છે અને જેમને એમા રસ પડતો હોય એમને "મરઘાઉછેર" નામના મારા પુસ્તકમાંથી વિગતવાર માહિતી મળી રહેશે. 'પોલ્ટ્રી'નો વિષય કેટલો રસમય છે એ ઉપરની ચર્ચા પરથી સમજાશે. જેમને મરઘાઉછેરની દિશામા રસ પડશે એમને બતકા વગેરે સબધી પણ જાણવાને જરૂર મન થશે એ બધાની જ ચર્ચા તો અત્રે ક્યાથી થઇ શકે ? આ લેખનો હેતુ 'પોલ્ટ્રી'ના વિષય પરત્વે પારસી સમાજનું લક્ષ ખેચવાનો છે પુરસદનો સમય વીતાવવાનું એ રસભરપૂર સાધન છે અને એ સાથે એમાથી આપણા પોતા માટે કેટલોક સારો ખોરાક મેળવવા ઉપરાત કમાણીનૂ સાધન પણ મેળવી શકાય છે. તો જેમની પાસે થોડીક ખુલ્લી જમીન વગેરેની સગવડ હોય તેઓ આ દિશામા જરૂર નજર દોડાવે અને આગળ વધે. એક વેળા એમાં રસ પડયા પછી આગળ અને આગળ વધવાને મન થશે અને પ્રમાણમા વધારે અને વધારે લાભ સાંપડતો જશે.

# પારસીઓ અને ખેતીવાડી

શ્રી. સોહરાબ રુસ્તમજી ગાંધી

હિંદ ખેતીપ્રધાન દેશ છે. એની એંસી ટકા વસ્તી ખેતી કરી ગુજરાન કરે છે, છતાં પ્રજા ગરીબ છે, કારણ ખેતીનો ધંધો બીજા ધંધાઓની સરખામણીમાં ઓછી આવકવાળો ગણાય છે. આપણી નવી પ્રજાકીય સરકારનું ધ્યાન આ બાબત ઉપર વિશેષ ખેંચાયું છે અને ખેતીવાડીને સૌ ધંધાઓમાં ઊંચી સપાટી ઉપર લાવવા માટે દેશભરમાં ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા છે. ખેડૂતોના લાભના કાયદા ઘડાય છે અને શાસ્ત્રીય રીતે જમીન ખેડી વધારે ઉત્પાદન થાય એવી યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. દેશમાં ખોરાક પૂરતો ઉગાડી શકાય અને જનતા તંદુરસ્ત રહે તો જ દેશની સર્વે દિશામાં પ્રગતિ થાય. જ્યારે દેશમાં ખેતીવાડીના ધંધાને સૌથી ઊંચું સ્થાન અપાય ત્યારે પારસી જેવી ચંચળ કોમ હાથ જોડી બેસી ન રહી શકે. છેલ્લા સો વરસના ભારતવર્ષના ઇતિહાસમાં પારસી સાહસનું નામ સોનેરી અક્ષરોએ લખાયું છે, પણ આ સોનેરી શબ્દોને જમાનાની ગીરદેશથી ઝાંખ લાગતી હોય એવા ચિહ્ન આજકાલ નજરે પડે છે. કુલ પારસી વસ્તીનો સાઠ ટકા ભાગ મુંબઈ શહેરમાં વસે અને તે વસ્તીનો પચીસ ટકા ભાગ સખાવત ઉપર જીવે એ જાણી કયા સાચા જરથોસ્તીનું જીગર ન જખમાય?

અસલના ધીકતા ધંધાના સ્થળો જેવા કે નવસારી, સૂરત, ભરૂચ, અંકલેશ્વર અને અમદાવાદમાંથી પારસી વસ્તી બહુ મોટા પ્રમાણમાં ઘટી ગઈ છે. કોમનો જુવાન વર્ગ કે જે આગલા વખતમાં બાપીકા ધંધામાં પડી કોમની તેમજ કુટુંબની આબરૂમાં વધારો કરતો હતો તેણે મુંબઈ શહેરનો આશરો લીધો છે. મુંબઈમાં તેઓ ઓછા પગારની નોકરીઓ કરે છે અને ટૂંકી આવકમાંથી પોતાના કુટુંબને ભાગ્યે જ નીભાવી શકે છે.

પારસીઓમાં ઘણી યે સંસ્થાઓ સમાજસેવા બજાવવાનો દાવો કરે છે પણ આમાની ઘણી થોડી સંસ્થા એવી હશે જેણે આપણા જુવાન વર્ગને

વધારે ઉદ્યમી બનાવવામા સંગીન ફાળો આપ્યો હોય. જ્યારે જ્યારે આ સવાલ કોમના નેતાઓમાં ચર્ચાય છે ત્યારે એક જ નિરાશાવાદી સૂર નીકળતો સંભળાય છે કે આજનો જુવાન વર્ગ ઉછાંછળો, મોજીલો અને આળસુ થતો જાય છે. સાહસ જેવું તો એ વર્ગમા કશું રહ્યું નથી મુંબઇ છોડવા તેને ગમતું જ નથી. આગળ ધપતા જમાનામા બાહ્યમંધ કોમોની હરીફાઇમાં તે પાછળ પડયો છે, અને જો આ સ્થિતિ વધુ વખત રહેવા પામે તો આપણા વડવાઓએ ઊભી કરેલી કીર્તિની ઇમારત ભાગી પડે.

એવો ખાસ ધધો દુનિયામા એકે નથી જેને આપણા પારસીઓ માટે ઉત્તમમાં ઉત્તમ કહી શકીએ જેને જેમા પ્રમાણિક જીવન અને આબરૂ મળે તે ધધો તેને માટે સારો. મુબઇમા ધધાના ક્ષેત્રો વિશાળ છે અને તેને લઇને વધુ પ્રમાણમા પારસીઓ બીજી કોમો ભેગા ત્યાં મોટી સખ્યામા ખેંચાય એ સ્વાભાવિક છે, પરતુ વેપારધધામા નાના મુંબઇમાં જે સ્થાન આપણા વડવાઓએ સો વરસ ઉપર મેળવ્યું હતું તે સ્થાન આજના મોટા મુબઇમા પારસી જુવાનોએ ગુમાવ્યુ છે. ઘણા તત્ત્વોએ આ દુ:ખદ સ્થિતિ લાવવામા ભાગ ભજવ્યો છે પણ તેમા મુખ્ય બાબત જેણે પારસી કોમને પારાવાર નુકસાન કર્યું છે તે તેના જુવાનવર્ગને અપાતી ખામીભરી કેળવણી છે જ્યારે જુવાનવર્ગને આલેખવામાં આવે છે ત્યારે તેની વ્યાખ્યામા આપણા છોકરાઓ તેમજ છોકરીઓ બન્નેનો સમાવેશ થાય છે. આ બન્નેને ઉદ્યમી અને સાહસિક બની જાતજાતના વેપાર, હુન્નર ,અને ખેતીવાડીના ધધામાં પ્રગતિ કેમ કરવી એ સમજાવવામાં આવ્યું જ નથી, ફક્ત અગ્રેજી ભાષાનો અભ્યાસ કરી, વેપારી સસ્થામા થોડાક પગારે નોકરીએ રહી જઇ ગુલામગીરી કરવી એ જ એમને શિખાડવામા આવ્યું છે. પરિણામે સસાર સિહા બન્યો છે.

આ લેખની શરૂઆતમા જણાવવામા આવ્યું છે કે આપણી પ્રજાકીય સરકાર ખેતીના ધધાને સૌથી અગ્રપદ આપી રહી છે. આપણે પારસીઓએ ભૂતકાળમાં ખેતી મળતા બીજા બધા હુન્નરઉદ્યોગમા પહેલ કરી નામના મેળવી હતી. પારસીઓ હિંદુસ્તાનમાં પહેલા આવ્યા ત્યારે તેવા ખેડૂત જ હતા. ધીરે ધીરે વેપાર રોજગારમાં આગળ વધી, દેશ પરદેશ જઇ મોટાં સાહસ ખેડ્યા અને છેલ્લા સૈકામા મોટા કારખાનાં ખોલી, ખૂબ દોલત મેળવી દેશ પરદેશમા મોટી ખ્યાતિ સંપાદન કરી. એ

ભુસાઈ જતો ઇતિહાસ આપણે સજીવન કરી શકીએ તેમ છે, ખચીત જ કાંઈ ઘણું મોડું નથી થયું. આજે પણ કોમમાં સાચી દોરવણી કરનાર હોશિયાર નેતાઓ છે, પણ કોમમા એક ચીજની કોતાહી નજરે પડે છે તે સાહસની છે. એક વેળાના ચિહનરોના જાયનશીનોએ અંગ્રેજી ગુલામગીરીની કેળવણી લઈ, મોજશોખમાં જિંદગી ગુજારી, પોતાને તથા કોમના આમવર્ગને સખત ફટકો માર્યો છે. તેઓ બાપદાદેથી ચાલતા આવેલા ઉદ્યોગહુન્નરને આગળ વધારી શક્યા નથી, એટલુ જ નહિ, પણ એમાના ઘણા ઉદ્યોગો ગુમાવી બેઠા છે પરિણામે, તે ઉદ્યોગો ઉપર આધાર રાખતો કોમનો નોકરિયાત વર્ગ બેકાર બન્યો છે અને પાયમાલ થઇ ગયો છે. ખેતી અને સુખી ગ્રામ જીવન ઘણો વખતથી છોડી આવેલા આ ગરીબ વર્ગને એકાએક શહેરી, મોજીનુ જીવન છોડી પાછા ગામડે જઇ ખેતીના ધધામા પાડવા બની શકે એ અશકય છે. આ વર્ગને બચાવી લેવા આજે આપણે એવી એક પ્રભાવશાળી વ્યક્તિની જરૂર છે જે પોતાના ભલા નેક કાર્યોનો દાખલો આગળ ધરી સમાજની સુયોગ્ય દોરવણી કરી શકે અને ફરી એક વાર આપણી કોમને જનસમાજની ઊંચી ટોચે ચઢાવી શકે

આ દિશામા પ્રજાઉન્નતિ માટે જે ચળવળ હાલ ચાલે છે તેથી પારસીઓ બેખબર રહેવા ન જોઇએ આવતાં દસ વરસમાં દેશની ખેતીવાડીમાં બહુ મોટી ઉથલપાથલ થવાનો સભવ છે ખેતી જ ઊગતા તરુણ હિંદનું સાર્થક છે ગયા સૈકાના જેમ આપણા વડવાઓએ હુન્નર-ઉદ્યોગના ક્ષેત્રમા નામના મેળવી તેમ ચાલુ જમાનામાં આપણે ઉત્તમ ખેડૂતો તરીકે કેમ નામના ન મેળવીએ? શુ ખેતી એટલો નઘો અધરો ધંધો છે? શુ એમાં કાંઇક એવુ છે જે પારસી સ્વભાવને અનુકૂળ ન જ આવે? પારસી સ્વભાવની ઉપર જરથોસ્તી ધર્મસિદ્ધાંતોની અસર તો થવી જ જોઇએ. પાક અવસ્તામા અશો જરથુસ્ત્રે ખેતીના ધધાને બહુ વખાણ્યો છે પાક અવસ્તાની બદગી એ કુદરતની વખાણ અને પિછાણ છે. આ પ્રાર્થના સમજીને કરવામા આવતી હોય તો જરૂર ખેતીના ધધાને અપનાવી લેવાની પારસીને હૈયે હોંસ હોય

આ તો એક આદર્શની વાત કરી, પણ વ્યવહારુ રીતે આપણે એમ સાબીત કરી શકીએ કે ખેતીમાથી સારો પૈસો ઉપજાવી શકાય અને તેમાથી કોમની આર્થિક સ્થિતિ આજે છે તે કરતા વધારે ઉચા સ્થળે ઉપર મૂકી શકાય તો થોડા વખતમા મુંબઈમાં ગુલામી કરતા સેંકડો

પારસી છોકરાઓને આપણે પાછા ગુજરાતના ખેતીવાળા, ફળદ્રુપ, સુંદર પ્રાંતમાં સુખી જીવન ગુજારતા જોઈ શકીએ આ સ્થળે જે મૂળ મુદ્દાનો સવાલ ઉપસ્થિત થાય છે તે એ છે કે આજના ઉડાઉ અને મોજીલા પારસી માનસને ખેતીમય કેમ બનાવવું ? જેઓએ નાનપણમા શહેરી જિંદગી ગુજારી છે તેઓ પાસે ગામડામા એકદમ ખેતી કરાવવી એ અશક્ય છે ખેતીના ધંધામાં જાતમહેનત અને અનુભવ મોટો ભાગ ભજવે છે. શેરબાઈ કરનારા શહેરી પારસીઓ ખેતીમાં ફતેહ પામતા નથી તેઓમાના જો કોઈ અપવાદરૂપે આ સાહસમા હિમ્મતથી પડે તો ય આગળ ચાલતા તેઓના સ્ત્રીછોકરાઓને ગામડેની જિંદગી ફાવે નહિ અને સાંસારિક અડચણોને લીધે તેઓને શહેર ભણી પાછા પગલાં ભરવાં પડે યોજના એવી જોઈએ કે એક પારસી મરદ અથવા સ્ત્રી જન્મથી ખેડૂત ઉછેર પામે એ નાજ સહેલો છે. અખતરાનું પહેલું પગથિયું હાલના પારસી ખેડૂતોથી જ શરૂ થાય. તેઓની આર્થિક હાલત આપણે સુધારીએ અને તેઓના બાળકોને ખેતીવાડીને લગતી સારી કેળવણી આપીએ તો ગામડેના આ છોકરાંઓ શહેરમાં ગુલામી કરવા ન જાય ગામનું તન, મન અને ધન ગામમા જ સચવાય, એટલું જ નહિ પણ લાંબા વખતથી શહેરો તરફ હિજરત કરી ગયેલા પારસીઓ પણ ફરી ગામોમા જવા લલચાય. દુનિયા કોઈ ફળફળાદિની બાગાયતી કરતા પારસી ખેડૂતોની સ્થિતિ સદ્ધર છે, તેઓ પોતા કરતાં ઓછા નસીબદાર ખેડૂતોની સ્થિતિ સુધારવા આગેવાની લઈ શકે. પારસીઓ અને ખેતીવાડીના સવાલનું તેનાં જુદા જુદા રૂપમા ખંડન કરવા માટે આ બાગબાન પારસીઓની એક વગવાળી કાયમની સલાહકાર સમિતિ નીમવી જોઈએ અને એ સમિતિમા ખેતીના નિષ્ણાતોનો પણ સમાવેશ થવો જોઈએ ગામેગામ ફરી, પારસી ખેડૂતોની સ્થિતિનું અવલોકન કરી, નિવેદન કરવા માટે એક ખાસ સંસ્થા સ્થાપવી જોઈએ અને તેના નિવેદનમા જે જે સૂચના કરી હોય તેના પર પુખ્ત વિચાર કરી અમલ કરવા માટે એક ખાતું ખોલવું પડે. નવી શાસ્ત્રીય રીતે ખેતી કરવા અને બાળકોને રીતસરની કેળવણી આપવા માટે યોજના ઘડવી પડે. આવી યોજનાનો અમલ કરવામા મોટો ખર્ચ થાય અને આખી યોજના સફળ બનાવવા માટે આત્મભોગી નરનારીઓની જરૂર પડે. કોઈ સાચી કોમી દાઝ ધરાવતો વીરલો જે પોતાના તન, મન અને ધનના ભોગે આ કામ કરવા આગળ આવે !

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી

ત્યા ત્યાં સદાકાળ ગુજરાત

* * *

જ્યાં જ્યાં એક જરથોસ્તી ખરો વસે

ત્યાં ત્યાં ઈરાનશાહ સદાય....

• ખબરદાર •